અદ્યતન પરીક્ષા-પદ્ધતિ અનુસાર આયોજિત

નવનીત ગુજરાતી નિબંધમાળા

ધોરણ 10

- નિબંધલેખન
- ગદ્યાંશનું અર્થગ્રહણ
- કાવ્યાંશનું અર્થગ્રહણ
- સંક્ષેપીકરણ
- અર્થવિસ્તાર / વિચારવિસ્તાર
- પત્રલેખન
- અહેવાલલેખન

NAVNEET®

અદ્યતન પરીક્ષા-પદ્ધતિ અનુસાર

ગુજરાતીના પ્રશ્નપત્રમાં લેખનવિભાગના પ્રશ્નો

	ગુણ
1. ગદ્યાંશનું અર્થગ્રહણ (પાઠ્યેતર પરિચ્છેદ/બે પ્રશ્નો)	02
2. કાવ્યાંશનું અર્થગ્રહણ (પાઠ્યેતર કાવ્ય/બે પ્રશ્નો)	02
3. સંક્ષેપીકરણ ($\frac{1}{3}$ ભાગમાં સંક્ષેપ)	05
4. અર્થવિસ્તાર/વિચારવિસ્તાર (બેમાંથી ગમે તે એક પંક્તિ)	05
5. પત્રલેખન (એક પત્ર)	05
6. અહેવાલલેખન (આશરે એકસો શબ્દો)	05
7. નિબંધલેખન (બેમાંથી ગમે તે એક, આશરે 250 શબ્દો)	08
	32

અદ્યતન પરીક્ષા-પદ્ધતિ અનુસાર

નવનીત
ગુજરાતી નિબંધમાળા
ધોરણ 10

1. નિબંધલેખન
2. ગદ્યાર્થગ્રહણ
3. પદ્યાર્થગ્રહણ
4. સંક્ષેપીકરણ
5. અર્થવિસ્તાર / વિચારવિસ્તાર
6. પત્રલેખન
7. અહેવાલલેખન

લેખક

નવનીત

NAVNEET®

નવનીત એજ્યુકેશન લિમિટેડ

નવનીત હાઉસ, ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ – 380 052. ફોન : 6630 5000

નવનીત ભવન, ભવાનીશંકર રોડ, દાદર, મુંબઈ – 400 028. ફોન : 6662 6565

E3210

Visit us at : www.navneet.com | e-mail : navneet.ahd@navneet.com

કિંમત : ₹ 90.00

પ્રસ્તાવના

ગુજરાતી નિબંધમાળા : ધોરણ 10 માટેની આ અદ્યતન આવૃત્તિ (Revised) પ્રકટ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

ભાષાના પ્રશ્નપત્રમાં રચના વિભાગ પાઠ્યપુસ્તકીય વિભાગ જેટલો જ મહત્ત્વનો છે. તદુપરાંત વિદ્યાર્થીઓના ઘડતર તથા વિકાસમાં પણ રચના વિભાગ ખૂબ મહત્ત્વનો છે. ગુજરાતી આપણી માતૃભાષા છે અને માતૃભાષામાં પોતાના વિચારોને સ્પષ્ટ અને સચોટ રીતે વ્યક્ત કરવાની કેળવણી પણ રચના વિભાગ દ્વારા પ્રાપ્ત થાય છે. વિદ્યાર્થીઓને સ્વતંત્રલેખનનો પૂરતો મહાવરો અને માર્ગદર્શન મળી રહે તે ઉદ્દેશથી આ પુસ્તકનું આયોજન કરવામાં આવ્યું છે.

ધોરણ 10ના વિદ્યાર્થીઓની વયકક્ષા, વિવિધ શાળાઓનાં ગુજરાતી વિષયનાં પ્રશ્નપત્રો, તેમજ બોર્ડનાં પ્રશ્નપત્રોનો અભ્યાસ કરીને, સાંપ્રત સમાજજીવનના પ્રવાહોને આમેજ કરતા વિષયો ઉપરના નિબંધો આ પુસ્તકમાં આવરી લેવામાં આવ્યા છે. ઉપરાંત ગદ્યાર્થગ્રહણ, પદ્યાર્થગ્રહણ, સંક્ષેપીકરણ, અર્થવિસ્તાર/વિચારવિસ્તાર, પત્રલેખન, અહેવાલલેખન વગેરે વિભાગોનું પણ ધોરણ 10ના ગુજરાતી વિષયના નવા પરિરૂપ તેમજ પ્રશ્નપત્રના ગુણભાર પ્રમાણે ચોકસાઈપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. વળી, આ પુસ્તકનું સરળ અને પ્રાસાદિક ભાષામાં લેખન થયું છે. આમ વિવિધ દૃષ્ટિકોણથી તૈયાર થયેલું આ પુસ્તક વિદ્યાર્થીઓને પરીક્ષામાં ખૂબ ઉપયોગી નીવડશે તેવી આશા છે.

નિબંધલેખનના વિભાગ 11માં નિબંધના સ્વરૂપ વિશેનો નિબંધ તથા અન્ય પાંચ સર્જનાત્મક મૌલિક નિબંધો પણ સમાવ્યા છે, જે વિદ્યાર્થીઓમાં કલ્પનાશક્તિ, નિરીક્ષણશક્તિ તથા સર્જનશક્તિ ખીલવવામાં તેમજ અભિવ્યક્તિની કળા કેળવવામાં અન્ય નિબંધોની જેમ ઉપયોગી થઈ પડશે તેવી શ્રદ્ધા છે.

– પ્રકાશક

અનુક્રમણિકા

1. નિબંધલેખન

વિભાગ 1 : પ્રાકૃતિક

વિભાગ 2 : આત્મલક્ષી

વિભાગ 3 : પ્રવાસવિષયક

વિભાગ 4 : સમાજદર્શન

વિભાગ 5 : કેળવણી

વિભાગ 9 : સુભાષિતો અથવા કહેવતો આધારિત

વિભાગ 10 : પ્રકીર્ણ

વિભાગ 11 : સર્જનાત્મક (વિષયસમૃદ્ધિ માટે)

1. નિબંધલેખન

નોંધ : દસમા ધોરણના બોર્ડના પ્રશ્નપત્રની નવી પદ્ધતિ પ્રમાણે **PART B**ના વિભાગ **D**ના પ્રશ્ન **13**માં નિબંધલેખન(**8** ગુણ)નો પ્રશ્ન પુછાશે. આપેલા *બે* વિષયોમાંથી કોઈ પણ *એક* વિષય ઉપર મુદ્દાઓ પર આધારિત આશરે **250** શબ્દોમાં નિબંધ લખવાનો હોય છે. વિદ્યાર્થીઓને જે-તે વિષયનો વિશેષ અભ્યાસ થાય તે હેતુથી નિબંધનું કદ થોડું વધારે રાખ્યું છે.

સારા નિબંધલેખન માટે નીચેની સૂચનાઓ ધ્યાનમાં રાખો :

* આપેલા **બે વિષયો** પર ઊંડાણથી વિચાર કરી, તેમાંથી પોતાને સૌથી વધુ અનુકૂળ જણાય તે વિષય પસંદ કરવો.
* નિબંધને લગતા મુદ્દાઓ અલગ કાગળ પર નોંધી લઈ તેને યોગ્ય ક્રમમાં ગોઠવો.
* નિબંધની શરૂઆત આકર્ષક, સ્વાભાવિક, સચોટ અને સંક્ષિપ્ત હોવી જોઈએ. કોઈ અસરકારક કાવ્યપંક્તિ, સુભાષિત કે અવતરણથી પણ નિબંધની શરૂઆત થઈ શકે.
* બધા મુદ્દાઓનો વિસ્તાર સ્પષ્ટ, ક્રમબદ્ધ અને અસરકારક રીતે કરવો.
* નિબંધમાં વિચારોની એકસૂત્રતા જળવાવી જોઈએ.
* નિબંધમાં વિષયાંતર થવું ન જોઈએ.
* એકનાં એક શબ્દો અને વાક્યો ફરીફરીને અથવા ફેરવીફેરવીને લખાવાં ન જોઈએ.
* સુંદર અને સુવાચ્ય હસ્તાક્ષર, જોડણીશુદ્ધિ અને ભાષાશુદ્ધિ, અનુસ્વાર, હાંસિયો અને વિરામચિહ્નો વગેરેનું પૂરતું ધ્યાન રાખવું જોઈએ.
* નિબંધમાં વાક્યો ટૂંકાં, સાદાં અને અર્થોચિત (સચોટ) હોવાં જોઈએ.
* અલંકારો, રૂઢિપ્રયોગો, કહેવતો, અવતરણો વગેરેનો ઉચિત અને પ્રમાણસર ઉપયોગ કરવો જોઈએ. કૃત્રિમ અને આડંબરી શૈલી, શબ્દાડંબર સારા નિબંધનાં દૂષણ છે.
* પરીક્ષાખંડમાં નિબંધલેખન માટે વધુમાં વધુ **30** મિનિટનો સમય ફાળવવાનું ઉચિત ગણાય.
* વાચન, મનન, નિરીક્ષણ, વિચાર-વિનિમય અને અઠવાડિયે એક નિબંધ લખવાના મહાવરાથી આદર્શ નિબંધ લખી શકાય છે.
* લખ્યા પછી એક વાર ધ્યાનપૂર્વક નિબંધ વાંચી જવો જોઈએ. કોઈ ભૂલ રહી ગઈ હોય તો સુધારી લેવી જોઈએ.

વિભાગ 1 : પ્રાકૃતિક

1. વર્ષાઋતુ

[મુદ્દા : પ્રસ્તાવના – વર્ષાનું આગમન – વર્ષાનું સ્વાગત – વર્ષાનું સૌંદર્ય – અતિવૃષ્ટિ – વર્ષાઋતુના તહેવારો – મર્યાદાઓ – માનવજીવનમાં વર્ષાઋતુનું મહત્ત્વ – ઉપસંહાર]

"થરથર ભીંજે આંખ-કાન, વરસાદ ભીંજવે
કોને કોનાં ભાન-સાન, વરસાદ ભીંજવે."

– રમેશ પારેખ

પૃથ્વી ઉપર ઋતુઓનું ચક્ર સતત ફર્યા કરે છે. ગ્રીષ્મઋતુ વિદાય થતાં વર્ષાઋતુનું આગમન થાય છે. ગ્રીષ્મની કાળઝાળ ગરમીથી સૌ કોઈ ત્રાહિમામ્ ત્રાહિમામ્ પોકારી ઊઠે છે, તેથી વરસાદના આગમનની બધાં ચાતકનજરે રાહ જુએ છે.

ચોમાસું શરૂ થતાં જ આકાશમાં કાળાં ડિબાંગ વાદળાં છવાઈ જાય છે. એ જોઈ સૌના મનમાં વરસાદના આગમનની આશા જન્મે છે. પવનના સુસવાટા થાય છે, ધૂળની ડમરીઓ ઊડે છે. વીજળીના ચમકારા અને વાદળોના ગડગડાટ સાથે મેઘરાજાની પધરામણી થાય છે.

વરસાદનું આગમન થતાં સઘળે આનંદઆનંદ છવાઈ જાય છે. મોરલાની ગહેક, કોયલના ટહુકા અને દેડકાંનું 'ડ્રાંઉં... ડ્રાંઉં...' સમગ્ર વરસાદી વાતાવરણને જીવંત બનાવે છે. મોર કળા કરે છે, ખેડૂતો હરખઘેલા થઈ વર્ષાનાં ગીતો ગાય છે. નાનાં બાળકો વરસાદમાં નાચે છે, કૂદે છે, ગાય છે, વરસાદને આવકારે છે :

"આવ રે વરસાદ, ઘેબરિયો પરસાદ;
ઊનીઊની રોટલી ને, કારેલાંનું શાક."

બારીએ બેસીને કે આંગણામાં ઊભા રહીને વરસતા વરસાદને જોવાની અને તેનું મધુરું સંગીત સાંભળવાની ખૂબ મજા પડે છે. વરસાદમાં નાહવાની મજા તો જે વરસાદમાં નહાય એને જ સમજાય છે.

વરસાદના આગમનથી ધરતીમાંથી મીઠી સોડમ આવે છે. ધરતી પર લીલુંછમ ઘાસ ઊગી નીકળે છે. ધરતી નવું રૂપ ધારણ કરે છે. ધરતીએ લીલી સાડી પહેરી હોય એવું મનોહર દશ્ય આંખને ઠારે છે. લીલાછમ કૂણાકૂણા ઘાસ પર ખુલ્લા પગે ચાલવાની મજા પડે છે. વરસાદનાં નવાં પાણીથી છલકાતાં જળાશયો જીવંત લાગે છે. ખેતરોમાં લીલોછમ પાક લહેરાવા લાગે છે. આ ઋતુમાં અવારનવાર દેખાતું સપ્તરંગી મેઘધનુષ નીલગગનમાં શોભી ઊઠે છે.

ક્યારેક દિવસો સુધી ધોધમાર વરસાદ પડે છે. પરિણામે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે. નદીઓમાં પૂર આવે છે. પૂરનાં પાણી ગામોમાં અને ખેતરોમાં ફરી વળે ત્યારે ઘણું નુકસાન થાય છે. ધોધમાર વરસાદને લીધે ક્યારેક કાચાં મકાનો ધરાશાયી થઈ જાય છે, ગરીબ લોકોનાં ઘરવખરી અને ઢોર તણાઈ જાય છે. ખેતરોમાં ઊભેલો મોલ ધોવાઈ જાય છે.

ભારે વરસાદથી શહેરોના રસ્તાઓમાં પાણી ભરાઈ જાય છે. રસ્તાઓ પર ચાલતાં વાહનો ખોટકાઈ જાય છે. જનજીવન ઠપ થઈ જાય છે. બધે ઘણું નુકસાન થાય છે; ત્યારે આપણને કુદરતના રૌદ્ર સ્વરૂપનાં દર્શન થાય છે. બારે મેઘ તૂટી પડે છે. પૃથ્વી વર્ષાના પ્રકોપને પોતાના ઉરમાં સમાવી શકતી નથી. અનાવૃષ્ટિ સૂકો દુકાળ છે, તો અતિવૃષ્ટિ લોકો માટે લીલો દુકાળ છે.

સારા વરસાદને કારણે મબલખ પાક ઊતરે છે અને ચારે તરફ આનંદનું વાતાવરણ છવાઈ જાય છે. ખેડૂતો હળોતરા કરે છે. લોકો પોતાના આનંદને પ્રગટ કરવા માટે જાતજાતના ઉત્સવો ઊજવે છે. આ ઉત્સવોમાં જન્માષ્ટમી, પર્યુષણ, ગણેશચતુર્થી, નવરાત્રિ, દશેરા અને દિવાળી જેવા તહેવારો મુખ્ય છે. લોકો આવા ઉત્સવોનો આનંદ લૂંટે છે. વ્રતઉપવાસ કરે છે. પ્રભુને રીઝવે છે.

વર્ષાઋતુનું આગવું સૌંદર્ય છે, તો તેની કેટલીક મુશ્કેલીઓ પણ છે. વર્ષાઋતુમાં કાદવકીચડ અને ગંદકી વધારે થાય છે. તેથી માખી અને મચ્છરનો ઉપદ્રવ વધે છે, પરિણામે મેલેરિયા, મરડો અને વાળા જેવા રોગ ફેલાય છે.

હવા, પાણી અને ખોરાક એ માનવજીવનની ત્રણ મુખ્ય જરૂરિયાતો છે. હવા તો કુદરતે આપણને વિપુલ પ્રમાણમાં આપી છે, પરંતુ પાણી અને અનાજની વિપુલતાનો આધાર વરસાદ પર છે. પશુધનને તંદુરસ્ત અને જીવતાં રાખવા માટે ઘાસચારો જરૂરી છે, તેનો આધાર પણ વરસાદ પર જ છે. આમ, વર્ષાઋતુ સૌના જીવન માટેનો મુખ્ય આધાર છે.

સાચે જ વર્ષાઋતુ અન્નપૂર્ણા છે. તેનું પ્રાકૃતિક સૌંદર્ય અને તેની મહત્તાને ધ્યાનમાં લઈને જ કવિઓએ તેને 'ઋતુઓની રાણી' કહી છે. કવિશ્રી બાલમુકુન્દ દવેએ વરસાદના સૌમ્ય રૂપને કાવ્યમાં ઉતાર્યું છે :

"આ શ્રાવણ નીતર્યો સરવડે કોઈ ઝીલો જી,
પેલાં રેલી ચાલ્યાં રૂપ કોઈ ઝીલો જી."

2. વર્ષાની એક સાંજ *અથવા* વાદલડી વરસી રે ...

[મુદ્દા : પ્રસ્તાવના – વર્ષાની સાંજનાં વિવિધ દશ્યો – સાંજના વાતાવરણની સર્વસામાન્ય ખાસિયતો – ઉપસંહાર]

વર્ષાની સાંજે ઝરમર ઝરમર વરસાદ વરસતો હોય ત્યારે આપણને એવું લાગે કે જાણે ક્યાંક વીણાના તાર ઝણઝણી રહ્યા છે અને તેના મધુર સૂરો હવામાં રેલાઈ રહ્યા છે. ગામડામાં સંધ્યા સમયે ખેડૂતો ખેતરેથી ઘરે આવી રહ્યા હોય, માથે શણની ગૂણી ઓઢી હોય કે ધણ ભીંજાતાંભીંજાતાં ઘરભણી પાછાં ફરતાં હોય – ગામડાંમાં જોવા મળતાં આવાં દશ્યો આંખોને ઠારે તેવાં હોય છે.

વર્ષાની સાંજનાં વિવિધ રૂપો જોવાની અને માણવાની મજા અનેરી હોય છે. સંધ્યાનાં આવાં અવનવાં રૂપોમાં કેટલીક ખાસિયતો સર્વસામાન્ય હોય છે. સાંજના સમયે મંદિરોમાં આરતી થતી હોય છે. તેની ઝાલરના રણકાર અને ઘંટારવ વાતાવરણને પવિત્ર બનાવી દેતા હોય છે. એ જ રીતે ખેતરેથી પાછા ફરતા ખેડૂતો અને ચરાણેથી પાછાં વળતાં ધણ સાંજને જીવંત બનાવી દે છે. ગાયોની કોટે બાંધેલી ઘંટડીઓના રણકાર સાંજના વાતાવરણને મધુરતાથી ભરી દે છે. આથમણી ક્ષિતિજે રેલાતા સંધ્યાના રંગો અને પંખીઓના કલરવ એ સાંજને અનુપમ સૌંદર્ય બક્ષે છે.

વર્ષાની સાંજનાં નવાંનવાં રૂપો ખરેખર મન ભરીને માણવા જેવાં હોય છે.

"ફૂલો કહી રહ્યાં હતાં ઊડતા વિહંગને,
વર્ષાની સાથે માણીએ પ્હેલી સુગંધને."

– કૈલાસ પંડિત

દિવસભર પ્રવૃત્ત રહેવા માટે જેમ તાજગીભરી સવાર આવશ્યક છે, તેમ દિવસભર કામકાજમાં વ્યસ્ત રહ્યા પછી વિસામો લેવા માટે સાંજ પણ જરૂરી બને છે. ઋતુએ ઋતુએ સવાર અને સાંજનાં નવાંનવાં રૂપો પ્રગટે છે. તેમાં પણ વર્ષાઋતુની દરેક સાંજના સ્વરૂપમાં વિવિધતા જોવા મળે છે.

વર્ષાઋતુમાં સંધ્યા સમયે ક્યારેક પૂર્વ દિશામાં મેઘધનુષ્ય દેખાય છે. ગગનમાં પ્રસરી રહેલી સંધ્યાની લાલિમા વચ્ચે સપ્તરંગી મેઘધનુષ્ય અનેરી આભા રચે છે. પ્રકૃતિની આ રમ્ય લીલા આબાલવૃદ્ધ સૌને હરખઘેલાં બનાવી દે છે.

એક સાંજે આકાશમાં ઘનઘોર વાદળાં ઘેરાયાં. જોતજોતામાં રાતના જેવું અંધારું છવાઈ ગયું. વીજળીના ચમકારા અને વાદળોના ગડગડાટ થવા લાગ્યા. એટલામાં જોરદાર પવન ફૂંકાવા લાગ્યો અને ધોધમાર વરસાદ તૂટી પડ્યો. ચારે બાજુ દોડધામ મચી ગઈ. શાળાએથી છૂટેલા વિદ્યાર્થીઓ અને કચેરીએથી છૂટેલા કર્મચારીઓ જલદીજલદી ઘરભેગા થવા રઘવાયા બની ગયા. વરસાદની એવી જોરદાર હેલી વરસી રહી હતી કે એમાં છત્રી

અને રેઈનકોટનું તો શું ગજું? ઠેરઠેર પાણી ભરાવા લાગ્યાં. રસ્તે ચાલતાં વાહનો ખોટકાઈ પડ્યાં. રસ્તે રઝળતાં ઢોર વરસાદથી બચવા માટે કોઈક છાપરાની નીચે આશરો લેવા લાગ્યાં. વીજળીના ચમકારા અને વાદળાંની ગર્જનાઓથી ચારે બાજુ ભયનું વાતાવરણ સર્જાઈ ગયું. અનાધાર વરસાદનો આ અનુભવ ખરેખર ભયાનક હતો. વર્ષાઋતુની આવી તોફાની સાંજ જોયા પછી ક્યારેક વર્ષા વગરની સાંજ પણ રૂડીરૂપાળી લાગે છે.

3. વર્ષાની પ્રથમ હેલી

[મુદ્દા : પ્રસ્તાવના – વર્ષાના આગમન પહેલાંનું વાતાવરણ – વર્ષાનું આગમન – વર્ષાના આગમનથી થતું પરિવર્તન – ઉપસંહાર]

"આજે કંઈ વાદળ વ્યોમ છાયાં,
તારા અને ઈન્દુ બધાં લપાયાં."

– સુંદરજી ગો. બેટાઈ

ગ્રીષ્મની કાળઝાળ ગરમીથી પશુપંખીઓ અને માનવીઓ આકુળ-વ્યાકુળ થઈ જાય છે. આકાશ ભણી મીટ માંડીને સમગ્ર જીવસૃષ્ટિ વર્ષાના આગમનની રાહ જુએ છે. આકાશમાં એકાદ વાદળી દેખાય તોપણ લોકો આનંદવિભોર બની જાય છે.

શરૂઆતમાં જોસભેર પવન ફૂંકાય છે. ધૂળના ગોટેગોટા ઊડે છે. નભમાં ઘનઘોર વાદળાં ચડી આવે છે. વાદળાં ગર્જે છે અને વીજળી ઝબૂકે છે. પવનના સુસવાટા સાથે મુશળધાર વરસાદ તૂટી પડે છે. ભીની માટીની સોડમ હવામાં પ્રસરી જાય છે.

વર્ષાની આ પ્રથમ હેલી માનવહૈયાંને આનંદ અને ઉલ્લાસથી ભરી દે છે. લોકો વરસાદની ધારાના પ્રથમ સ્પર્શને માણવા ઘરની બહાર નીકળી પડે છે. લોકો વરસાદમાં ભીંજાવાની મોજ માણે છે, નાચે છે, કૂદે છે અને ગાય છે. સૌ હર્ષ અને ઉલ્લાસ સાથે વર્ષાનું સ્વાગત કરે છે. બાળકો પાણીમાં છબછબિયાં કરે છે અને ગાય છે :

"આવ રે વરસાદ, ઘેબરિયો પરસાદ;
ઊનીઊની રોટલી ને, કારેલાંનું શાક."

વર્ષાનું આગમન થતાં રસ્તા પરની હલચલ સાવ બદલાઈ જાય છે. વરસાદથી બચવા કોઈ છત્રી ઓઢીને તો કોઈ રેઈનકોટ પહેરીને નીકળી પડે છે. કોઈ છત નીચે કે ઝાડ નીચે ઊભા રહીને વરસાદથી બચવાનો પ્રયત્ન કરે છે. ધોધમાર વરસાદ વરસતાં ચારે બાજુ પાણીપાણી થઈ જાય છે. જળાશયો નવાં પાણીથી છલકાવા લાગે છે. ક્યારેક રસ્તાઓમાં પાણી ભરાવાથી વાહનો ખોટકાઈ પડે છે.

વર્ષાના આગમનથી પશુપંખીઓ પણ હરખાઈ ઊઠે છે. મોર કળા કરી નાચે છે અને મધુર ટહુકાથી વર્ષાનું સ્વાગત કરે છે. દેડકાં 'ડ્રાંઉ... ડ્રાંઉ...'ની ધૂન શરૂ કરી દે

છે. આમ્રકુંજમાં કોયલ કૂજન કરીને વર્ષાને સાદ પાડે છે. ચાતક પક્ષી વર્ષાનાં પાણીને પોતાની ચાંચમાં ઝીલીને આખા વરસની તરસ છિપાવે છે.

જગતના તાત ખેડૂતના આનંદની સીમા રહેતી નથી. તે ખેતરમાં વાવણી કરવા તથા ધરુ રોપવા માટે તડામાર તૈયારીઓ કરે છે. જોકે જેમને ઉપર આભ અને નીચે ધરતીનો જ આશરો હોય છે એવા લોકો વર્ષાનું આગમન થતાં અસહાય સ્થિતિમાં મુકાઈ જાય છે.

વર્ષાની પ્રથમ હેલીને લીધે વાતાવરણ સુખદ બની જાય છે. વૃક્ષો વરસાદમાં નાહીધોઈને લીલાંછમ બની જાય છે. પ્રકૃતિદેવી જાણે લીલી સાડી ધારણ કરે છે. પ્રકૃતિમાં નવચેતન પ્રગટે છે. સમગ્ર જીવસૃષ્ટિ અવનવી પ્રવૃત્તિથી ધબકવા લાગે છે.

"વર્ષાની પ્રથમ હેલી
એટલે પૃથ્વીની પ્રેમાળ સહેલી."

4. અતિવૃષ્ટિ અથવા મેઘરાજાની મહેર-કહેર અથવા વર્ષાનું તાંડવ

[મુદ્દા : પ્રસ્તાવના – વર્ષાનું સ્વાગત – પૂરની પ્રકૃતિ – વર્ષાનું રૌદ્ર સ્વરૂપ અને પરિણામ – પૂરપીડિતોને સહાય – ઉપસંહાર]

ગ્રીષ્મના આકરા તાપથી અકળાયેલા લોકો વર્ષાના આગમનની ચાતકનજરે રાહ જુએ છે. આકાશમાં એકાદ વાદળી નજરે પડતાં જ લોકોનાં મન થનગની ઊઠે છે.

વીજળીના ચમકારા, વાદળોના ગડગડાટ અને પવનના સુસવાટા સાથે વર્ષાની સવારી આવે છે ત્યારે બધે આનંદનું વાતાવરણ ફેલાઈ જાય છે. મોર કળા કરી આનંદ વ્યક્ત કરે છે. દેડકાં 'ડ્રાંઉં... ડ્રાંઉં...' કરવા લાગે છે. કોયલ 'કુહૂ... કુહૂ...' કરતાં ટહુકી ઊઠે છે. આમ, સૌ આનંદપૂર્વક વર્ષાનું સ્વાગત કરે છે.

આ જ મીઠી લાગતી વર્ષા જ્યારે રૌદ્ર રૂપ ધારણ કરે છે, ત્યારે ધરતી પર ભારે ઊથલપાથલ મચી જાય છે. વરસાદ જ્યારે શંકરના તાંડવ નૃત્યની જેમ માઝા મૂકીને તૂટી પડે છે ત્યારે સર્જનના સ્થાને વિનાશ, આનંદના સ્થાને શોક અને ઉલ્લાસના સ્થાને નિરાશા ફરી વળે છે. વર્ષાનું ઉમંગભેર સ્વાગત કરનાર માનવી વર્ષાને ખમૈયા કરવા વિનવે છે. આમ, અતિવૃષ્ટિથી લીલા દુકાળનો ભય ઊભો થાય છે. જળ અને સ્થળમાં જે વર્ષા પ્રાણસંચાર કરનાર છે, તે જ્યારે પ્રાણસંહાર કરનાર બની બેસે ત્યારે કલાપીની પંક્તિઓ સ્મરણે ચઢે છે :

'જે પોષતું તે મારતું, એ ક્રમ દીસે શું કુદરતી?'

વર્ષાઋતુમાં જ્યારે ઘનઘોર વાદળાં ચડી આવે, દિવસો સુધી ગાજવીજ સાથે મુશળધાર વરસાદ વરસતો રહે, સૂર્યદેવનાં દર્શન દુર્લભ બને ત્યારે બધે જળબંબાકાર થઈ જાય છે.

પૂરને લીધે નીચાણવાળાં સ્થળોમાં પાણી ભરાઈ જાય છે. કાચાં મકાનો ધરાશાયી થઈ જાય છે. વહેતા પાણી સાથે લોકોની ઘરવખરી તણાઈ જાય છે. કેટલાંય તોતિંગ વૃક્ષો પણ જમીનદોસ્ત થઈ જાય છે. અનેક મનુષ્યો અને પશુઓ વર્ષાના રૌદ્ર સ્વરૂપનો ભોગ બને છે. સરિતા લોકમાતાનું વાત્સલ્ય તજીને પ્રલયકારી ચંડિકાનું રૂપ ધારણ કરે છે. પ્રચંડ પૂરનાં પાણી કેટલાંય ગામડાંનો નાશ કરે છે. ખેતરોનો પાક ધોવાઈ જાય છે. નદીઓના ધસમસતા પ્રવાહને લીધે કેટલાક પુલો તૂટી પડે છે, રેલવેના પાટા ધોવાઈ જાય છે, પાકા રસ્તાઓ પર ઠેરઠેર મોટાં ગાબડાં પડે છે. આથી વાહનવ્યવહાર તથા રેલવ્યવહાર ખોરવાઈ જાય છે. ટેલિફોનના થાંભલા ઊખડી જતાં સંદેશાવ્યવહાર ખોરવાઈ જાય છે. વીજળીના થાંભલા તૂટી પડતાં બધે અંધારપટ છવાઈ જાય છે. ચારે બાજુ ભયંકર વિનાશનાં દશ્યો નજરે પડે છે. કુદરતના રૌદ્ર સ્વરૂપથી માનવી ત્રાહિમામ્ ત્રાહિમામ્ પોકારી ઊઠે છે. ચંદ્રલોકને સર કરનારો માનવી આવા કુદરતી પ્રકોપ સામે નિઃસહાય બની જાય છે.

પ્રકૃતિના આ રૌદ્ર સ્વરૂપ વખતે માનવીની માનવતા જાગી ઊઠે છે. પૂરપીડિતોને બચાવવા, સહાયભૂત થવા લોકો રાહતકાર્યમાં જોડાઈ જાય છે. સામાજિક સંસ્થાઓ અને સરકાર પાણીમાં સપડાયેલા લોકોને ફૂડ-પૅકેટ્સ પહોંચાડે છે. પૂરમાં ફસાયેલા લોકોને હોડીઓ દ્વારા સલામત સ્થળે ખસેડવામાં આવે છે. નિઃસહાય લોકોને સરકારી મકાનો કે શાળાઓમાં આશ્રય આપવામાં આવે છે. તેમને અનાજ, કપડાં અને દવા પહોંચાડવામાં આવે છે. તેમને મકાન બનાવવા માટે અને ઘરવખરી ખરીદવા માટે આર્થિક સહાય આપવામાં આવે છે. કાદવકીચડ અને મૃતદેહોને ખસેડવાનું કામ યુદ્ધના ધોરણે થાય છે. રોગચાળો ફેલાય નહિ તે માટે ઠેરઠેર દવાનો છંટકાવ કરવામાં આવે છે.

અતિવૃષ્ટિથી નદીઓમાં પૂર આવે છે અને વિનાશ વેરતું વહી જાય છે. એના કરતાં નદીઓ પર બંધ બાંધવામાં આવે તો નકામું વહી જતું પાણી રોકી શકાય અને દુષ્કાળને હંમેશ માટે વિદાય આપી શકાય. આપણે મેઘરાજાને પ્રાર્થના કરીએ કે તે પ્રમાણસર વરસે અને સૌને સદા હેમખેમ રાખે.

5. ગ્રીષ્મનો મધ્યાહ્ન *અથવા* બળબળતા જામ્યા બપોર *અથવા* ઉનાળાની મજા અને સજા

[મુદ્દા : પ્રસ્તાવના – બપોરનું વાતાવરણ – એ વાતાવરણની લોકો પર અસર – બપોરનું સૌંદર્ય – ઉપસંહાર]

ભારતમાં મુખ્ય ત્રણ ઋતુઓ છે : ચોમાસું, શિયાળો અને ઉનાળો (ગ્રીષ્મ). વસંતની વિદાય થતાં ગ્રીષ્મઋતુનું આગમન થાય છે. કવિ જયંત પાઠકે ઉનાળાની અગ્નિશિખાઓ-(ઝાળ)ને જટા કહી છે ને ઉનાળાને અવધૂત કહીને ગ્રીષ્મનું કેવું વર્ણન કર્યું છે!

"રે આવ્યો કાળ ઉનાળો
અવની અખાડે, અંગ ઉઘાડે, અવધૂત ઝાળજટાળો."

ગ્રીષ્મમાં સૂર્યોદય પહેલાં થોડીક ઠંડક હોય છે. એ સમયે અગાશીમાં કે ઘરના આંગણામાં મીઠી નીંદરનો આનંદ માણી શકાય છે પણ સૂર્યોદય પછી તડકાનું અને ગરમીનું પ્રમાણ વધતું જાય છે. બપોરે તો જાણે આકાશમાંથી આગ વરસતી હોય તેવો અસહ્ય તાપ પડે છે. ધરતીમાંથી ઊની લાય ઝાળ નીકળે છે. એને લીધે રણમાં જળનો આભાસ થાય છે તેને 'મૃગજળ' કે 'ઝાંઝવાં' કહે છે.

શહેર હોય કે ગામડું, ગ્રીષ્મની બપોરે રસ્તા સૂમસામ થઈ જાય છે. ખેડૂતો, શ્રમિકો અને વટેમાર્ગુઓ ઘટાદાર વૃક્ષોની છાયામાં વિશ્રામ કરે છે. ચારાની શોધમાં નીકળેલાં પશુ પણ વૃક્ષનો છાંયડો શોધી, ત્યાં નિરાંતે બેસે છે. બપોરની ગરમીમાં ઠંડક મેળવવા માટે ભેંસો તળાવના પાણીમાં પડી રહે છે. કાળઝાળ ગરમીમાં પણ નોકરી, વ્યવસાય કરતાં લોકોને અવરજવર કરવી પડે છે. આવા વખતે પરગજુ લોકોએ ઠેરઠેર બંધાવેલી પરબો તરસ્યાઓ માટે આશીર્વાદરૂપ નીવડે છે.

બળબળતી બપોરે વેપારીઓ દુકાનો બંધ કરી ઘરભેગા થઈ જાય છે. સરકારી કચેરીઓમાં પણ કામની ગતિ મંદ પડી જાય છે. ગ્રીષ્મની બપોરે મોટા ભાગના લોકો બારીબારણાં બંધ કરીને ઘરમાં જ પુરાઈ રહેવાનું પસંદ કરે છે. ગ્રીષ્મની બપોર એટલે આરામ કરવાનો શ્રેષ્ઠ સમય. એમાં પંખા, ઍરકૂલર અને ઍરકંડિશનર જેવાં સાધનો રાહતરૂપ નીવડે છે. મસ્તીખોર બાળકો પણ શાંતિથી ઘરમાં બેસીને ચેસ, કેરમ કે કાર્ડ્ઝ રમ્યા કરે છે અથવા ટીવી જોયા કરે છે. ગરમીમાં ઠંડક મેળવવા માટે લોકો ઠંડાં પીણાં, શરબત કે આઇસક્રીમનો સહારો લે છે.

ગ્રીષ્મની બપોરનેય પોતાનું જુદું જ સૌંદર્ય હોય છે. એની નીરવતા પણ ક્યારેક સુખદ લાગે છે. કોઈ કવિ શ્રાવણી મધ્યાહ્નમાં અનુપમ સૌંદર્ય જોઈ ગાઈ ઊઠે છે :

'મને ગમે અદ્ભુત ને અનન્ય
મધ્યાહ્ન આ શ્રાવણનો પ્રસન્ન.'

ક્યારેક પવનથી ઊડતી ધૂળની ડમરીઓ અને ગુલમહોરનાં લાલચટ્ટાક પુષ્પો ગ્રીષ્મના મધ્યાહ્નની શોભા વધારે છે. બપોરે નીલા રંગના આકાશમાં ચકરાવા લેતી સમડીનું દશ્ય કેવું સુંદર લાગે છે ! ગ્રીષ્મમાં ફાલસા, સક્કરટેટી, તડબૂચ અને કેરી જેવાં સ્વાદિષ્ટ ફળો થાય છે, જે કાળઝાળ ગરમીમાં રાહત આપે છે. કાકાસાહેબ કાલેલકરે ગ્રીષ્મના મધ્યાહ્નના સૌંદર્યને બિરદાવ્યું છે. તેમણે એક જગ્યાએ ધોમધખતી કાળઝાળ ગરમી રેલાવતા સૂર્યને કૂતરા સાથે સરખાવ્યો છે. દોડીને હાંફી ગયેલો કૂતરો, એની લાંબી જીભ વડે લાળ વરસાવતો હોય એમ સૂર્ય ગરમી ઓકે છે. જ્યારે કવિ શ્રી જયંત પાઠકે એના રૌદ્ર રૂપને ઉપસાવતાં લખ્યું છે :

"ઉઘાડે અંગ જાણે કો જોગી ફાળ ભરી જતો,
છુટ્ટી ઝાળજટા એની તામ્રવર્ણી ઉડાડતો."

આપણને ગ્રીષ્મઋતુ ભલે ત્રાસદાયક લાગતી હોય, પરંતુ માનવજીવનમાં એની મહત્તા જરાય ઓછી નથી. એક સાખી છે :

"દુર્જનની કૃપા બૂરી, ભલો સજ્જનનો ત્રાસ,
સૂરજ જ્યાં ગરમી કરે, ત્યાં વર્ષાની આશ."

સૂર્યના પ્રખર તાપથી સમુદ્રનું પાણી તપે છે. એની વરાળથી જ વાદળાં બંધાય છે. તેના લીધે જ વરસાદ પડે છે અને જનજીવન પાછું મહોરી ઊઠે છે. ગ્રીષ્મના આકરા તાપ વિના જીવનને શાતા આપનારી વર્ષાનું આગમન શક્ય જ નથી.

6. વસંતનો વૈભવ *અથવા* ઋતુરાજ વસંત *અથવા* વસંત – વનમાં અને જનમાં *અથવા* વસંતઋતુ

[મુદ્દા : પ્રસ્તાવના – વસંતનો વૈભવ – વસંતનું વાતાવરણ – વસંતની માનવજીવન પર અસર – કવિઓની પ્રિય ઋતુ – ઉપસંહાર]

"મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોના લૈ,
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના?"

– મનોજ ખંડેરિયા

પ્રત્યેક ઋતુને તેનાં આગવાં રંગ-રૂપ અને સૌંદર્ય હોય છે. એમાં વસંતઋતુના સૌંદર્યની તો વાત જ નિરાળી છે !

વસંતની પહેલાં શિશિર આવે છે. શિશિરમાં વૃક્ષોનાં પાંદડાં ખરી પડે છે પછી રૂમઝૂમ પગલે વસંતનું આગમન થતાં વૃક્ષો ખીલી ઊઠે છે. વનસ્પતિમાં સંજીવની છંટાય છે. વૃક્ષોમાં નવચેતનનો, નવયૌવનનો સંચાર થાય છે. વૃક્ષો નવપલ્લવિત થઈ ઊઠે છે, જાણે કોઈ નવયૌવના !

વસંત એ નવસર્જનની ઋતુ છે. વસંતના આગમન સાથે જ વૃક્ષોના દેહમાં નવો પ્રાણ પ્રગટે છે. તેમની ડાળીએડાળીએ કૂંપળો ફૂટે છે. આમ્રવૃક્ષની ઘટાઓમાં છુપાઈને કોયલ મધમીઠા ટહુકા કરે છે. આમ્રવૃક્ષો પર મબલક મંજરીઓ મોરી ઊઠે છે. ઉપવનોમાં રંગબેરંગી અને સુગંધી પુષ્પો ખીલી ઊઠે છે. રંગબેરંગી કેસૂડાનાં ફૂલોનાં કેસરી ઝુંડ કુદરતની શોભામાં ઓર વધારો કરે છે. પતંગિયાં અને મધમાખીઓ પુષ્પોની આસપાસ ઘુમરાવા લાગે છે. ફૂલેફૂલે ભમરા ગુંજારવ કરે છે. કવિશ્રી મનોજ ખંડેરિયા વસંતની શોભા વર્ણવતાં લખે છે :

"આ ડાળડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતનાં."

ચારે બાજુ વસંતનું સામ્રાજ્ય છવાઈ જાય છે. સર્વત્ર વસંતનો વિજય થાય છે.

વસંતઋતુમાં વાતાવરણ અત્યંત ખુશનુમા બની જાય છે. ન વધારે ઠંડી, ન વધારે ગરમી. અણધાર્યા વરસાદની પણ ચિંતા નહિ. આ ઋતુની સમધારણ આબોહવા જીવસૃષ્ટિને માટે આહ્લાદક હોય છે. શીતળ વાસંતી લહેરો અને સૂર્યનાં કોમળ કિરણોનો સ્પર્શ જીવનને તાજગીથી ભરી દે છે.

માનવજીવન પર પણ વસંતનો કેવો પ્રભાવ પડે છે! પ્રાચીન સમયમાં લોકો આ ઋતુમાં સમૂહનૃત્યો કરતા હતા. આપણા લોકસાહિત્યમાં પણ વસંતઋતુનાં નૃત્યગીતોનો અનેરો મહિમા ગવાયો છે. માનવજીવનમાં વસંતઋતુ ઉલ્લાસ પ્રેરે છે. એની પ્રાકૃતિક શોભા નિહાળીને લોકોનાં હૈયાં આનંદથી ઝૂમી ઊઠે છે. વસંતપંચમી, હોળી અને ધુળેટી વસંતઋતુના મુખ્ય તહેવારો છે. હોળીમાં આબાલવૃદ્ધ સૌ રંગ અને ગુલાલ વડે મન ભરીને રમે છે. લોકો ઢોલના તાલે ઝૂમે છે, નાચે છે તેમજ વસંતનાં અને હોળીનાં ગીતો ગાય છે.

'આવી આવી વસંતની પૂર્ણિમા પ્રભાળી :
વસંત રાણી રમણે ચડી રે લોલ.'

વસંતે ધરતીને સ્વર્ગથી સવાઈ કરી. દેવો ને માનવોનાં હૈયાં મહેંકતાં કરી દીધાં. કવિનો આનંદ-ઉદ્‌ગાર જુઓ :

'હાં રે મારી ક્યારીમાં મહેંક મહેંક મહેંકી
હો રાજ! કોઈ વસંત લ્યો, વસંત લ્યો!'

વિશ્વભરના કવિઓએ આ ઋતુને ઘણાં લાડ લડાવ્યાં છે. વસંતઋતુ આપણને જીવનમાં પ્રેમ અને સૌંદર્યનું કેટલું બધું મહત્ત્વ છે તેનો ખ્યાલ આપે છે. કેટલાક કવિઓએ એને 'વિલાસની ઋતુ' તરીકે પણ ઓળખાવી છે; પણ ખરેખર તો એ સ્ફૂર્તિદાયક ઋતુ છે.

વસંતના સૌંદર્યને માણવા માટે આપણે ખુલ્લામાં વૃક્ષો પાસે કે બાગબગીચા કે જંગલમાં જવું જોઈએ. જો આપણે ઘરની ચાર દીવાલોમાં પુરાઈ રહીએ અને ટીવી વગેરે જોવામાં જ રોકાયેલા રહીએ તો આપણને વસંતની શોભાનો ખ્યાલ જ શી રીતે આવે? તેથી જ કવિ દલપતરામે આપણને વસંતઋતુનો ઠાઠ કેવો હોય છે એ વાત આ પંક્તિઓમાં સમજાવી છે :

"રૂડો જુઓ-આ ઋતુરાજ આવ્યો,
મુકામ તેણે વનમાં જમાવ્યો."

7. શરદપૂર્ણિમાની રાત *અથવા* પૂર્ણ ચાંદની

[મુદ્દા : પ્રસ્તાવના – શરદપૂર્ણિમાની રાતનું વાતાવરણ – ગરબા મહોત્સવ – શરદપૂર્ણિમાની રાતનું પ્રાકૃતિક સૌંદર્ય અને લોકો – ઉપસંહાર]

ભારતીય પરંપરાના, વર્ષના બારેય માસની બાર પૂર્ણિમાઓ કોઈને કોઈ તહેવાર સાથે જોડાયેલી છે. આમ માનવજીવન ઋતુચક્રો સાથે અભિન્ન રીતે જોડાયેલું છે. ઋતુ એ

પરિવર્તનશીલ પ્રકૃતિનો સ્વભાવ છે, શ્વાસ છે. એમાંય આસો માસની પૂર્ણિમા, જેને આપણે શરદપૂનમ કહીએ છીએ, તેનો અનેરો પ્રભાવ જ તેનું અનેરું વૈશિષ્ટ્ય છે. લોકગીતમાં પણ એનો અનેરો મહિમા થયો છે :

"આસો માસ ને શરદ પૂનમની રાત જો;
ચાંદલિયો ઊગ્યો રે સખી મારા ચોકમાં."

શરદપૂનમની રાત્રે વાતાવરણમાં નથી હોતી ગ્રીષ્મની દઝાડે તેવી ગરમી કે નથી હોતી હેમંતની ધ્રુજાવનારી ઠંડી. શરદનું વાદળાં વિનાનું આકાશ સ્વચ્છ દેખાય છે. વર્ષાઋતુમાં કાદવકીચડ તેમજ માખી અને મચ્છરથી કંટાળી ગયેલો માનવ શરદઋતુના ચોખ્ખાચણાક વાતાવરણથી પ્રસન્ન થાય છે. નવરાત્રિની નવનવ રાત્રિ સુધી જામેલા રાસગરબાનો આનંદ શરદપૂર્ણિમાની રાતે પરાકાષ્ઠાએ પહોંચે છે.

યુવક-યુવતીઓ સુંદર વસ્ત્રો પહેરીને આનંદ અને ઉલ્લાસથી શરદપૂનમ ઊજવે છે. શરદપૂનમની રાત્રે ઠેરઠેર રાસગરબાનું આયોજન થાય છે. સૂર, લય અને તાલની સંગતમાં રાસગરબાની રમઝટ મચે છે. લોકો મોડી રાત સુધી ગરબે ઘૂમે છે. ખાણીપીણીની જયાફત ઊડે છે. ચાંદનીનો શીતળ સ્પર્શ પામેલા દૂધપૌંઆનો સ્વાદ કંઈક ઑર જ હોય છે.

શરદપૂનમની રઢિયાળી રાતે દૂધ જેવી સફેદ ચાંદનીમાં ફરવા જવાનું કોને ન ગમે? કોઈ અગાસીમાં, કોઈ ખુલ્લા મેદાનમાં, કોઈ બાગબગીચામાં તો કોઈ નદી, તળાવ કે સાગરકાંઠે જઈને શરદપૂનમની ચાંદનીનું રૂપસૌંદર્ય માણે છે. સાગરકિનારે બેસીને પૂનમની ભરતી જોવી એ પણ એક અનેરો લહાવો છે. બાળકોને આકાશમાંથી વરસતી ચાંદનીમાં રમવાની ખૂબ મજા આવે છે. ચાંદની રાત્રે જે લોકો નૌકાવિહારનો આનંદ માણી શકે છે તે ધન્ય થઈ જાય છે. શરદપૂનમની ચાંદની-રાતનું સૌંદર્ય કવિઓને માટે પ્રેરણાદાયક બની રહે છે. બાલમુકુન્દ દવે 'શરદરજની' વિશે લખે છે :

"જગસકલની ત્રાંબાકૂંડી ભરી તસુ એ તસુ,
શશિયર સ્વયં ના'વા જાણે રહ્યો નભથી સરી."

જે વ્યક્તિ શરદપૂર્ણિમાની રાતનું સૌંદર્ય માણે તે જ તેને સારી રીતે જાણી શકે. શરદપૂર્ણિમાને 'માણેકઠારી (ઠંડી રાત) પૂનમ' પણ કહે છે. શરદપૂનમને આપવામાં આવેલી આ ઉપમા કેટલી યથાર્થ છે!

8. અનાવૃષ્ટિ અથવા કાળનોય કાળ દુકાળ

[મુદ્દા : પ્રસ્તાવના – વર્ષાનું આગમન – દુકાળ – દુકાળની અસર – સરકાર અને સેવાભાવી સંસ્થાઓની સહાય – ઉપસંહાર]

વર્ષાઋતુ આપણી જીવનદાત્રી છે. ગ્રીષ્મના આકરા તાપથી આકુળવ્યાકુળ થયેલાં માનવી, પશુ, પંખી બધાં ચાતકનજરે આભ ભણી મીટ માંડીને વર્ષાના આગમનની વાટ જુએ છે. આભમાં વાદળ જોઈને સહુને વરસાદની આશા બંધાય છે.

વર્ષાઋતુમાં આકાશમાં ઘટાટોપ વાદળાં ચડી આવે, વીજળી ચમકે, વાદળ ગરજે, પવનના સુસવાટા થાય. છેવટે મેહુલાની સવારી આવી પહોંચે. વરસાદ વરસતાં સઘળે આનંદ આનંદ છવાઈ જાય છે. મોર કળા કરી નાચે છે. તેના ટહુકા વાતાવરણને પ્રફુલ્લિત બનાવે છે. દેડકાં 'ડ્રાંઉં... ડ્રાંઉં...' કરીને વર્ષાનું સ્વાગત કરે છે.

પરંતુ, કોઈ વરસે એકાદ વરસાદ થયા પછી ફરીથી વર્ષાનાં દર્શન થતાં જ નથી. આકાશમાં વાદળાં દેખાય ખરાં, પણ વરસે નહિ. માનવ, પશુ, પંખી, વનસ્પતિ તરસે પણ વાદળાં વરસે જ નહિ. દિવસોના દિવસો પસાર થતા જાય ને જનજીવન ભારે મુશ્કેલીમાં મુકાઈ જાય. વર્ષા તો પશુપંખી, માનવી અને વનસ્પતિના જીવનનો આધાર છે. લોકો મેઘરાજાને મનાવવા માટે પ્રાર્થના કરે છે. મંદિરોમાં શિવલિંગને જળમાં ડુબાડીને શિવજીને પ્રસન્ન કરવાના પ્રયત્નો કરે છે. લોકો વ્યાકુળ હૃદયે ગાય છે :

"ઢૂંઢિયા બાપજી મે' વરસાવો;
સૂંડલે સૂપડે મે' વરસાવો;
ગાયોના પુણ્યે મે' વરસાવો."

આમ છતાં, વરસાદ વરસે નહિ ત્યારે ધરતી પર આફત ઊતરી પડે છે. ખેતરોમાં કરેલી વાવણી નિષ્ફળ જાય છે. અનાજ અને ઘાસચારાની તીવ્ર અછતને લીધે ખેડૂતો અને પશુપાલકોનું જીવવું કઠિન બને છે. ખેડૂતો પાયમાલ થઈ જાય છે. જળાશયો સુકાઈ જાય છે કે તેનાં તળિયાં ઊંડાં ઊતરી જાય છે. વરસાદના અભાવે પાણીની તીવ્ર અછત વરતાય છે. ઝાડ-પાન સુકાઈ જાય છે. પરિણામે સૃષ્ટિનું પ્રાકૃતિક સૌંદર્ય નષ્ટ થાય છે. માનવે અવનવી વૈજ્ઞાનિક શોધો કરી છે, પરંતુ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડું અને ધરતીકંપ જેવી કુદરતી આફતો સામે તે અસહાય બની રહે છે.

દુકાળના સમયમાં મનુષ્યો અને પશુપંખીઓને અનેક હાડમારી વેઠવી પડે છે. લોકો પીવાના પાણી માટે વલખાં મારે છે. ખેડૂતો અને પશુપાલકો મોંઘું પશુધન બચાવવા માટે હિજરત કરે છે કે નજીવી કિંમતે પશુઓને વેચી દે છે. તેમાં પણ ઉનાળો આવે ત્યારે દુકાળ પરાકાષ્ઠાએ પહોંચે છે. કેટલાંય ઢોર મરણને શરણ થઈ જાય છે. ચોરી અને લૂંટફાટના બનાવો પણ ઘણા વધી જાય છે.

પન્નાલાલ પટેલની નવલકથા 'માનવીની ભવાઈ'માં દુકાળનું વરવું શબ્દચિત્ર આબેહૂબ રજૂ થયું છે. પેટની ભૂખને શાંત કરવા ભીલ લોકો પોતાનાં જ ઢોરને કાપીને ખાય છે ત્યારે કાળુ કહે છે :

"માનવ ભૂંડો નથી, ભાઈ, ભૂખ ભૂંડી છે."

કાળનાય કાળ એવા દુકાળના સમયમાં માનવીની માનવતાનાં દર્શન થાય છે. સરકાર અને સેવાભાવી સંસ્થાઓ દુકાળગ્રસ્ત લોકોની વહારે દોડી આવે છે. ટૅન્કરો દ્વારા ગામેગામ પાણી પહોંચાડવામાં આવે છે. ઠેરઠેર ઢોરવાડા શરૂ કરવામાં આવે છે. તેમાં ઘાસચારો અને પાણીની સગવડ કરવામાં આવે છે. સરકાર રાહતકાર્યો શરૂ કરે છે. એમાં

દુકાળથી અસરગ્રસ્ત અને જરૂરિયાતવાળા લોકોને રોજીરોટી પૂરાં પાડવામાં આવે છે પણ આ કાયમી ઉકેલ નથી.

દુકાળના કાયમી ઉકેલ માટે જુદી જુદી પદ્ધતિથી પાણીનો સંગ્રહ કરવા માટેના ઉપાયો કરવા જરૂરી છે. ઘણી જગ્યાએ ચેકડેમ બાંધીને ઓછા પાણીમાં શાકભાજી, ફળફૂલ ઈત્યાદિ ઉગાડવાના પ્રયત્નો કરવામાં આવે છે. એનાથી ઘણો ફાયદો થાય છે. દઢ મનોબળ, પ્રામાણિક પ્રયત્નો અને પરસ્પરના સહકારથી પર્યાવરણ જાળવવાનું કાર્ય કરતાં રહીશું તો ભારતમાંથી દુકાળના ઓળાને ધીરેધીરે દૂર કરવામાં સફળ થઈ શકીશું.

9. શિયાળાની સવાર અથવા હેમંતનું પરોઢ

[મુદ્દા : પ્રસ્તાવના – સવારનું વાતાવરણ – ગામડાનું વાતાવરણ – શહેરનું વાતાવરણ – શિયાળાની સવારનું મહત્ત્વ – સૂર્યોદય સમયનું વાતાવરણ – ઉપસંહાર]

સવારનો સમય પ્રસન્નતાનો સમય હોય છે. ઋતુએ ઋતુએ સવારની પ્રાકૃતિક શોભા અને તેનાં રંગરૂપ નિરાળાં હોય છે. એમાંય શિયાળાની સવાર સવિશેષ આહ્લાદક હોય છે. એ આપણને આખા વર્ષ માટે તંદુરસ્તીનું ભાથું બાંધી લેવાની સુવર્ણ તક પૂરી પાડે છે. શિયાળાની સવાર સાથે નિસર્ગની અદ્ભુત છટાને પ્રગટ કરતી કવિ કલાપીની પંક્તિઓ માણો :

'ઊગે છે સુરખિ ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં,
ભૂરું છે નભ સ્વચ્છ-સ્વચ્છ દીસતી એકે નથી વાદળી.
ઠંડો હિમભર્યો વહે અનિલ શો ઉત્સાહને પ્રેરતો,
જે ઉત્સાહ ભરી દીસે શુક ઊડી ગાતાં મીઠાં ગીતડાં.'

શિયાળાના દિવસો ટૂંકા અને રાત લાંબી હોય છે. સૂર્યાસ્ત થતાં જ ચોમેર ઠંડીનું સામ્રાજ્ય ફેલાઈ જાય છે. રાત્રે કાતિલ ઠંડીનું મોજું ફરી વળે છે. લોકો બારીબારણાં બંધ કરીને ઘરમાં ઢબુરાઈ જાય છે. રસ્તા નિર્જન થઈ જાય છે. પરોઢિયું થતાં વાતાવરણમાં ફરીથી નવી ચેતના પ્રગટે છે.

શિયાળામાં વહેલી સવારે ખેડૂતો ખેતરે જાય છે. બળદોની ડોકે બાંધેલા ઘૂઘરાનો ઘમકાર, દળણાં દળતી ઘંટીઓના એકધારા સૂર અને ઘમ્મર વલોણાના નાદ સંગીતમય વાતાવરણ સર્જે છે. સાથેસાથે પ્રભાતિયાં અને મંદિરોમાં મંગળા આરતી વખતે વગાડાતાં ઝાલર તથા ઘંટડીના રણકાર આપણને ભક્તિરસથી ભીંજવે છે. ક્યારેક સૂસવાતો ઠંડો પવન આપણાં ગાત્રોને થીજવી દે છે. આથી લોકો ઠેરઠેર તાપણાં સળગાવી, તેની આસપાસ ગોઠવાઈને ઠંડીથી રાહત મેળવે છે.

શહેરોમાં શિયાળાની સવાર જુદી હોય છે. કેટલાક લોકો દોડવા નીકળે છે અથવા 'મોર્નિંગ વૉક' માટે નીકળે છે. કેટલાંક પ્રૌઢ અને વૃદ્ધ લોકો સડકો પર ફરવા નીકળી પડે છે. ઠંડીમાં ક્યાંક સડકને કિનારે ગરીબ લોકો તાપણું સળગાવીને તાપતાં નજરે પડે છે. એમની પાસે ઓઢવા-પાથરવાની પૂરતી વ્યવસ્થા હોતી નથી. ઠંડીમાં આવાં લોકો ઠૂંઠવાતાં હોય છે. આવાં દૃશ્યો ખરેખર કરુણ હોય છે.

શહેરમાં કેટલા લોકોને વહેલી સવારે કસરત કરવાનો સમય મળે છે? સ્કૂલ બસની રાહ જોતાં આંખો ચોળતાં બાળકો, ટ્રેઇન અને બસ પકડવાની લાયમાં ઉતાવળે દોડતાં શહેરીજનો, બાળકો અને પતિને માટે ઝટપટ ચાનાસ્તા અને લંચબૉક્સ તૈયાર કરતી સ્ત્રીઓ શિયાળાની સવારનું સુખ શું જાણે! એટલે તેઓ શિયાળાની સવારે અડદિયોપાક, સાલમપાક જેવાં પોષણયુક્ત વસાણાં ખાઈને સંતોષ મેળવે છે. જોકે, શિયાળાની સવારે ઘણાંને હૂંફાળી પથારી છોડવી ગમતી નથી. આથી ઘણા લોકો રજાઈ-ધાબળા ઓઢી મોડે સુધી નિરાંતે ઘોરતાં રહે છે.

શિયાળાની પરોઢ ઝાકળભીની હોય છે. છોડ અને વૃક્ષોની પાંદડીઓ પર ઝાકળનાં ટીપાં બાઝે છે. સૂર્યોદય થતાં તેના પર સૂર્યનાં કિરણો પડે છે, ત્યારે એ જલબિંદુઓ મોતીની જેમ ઝળહળી ઊઠે છે.

શિયાળાની ઠંડી મનુષ્યને જુદા જ પ્રકારની સ્ફૂર્તિ આપે છે. તેના કારણે માણસમાં ઉત્સાહ અને ચેતન આવે છે. તે વધારેમાં વધારે મહેનત કરી શકે છે. શિયાળાની સવારે કસરત કરવાથી શરીર અને મન તંદુરસ્ત બને છે. આપણે શિયાળાની સ્ફૂર્તિદાયક સવારનો સદુપયોગ કરીએ.

10. અંધારી રાત અથવા અમાસની રાત

[મુદ્દા : પ્રસ્તાવના – અંધારી રાતનું વાતાવરણ-સૌંદર્ય – અંધારી રાતનું મહત્ત્વ – અંધારી રાતનું ઉધાર પાસું – ઉપસંહાર]

પ્રકૃતિની વિવિધતા અપાર છે. એમાં નિશારાણી આપણા માટે સોનેરી શમણાંની ભેટ લઈને આવે છે. ઋતુએ ઋતુએ રાત્રિનાં રૂપરંગ જુદાંજુદાં હોય છે. પૂર્ણ ચંદ્રથી મઢેલી પૂનમની રાતનાં ખૂબ ગુણગાન ગવાયાં છે. સામાન્ય રીતે આપણને પૂનમની રાત ખૂબ ગમતી હોય છે. કવિઓ પૂનમની રાતનું વર્ણન કરતાં થાકતા નથી. તેમ છતાં, કુદરતે અમાસની રાત પણ સાથે બનાવી છે. કુદરતના રહસ્યને કોણ માપી શકે? બધી જ રાતો પૂનમની જ હોય તો એનું મૂલ્ય આટલું રહે ખરું? અમાસની અંધારી રાત છે તેથી જ પૂનમની અજવાળી રાતનું મહત્ત્વ છે. અમાસની અંધારી રાત પણ પ્રકૃતિની અદ્ભુત ભેટ છે.

અમાસની કાજળઘેરી રાતે આકાશમાં તારાઓની મહેફિલ જામે છે. તારામંડળો જુદાજુદા આકારો ધારણ કરીને અંધારી રાતે આકાશની શોભા વધારે છે. સ્થિર પ્રકાશ રેલાવતા ગ્રહોનું તેજ આંખોને ઠારે છે. કોઈ શ્યામ રંગની સ્ત્રીએ આભલાં મઢેલી સાડી પહેરી હોય એવી અંધારી રાત દીપી ઊઠે છે. અંધારી રાતે આકાશગંગા અને નિહારિકાનાં તેજ વધુ પ્રભાવશાળી લાગે છે. આકાશમાં ચંદ્રનું ક્યાંય નામનિશાન હોતું નથી. પૃથ્વી પર ચોમેર અંધકારનું સામ્રાજ્ય છવાઈ જાય છે. અંધકારનું આ દશ્ય કોઈને બિહામણું લાગે છે, તો કોઈને રમણીય લાગે છે. કવિ પ્રહ્‌લાદ પારેખે અંધારી રાતનો જુદી જ રીતે અનુભવ કર્યો છે :

"આજ અંધાર ખુશબોભર્યો લાગતો,
આજ સૌરભ ભરી રાત સારી."

અંધારી રાતે તારલિયાના પ્રકાશમાં વનની વાટે પ્રવાસ કરતા વટેમાર્ગુઓને ભયમિશ્રિત રોમાંચનો અનુભવ થાય છે. તેથી જ કવિશ્રી મનસુખલાલ ઝવેરીએ ગાયું છે કે :

"મને ગમે અદ્‌ભુત અને અનન્ય આ,
અંધારી તોયે રજની અમાસની."

અંધારી રાતે ખગોળશાસ્ત્રીઓ અને ગણિતશાસ્ત્રીઓ સૌરમંડળના તારાઓ, આકાશગંગા, નિહારિકાઓ વગેરેનું બારીકાઈથી નિરીક્ષણ કરી શકે છે અને કુદરતનાં રહસ્યોનો તાગ પામવા પ્રયત્ન કરે છે. આવાં નિરીક્ષણોથી વિજ્ઞાનજગત તથા માનવજાતને ઘણો લાભ થાય છે. આપણા જાણીતા નિબંધકાર કાકા કાલેલકરને અંધારી રાતે ખગોળદર્શન કરવાનો શોખ હતો, એમણે કવિશ્રી ઉમાશંકર જોશીને પણ ખગોળદર્શન કરતાં શીખવ્યું હતું.

દીપાવલિનો લોકપ્રિય તહેવાર પણ અમાસની અંધારી રાતે જ ઊજવવામાં આવે છે. દિવાળી તો આપણા દેશનો સૌથી મોટો તહેવાર છે. અંધકારને દૂર કરનાર પ્રકાશનો તહેવાર છે. દિવાળીમાં ટમટમતા દીવડા અને આકાશમાં ટમટમતા તારલિયા આપણને એવો બોધ આપે છે કે આપણે ભલે સૂર્ય ન બની શકીએ પરંતુ માટીનું કોડિયું કે તારો બનીને કોઈના પથદર્શક જરૂર બની શકીએ.

અંધારી રાતનું એક ઉઘાર પાસું પણ છે. ચોરી, લૂંટફાટ કે ખૂન જેવી અસામાજિક પ્રવૃત્તિઓ અંધકારના ઓથારમાં જ ફૂલેફાલે છે.

આમ, અંધારી રાત ક્યારેક ભયપ્રેરક પણ નીવડે છે; પણ હકીકતમાં તે ભવ્ય અને રોમાંચક હોય છે. તેના માટે અંધકારને માણી શકે તેવી દૃષ્ટિ જરૂરી છે.

11. નદીકિનારે સાંજ અથવા નદીતટે સંધ્યા

[મુદ્દા : પ્રસ્તાવના – નદીકિનારાનું પ્રાકૃતિક સૌંદર્ય અને માનવી પર તેની અસર – ઉપસંહાર]

કુદરતે સવાર અને સાંજના વાતાવરણમાં ભરપૂર પ્રાકૃતિક સૌંદર્ય ઠાલવ્યું છે. પ્રાકૃતિક સૌંદર્ય માણીને માનવી પ્રસન્નતા અનુભવે છે. તેમાંય નદીકિનારાની રમણીયતા તો ખરેખર અદ્ભુત હોય છે.

સૂર્યોદય અને સૂર્યાસ્ત વખતે રાતો-નારંગી સૂરજ, ચોતરફ પ્રસરેલા એના રંગો સાથે નદીમાં નહાય છે ત્યારે નદીનાં જળ જાણે રંગીન થઈ ઊઠે છે. વળાંક લઈને વહેતી નદીના કાંઠે સવાર અને સાંજનાં મનોહર દૃશ્યોને આંખમાં જ નહિ, હૃદયમાં ભરી લેવાનું મન થઈ આવે છે. આથી જ સવારે તથા સાંજે નદીકાંઠે માનવીઓ ઊભરાય છે. એમાંયે સાંજે તો નવરાશ હોવાથી નદીકાંઠે માનવીઓની ઠઠ જામે છે. સાંજે સૂર્ય ભલે થાકેલો લાગતો હોય; પરંતુ તે પોતાનું કામ પૂરું કર્યા પછીના સંતોષ અને ગૌરવ સાથે અસ્ત થઈ રહ્યો હોય તેવો પ્રસન્ન જણાય છે. સાંજે નદીની રેતીમાં બાળકો રમે છે. તેઓ રેતીનાં ઘર અને મંદિર બનાવે છે. કેટલાક લોકો નદીમાં નહાય છે તો કેટલાક પાણીમાં પગ બોળીને તેની ઠંડક માણે છે. કેટલાક લોકો એકબીજા પર પાણી છાંટીને મોજમસ્તી કરે છે. સમી સાંજે ઢોરોનાં ધણ નદીકિનારે થોભી પાણી પીએ છે. નદીકાંઠે આવેલા મંદિરમાં થતો ઘંટારવ વાતાવરણને પવિત્ર બનાવે છે.

પાણી પર થઈને વહેતા ઠંડા પવનની મંદમંદ લહેરો મીઠી મધુરી લાગે છે. દૂરદૂરથી નદીના તટ તરફ આવતી હોડીઓ સુંદર દેખાય છે.

સાંજને સમયે અંધારામાં ભાવિક ભક્તો પાંદડાંના નાનામોટા પડિયામાં દીવા પેટાવીને નદીમાં તરતાં મૂકે છે. આછા અંધારામાં ઝગમગતી જ્યોતનાં દર્શન આંખને ઠારે છે. આમ, દિવસના કામકાજથી થાકેલો અને કંટાળેલો માનવી નદીને કિનારે આવી અપૂર્વ તાજગીનો અનુભવ કરે છે.

નદીકિનારાના મોહક પ્રાકૃતિક સૌંદર્યનું પાન કરતાં આપણું મન કદી ધરાતું નથી. સમી સાંજે માળામાં પાછાં ફરી રહેલાં પંખીઓનો કલરવ આપણા મનને મધુરતાથી ભરી દે છે. સંધ્યાનું આ સૌંદર્ય માનવના મનમાં હંમેશને માટે સચવાઈ રહે છે. નદીકિનારે ક્ષિતિજ પર સૂર્ય ડૂબતાંની સાથે ટમટમતા તારલા અને ચંદ્ર પોતાનું તેજ પાથરવા આકાશમાં આવી પહોંચે છે. લોકો નદીકિનારેથી ઘરે પાછા ફરે છે. એ પછી માણસોનો કોલાહલ બંધ થતાં પાણીના વહેવાનું સંગીત દૂરદૂર સુધી પ્રસરી રહે છે.

હવે તો નદીકાંઠે ખાણીપીણીની કેટલીયે દુકાનો થઈ ગઈ છે. ફેરિયાઓ પણ ખાણીપીણીના ખુમચાઓ લઈને હાજર થઈ જાય છે. લોકો આવી બજારુ ચીજો ખાઈને ત્યાં જ ગંદકી કરે છે. આને લીધે નદીની આસપાસનું વાતાવરણ દૂષિત થાય છે.

12. પ્રકૃતિનાં રમ્ય-રૌદ્ર સ્વરૂપો *અથવા*

કુદરતનાં હાસ્ય અને તાંડવ

[મુદ્દા : પ્રસ્તાવના – પ્રકૃતિનાં રમ્ય સ્વરૂપો – શરદ, વસંત, વર્ષા – પ્રકૃતિનાં રૌદ્ર સ્વરૂપો – અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડું, ભૂકંપ, આગ – ઉપસંહાર]

પ્રકૃતિમાં અપાર વૈવિધ્ય રહેલું છે. વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિરઋતુમાં પ્રકૃતિ જુદાજુદા શણગાર સજે છે. તેમાં પ્રકૃતિનાં રમ્ય અને રૌદ્ર એમ બંને રૂપોનો આપણને અનુભવ થાય છે.

શરદઋતુમાં કુદરત પ્રફુલ્લ વદને સ્મિત વેરે છે. ખેતરોમાં રેલાતો સોનેરી રંગનો તડકો અને હવાથી ડોલતી ફસલ રમણીય દેખાય છે. શરદપૂનમની શીતળ ચાંદની આપણને પ્રકૃતિના રમ્ય સ્વરૂપનાં દર્શન કરાવે છે. જુવાનિયાઓ દાંડિયારાસની રમઝટ રેલાવીને કુદરતના સૌંદર્યને માણે છે. વસંતઋતુમાં ખીલી ઊઠેલાં પુષ્પો અને ડાળીએ ડાળીએ ફૂટતી કૂંપળો દ્વારા કુદરતનું મનોહર સ્વરૂપ પ્રકટ થાય છે.

વર્ષાઋતુમાં કુદરતનું રમ્ય સ્વરૂપ ઉઘાડ પામે છે. ખળખળ વહેતાં ઝરણાંનો કલકલ ધ્વનિ, ધરતી પર પથરાયેલું લીલુંછમ ઘાસ, ખેતરોમાં લહેરાતો હરિયાળો મોલ, ક્યારેક આકાશને સપ્તરંગે રંગી દેતું મેઘધનુષ, મયૂરોનું મનમોહક નૃત્ય, કોયલના ટહુકા વગેરેમાં પ્રકૃતિનો મનોહર ચહેરો જોવા મળે છે. રાતના અંધકારમાં ટમટમતા તારલા, ઝબૂક ઝબૂક થતા આગિયા અને આકાશગંગાની આભા પણ કુદરતના રમ્ય સ્વરૂપને પ્રગટ કરે છે. પ્રકૃતિના હાસ્ય વેરતાં આવાં રમણીય સ્વરૂપો આપણને સ્વર્ગીય આનંદ આપે છે.

પ્રકૃતિનું એક સ્વરૂપ રમ્ય છે, તો બીજું રુદ્ર સ્વરૂપ પણ છે. પ્રકૃતિ આપણને ક્યારેક તેના રૌદ્ર સ્વરૂપનો પણ અનુભવ કરાવે છે. વર્ષાઋતુમાં ક્યારેક અતિવૃષ્ટિ થાય છે. પૂરનાં પાણી ગામો અને ખેતરોમાં ફરી વળે છે. પરિણામે જાનમાલનું ભારે નુકસાન થાય છે. ક્યારેક વર્ષાઋતુ વરસ્યા વિના જ પસાર થઈ જાય છે, ત્યારે ખેતરો વેરાન ભાસે છે. પાણીની ભયંકર અછત સર્જાય છે. અનાજ પાકતું નથી. કાળનોય કાળ એવો દુકાળ અનેક માનવીઓ અને પશુઓનો ભોગ લઈ લે છે.

ક્યારેક કુદરત ભયંકર વાવાઝોડું ફૂંકીને આપણને તેની વિનાશલીલાનો પરચો બતાવે છે. વાવાઝોડા વખતે કુદરત તાંડવ નૃત્ય કરે છે. કેટલાંય તોતિંગ વૃક્ષો જડ-મૂળથી ઉખડીને ધરાશાયી થઈ જાય છે. દરિયાનાં મોજાં ઊંચે ઊછળે છે અને હોડીઓને દરિયાના પેટાળમાં પધરાવી દે છે. કેટલાંય મકાનો તેમજ ટેલિફોન અને વીજળીના થાંભલા જમીનદોસ્ત થઈ જાય છે.

ક્યારેક કુદરત ભૂકંપ કે જ્વાળામુખી વડે પોતાનું રૌદ્ર સ્વરૂપ દાખવે છે. ભૂકંપને લીધે નાનીમોટી કેટલીય ઇમારતો જમીનદોસ્ત થઈ જાય છે. ભારે માનવખુવારી થાય છે.

રસ્તાઓ તૂટી જાય છે. જ્યાં જળ હોય ત્યાં સ્થળ અને જ્યાં સ્થળ હોય ત્યાં જળ થઈ જાય છે. નદીઓનાં વહેણની દિશા સુદ્ધાં બદલાઈ જાય છે. આ બધી ઘટનાઓમાં આપણને પ્રકૃતિનાં રૌદ્ર સ્વરૂપોનો અનુભવ થાય છે.

કુદરત તેનાં રમ્ય અને રૌદ્ર એમ બંને સ્વરૂપનાં દર્શન કરાવી આપણને તેની અગાધ શક્તિનું અને આપણી અશક્તિનું ભાન કરાવે છે. કુદરત આગળ માનવીનું શાણપણ હંમેશાં નિરર્થક પુરવાર થયું છે, તેથી જ કવિ કલાપીએ લખ્યું છે કે :

"જે પોષનું તે મારનું, શું એ નથી ક્રમ કુદરતી?"

13. પ્રકૃતિનું રક્ષણ એ જ જીવનનું રક્ષણ અથવા પ્રકૃતિ તરફ પાછા વળીએ

[મુદ્દા : પ્રસ્તાવના – પંચતત્ત્વ – પ્રકૃતિ – પ્રકૃતિ અને આપણે – ગ્લોબલ વૉર્મિંગ – વિકાસને નામે વિનાશ – પ્રકૃતિનું સંતુલન – સમાપન]

પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ – આ પાંચ તત્ત્વો વડે પ્રકૃતિ બનેલી છે. મનુષ્ય અને તેની આસપાસનું સમગ્ર જગત પ્રકૃતિની દેન છે. માનવજીવન પણ મોટા ભાગે પ્રકૃતિ પર આધારિત છે અને પ્રકૃતિને આધીન પણ છે, તેથી મનુષ્ય અને પ્રકૃતિ એકબીજાથી અભિન્ન છે.

આપણું જીવન આદિકાળથી પ્રકૃતિની સાથે વણાયેલું રહ્યું છે. પ્રકૃતિ જીવનભર આપણો સાથ નિભાવે છે. આપણું જીવન સંપૂર્ણપણે પ્રકૃતિ પર નિર્ભર હોવા છતાં આપણે તેની સંભાળ રાખતા નથી. આપણી બેદરકારીને લીધે હવા-પાણી અને અવાજનું પ્રદૂષણ વધી ગયું છે, તેથી પ્રકૃતિનું સંતુલન ખોરવાઈ ગયું છે. આથી ગ્લોબલ વૉર્મિંગનું પ્રમાણ સતત વધી રહ્યું છે.

ગ્લોબલ વૉર્મિંગના કારણે ધ્રુવપ્રદેશો પરનો બરફ ઝડપથી ઓગળી રહ્યો છે અને સમુદ્રોની સપાટીમાં ભયજનક હદે વધારો થઈ રહ્યો છે. સમુદ્રકિનારા પર વસેલાં તમામ મોટાં નગરો એક દિવસ સમુદ્રમાં સમાઈ જશે એવો ભય ઊભો થયો છે.

વિકાસને નામે આપણે શહેરીકરણ અને ઔદ્યોગીકરણ પાછળ આંધળી દોટ મૂકી છે. વાહનો, ઉદ્યોગો અને સુખ-સગવડનાં સાધનોને લીધે હવામાં ધુમાડો અને કાર્બનની માત્રા દિવસે-દિવસે વધતી જાય છે. ગૅસ, કોલસો, ખનીજ તેલ અને અન્ય ખનીજોના ભંડારો ઝડપથી ખાલી થઈ રહ્યા છે. ઉદ્યોગો અને શહેરોના વિકાસ માટે ખેતરો અને જંગલોનો બેફામ ભોગ લેવાઈ રહ્યો છે, એનાથી પ્રાકૃતિક સંતુલન ખોરવાઈ ગયું છે.

પ્રાકૃતિક અસંતુલનને કારણે ઋતુચક્ર પણ ખોરવાઈ ગયું છે. તેને લીધે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ, ભૂસ્ખલન, હિમપ્રપાતો, સુનામી અને વિનાશક ચક્રવાતો જેવી કુદરતી

આફતોનું પ્રમાણ અને તીવ્રતામાં પ્રચંડ વધારો થયો છે, તેથી ભારે પ્રમાણમાં જાન-માલની હાનિ થઈ રહી છે. કુદરતી આફતો જો આમને આમ ત્રાટક્યા કરશે તો એક દિવસ આખી માનવજાતનો સંપૂર્ણ સફાયો થઈ જશે !

હજારો વર્ષોની જહેમત બાદ માનવસંસ્કૃતિનો વિકાસ થયો છે. સમગ્ર બ્રહ્માંડમાં એક માત્ર પૃથ્વી પર જ જીવસૃષ્ટિ અને માનવસંસ્કૃતિનો વિકાસ થયો છે. તેનું રક્ષણ કરવું એ આપણા સૌની ફરજ છે. પ્રકૃતિનું રક્ષણ કરીશું તો જ આપણું રક્ષણ થશે. પ્રકૃતિનો વિનાશ એટલે સમગ્ર જીવસૃષ્ટિનો વિનાશ. ચાલો સૌ પ્રકૃતિ તરફ પાછા વળીએ અને કોઈ પણ ભોગે તેનું જતન કરીએ.

14. વૃક્ષો વાવો, જીવન બચાવો *અથવા* વૃક્ષ : માનવજીવનનું સુખ *અથવા* વૃક્ષનું જતન, આબાદ વતન *અથવા* એક બાળ, એક ઝાડ

[મુદ્દા : પ્રસ્તાવના – વૃક્ષોની ઉપયોગિતા – વસ્તીવધારા સાથે ઊભા થયેલા પ્રદૂષણના પ્રશ્નો – પ્રદૂષણના પ્રશ્નોનો ઉકેલ અને ઉપસંહાર]

આજે ભારતદેશની વસ્તી 120 કરોડનો આંક વટાવી ચૂકી છે. વસ્તીવધારાને લીધે આપણા દેશમાં અનેક સમસ્યાઓ સર્જાઈ છે. જંગલોનો વિનાશ કર્યો અને ત્યાં સિમેન્ટ, કાંક્રીટનાં જંગલો ઊભાં કર્યાં. આથી હવા, પાણી અને અવાજનાં પ્રદૂષણ વધ્યાં છે. માનવજીવન ભયમાં મુકાઈ ગયું છે. પ્રદૂષણને નિવારવાના અનેક ઉપાયોમાંનો એક મહત્ત્વનો ઉપાય એટલે વૃક્ષારોપણ અને વૃક્ષોનો ઉછેર. વૃક્ષો વાવો, જીવન બચાવો.

વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં લીલાં પાંદડાં પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. વૃક્ષો વાદળાંને ઠંડાં પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગુઓ વિશ્રામ કરે છે તેમજ બાળકો રમે છે. વૃક્ષો ધરતીની શોભા વધારે છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિનાના મસ્તક જેવી ઉજ્જડ લાગે છે.

વૃક્ષો આપણને રંગબેરંગી ફૂલો તથા જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ થતું અટકાવે છે. વૃક્ષો ઈમારતી લાકડું અને બળતણ આપે છે. કેટલાંય વૃક્ષોનાં મૂળિયાં અને પાંદડાં ઔષધિ તરીકે વપરાય છે.

કેટલાંક વર્ષો પૂર્વે આપણા દેશમાં પણ ગાઢ જંગલો હતાં. એ જંગલોમાં અનેક જંગલી પશુઓ વસવાટ કરતાં હતાં. જંગલોથી એ પશુઓનું અને એ પશુઓથી જંગલોનું રક્ષણ

રસ્તાઓ તૂટી જાય છે. જ્યાં જળ હોય ત્યાં સ્થળ અને જ્યાં સ્થળ હોય ત્યાં જળ થઈ જાય છે. નદીઓનાં વહેણની દિશા સુદ્ધાં બદલાઈ જાય છે. આ બધી ઘટનાઓમાં આપણને પ્રકૃતિનાં રૌદ્ર સ્વરૂપોનો અનુભવ થાય છે.

કુદરત તેનાં રમ્ય અને રૌદ્ર એમ બંને સ્વરૂપનાં દર્શન કરાવી આપણને તેની અગાધ શક્તિનું અને આપણી અશક્તિનું ભાન કરાવે છે. કુદરત આગળ માનવીનું શાણપણ હંમેશાં નિરર્થક પુરવાર થયું છે, તેથી જ કવિ કલાપીએ લખ્યું છે કે :

"જે પોષતું તે મારતું, શું એ નથી ક્રમ કુદરતી?"

13. પ્રકૃતિનું રક્ષણ એ જ જીવનનું રક્ષણ અથવા પ્રકૃતિ તરફ પાછા વળીએ

[મુદ્દા : પ્રસ્તાવના – પંચતત્ત્વ – પ્રકૃતિ – પ્રકૃતિ અને આપણે – ગ્લોબલ વૉર્મિંગ – વિકાસને નામે વિનાશ – પ્રકૃતિનું સંતુલન – સમાપન]

પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ – આ પાંચ તત્ત્વો વડે પ્રકૃતિ બનેલી છે. મનુષ્ય અને તેની આસપાસનું સમગ્ર જગત પ્રકૃતિની દેન છે. માનવજીવન પણ મોટા ભાગે પ્રકૃતિ પર આધારિત છે અને પ્રકૃતિને આધીન પણ છે, તેથી મનુષ્ય અને પ્રકૃતિ એકબીજાથી અભિન્ન છે.

આપણું જીવન આદિકાળથી પ્રકૃતિની સાથે વણાયેલું રહ્યું છે. પ્રકૃતિ જીવનભર આપણો સાથ નિભાવે છે. આપણું જીવન સંપૂર્ણપણે પ્રકૃતિ પર નિર્ભર હોવા છતાં આપણે તેની સંભાળ રાખતા નથી. આપણી બેદરકારીને લીધે હવા-પાણી અને અવાજનું પ્રદૂષણ વધી ગયું છે, તેથી પ્રકૃતિનું સંતુલન ખોરવાઈ ગયું છે. આથી ગ્લોબલ વૉર્મિંગનું પ્રમાણ સતત વધી રહ્યું છે.

ગ્લોબલ વૉર્મિંગના કારણે ધ્રુવપ્રદેશો પરનો બરફ ઝડપથી ઓગળી રહ્યો છે અને સમુદ્રોની સપાટીમાં ભયજનક હદે વધારો થઈ રહ્યો છે. સમુદ્રકિનારા પર વસેલાં તમામ મોટાં નગરો એક દિવસ સમુદ્રમાં સમાઈ જશે એવો ભય ઊભો થયો છે.

વિકાસને નામે આપણે શહેરીકરણ અને ઔદ્યોગીકરણ પાછળ આંધળી દોટ મૂકી છે. વાહનો, ઉદ્યોગો અને સુખ-સગવડનાં સાધનોને લીધે હવામાં ધુમાડો અને કાર્બનની માત્રા દિવસે-દિવસે વધતી જાય છે. ગૅસ, કોલસો, ખનીજ તેલ અને અન્ય ખનીજોના ભંડારો ઝડપથી ખાલી થઈ રહ્યા છે. ઉદ્યોગો અને શહેરોના વિકાસ માટે ખેતરો અને જંગલોનો બેફામ ભોગ લેવાઈ રહ્યો છે, એનાથી પ્રાકૃતિક સંતુલન ખોરવાઈ ગયું છે.

પ્રાકૃતિક અસંતુલનને કારણે ઋતુચક્ર પણ ખોરવાઈ ગયું છે. તેને લીધે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ, ભૂસ્ખલન, હિમપ્રપાતો, સુનામી અને વિનાશક ચક્રવાતો જેવી કુદરતી

આફતોનું પ્રમાણ અને તીવ્રતામાં પ્રચંડ વધારો થયો છે, તેથી ભારે પ્રમાણમાં જાન-માલની હાનિ થઈ રહી છે. કુદરતી આફતો જો આમને આમ ત્રાટકયા કરશે તો એક દિવસ આખી માનવજાતનો સંપૂર્ણ સફાયો થઈ જશે !

હજારો વર્ષોની જહેમત બાદ માનવસંસ્કૃતિનો વિકાસ થયો છે. સમગ્ર બ્રહ્માંડમાં એક માત્ર પૃથ્વી પર જ જીવસૃષ્ટિ અને માનવસંસ્કૃતિનો વિકાસ થયો છે. તેનું રક્ષણ કરવું એ આપણા સૌની ફરજ છે. પ્રકૃતિનું રક્ષણ કરીશું તો જ આપણું રક્ષણ થશે. પ્રકૃતિનો વિનાશ એટલે સમગ્ર જીવસૃષ્ટિનો વિનાશ. ચાલો સૌ પ્રકૃતિ તરફ પાછા વળીએ અને કોઈ પણ ભોગે તેનું જતન કરીએ.

14. વૃક્ષો વાવો, જીવન બચાવો અથવા વૃક્ષ : માનવજીવનનું સુખ અથવા વૃક્ષનું જતન, આબાદ વતન અથવા એક બાળ, એક ઝાડ

[મુદ્દા : પ્રસ્તાવના – વૃક્ષોની ઉપયોગિતા – વસ્તીવધારા સાથે ઊભા થયેલા પ્રદૂષણના પ્રશ્નો – પ્રદૂષણના પ્રશ્નોનો ઉકેલ અને ઉપસંહાર]

આજે ભારતદેશની વસ્તી 120 કરોડનો આંક વટાવી ચૂકી છે. વસ્તીવધારાને લીધે આપણા દેશમાં અનેક સમસ્યાઓ સર્જાઈ છે. જંગલોનો વિનાશ કર્યો અને ત્યાં સિમેન્ટ, કૉંક્રીટનાં જંગલો ઊભાં કર્યાં. આથી હવા, પાણી અને અવાજનાં પ્રદૂષણ વધ્યાં છે. માનવજીવન ભયમાં મુકાઈ ગયું છે. પ્રદૂષણને નિવારવાના અનેક ઉપાયોમાંનો એક મહત્ત્વનો ઉપાય એટલે વૃક્ષારોપણ અને વૃક્ષોનો ઉછેર. વૃક્ષો વાવો, જીવન બચાવો.

વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં લીલાં પાંદડાં પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. વૃક્ષો વાદળાંને ઠંડાં પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગુઓ વિશ્રામ કરે છે તેમજ બાળકો રમે છે. વૃક્ષો ધરતીની શોભા વધારે છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિનાના મસ્તક જેવી ઉજ્જડ લાગે છે.

વૃક્ષો આપણને રંગબેરંગી ફૂલો તથા જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ થતું અટકાવે છે. વૃક્ષો ઈમારતી લાકડું અને બળતણ આપે છે. કેટલાંય વૃક્ષોનાં મૂળિયાં અને પાંદડાં ઔષધિ તરીકે વપરાય છે.

કેટલાંક વર્ષો પૂર્વે આપણા દેશમાં પણ ગાઢ જંગલો હતાં. એ જંગલોમાં અનેક જંગલી પશુઓ વસવાટ કરતાં હતાં. જંગલોથી એ પશુઓનું અને એ પશુઓથી જંગલોનું રક્ષણ

થતું. જંગલોથી વાતાવરણમાં ઠંડક રહેતી. હવા શુદ્ધ રહેતી. પુષ્કળ વરસાદ વરસતો. આમ, જંગલો આપણા માટે આશીર્વાદરૂપ હતાં, પરંતુ આપણા દેશમાં વસ્તીનો સતત વધારો થતા વસાહતો, કારખાનાં, સડકો, રેલમાર્ગ વગેરે બનાવવા માટે જમીનની જરૂરિયાત વધતી ગઈ. વળી, બળતણ માટે અને ઘરનું રાચરચીલું બનાવવા માટે લાકડાંની જરૂર પડી. આથી આડેધડ જંગલો કપાતાં ગયાં. પરિણામે જંગલોનો વિસ્તાર ઘટી ગયો. ખેતીલાયક જમીન પણ ઓછી થવા લાગી. જેટલાં વૃક્ષો કપાયાં તેટલા પ્રમાણમાં નવાં વૃક્ષો ઉગાડવામાં આવ્યાં નહિ, પરિણામે વરસાદનું પ્રમાણ પણ સતત ઘટતું રહ્યું. ભૂગર્ભજળનું સ્તર સતત નીચું જઈ રહ્યું છે, પરિણામે વાતાવરણમાં પ્રદૂષણ વધતું જ જાય છે.

આજે આપણને વૃક્ષોનું મહત્ત્વ સમજાયું છે. સાથેસાથે આપણામાં વસ્તીવિસ્ફોટ પર અંકુશ રાખવાની સભાનતા પણ આવી છે. આથી આપણે કેટલાંક સૂત્રો પ્રચલિત કર્યાં છે : 'વૃક્ષો વાવો, જીવન બચાવો', 'વૃક્ષ જતન, આબાદ વતન', 'એક બાળક, એક ઝાડ' વગેરે. આ બધાં સૂત્રો દ્વારા વૃક્ષોનો મહિમા સૂચવાયો છે.

5મી જૂન 'વિશ્વ પર્યાવરણદિન' તરીકે ઊજવાય છે. તે દિવસે વૃક્ષો અને પર્યાવરણના રક્ષણ માટેના ઉપાયોની ચર્ચાવિચારણા થાય છે. તેમાંય વૃક્ષારોપણને ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે. આપણા દેશમાં વર્ષાઋતુ દરમિયાન વનમહોત્સવ પણ ઊજવાય છે. તે વખતે ખુલ્લી જગ્યામાં, રસ્તાની બંને બાજુએ, નિશાળોમાં અને પડતર જમીનોમાં વૃક્ષો વાવવામાં આવે છે અને તેમનું જતન કરવાનો સંકલ્પ કરવામાં આવે છે. આવા કાર્યક્રમો યોજવાથી વૃક્ષોની સંખ્યામાં વધારો કરી શકાશે. એના લીધે સૃષ્ટિસૌંદર્યમાં પણ વધારો થશે. વળી, આપણા આજના જટિલ પ્રશ્નો – હવા, પાણી અને અવાજના વધતા જતા પ્રદૂષણને પણ દૂર કરી શકાશે. વૃક્ષો આપણને સંતની જેમ પરોપકારી થવાનો બોધ આપે છે. આપણે વધુ ને વધુ વૃક્ષો ઉગાડીને પ્રદૂષણને ઘટાડવાનું એટલે કે આપણા પોતાના હિતનું અને પરોપકારનું કામ કરીએ. વૃક્ષો ઉગાડીને આપણી ધરતીમાતાએ આપણા પર કરેલા અનેક ઉપકારોનો બદલો વાળી શકીશું.

15. પ્રદૂષણ : એક સાર્વત્રિક સમસ્યા અથવા પ્રદૂષણ : આધુનિક યુગનું મહાદૂષણ

[મુદ્દા : પ્રસ્તાવના – ઔદ્યોગિક ક્રાંતિની અસરો – વસ્તીવિસ્ફોટની અસરો – અણુશસ્ત્રોના અખતરાની અસરો – પ્રદૂષણ ઘટાડવાના ઉપાયો – ઉપસંહાર]

વિશ્વમાં આજે પ્રદૂષણ ઘટાડવા માટે અનેક ઉપાયો થવા લાગ્યા છે. ભારત જેવા દેશોમાં પ્રદૂષણ ચિંતાજનક રીતે વધતું રહ્યું છે.

આપણે એકવીસમી સદીમાં પ્રવેશી ચૂક્યા છીએ. આ સદીમાં કદાચ આપણે વધુ સારી સુખસગવડો મેળવી શકીશું. પરંતુ તેની સાથેસાથે આપણે અનેક સમસ્યાઓનો સામનો

પણ કરવો પડશે. એમાં પ્રદૂષણની સમસ્યા આપણા અસ્તિત્વ માટે સૌથી વધુ ખતરનાક સાબિત થાય તેમ છે.

વીસમી સદીમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે અનેક ઉદ્યોગધંધા સ્થપાયા છે. એમાંના અનેક ઉદ્યોગોમાં સતત ઝેરી પદાર્થો ઉત્પન્ન થયા કરે છે. તેની સાથે વાહનવ્યવહાર પણ ખૂબ વધી ગયો છે. ડીઝલ કે પેટ્રોલથી ચાલતાં વાહનો હવામાં કાર્બન મોનૉક્સાઇડ જેવો ઝેરી વાયુ છોડતાં જ રહે છે. આથી હવામાં કાર્બન મોનૉક્સાઇડનું પ્રમાણ વધી જાય છે. વળી, વાહનોને લીધે અવાજનું પ્રદૂષણ પણ ઘણું વધવા પામ્યું છે.

કૃષિક્ષેત્રે રાસાયણિક ખાતરો તેમજ ઝેરી જંતુનાશક દવાઓનો ઉપયોગ વધ્યો હોવાથી અનાજ અને શાકભાજી પણ પ્રદૂષિત બન્યાં છે અને જમીનની ફળદ્રુપતા ઘટી છે. વળી, રાસાયણિક કારખાનાઓમાંથી ઘણી વાર ઝેરી ગૅસનું ગળતર થાય છે અને તેનાથી ભયંકર દુર્ઘટના સર્જાય છે. ઈ. સ. 1984માં ભોપાલમાં આવી દુર્ઘટના સર્જાઈ હતી. રસાયણોનાં કારખાનાં ધરાવતાં શહેરોમાં કોઈ પણ સમયે ગૅસગળતર જેવી દુર્ઘટના સર્જાવાનો સતત ભય રહે છે.

છેલ્લાં પચાસ વર્ષોમાં આપણા દેશની વસ્તીમાં ઘણો વધારો થયો છે. બેફામ વસ્તીવધારાને કારણે અનેક સમસ્યાઓ થઈ છે. શહેરો માનવવસ્તીથી ઊભરાઈ રહ્યાં છે. શહેરોમાં અનેક લોકો ગંદી ઝૂંપડપટ્ટીમાં નરકથી પણ બદતર હાલતમાં જીવન ગુજારે છે. કારખાનાં અને વધતી જતી વસ્તીને રહેઠાણો પૂરાં પાડવા માટે જંગલોનો આડેધડ નાશ કરાયો છે. તેથી વરસાદનું પ્રમાણ ઘટ્યું છે અને ગરમીનું પ્રમાણ વધ્યું છે. કારખાનાંનું દૂષિત પાણી નદીઓ કે સાગરમાં ઠલવાતાં, જળચર પ્રાણીઓનું જીવન પણ જોખમમાં મુકાઈ ગયું છે અને પીવા માટેનાં શુદ્ધ પાણીની અછત સર્જાઈ છે.

વીસમી સદીમાં બે વિશ્વયુદ્ધો થયાં હતાં. તેમાં અણુબૉમ્બનો પણ ઉપયોગ થયો હતો. જાપાનના હિરોશીમા અને નાગાસાકી જેવાં શહેરોનો સંપૂર્ણપણે નાશ થઈ ગયો અને પંચોતેર હજાર માણસો મૃત્યુ પામ્યા. ત્યારપછી સંયુક્ત રાષ્ટ્રસંઘ(UNO)ની સ્થાપના થતાં કોઈ પણ દેશ અન્ય દેશ પર હાઇડ્રોજન બૉમ્બનો ઉપયોગ ન કરે તે માટે યુનો દ્વારા ભારે પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ પ્રદૂષણને લીધે આજે એવી સ્થિતિનું નિર્માણ થયું છે કે બૉમ્બ ઝીંક્યા વગર પણ માનવી પ્રદૂષણના કારણે રિબાઈ રિબાઈને કમોતે મૃત્યુ પામે.

આમ, હવા, પાણી, અવાજ અને ઝેરી ગૅસના પ્રદૂષણને લીધે આજે માનવજીવન ભયમાં મુકાઈ ગયું છે. વિશ્વના શાણા લોકો તેનાથી ચિંતિત છે. આ ભય ઘટાડવાના ઉપાયો પણ કરવામાં આવી રહ્યા છે. 5મી જૂન 'વિશ્વ પર્યાવરણદિન' તરીકે ઊજવવામાં આવે છે. વળી, દર વર્ષે 'વૃક્ષારોપણદિન' પણ ઊજવવામાં આવે છે. હવા, પાણી અને અવાજનું પ્રદૂષણ ઘટે તેવા ઉપાયો લોકોને અવારનવાર સૂચવવામાં આવે છે. ઠેર ઠેર નવાં વૃક્ષો રોપાય, તેની માવજત થાય અને બિનજરૂરી રીતે વૃક્ષો કપાય નહિ તેની તકેદારી

રાખવામાં આવે છે. વળી, જંગલો વધારવાના પ્રયાસો પણ કરવામાં આવે છે. વાહનોના ધુમાડાનું પ્રદૂષણ ઘટાડવા વાહનોના એન્જિનની તપાસ કરાવી PUC સર્ટિફિકેટ મેળવવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. પરમાણુશસ્ત્રોનો નાશ કરવા માટે પણ ગંભીરતાથી વિચારણાઓ કરવામાં આવી રહી છે.

પ્રદૂષણ ઘટાડવાના ઉપાયોમાં આપણે પણ સરકારને સહકાર આપીએ, નહિતર પ્રદૂષણ રૂપી રાક્ષસ આપણને વિના શસ્ત્રે મોતને ઘાટ ઉતારી દેશે.

16. ધરતીકંપ : એક કુદરતી આફત અથવા ભૂકંપની સંહારલીલા

[મુદ્દા : પ્રસ્તાવના – ભૂકંપ અંગેની પ્રચલિત માન્યતાઓ – ભૂકંપનાં કારણો – ભૂકંપની વિનાશક અસરો – ગુજરાતનો ભૂકંપ અને રાહતકાર્યો – ભૂકંપની સર્જનાત્મક અસરો – ઉપસંહાર]

કુદરતની લીલા અકળ છે. કુદરતનો કોપ આ દુનિયા પર અનેક રૂપે ઊતરી આવે છે. ક્યારેક અતિવૃષ્ટિરૂપે તો ક્યારેક અનાવૃષ્ટિરૂપે, ક્યારેક વાવાઝોડારૂપે તો ક્યારેક ભીષણ આગરૂપે, પરંતુ એ સર્વેમાં ભૂકંપથી તો કાળો કેર થઈ જાય છે. થોડી ક્ષણોમાં જ ગામનાં ગામ કાટમાળમાં ફેરવાઈ જાય છે, આથી જ કવિ કલાપીએ તેમના એક કાવ્યમાં લખ્યું છે :

"જે પોષતું તે મારતું, શું એ નથી ક્રમ કુદરતી?"

ભૂકંપ એ કુદરતનું અતિ વિકરાળ સ્વરૂપ છે. ભૂકંપ વિશે પુરાણો તેમજ લોકોમાં કેટલીક લોકમાન્યતાઓ પ્રચલિત છે : પૃથ્વી શેષનાગની ફણા પર ટેકવાઈને રહેલી છે. શેષનાગ પૃથ્વીને એક ફણા પરથી ઉઠાવીને બીજી ફણા પર મૂકે છે, ત્યારે ભૂકંપ થાય છે. કેટલાક લોકો ભૂકંપને આપણા પાપનું ફળ માને છે. આ માન્યતા પ્રમાણે જ્યારે પૃથ્વી પર પાપનો ભાર વધી જાય છે ત્યારે ધરતીમાતાને ઘણું દુઃખ થાય છે. તે માનવીની શાન ઠેકાણે લાવવા માટે કંપ દ્વારા વિનાશ વેરી માનવીને સજા કરે છે, પરંતુ આ બધી લોકમાન્યતાઓ છે, વિજ્ઞાન તેને સ્વીકારતું નથી.

હવે વિજ્ઞાનીઓએ ભૂકંપનાં કારણો શોધી કાઢ્યાં છે. પૃથ્વીના પોપડાઓની નીચે ધગધગતો ભૂરસ (મેગ્મા) રહેલો હોય છે. તેમાં ગરમી અને દબાણના ફેરફારોને કારણે પોપડાઓની સમતુલા ખોરવાય છે; પરિણામે પોપડા (પ્લેટો) એકમેક સાથે અથડાતાં ધરતીકંપ થાય છે. વળી, કેટલીક જગ્યાએ પોપડા ઉપરનું પાણી ધગધગતા ભૂરસ સુધી પહોંચતાં પાણીનું વરાળમાં રૂપાંતર થાય છે. આ વરાળ પાણી કરતાં સોળસો ગણી વધારે જગા રોકે છે, પરિણામે પોપડા પર ભારે દબાણ થતાં પોપડા ધ્રૂજી ઊઠે છે અને ભૂકંપ થાય છે. વૈજ્ઞાનિકોએ આટલો બધો અભ્યાસ કર્યો હોવા છતાં ભૂકંપની કોઈ આગાહી થઈ શકતી નથી.

રાખવામાં આવે છે. વળી, જંગલો વધારવાના પ્રયાસો પણ કરવામાં આવે છે. વાહનોના ધુમાડાનું પ્રદૂષણ ઘટાડવા વાહનોના એન્જિનની તપાસ કરાવી PUC સર્ટિફિકેટ મેળવવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. પરમાણુશસ્ત્રોનો નાશ કરવા માટે પણ ગંભીરતાથી વિચારણાઓ કરવામાં આવી રહી છે.

પ્રદૂષણ ઘટાડવાના ઉપાયોમાં આપણે પણ સરકારને સહકાર આપીએ, નહિતર પ્રદૂષણ રૂપી રાક્ષસ આપણને વિના શસ્ત્રે મોતને ઘાટ ઉતારી દેશે.

16. ધરતીકંપ : એક કુદરતી આફત અથવા ભૂકંપની સંહારલીલા

[મુદ્દા : પ્રસ્તાવના – ભૂકંપ અંગેની પ્રચલિત માન્યતાઓ – ભૂકંપનાં કારણો – ભૂકંપની વિનાશક અસરો – ગુજરાતનો ભૂકંપ અને રાહતકાર્યો – ભૂકંપની સર્જનાત્મક અસરો – ઉપસંહાર]

કુદરતની લીલા અકળ છે. કુદરતનો કોપ આ દુનિયા પર અનેક રૂપે ઊતરી આવે છે. ક્યારેક અતિવૃષ્ટિરૂપે તો ક્યારેક અનાવૃષ્ટિરૂપે, ક્યારેક વાવાઝોડારૂપે તો ક્યારેક ભીષણ આગરૂપે, પરંતુ એ સર્વેમાં ભૂકંપથી તો કાળો કેર થઈ જાય છે. થોડી ક્ષણોમાં જ ગામનાં ગામ કાટમાળમાં ફેરવાઈ જાય છે, આથી જ કવિ કલાપીએ તેમના એક કાવ્યમાં લખ્યું છે :

"જે પોષતું તે મારતું, શું એ નથી ક્રમ કુદરતી?"

ભૂકંપ એ કુદરતનું અતિ વિકરાળ સ્વરૂપ છે. ભૂકંપ વિશે પુરાણો તેમજ લોકોમાં કેટલીક લોકમાન્યતાઓ પ્રચલિત છે : પૃથ્વી શેષનાગની ફણા પર ટેકવાઈને રહેલી છે. શેષનાગ પૃથ્વીને એક ફણા પરથી ઉઠાવીને બીજી ફણા પર મૂકે છે, ત્યારે ભૂકંપ થાય છે. કેટલાક લોકો ભૂકંપને આપણા પાપનું ફળ માને છે. આ માન્યતા પ્રમાણે જ્યારે પૃથ્વી પર પાપનો ભાર વધી જાય છે ત્યારે ધરતીમાતાને ઘણું દુઃખ થાય છે. તે માનવીની શાન ઠેકાણે લાવવા માટે કંપ દ્વારા વિનાશ વેરી માનવીને સજા કરે છે, પરંતુ આ બધી લોકમાન્યતાઓ છે, વિજ્ઞાન તેને સ્વીકારતું નથી.

હવે વિજ્ઞાનીઓએ ભૂકંપનાં કારણો શોધી કાઢ્યાં છે. પૃથ્વીના પોપડાઓની નીચે ધગધગતો ભૂરસ (મૅગ્મા) રહેલો હોય છે. તેમાં ગરમી અને દબાણના ફેરફારોને કારણે પોપડાઓની સમતુલા ખોરવાય છે; પરિણામે પોપડા (પ્લેટો) એકમેક સાથે અથડાતાં ધરતીકંપ થાય છે. વળી, કેટલીક જગ્યાએ પોપડા ઉપરનું પાણી ધગધગતા ભૂરસ સુધી પહોંચતાં પાણીનું વરાળમાં રૂપાંતર થાય છે. આ વરાળ પાણી કરતાં સોળસો ગણી વધારે જગા રોકે છે, પરિણામે પોપડા પર ભારે દબાણ થતાં પોપડા ધ્રૂજી ઊઠે છે અને ભૂકંપ થાય છે. વૈજ્ઞાનિકોએ આટલો બધો અભ્યાસ કર્યો હોવા છતાં ભૂકંપની કોઈ આગાહી થઈ શકતી નથી.

ભૂકંપથી પારાવાર નુકસાન થાય છે. જોકે નુકસાનનું પ્રમાણ ભૂકંપની તીવ્રતા અને સમય પર અવલંબે છે. ભૂકંપનો આંચકો પ્રચંડ હોય તો જાનમાલનું ભારે નુકસાન થાય છે. મકાનો ધરાશાયી થઈ જાય છે. રસ્તાઓ તૂટી જાય છે. મહાનગરો ખંડિયેરમાં ફેરવાઈ જાય છે. નદીઓના વહેણની દિશા સુદ્ધાં બદલાઈ જાય છે. ભૂકંપની તારાજીનાં દશ્યો ભલભલા પાષાણ હૃદયના માણસની આંખમાં પણ આંસુ લાવી દે એવાં હૃદયદ્રાવક હોય છે.

લાતુરમાં થયેલા ધરતીકંપે વેરેલી તારાજી ભૂલી શકાય તેમ નથી. ભાવનગરમાં અવારનવાર થતા ભૂકંપના આંચકાઓએ ત્યાંના લોકોની ઊંઘ હરામ કરી નાખી છે. 26 જાન્યુઆરી, 2001ની સવારે જ્યારે સૌ પ્રજાસત્તાકદિનની ઉજવણી કરી રહ્યા હતા ત્યારે 8-45 વાગ્યે ભૂકંપરૂપી કાળના પંજાની એક જ લપડાકે કચ્છ, સૌરાષ્ટ્ર અને અમદાવાદને તારાજ કરી નાખ્યાં. 6.9 રિક્ટર સ્કેલના 80 સેકંડ ચાલેલા ભૂકંપના આંચકાએ અનેક બહુમાળી ઈમારતો અને નાનાંમોટાં, કાચાંપાકાં મકાનોને જમીનદોસ્ત કરી નાખ્યાં. હજારો ઘરો જમીનમાં ઊતરી ગયાં. હજારો કુટુંબો અને પશુઓ મૃત્યુ પામ્યાં. માલમિલકતને ભારે નુકસાન થયું. હજારો લોકો ઘવાયા અને અપંગ બન્યા. પ્રજાસત્તાકદિન 'માતમદિન' બની ગયો. ઠેરઠેર કરુણ દશ્યો સર્જાયાં. ભૂકંપથી થયેલું આ નુકસાન કાચાં અને નબળાં બાંધકામોને કારણે થયું હોવાનું સાબિત થયું. ભૂકંપના આંચકા ખમી શકે એવાં જ બાંધકામો થાય તો નુકસાની ઘણા મોટા પ્રમાણમાં ઘટાડી શકાય. લોકોએ આ માટે જરૂરી કાળજી લેવી જ રહી.

21મી સદીના દુનિયાના આ અતિ ભયંકર ભૂકંપે માનવીને બતાવ્યું કે કુદરત આગળ તે કેટલો લાચાર છે! ટીવીના કારણે ભૂકંપની સંહારલીલાનું વિનાશક રૂપ કેવળ ભારતની જ નહિ, સમસ્ત વિશ્વની પ્રજાએ જોયું. કાળજું કંપાવનારું દશ્ય જોઈ ચારે બાજુથી માનવતાનો સાદ ઊઠ્યો. દુનિયાના અનેક દેશો, સેવાભાવી સંસ્થાઓ, લશ્કરના જવાનો, સરકારી કર્મચારીઓ, બીજા અનેક લોકો ભૂકંપગ્રસ્ત લોકોની વહારે દોડી આવ્યા. દિવસ-રાત રાહતકાર્યો ચાલ્યાં. તંબુઓ, ધાબળા, ઘરવખરી, ખાદ્ય ચીજો, દવાઓ વગેરેની સહાય પહોંચાડવામાં આવી. અનેક દેશો ભૂકંપપીડિતોની સહાય કરવા દોડી આવ્યા.

ભૂકંપને લીધે જાનમાલનું ખૂબ જ નુકસાન તો થાય જ છે, પણ ક્યારેક ભૂકંપથી ફાયદો પણ થાય છે. તે ક્યારેક રણને રણદ્વીપમાં ફેરવી કાઢે છે. જમીન ફળદ્રુપ બનાવે છે. પાણીનાં સ્તર ઊંચાં લાવે છે. વળી, તે વિજ્ઞાન માટે સંશોધનના નવા માર્ગો ખોલવા પ્રેરે છે. ભૂકંપ જેવી કુદરતી આપત્તિ માનવીને વિશ્વબંધુત્વની ભાવનાના પાઠ શીખવે છે. વળી, તે આપણને કુદરતની તાકાત અને તેની સામે માનવ કેટલો લાચાર છે તે વાત પણ સમજાવે છે. એ સંદર્ભે કવિશ્રી મનસુખલાલ ઝવેરીની આ ઉક્તિ યથાર્થ લાગે છે :

"સંહારી જીર્ણતાને સરજન નવલાં કાજ માર્ગો ઉઘાડું;
પૃથ્વીનાં ફેફસાંમાં પ્રતિસમય રહું પૂરી હું પ્રાણવાયુ."

17. વનમહોત્સવ

[મુદ્દા : પ્રસ્તાવના – વૃક્ષછેદનનાં કારણો – વૃક્ષછેદનનાં પરિણામો – વનમહોત્સવનો મહિમા – ઉપસંહાર]

ભારત ખેતીપ્રધાન દેશ છે. ખેતીનો મુખ્ય આધાર વરસાદ પર રહેલો છે. વરસાદનો આધાર વૃક્ષો પર રહેલો છે. તેથી જ કહેવાય છે કે 'વૃક્ષનું જતન, આબાદ વતન'.

20મી સદીમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો ખૂબ વિકાસ થયો. પરિણામે ઠેરઠેર જંગી કારખાનાં અને મોટામોટા ઉદ્યોગો સ્થપાયા. વસ્તીવધારો પણ કૂદકે ને ભૂસકે થવા લાગ્યો. આથી માનવવસવાટ માટે મોટા પાયે જમીનની જરૂર પડી. કારખાનાં અને વસવાટની જંગી ભૂખ સંતોષવા આડેધડ વૃક્ષો કપાવા લાગ્યાં.

વૃક્ષછેદનનાં અનેક માઠાં પરિણામો આજે જોવા મળે છે. વૃક્ષોનું પ્રમાણ ઘટવાથી વરસાદનું પ્રમાણ ખૂબ ઘટી રહ્યું છે. આથી અવારનવાર દુષ્કાળ પડે છે પરિણામે પાણીની ગંભીર સમસ્યા ઊભી થાય છે. કેટલાંક ગામોમાં તો પીવાના પાણીની પણ ઘણી અછત વર્તાય છે. પીવાના પાણીની વ્યવસ્થા કરવા માટે સરકારે કરોડો રૂપિયા ખર્ચવા પડે છે. વરસાદના અભાવે પશુઓ માટે ઘાસચારાની પણ અછત સર્જાય છે, પરિણામે માલધારીઓને પોતાનાં પશુઓ સાથે હિજરત કરવાની ફરજ પડે છે. ઘાસચારા અને પાણી વિના ઘણાં ઢોર મૃત્યુ પામે છે. વૃક્ષો વગરની ધરતી સાવ બોડી લાગે છે. જંગલો ઘટતાં જવાના કારણે જંગલી પશુઓની સંખ્યા પણ ઘટતી જાય છે.

વૃક્ષો વાતાવરણને ઠંડું અને શુદ્ધ રાખે છે. વૃક્ષછેદનથી વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધતું જાય છે. કહેવાય છે કે વૃક્ષો વર્ષાને નોતરે અને વૃક્ષછેદન દુષ્કાળને.

હવે આપણા સ્વાર્થ ખાતર વૃક્ષોને કાપવાથી આવતાં માઠાં પરિણામોની ગંભીરતા લોકોને અને સરકારને સમજાઈ છે. તેથી દર વરસે વર્ષાઋતુમાં વનમહોત્સવ ઊજવવામાં આવે છે. લોકો વૃક્ષોનો મહિમા સમજે, લોકો આડેધડ વૃક્ષો કાપતાં અટકે અને વધુ ને વધુ વૃક્ષો વાવે તેમજ તેમને સારી રીતે ઉછેરે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. શાળાઓમાં વૃક્ષારોપણદિન ઊજવવામાં આવે છે. ખુલ્લી જગામાં અને રસ્તાની બંને બાજુએ છોડ રોપવામાં આવે છે અને તેને જાળવવાની તથા ઉછેરવાની વ્યવસ્થા કરાય છે. ઠેરઠેર વૃક્ષારોપણનો મહિમા દર્શાવતાં પોસ્ટરો લગાવવામાં આવે છે. શાળાઓમાં તે અંગેની ચિત્રસ્પર્ધા કે વક્તૃત્વસ્પર્ધાનું પણ આયોજન કરાય છે. વૃક્ષારોપણ અને વૃક્ષોના જતન માટે અનેક સંસ્થાઓ જુદાજુદા કાર્યક્રમો યોજે છે.

આપણે વનમહોત્સવનું મહત્ત્વ સમજીએ. વૃક્ષોની હરિયાળી એ ધરતીમાતાનો વૈભવ છે. 'વૃક્ષનું જતન, આબાદ વતન,' 'વૃક્ષો વાવો, પર્યાવરણ બચાવો', 'વૃક્ષછેદન મહા પાપ', 'વૃક્ષો વાવો, વરસાદ લાવો' જેવાં સૂત્રો સમજીએ, બીજાને સમજાવીએ તથા જીવનમાં અપનાવીએ. ધરતીની આબાદી માટે આપણે દર વર્ષે એકએક વૃક્ષ વાવીને તેને ઉછેરવાનો શુભસંકલ્પ કરીએ.

17. વનમહોત્સવ

[મુદ્દા : પ્રસ્તાવના – વૃક્ષછેદનનાં કારણો – વૃક્ષછેદનનાં પરિણામો – વનમહોત્સવનો મહિમા – ઉપસંહાર]

ભારત ખેતીપ્રધાન દેશ છે. ખેતીનો મુખ્ય આધાર વરસાદ પર રહેલો છે. વરસાદનો આધાર વૃક્ષો પર રહેલો છે. તેથી જ કહેવાય છે કે 'વૃક્ષનું જતન, આબાદ વતન'.

20મી સદીમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો ખૂબ વિકાસ થયો. પરિણામે ઠેરઠેર જંગી કારખાનાં અને મોટામોટા ઉદ્યોગો સ્થપાયા. વસ્તીવધારો પણ કૂદકે ને ભૂસકે થવા લાગ્યો. આથી માનવવસવાટ માટે મોટા પાયે જમીનની જરૂર પડી. કારખાનાં અને વસવાટની જંગી ભૂખ સંતોષવા આડેધડ વૃક્ષો કપાવા લાગ્યાં.

વૃક્ષછેદનનાં અનેક માઠાં પરિણામો આજે જોવા મળે છે. વૃક્ષોનું પ્રમાણ ઘટવાથી વરસાદનું પ્રમાણ ખૂબ ઘટી રહ્યું છે. આથી અવારનવાર દુષ્કાળ પડે છે પરિણામે પાણીની ગંભીર સમસ્યા ઊભી થાય છે. કેટલાંક ગામોમાં તો પીવાના પાણીની પણ ઘણી અછત વર્તાય છે. પીવાના પાણીની વ્યવસ્થા કરવા માટે સરકારે કરોડો રૂપિયા ખર્ચવા પડે છે. વરસાદના અભાવે પશુઓ માટે ઘાસચારાની પણ અછત સર્જાય છે, પરિણામે માલધારીઓને પોતાનાં પશુઓ સાથે હિજરત કરવાની ફરજ પડે છે. ઘાસચારા અને પાણી વિના ઘણાં ઢોર મૃત્યુ પામે છે. વૃક્ષો વગરની ધરતી સાવ બોડી લાગે છે. જંગલો ઘટતાં જવાના કારણે જંગલી પશુઓની સંખ્યા પણ ઘટતી જાય છે.

વૃક્ષો વાતાવરણને ઠંડું અને શુદ્ધ રાખે છે. વૃક્ષછેદનથી વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધતું જાય છે. કહેવાય છે કે વૃક્ષો વર્ષાને નોતરે અને વૃક્ષછેદન દુષ્કાળને.

હવે આપણા સ્વાર્થ ખાતર વૃક્ષોને કાપવાથી આવતાં માઠાં પરિણામોની ગંભીરતા લોકોને અને સરકારને સમજાઈ છે. તેથી દર વરસે વર્ષાઋતુમાં વનમહોત્સવ ઊજવવામાં આવે છે. લોકો વૃક્ષોનો મહિમા સમજે, લોકો આડેધડ વૃક્ષો કાપતાં અટકે અને વધુ ને વધુ વૃક્ષો વાવે તેમજ તેમને સારી રીતે ઉછેરે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. શાળાઓમાં વૃક્ષારોપણદિન ઊજવવામાં આવે છે. ખુલ્લી જગામાં અને રસ્તાની બંને બાજુએ છોડ રોપવામાં આવે છે અને તેને જાળવવાની તથા ઉછેરવાની વ્યવસ્થા કરાય છે. ઠેરઠેર વૃક્ષારોપણનો મહિમા દર્શાવતાં પોસ્ટરો લગાવવામાં આવે છે. શાળાઓમાં તે અંગેની ચિત્રસ્પર્ધા કે વક્તૃત્વસ્પર્ધાનું પણ આયોજન કરાય છે. વૃક્ષારોપણ અને વૃક્ષોના જતન માટે અનેક સંસ્થાઓ જુદાજુદા કાર્યક્રમો યોજે છે.

આપણે વનમહોત્સવનું મહત્ત્વ સમજીએ. વૃક્ષોની હરિયાળી એ ધરતીમાતાનો વૈભવ છે. 'વૃક્ષનું જતન, આબાદ વતન,' 'વૃક્ષો વાવો, પર્યાવરણ બચાવો', 'વૃક્ષછેદન મહા પાપ', 'વૃક્ષો વાવો, વરસાદ લાવો' જેવાં સૂત્રો સમજીએ, બીજાને સમજાવીએ તથા જીવનમાં અપનાવીએ. ધરતીની આબાદી માટે આપણે દર વર્ષે એકએક વૃક્ષ વાવીને તેને ઉછેરવાનો શુભસંકલ્પ કરીએ.

18. પર્યાવરણ

[મુદ્દા : પ્રસ્તાવના – પર્યાવરણની સમસ્યાઓ – ઉપસંહાર]

પર્યાવરણ એટલે આસપાસનું વાતાવરણ. સ્વસ્થ જીવન માટે પર્યાવરણ શુદ્ધ હોય તે વાત અત્યંત મહત્ત્વની છે. વિજ્ઞાન અને ટેક્નોલૉજીના વિકાસથી ફુલાતા માનવી સમક્ષ પર્યાવરણની સુરક્ષાનો ગંભીર પ્રશ્ન ઊભો થયો છે. જો પર્યાવરણની સુરક્ષા માટે સમયસર પગલાં ભરવામાં નહિ આવે તો વાતાવરણને શુદ્ધ રાખવું મુશ્કેલ થઈ પડશે.

વીસમી સદીમાં અનેક ઉદ્યોગો શરૂ થયા. તેનાં રસાયણો, ધુમાડો, કોલસા કે રૂની ઝીણી રજકણો વગેરેને કારણે હવા પ્રદૂષિત થાય છે. ગૅસ લિકેજની સમસ્યા સર્જાતાં 'ભોપાલ ગૅસ હોનારત' જેવી ખૂબ મોટી જાનહાનિ થઈ હતી અને હાહાકાર મચી ગયો હતો. આજે અવાજનું પ્રદૂષણ પણ દિવસેદિવસે વધતું જાય છે.

માનવી મોજશોખની વસ્તુઓ મેળવવા માટેય પર્યાવરણનો નાશ કરે છે. દંતૂશળ મેળવવા તે હાથીઓનો શિકાર કરે છે. પીછાં મેળવવા તે મોરનો શિકાર કરે છે. મુલાયમ રુવાંટીવાળું પર્સ બનાવવા તે સસલાંનો શિકાર કરે છે. ઘરનું રાચરચીલું બનાવવા તે આડેધડ વૃક્ષો કાપે છે. જંગલોમાંથી વૃક્ષો કપાતાં જંગલી પ્રાણીઓની સુરક્ષા ઘટી ગઈ છે. વૃક્ષો કપાતાં વરસાદનું પ્રમાણ પણ ખૂબ ઘટતું જાય છે. તેથી અનાજનું ઉત્પાદન ઘટે છે અને પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાય છે.

કારખાનાં સલ્ફર ડાયૉક્સાઇડ અને બીજા અનેક ઝેરી ગૅસ છોડે છે. વળી, કારખાનાંનું અશુદ્ધ થયેલું પાણી નદી કે સમુદ્રમાં ઠલવાય છે. આથી નદી કે સમુદ્રનાં પાણી પ્રદૂષિત થાય છે અને પાણીમાં રહેતી જીવસૃષ્ટિ જોખમમાં મુકાય છે. આવા પ્રદૂષિત પાણીનો પીવામાં ઉપયોગ થતાં માનવી વિવિધ પ્રકારના રોગોનો શિકાર બન્યો છે. પ્લાસ્ટિકની બૅગનો વધુ પડતો વપરાશ એ પણ પ્રદૂષણ માટે હાનિકારક છે. કોઈને કોઈ રીતે આમ, હવા અને પાણી પ્રદૂષિત થતાં પર્યાવરણની સમતુલા જોખમાઈ છે.

એવું લાગે છે કે બે મહા ભયાનક વિશ્વયુદ્ધોમાંથી પણ માનવીએ કોઈ બોધ લીધો નથી. આજે વિશ્વના દેશોમાં પોતાની લશ્કરી તાકાત વધારવાની હોડ લાગી છે. શક્તિશાળી રાષ્ટ્રો અણુઅખતરા કરે છે. તેનાથી પણ પ્રદૂષણ વધે છે. તેની માનવીના સ્વાસ્થ્ય પર ઘણી માઠી અસર થાય છે.

આજે અનાજનું ઉત્પાદન વધારવા માટે રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો બેફામ ઉપયોગ થાય છે. પરિણામે અનાજ અને શાકભાજીમાં પણ અગાઉ જેવાં રસકસ રહ્યાં નથી. વધતા જતાં વાહનોના ધુમાડા અને ઘોંઘાટ પણ હવાનું અને અવાજનું પ્રદૂષણ વધારે છે.

આમ, આજે પર્યાવરણની સુરક્ષાનો પ્રશ્ન ઘણો ગંભીર બન્યો છે. આથી વિશ્વના દેશો ખૂબ જ ચિંતિત છે. વિશ્વના દેશોમાં પર્યાવરણ સુરક્ષા માટેની જાગૃતિ લાવવા દર વરસે 5મી જૂન 'વિશ્વ પર્યાવરણદિન' તરીકે ઉજવાય છે. આપણે સૌ વનસ્પતિસૃષ્ટિ, જળસંપત્તિ અને જીવસૃષ્ટિના રક્ષણ માટે આપણાથી બનતા પ્રયત્નો કરવાનો દઢ સંકલ્પ કરીએ.

સ્વાધ્યાય

(1) સૂર્યાસ્ત *અથવા* સલૂણી સંધ્યા

મુદ્દા : સૂર્યોદય અને સૂર્યાસ્ત વખતે ધરતી પર પથરાતો સોનેરી રંગ – સંધ્યાનું બગીચામાં, સરિતા તટે અને સાગર તટે જોવા મળતું સૌંદર્ય – માનવમેદની – ખુશનુમા વાતાવરણ – મંદિરોમાં આરતી – ગોવાળિયા અને ગાયોનાં ધણ ઘર ભણી – હવાખાવાના સ્થળે સૂર્યાસ્તદર્શન – સંધ્યાનું દર્શન ક્ષણજીવી પરંતુ આહ્લાદક – રાત્રિનું આગમન

(2) ઉનાળાની સાંજ

મુદ્દા : ઉનાળાનો આકરો તાપ – માનવો આકુળવ્યાકુળ – સાંજ થતાં રાહત – નદીકિનારે, મંદિરે, હવાખાવાના સ્થળે, સાગર તટે માનવમેદની – સાંજનું સૌંદર્ય અને ખુશનુમા વાતાવરણ – ઠંડો પવન – ગૃહિણીઓનું ખરીદી માટે નીકળવું – ઠંડાં પીણાં, આઇસક્રીમ વગેરેની દુકાનો પર ભીડ – વાતાવરણ જીવંત લાગે – અલ્પજીવી સંધ્યા તનમનને તાજગીથી ભરી દઈ વિદાય થાય

(3) લોકમાતા નદી

મુદ્દા : નદીઓ પ્રાચીન સંસ્કૃતિનાં પારણાં – નદીની પર્વત-અવસ્થા અને મેદાન અવસ્થા – નદીની ઉપયોગિતાઓ : નાહવા-ધોવા, પીવા પાણી પૂરું પાડે, બંધ બાંધી સિંચાઈ અને વીજઉત્પાદનમાં ઉપયોગ, કાંપ પાથરી જમીન ફળદ્રુપ બનાવે, મચ્છીમારીનો ઉદ્યોગ વિકસે, પૂર નિયંત્રણ થાય, જળમાર્ગ દ્વારા માલની હેરફેર થાય – માતાની જેમ પોષણ કરે તેથી 'લોકમાતા' કહેવાય – ક્યારેક પૂરથી તારાજી સર્જાય – નદીના પાણીનો દુર્વ્યય ન થાય તેમજ નદીનું પાણી અને કિનારો સ્વચ્છ રહે તે જોવાની આપણી ફરજ.

વિભાગ 2 : આત્મલક્ષી

19. મારું પ્રિય પુસ્તક

[મુદ્દા : પ્રસ્તાવના – પ્રિય પુસ્તક ગીતાનો પરિચય, પૂર્વકથા – પુસ્તકમાં રહેલો બોધ – પુસ્તકની વિશેષતા – ઉપસંહાર]

સારાં પુસ્તકોનું વાંચન આપણા જીવનને ઉન્નત બનાવે છે. સારાં પુસ્તકો મિત્ર, ગુરુ અને ભોમિયાની ગરજ સારે છે. આથી હું હંમેશાં સારાં પુસ્તકો મારી પાસે રાખું છું. મેં મારી રુચિ પ્રમાણે કેટલાંક પુસ્તકોનું વાંચન અને મનન કર્યું છે. એ બધાં પુસ્તકોમાં 'શ્રીમદ્ ભગવદ્ગીતા'નું પુસ્તક મને ખૂબ જ પ્રિય છે.

બાઈબલ ખ્રિસ્તી ધર્મનું પુસ્તક છે; કુરાન મુસલમાનોનું ધાર્મિક પુસ્તક છે; તેમ શ્રીમદ્ ભગવદ્ગીતા, રામાયણ અને મહાભારત હિંદુઓનાં ધાર્મિક પુસ્તકો છે. રામાયણમાં રઘુવંશની કથા આવે છે. તેમાં રામરાજ્યની કલ્પના રજૂ કરવામાં આવી છે. મહાભારતમાં પાંડવો અને કૌરવોના મહાયુદ્ધની કથા છે. આ બંને પુસ્તકો આપણા માર્ગદર્શક બની શકે તેમ છે. પરંતુ નાની હોવા છતાં અત્યંત પ્રેરણાદાયક એવી શ્રીમદ્ ભગવદ્ગીતા મારું અત્યંત પ્રિય પુસ્તક છે. તેમાં વિષ્ણુનો અવતાર ગણાતા ભગવાન શ્રીકૃષ્ણે અઢાર અધ્યાયમાં અર્જુનને જીવન, મૃત્યુ અને જગત વિશે તાત્ત્વિક બોધ આપ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણના મુખે ગવાયેલા શ્લોકો અને તેમાં રજૂ થયેલા સરળ જીવનબોધને લીધે તે મારું પ્રિય પુસ્તક બની ગયું છે.

પાંડવો અને કૌરવો વચ્ચે રાજ્યની વહેંચણી અંગે ખટરાગ ઊભો થયો હતો. બાર વર્ષના વનવાસ અને એક વર્ષના અજ્ઞાતવાસ પછી પણ દુર્યોધને પાંડવોને તેમનું રાજ્ય પાછું આપવાની સાફ ના પાડી દીધી. પાંડવો તરફથી કરવામાં આવેલા સંધિના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા. સંધિનો સંદેશ લઈને હસ્તિનાપુરમાં ગયેલા શ્રીકૃષ્ણનું પણ દુર્યોધને અપમાન કર્યું. છેવટે પાંડવોને 'હવે તો યુદ્ધ એ જ કલ્યાણ'નો માર્ગ અપનાવવો પડ્યો. પાંડવો અને કૌરવોની સેના કુરુક્ષેત્રના મેદાન પર સામસામે ગોઠવાઈ ગઈ. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનના રથના સારથિ બન્યા. યુદ્ધના મેદાન પર પાંડવોની સામે ભીષ્મ પિતામહ, ગુરુ દ્રોણ, વડીલો, કાકા, મામા, મિત્રો, સસરા વગેરેને લડવા માટે ઊભેલા જોઈને અર્જુન હતાશ થઈ જાય છે. એ યુદ્ધ કરવાની ના પાડે છે, શસ્ત્રો હેઠાં મૂકી દે છે. તે કહે છે કે 'સ્વજનોને મારીને મને સ્વર્ગનું રાજ્ય મળવાનું હોય તો તે પણ મારે જોઈતું નથી.'

અર્જુનને સગાં-સંબંધીઓથી મોહ ઉત્પન્ન થયેલો જોઈને ભગવાન શ્રીકૃષ્ણ તેને બોધ આપે છે. આ બોધનું પુસ્તક એટલે શ્રીમદ્ ભગવદ્ગીતા. તેમાં તે અર્જુનને નિમિત્ત માત્ર હોવાનું કહે છે. તે અર્જુનને જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગનો સુંદર બોધ આપે છે. બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો દર્શાવવામાં આવ્યાં છે. શ્રીકૃષ્ણ ફળની અપેક્ષા રાખ્યા

વિના નિષ્કામ કર્મ કરવાનું જણાવે છે. વળી, તે રાગ અને દ્વેષથી પર રહેવાનું પણ કહે છે. એને અનાસક્તભાવે લડવાનું કહે છે. ગીતાનાં ટૂંકાં ટૂંકાં સરળ વાક્યો આપણને સુંદર જીવનબોધ આપી જાય છે. જેમ કે योगः कर्मसु कौशलम्। स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः। વગેરે.

શ્રીમદ્ ભગવદ્ગીતાના શ્લોકો સરળ છે. યાદ રાખીને તે શ્લોકોનું પઠન થઈ શકે છે અને તે ગાઈ પણ શકાય છે. આ શ્લોકોનો ગુજરાતી અનુવાદ વાંચતાં ગીતાનું તત્ત્વજ્ઞાન સારી રીતે સમજી શકાય છે. દુનિયાના શ્રેષ્ઠ ગ્રંથોમાં ગીતાને સ્થાન મળ્યું છે. દુનિયાની બધી જ ભાષાઓમાં તેનો અનુવાદ થયો છે.

અમારા ઘરમાં મારા દાદાજી અને મારા પિતાજી દરરોજ ગીતાના એક અધ્યાયનો પાઠ કરે છે. હું પણ છેલ્લાં બે વર્ષથી રોજ ગીતાના એક અધ્યાયનો પાઠ કરું છું. મને ગીતાના કેટલાક શ્લોકો મોઢે થઈ ગયા છે. ગીતાની મહત્તા સમજાવતાં એક સંસ્કૃત કવિએ કહ્યું છે કે, गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः। અર્થાત ગીતાને જ સારી રીતે ગાવી જોઈએ, બીજાં અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરવાની કોઈ જરૂર નથી.

20. મારો પ્રિય સર્જક *અથવા* મારો પ્રિય સાહિત્યકાર

[મુદ્દા : પ્રસ્તાવના – પ્રિય સર્જક – મેઘાણી – જન્મ અને જીવન – પદ્યક્ષેત્રે તેમનું પ્રદાન – ઉપસંહાર]

ગુજરાતી સાહિત્ય અતિ સમૃદ્ધ છે. તેમાં ગોવર્ધનરામ ત્રિપાઠી, કનૈયાલાલ મુનશી, પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, મનુભાઈ પંચોળી, રમણલાલ દેસાઈ, ઝવેરચંદ મેઘાણી, ચુનીલાલ મડિયા, ઉમાશંકર જોશી, સુન્દરમ્ જેવા અનેક સર્જકો અને સાહિત્યકારો થઈ ગયા છે. તેમણે ગદ્ય / પદ્યક્ષેત્રે અતિ સમૃદ્ધ ખેડાણ કરીને ગુજરાતી સાહિત્યની ઉત્તમ સેવા કરી છે.

મારા પ્રિય સર્જક ઝવેરચંદ મેઘાણી છે. તેમણે સોરઠની ધરતી ખૂંદી વળીને સૌરાષ્ટ્રના લોકસાહિત્યનું સંપાદન કર્યું છે.

ઝવેરચંદ મેઘાણી સૌરાષ્ટ્રના બગસરા ગામના વતની હતા. તેમનો જન્મ ઈ. સ. 1897માં થયો હતો. તેમણે સાહિત્યનાં વિવિધ ક્ષેત્રોમાં પોતાની કલમ ચલાવીને ગુજરાતને ઉત્તમ સાહિત્યની ભેટ આપી છે. વીરતા અને દેશભક્તિની પ્રેરણા આપતાં તેમનાં કાવ્યોનો સંગ્રહ એટલે 'યુગવંદના'. તેઓ બુલંદ કંઠે ગાઈ પણ શકતા. મુંબઈના રસ્તાઓ ઉપર એમને કાવ્ય ગાતા સાંભળવા પુષ્કળ માનવમેદની એકઠી થતી. એમને લીધે મુંબઈના રસ્તાઓ પર ટ્રાફિક જામ થઈ જતો. તેમની રાષ્ટ્રભક્તિ જોઈને ગાંધીજીએ તેમને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ આપ્યું હતું.

જેમ પન્નાલાલ પટેલે ઈશાનિયા પ્રદેશની તળપદી બોલીમાં 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ' જેવી યશસ્વી નવલકથાઓ લખી છે; તેમ ઝવેરચંદ મેઘાણીએ સોરઠી ભાષામાં

વિના નિષ્કામ કર્મ કરવાનું જણાવે છે. વળી, તે રાગ અને દ્વેષથી પર રહેવાનું પણ કહે છે. એને અનાસક્તભાવે લડવાનું કહે છે. ગીતાનાં ટૂંકાં ટૂંકાં સરળ વાક્યો આપણને સુંદર જીવનબોધ આપી જાય છે. જેમ કે योगः कर्मसु कौशलम्। स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः। વગેરે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતાના શ્લોકો સરળ છે. યાદ રાખીને તે શ્લોકોનું પઠન થઈ શકે છે અને તે ગાઈ પણ શકાય છે. આ શ્લોકોનો ગુજરાતી અનુવાદ વાંચતાં ગીતાનું તત્ત્વજ્ઞાન સારી રીતે સમજી શકાય છે. દુનિયાના શ્રેષ્ઠ ગ્રંથોમાં ગીતાને સ્થાન મળ્યું છે. દુનિયાની બધી જ ભાષાઓમાં તેનો અનુવાદ થયો છે.

અમારા ઘરમાં મારા દાદાજી અને મારા પિતાજી દરરોજ ગીતાના એક અધ્યાયનો પાઠ કરે છે. હું પણ છેલ્લાં બે વર્ષથી રોજ ગીતાના એક અધ્યાયનો પાઠ કરું છું. મને ગીતાના કેટલાક શ્લોકો મોઢે થઈ ગયા છે. ગીતાની મહત્તા સમજાવતાં એક સંસ્કૃત કવિએ કહ્યું છે કે, गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः। અર્થાત્ ગીતાને જ સારી રીતે ગાવી જોઈએ, બીજાં અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરવાની કોઈ જરૂર નથી.

20. મારો પ્રિય સર્જક *અથવા* મારો પ્રિય સાહિત્યકાર

[મુદ્દા : પ્રસ્તાવના – પ્રિય સર્જક – મેઘાણી – જન્મ અને જીવન – પદ્યક્ષેત્રે તેમનું પ્રદાન – ઉપસંહાર]

ગુજરાતી સાહિત્ય અતિ સમૃદ્ધ છે. તેમાં ગોવર્ધનરામ ત્રિપાઠી, કનૈયાલાલ મુનશી, પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, મનુભાઈ પંચોળી, રમણલાલ દેસાઈ, ઝવેરચંદ મેઘાણી, ચુનીલાલ મડિયા, ઉમાશંકર જોશી, સુન્દરમ્ જેવા અનેક સર્જકો અને સાહિત્યકારો થઈ ગયા છે. તેમણે ગદ્ય / પદ્યક્ષેત્રે અતિ સમૃદ્ધ ખેડાણ કરીને ગુજરાતી સાહિત્યની ઉત્તમ સેવા કરી છે.

મારા પ્રિય સર્જક ઝવેરચંદ મેઘાણી છે. તેમણે સોરઠની ધરતી ખૂંદી વળીને સૌરાષ્ટ્રના લોકસાહિત્યનું સંપાદન કર્યું છે.

ઝવેરચંદ મેઘાણી સૌરાષ્ટ્રના બગસરા ગામના વતની હતા. તેમનો જન્મ ઈ. સ. 1897માં થયો હતો. તેમણે સાહિત્યનાં વિવિધ ક્ષેત્રોમાં પોતાની કલમ ચલાવીને ગુજરાતને ઉત્તમ સાહિત્યની ભેટ આપી છે. વીરતા અને દેશભક્તિની પ્રેરણા આપતાં તેમનાં કાવ્યોનો સંગ્રહ એટલે 'યુગવંદના'. તેઓ બુલંદ કંઠે ગાઈ પણ શકતા. મુંબઈના રસ્તાઓ ઉપર એમને કાવ્ય ગાતા સાંભળવા પુષ્કળ માનવમેદની એકઠી થતી. એમને લીધે મુંબઈના રસ્તાઓ પર ટ્રાફિક જામ થઈ જતો. તેમની રાષ્ટ્રભક્તિ જોઈને ગાંધીજીએ તેમને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ આપ્યું હતું.

જેમ પન્નાલાલ પટેલે ઈશાનિયા પ્રદેશની તળપદી બોલીમાં 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ' જેવી યશસ્વી નવલકથાઓ લખી છે; તેમ ઝવેરચંદ મેઘાણીએ સોરઠી ભાષામાં

સોરઠ, તારાં વહેતાં પાણી', 'વેવિશાળ' અને 'તુલસીક્યારો' જેવી નવલકથાઓ આપી છે. આ નવલકથાઓમાં આપણને સોરઠની તળપદી બોલીની મીઠાશ માણવા મળે છે. તેમણે ટૂંકી વાર્તા, નાટક અને ચરિત્ર જેવા સાહિત્યપ્રકારોમાં પણ નોંધપાત્ર ખેડાણ કર્યું છે. તેમણે ગુજરાતના મૂક સેવક પૂ. શ્રી રવિશંકર મહારાજના અનુભવોને એમના મુખેથી સાંભળીને તેને 'માણસાઈના દીવા' નામના પુસ્તકમાં કલાત્મક રીતે રજૂ કર્યા છે.

ઝવેરચંદ મેઘાણીએ સાહિત્યનાં અનેક ક્ષેત્રોમાં ખેડાણ કર્યું છે. સૌરાષ્ટ્રના લોકસાહિત્યના સંશોધન-સંપાદનનું કાર્ય એમણે ખૂબ નિષ્ઠાપૂર્વક કર્યું છે. તેમણે ગામડેગામડે ફરીને લોકગીતો અને લોકકથાઓનું સાહિત્ય એકઠું કર્યું છે અને તેને જુદાજુદા અનેક ગ્રંથોમાં પ્રગટ કર્યું છે. સોરઠી સ્ત્રી-પુરુષોમાં રહેલી મર્દાનગી, પ્રામાણિકતા અને ખાનદાનીના ગુણોની કથાઓ એટલે 'સૌરાષ્ટ્રની રસધાર'. આ વાર્તાઓ દ્વારા આપણને સૌરાષ્ટ્રની ખમીરવંતી પ્રજાનો અને ત્યાંની બળકટ લોકભાષાનો પરિચય થાય છે. મેઘાણીએ તેમાં સૌરાષ્ટ્રની બોલીના લહેકા અને લઢણોનો તથા દુહાઓનો સમાવેશ કરીને એમાં અસલ વાતાવરણ જમાવ્યું છે. તેમણે સોરઠના લોકસાહિત્યને સંપાદિત કરીને, વિવિધ સાહિત્યસ્વરૂપો રૂપે આપણને સહજ રીતે મૂલ્યવાન બોધ આપ્યો છે. એ સાહિત્ય દ્વારા આપણને બહાદુરી, હિંમત, સ્વદેશાભિમાન અને માણસાઈ જેવા ગુણોનો પ્રત્યક્ષ પરિચય કરાવે છે.

ઈ. સ. 1947માં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું અવસાન થયું પણ તેઓ પોતાના અમર સાહિત્યને લીધે સદાય યાદગાર રહેશે. ગુજરાતની કદરદાન જનતા તેમને કદી ભૂલી શકશે નહિ.

21. મારો પ્રિય તહેવાર

[મુદ્દા : પ્રસ્તાવના – આપણા તહેવારો – નવરાત્રિનું ધાર્મિક મહત્ત્વ – નવરાત્રિની ઉજવણી – તહેવાર પ્રિય હોવાનું કારણ અને ઉપસંહાર]

સંસ્કૃતમાં કહ્યું છે : 'उत्सवा खलु प्रिया मानवा।' – પ્રજા ખરેખર ઉત્સવપ્રિય હોય છે. દરેક દેશની પ્રજાને પોતાના આગવા તહેવારો હોય છે. ખાસ તો આ ઉક્તિ ભારતીય જનોની ઉત્સવપ્રિયતા સંદર્ભે જ છે. એકધારા જીવનથી આપણે કંટાળીએ નહિ તે માટે તહેવારોનું આયોજન કરવામાં આવેલું છે.

આપણે વર્ષ દરમિયાન જન્માષ્ટમી, ગણેશચતુર્થી, પર્યુષણ, સ્વાતંત્ર્યદિન, પ્રજાસત્તાકદિન, નવરાત્રિ, દશેરા, દિવાળી, ઉત્તરાયણ, શિવરાત્રિ, રામનવમી, નાતાલ, હોળી, ઈદ વગેરે તહેવારો ઉજવીએ છીએ. આટલા બધા તહેવારો દુનિયાના બીજા કોઈ દેશમાં ઉજવાતા જોવા નહિ મળે. ધાર્મિક તહેવારો આપણી ધર્મભાવનાને પોષે છે. સામાજિક તહેવારો આપણા અરસપરસના સંબંધોમાં મીઠાશ લાવે છે. રાષ્ટ્રીય તહેવારો

આપણી રાષ્ટ્રભાવનાને વિકસાવે છે. મને ધાર્મિક તહેવારો ગમે છે, અને એમાંય નવરાત્રિ એ મારો પ્રિય તહેવાર છે.

નવરાત્રિનો તહેવાર આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધી ઊજવાય છે. આ તહેવારની ઉજવણી પાછળ એક ધાર્મિક માન્યતા રહેલી છે. દેવોને રંજાડનારા મહિષાસુરને મારવા અંબામાતાએ તેની સાથે નવનવ દિવસ સુધી યુદ્ધ કર્યું હતું. દસમા દિવસે માતાજીને હાથે મહિષાસુરનો વધ થયો. તેની ખુશીમાં નવરાત્રિ ઊજવાય છે. મહિષાસુરના વિનાશમાં માનવીની અંદર રહેલા ષડ્રિપુ(છ શત્રુ)ઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરનો નાશ કરવાનો ગૂઢાર્થ પણ રહેલો છે. નવરાત્રિ વિશે બીજી પણ એક માન્યતા પ્રચલિત છે : ત્રેતાયુગમાં ભગવાન રામે રાક્ષસરાજ રાવણ સાથે યુદ્ધ કરી તેનો સંહાર કર્યો હતો. તેની યાદમાં નવરાત્રિનો તહેવાર ઊજવવામાં આવે છે.

આસુરી (અસત્ય) તત્ત્વો સામે દૈવી (સત્ય) તત્ત્વોનો વિજય થયો. આથી લોકો નવ દિવસ સુધી શક્તિની આરાધના કરે છે. કેટલાક લોકો નવેનવ દિવસ નકોરડા ઉપવાસ કરે છે. આઠમના દિવસે માતાજીને નૈવેદ્ય ધરાવે છે. લોકો નોમને દિવસે હવન પણ કરે છે. નવનવ દિવસ સુધી અનેરું ધાર્મિક વાતાવરણ સર્જાય છે.

નવરાત્રિમાં ઠેરઠેર મંડપો બાંધવામાં આવે છે. આ મંડપોમાં માતાજીની સ્થાપના કરવામાં આવે છે. તેમાં દીવો અને ધૂપ કરવામાં આવે છે. શ્રદ્ધા અને ભક્તિપૂર્વક માતાજીની આરતી કરવામાં આવે છે. આરતીને અંતે પ્રસાદ વહેંચાય છે. માતાજીના ગરબા ગવાય છે. ગામડાઓમાં અને શહેરની પોળોમાં ઠેરઠેર પરંપરાગત શેરીગરબાનું આયોજન કરવામાં આવે છે.

જોકે શહેરોમાં નવરાત્રિના તહેવારમાં વેપારી વૃત્તિ પેસી ગઈ છે. ઠેકઠેકાણે સંગીતમંડળીઓને બોલાવવામાં આવે છે. ગાયક કલાકારો મધુર કંઠે ગરબા અને રાસ જ નહિ, ફિલ્મી ગીતો પણ ગાય છે. એમના સહાયકો વાજિંત્રોના સૂર અને તાલની રમઝટ જમાવે છે. યુવાનો, યુવતીઓ અને બાળકો સુંદર વેશભૂષામાં સજ્જ થઈને ગરબે ઘૂમે છે. રોશનીની ઝાકમઝોળ અને યુવાનોની દાંડિયારાસની રમઝટ જોવા લોકોનાં ટોળેટોળાં ઉમટે છે. મોડી રાત સુધી દાંડિયારાસની રમઝટ જામે છે. ગરબાના રસિયાઓમાં અભૂતપૂર્વ હર્ષોલ્લાસ જોવા મળે છે. ગુજરાતના ગરબા દેશ અને દુનિયામાં ખૂબ જાણીતા છે.

મને પણ ગરબે ઘૂમવાનો અને દાંડિયારાસનો ખૂબ શોખ છે. ભારતીય તહેવારોમાં વિશિષ્ટ મહત્તા ધરાવતો 'નવરાત્રિ' મારો અતિ પ્રિય તહેવાર છે. હું મારી બહેનપણીઓ સાથે ગરબાહરીફાઈમાં પણ ભાગ લઉં છું. આવી ઘણી સ્પર્ધાઓમાં મને ઇનામ પણ મળ્યાં છે. મને ઘણી વાર એવો વિચાર આવે છે કે નવરાત્રિનો તહેવાર વારંવાર આવતો હોય તો કેવું સારું !

22. મારી પ્રિય મેદાની રમત અથવા મારી પ્રિય રમત – ક્રિકેટ

[મુદ્દા : પ્રસ્તાવના – ક્રિકેટનું મહત્ત્વ – ક્રિકેટની પ્રૅક્ટિસ અને પ્રગતિ – ક્રિકેટના ફાયદા – ઉપસંહાર]

બાળકોને જન્મજાત રમતગમતનો શોખ હોય છે અને રમવું એ બાળકોનો જન્મસિદ્ધ અધિકાર પણ છે. રમતગમત એ મનોરંજનનું સસ્તું અને શ્રેષ્ઠ માધ્યમ છે. ખોખો, કબડ્ડી, લંગડી, ક્રિકેટ, વૉલીબૉલ, ફૂટબૉલ, બૅડમિન્ટન, બાસ્કેટબૉલ, હૅન્ડબૉલ, હૉકી વગેરે મેદાનમાં રમી શકાય તેવી (outdoor) રમતો છે, જ્યારે કૅરમ, ચેસ, પત્તાં, સાપસીડી, લુડો વગેરે ઘરમાં રમી શકાય તેવી (indoor) રમતો છે. આ બધી રમતોમાં ક્રિકેટ મારી પ્રિય રમત છે.

આપણા દેશમાં ક્રિકેટની રમત એટલી બધી લોકપ્રિય થઈ ગઈ છે કે બાળકો ક્રિકેટ સિવાયની રમતોને ભૂલી ગયાં છે. ક્રિકેટ 'રમતોનો રાજા' ગણાય છે. કોઈ પણ બે દેશો વચ્ચે મૅચ રમાતી હોય ત્યારે કેટલાય ક્રિકેટપ્રેમીઓ શાળા-કૉલેજ કે ઑફિસમાં રજા રાખીને અને મોંઘી ટિકિટો ખરીદીને સ્ટેડિયમમાં મૅચ જોવા જાય છે. ઘેરઘેર ટેલિવિઝન પર મૅચ જોવાય છે. ઑફિસોમાં પણ કર્મચારીઓ કામ પડતું મૂકીને મૅચ જોવા લાગે છે. ચારે બાજુ મૅચની જ વાતો થાય છે. ક્રિકેટના દડામાં કોણ જાણે કેવો જાદુ છે કે કરોડો લોકો તેની પાછળ ઘેલા બની જાય છે.

મારા પિતાજી એક શાળામાં વ્યાયામ શિક્ષક છે. તેઓ ક્રિકેટના શોખીન છે અને નિયમિત ક્રિકેટ રમે છે. હું નાનો હતો ત્યારે તેઓ મારી સાથે ક્રિકેટ રમતા. પછી હું મારા બાળમિત્રો સાથે સોસાયટીમાં ક્રિકેટ રમતો. હું દસ વર્ષનો થયો ત્યારે ક્રિકેટના કોચિંગ ક્લાસમાં જવા લાગ્યો. ત્યાં મને બૉલિંગ અને બૅટિંગની સઘન તાલીમ મળી. બે વર્ષમાં મેં ક્રિકેટમાં ઘણી પ્રગતિ કરી છે. આજે હું સારો બૅટ્સમૅન ગણાઉં છું.

હું દરરોજ સવારે મિત્રો સાથે ક્રિકેટ રમું છું. દર રવિવારે અમે મૅચનું આયોજન કરીએ છીએ. હું મારી શાળાની ક્રિકેટ ટીમનો કૅપ્ટન છું. અમે ઘણી શાળાઓ સામે મૅચ રમ્યા છીએ અને જીત્યા પણ છીએ. મને અનેક વાર શ્રેષ્ઠ બૅટ્સમૅન તરીકેના ચંદ્રકો મળ્યા છે. મારી બૅટિંગ વખતે હું ચોગ્ગા અને છગ્ગા ફટકારી પ્રેક્ષકોને ખુશ કરી દઉં છું. આથી હવે હું 'છોટા સચીન' તરીકે ઓળખાવા લાગ્યો છું.

હું સતત ઉત્તમ બૅટ્સમૅન થવાનો પ્રયત્ન કરું છું. હું ટીવી પર દર્શાવાતી એક પણ મૅચ જોવાનું ચૂકતો નથી. સમાચારપત્રોમાં આવતા ક્રિકેટ અંગેના લેખો અને ફોટાઓનો હું સંગ્રહ કરું છું.

ક્રિકેટ રમવાના અનેક ફાયદા છે. ક્રિકેટની રમત રમનાર અને જોનાર બંનેને આનંદ આપે છે. ક્રિકેટ રમવાથી આપણામાં શિસ્ત, સહકાર, સહનશીલતા, એકાગ્રતા, નીડરતા જેવા ગુણો વિકસે છે. આપણામાં ખેલદિલીની ભાવના જાગે છે. સાચો ક્રિકેટર હારથી કદી હતાશ થતો નથી. ક્રિકેટની ટીમમાં પસંદગી થતાં દેશવિદેશનો પ્રવાસ ખેડવા મળે છે અને નામની સાથે અઢળક દામ પણ મળે છે.

મને વિશ્વાસ છે કે મારો ક્રિકેટ માટેનો લગાવ અને મારી મહેનત મને એક દિવસ જરૂર સફળતાના શિખરે પહોંચાડશે.

23. એ શિક્ષકને હું ભૂલીશ નહિ

[મુદ્દા : પ્રસ્તાવના – શાળાજીવનમાં બનેલી ઘટના – શિક્ષકની મદદ – મારી પ્રગતિ – શિક્ષકના ગુણો અને તેનો પ્રભાવ – ઉપસંહાર]

જીવનનું ગણિત અટપટું હોય છે. તેમાં દરેક વખતે ધાર્યું પરિણામ આવતું નથી. જીવનમાં કોઈ પળ એવી પણ આવે છે કે વ્યક્તિ કાં તો સફળતાના શિખરે પહોંચે છે કે નિરાશાની ઊંડી ખાઈમાં પડી જાય છે.

મારા શાળાજીવન દરમિયાન બનેલી ઘટના મને આજે પણ બરોબર યાદ છે. હું આઠમા ધોરણમાં અભ્યાસ કરતો હતો. પહેલી કસોટી થઈ. તેમાં હું પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયો. આથી મારાં માતાપિતાને ખૂબ આનંદ થયો. એ સમયે મારા પિતાજીની તબિયત સારી રહેતી ન હતી. તેઓ ગંભીર માંદગીમાં પટકાયા અને અઠવાડિયાની માંદગી પછી અવસાન પામ્યા. મારા કુટુંબ ઉપર વજ્રાઘાત થયો. મારે એક નાનો ભાઈ પણ હતો. મારી માતાની ઉંમર પચાસ વર્ષની હતી. ઘરમાં ખેતીની સામાન્ય આવક સિવાય આવકનું બીજું કોઈ સાધન ન હતું. મારા પિતાની સારવારમાં ઘણું દેવું થઈ ગયું હતું. છેવટે મેં ભણવાનું છોડીને લુહારીકામ શીખવાનું અને ખેતીનું કામ કરવાનું શરૂ કર્યું.

શાળાના શિક્ષકોમાં એક વિદ્યાર્થીપ્રિય શિક્ષક હતા. તેમનું નામ હતું નરોત્તમભાઈ. તેઓ ગણિત શીખવતા અને વિદ્યાર્થીઓનું પૂરું ધ્યાન રાખતા. તેઓ સ્વભાવે કડક હતા પરંતુ તેમના હૃદયમાં દયાનું ઝરણું સતત વહેતું રહેતું. હું તેમનો પ્રિય વિદ્યાર્થી હતો. મારા માટે તે આદર્શ શિક્ષક હતા. તેમને મારી આર્થિક પરિસ્થિતિની ખબર પડી એટલે તેઓ એક સાંજે મારે ઘેર આવ્યા. મારી માતાને મળ્યા. ઘરની પરિસ્થિતિ વિશે જાણકારી મેળવી. પછી તેમણે મારી માતાને સમજાવ્યું કે તમારો દીકરો હોશિયાર છે, ભણીને સારું પરિણામ લાવી શકે તેમ છે. તમે તેના ભણતરના ખર્ચની ચિંતા કરશો નહિ. તેની વ્યવસ્થા થઈ જશે. તમારી ખેતીની આવકમાંથી તમારો જીવનનિર્વાહ થઈ જશે. તમે તમારા દીકરાને ભણવાનું છોડાવતાં નહિ.

ત્યારપછી હું શાળાએ નિયમિત જવા લાગ્યો. તેઓ મારી વિશેષ કાળજી રાખતા, મને વ્યક્તિગત માર્ગદર્શન આપતા. મેં એસ.એસ.સી.ની પરીક્ષા આપી ત્યાં સુધી મને પુસ્તકો, નોટબુક્સ, ગણવેશ વગેરે નિયમિત મળતાં રહ્યાં. હું એસ.એસ.સી.માં 75% ગુણ મેળવી ઉત્તીર્ણ થયો. પછી તો ટ્યૂશન કરીને મારો ખર્ચ કાઢી લેતો. હું બી.એસસી. થયો; બી.એડ્. થયો. આજે વીસ વર્ષથી માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે સેવા આપું છું. મારી આ સિદ્ધિ મારા આદર્શ શિક્ષક નરોત્તમભાઈને જ આભારી છે.

મારા જીવનમાં પ્રકાશ રેલાવનાર એ શિક્ષકને હું કેમ ભૂલું? તેઓએ મને ખરે વખતે મદદ કરી છે. તેમના જીવનમાંથી પણ હું ઘણું શીખ્યો છું. તેમની વિદ્વત્તા, નિયમિતતા, ધગશ, શિસ્ત, ચીવટ, સાદગી, નિખાલસતા, વિદ્યાર્થીઓ પ્રત્યે તેમનો પ્રેમ, બીજાને મદદરૂપ થવાની તેમની ભાવના વગેરે ગુણોથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું. તે ગુણો હું સદા મારા જીવનમાં ઉતારવા માટે પ્રયત્નશીલ રહું છું. આજે શિક્ષકનો વ્યવસાય પણ કમાણીનો વ્યવસાય બની ગયો છે ત્યારે નિઃસ્વાર્થભાવે મારો જીવનપંથ ઉજાળનાર મારા સેવાભાવી આદર્શ શિક્ષકને હું ક્યારેય ભૂલી ન શકું.

આજે એ શિક્ષક હયાત નથી પરંતુ મારા હૃદયસિંહાસન પર બિરાજેલા છે. એમને હું નતમસ્તકે પ્રણામ કરું છું.

24. મારો શોખ

[મુદ્દા : પ્રસ્તાવના – ફોટોગ્રાફીના શોખનો ઉદ્ભવ – ફોટોગ્રાફીમાં પ્રગતિ – ફોટોગ્રાફીના વિષયો – ફોટોગ્રાફીના ફાયદા – ઉપસંહાર]

ફુરસદમાં દરેક મનુષ્ય પોતાને ગમતી પ્રવૃત્તિ કરવા પ્રેરાય છે. કોઈ બાગકામ કરે, કોઈ નવલકથા વાંચે, કોઈ ચિત્ર દોરે, કોઈ ફોટોગ્રાફી કરે, કોઈ સંગીત શીખે, કોઈ ક્રિકેટ રમે, કોઈ ટિકિટ સંગ્રહ કરે, કોઈ ફિલ્મીગીતો સાંભળે, કોઈ કાવ્યરચના કરે કે કોઈ વાર્તા લખે.

બે વર્ષ પહેલાં મારી વર્ષગાંઠના દિવસે મારા કાકાએ મને એક સુંદર કૅમેરા ભેટ આપ્યો હતો. તેમણે મને ફોટા પાડતાં પણ શીખવ્યું હતું. ધીમેધીમે મેં ફોટોગ્રાફીની કલા હસ્તગત કરી લીધી. આજે તો ફોટોગ્રાફી મારો પ્રિય શોખ બની ગયો છે.

છેલ્લાં બે વર્ષમાં ફોટોગ્રાફીના ક્ષેત્રે મેં ઘણી પ્રગતિ કરી છે. મેં ફોટોગ્રાફીમાં નિપુણતા મેળવવા માટે આ વિષયનાં અનેક પુસ્તકો અને સામયિકો વાંચ્યાં છે. અમારા ચિત્રશિક્ષક પણ સારા ફોટોગ્રાફર છે. તેમની પાસેથી મને ફોટોગ્રાફી અંગે ઘણું શીખવા મળ્યું છે.

મેં મારાં કુટુંબીજનોના અને મિત્રોના અનેક ફોટા પાડ્યા છે. મેં પાડેલા ફોટા જોઈને લોકો મારી ફોટોગ્રાફીનાં ભરપેટ વખાણ કરે છે. હું ધંધાદારી ફોટોગ્રાફર નથી. મને કુદરતને લગતા ફોટા પાડવાનું વધુ ગમે છે. ધૂળમાં રમતાં ભૂલકાં, ઝઘડો કરતાં બાળકો, દફતરનો

બોજો ખભે લટકાવી નિશાળે જતાં બાળકો, વિશ્રામ કરતા મજૂરો કે ખેડૂતો, દાણા ચણતાં કે ઝઘડતાં પંખીઓ, સમી સાંજે ઘર ભણી પાછા વળતા બળદો અને ખેડૂતો, ચોમાસાનાં ભર્યાં ભર્યાં કુદરતી દશ્યો, ખીલેલાં ફૂલો, વરસાદના પાણીમાં ફસાયેલાં વાહનો અને વાહનચાલકો વગેરેના ફોટા મેં પાડ્યા છે. મેં આ બધા ફોટાઓનાં નાનાંનાનાં આલબમ બનાવ્યાં છે. મારા કેટલાક ફોટા સામયિકોમાં પણ પ્રકાશિત થયા છે. ગયા મહિને પ્રકાશિત થયેલા શાળાના સામયિકમાં, પોતાના નાના ભાઈની આંગળી પકડીને તેને શાળાએ લઈ જતી વિદ્યાર્થિનીનો મેં પાડેલો ફોટો છાપ્યો હતો. તે ભાઈ-બહેન વચ્ચેના પ્રેમને સમજાવતી એક લાક્ષણિક તસવીર હતી.

ફોટોગ્રાફીના મારા શોખને લીધે મને અનેક લાભ થયા છે. કુદરતનું અવલોકન કરવાથી મારી દષ્ટિ વિકસી છે. કુદરતના સૌંદર્ય અને તેના વૈવિધ્યનું જ્ઞાન મને ફોટોગ્રાફી દ્વારા જ પ્રાપ્ત થયું છે. વર્ષગાંઠની ઉજવણી પ્રસંગે, શાળાના વાર્ષિકોત્સવમાં અને પ્રવાસમાં તો ક્યારેક લગ્નપ્રસંગે મને ફોટા પાડવા માટે લોકો મને બોલાવે છે. એ રીતે હું થોડી કમાણી પણ કરી લઉં છું. મેં મારી કમાણીમાંથી એક કીમતી કૅમેરા ખરીદી લીધો છે. હવે તો મેં વિડિયોગ્રાફી પણ શીખી લીધી છે. મારા પિતાજી મને વિડિયો કૅમેરા ખરીદી આપવાનું કહે છે; પરંતુ હું મારી પોતાની કમાણીમાંથી જ વિડિયો કૅમેરા ખરીદવા ઇચ્છું છું. ફોટોગ્રાફીના શોખથી હું ઘણી નામાંકિત વ્યક્તિઓના પરિચયમાં આવ્યો છું. આથી મારી શરમાળ પ્રકૃતિ દૂર થઈ ગઈ છે. ફોટોગ્રાફીના શોખને લીધે મારું મન હંમેશાં પ્રસન્ન રહે છે. આથી હું મારો અભ્યાસ વધુ ઉત્સાહથી કરી શકું છું.

ફોટોગ્રાફી અને મારો અભ્યાસ બંને ખૂબ સરસ ચાલે છે એનો મને આનંદ છે.

25. મારા શૈશવનાં સંસ્મરણો અથવા ફરી બનવા ચાહું હું, પ્રભુ! બાળ નાનું! અથવા મને શિશુતણી ગમે સરળ સૃષ્ટિ અથવા શૈશવ

[મુદ્દા : પ્રસ્તાવના – બાળપણની ટેવો – બાલમંદિરનાં સંસ્મરણો – પહેલા ધોરણનાં સંસ્મરણો – પ્રાથમિક શાળાનાં સંસ્મરણો – રજાઓનાં સંસ્મરણો – ઉપસંહાર]

'પ્રવાસસ્ય કથા રમ્યા' એટલે કે પ્રવાસની કથા સુંદર હોય છે. એ ઉક્તિ જેવી જ બીજી ઉક્તિ છે : શૈશવસ્ય કથા રમ્યા અર્થાત્ બાળપણની કથા સુંદર હોય છે. મારા બાળપણના રમ્ય દિવસોની સ્મરણકથા પણ રસપ્રદ અને યાદગાર છે. હું મારા બાળપણને મારા જીવનનો સુવર્ણકાળ ગણું છું.

"માણ્યું તેનું સ્મરણ કરવું,
એય છે એક લ્હાણું."

ન કોઈ ચિંતા, ન કોઈ બંધન, કેવો જાહોજલાલીનો સુવર્ણકાળ ! સ્મરણપોથીનું એક-એક પૃષ્ઠ કેટલું મજાનું !

હું ત્રણેક વર્ષનો થયો, ત્યારપછીની મારા જીવનની કેટલીક ઘટનાઓ મને આજે પણ યાદ છે. બાળપણમાં મારી બધી ચિંતા મારાં માતાપિતા અને દાદાદાદી કરતાં હતાં. સૂર્યોદય થયા પછી પણ નિરાંતે ઊઠવાનું; મમ્મી માથાકૂટ કરીને થાકી જાય ત્યારે બ્રશ કરવાનું; મારા માટે ગરમ કરેલું દૂધ ઠંડું થઈ જાય પછી ફરીથી મમ્મી ગરમ કરી આપે ત્યારે પરાણે પીવાનું અને મમ્મી મને ખેંચીને બાથરૂમમાં લઈ જાય એટલે રડતાંરડતાં નાહવાનું – આ મારો રોજનો ક્રમ હતો. આખો દિવસ પાડોશીનાં છોકરાંની સાથે રમ્યા કરવાનું, બધાં સાથે દાદાગીરી કરવાની, દોસ્તોની સાથે વારંવાર કિટ્ટા-બુચ્ચા કર્યા કરવાની, ક્યારેક કોઈ વસ્તુ મેળવવા માટે મમ્મી આગળ જીદ કરવાની, એના બદલામાં ક્યારેક મમ્મીના હાથનો માર પણ ખાવાનો અને છેવટે રડતાંરડતાં ઊંઘી જવાનું – બાળપણમાં હું આવો નાદાન અને જિદ્દી હતો.

ત્રણ વર્ષ પૂરાં થતાં મને બાલમંદિરમાં મૂકવામાં આવ્યો. રોજ મમ્મી મને શાળામાં મૂકવા આવતી પરંતુ એ મને વર્ગમાં મૂકીને પાછી ફરતી, ત્યાં મારું રડવાનું શરૂ થઈ જતું. બાલમંદિરનાં બહેન ખૂબ પ્રેમાળ હતાં. મારા તરફના તેમના પ્રેમાળ વર્તનને લીધે ધીમેધીમે મને બાલમંદિરે જવાનું ગમવા લાગ્યું. પછી તો બાલમંદિરનાં બીજાં બાળકો સાથે મારે ભાઈબંધી થઈ ગઈ. અમે બધાં સાથે રહીને ભણતાં, ગીતો ગાતાં અને રમતાં. અમને વર્ષમાં બે-ત્રણ વાર નજીકના કોઈ સ્થળના પ્રવાસે લઈ જવામાં આવતાં.

હું પહેલા ધોરણમાં આવ્યો ત્યારે મને થોડુંથોડું વાંચતાં લખતાં આવડી ગયું હતું. હું મોટા-મોટા અક્ષરોવાળી વાચનમાળા મારી જાતે વાંચતો થયો. શરૂઆતથી જ મારા અક્ષર સારા હતા. હું પહેલા ધોરણની વાર્ષિક પરીક્ષામાં પહેલા નંબરે ઉત્તીર્ણ થયો. મારા આનંદનો પાર ન રહ્યો. પિતાજીએ મને એક સરસ બૅટ ભેટ આપ્યું.

પ્રાથમિક શાળામાં ભણવાની મને ખૂબ મજા આવતી. અમને અવારનવાર પ્રવાસે લઈ જવામાં આવતા. પ્રવાસમાં મને મારા મિત્રો સાથે હરવા, ફરવા અને રમવાની ખૂબ મજા પડતી. શાળામાં અમે નાટક, રાસગરબા, રમતો, સ્કાઉટ વગેરે પ્રવૃત્તિઓમાં હોંશેહોંશે ભાગ લેતા.

રજાઓમાં અમે ક્રિકેટ મૅચ ગોઠવતા. મમ્મી મને થોડા દિવસ મામાને ત્યાં રહેવા લઈ જતી. ત્યાં મને ખૂબ મજા આવતી. મામા અમને દરરોજ સાંજે ખેતરે લઈ જતા. ત્યાં આંબા પરથી કાચી કેરીઓ પાડવાની, પાણીની કુંડીમાં કૂદાકૂદ કરવાની, ઘાસની ગંજી પરથી લપસવાની અને થપ્પો રમવાની મને ખૂબ મજા પડતી.

"चिन्ता-रहित खेलना खाना, वह फिरना निर्भय स्वच्छंद।

कैसे भूला जा सकता है, बचपन का अतुलित आनंद।।"

બાળપણના એ સોનેરી દિવસો આજેય મને યાદ આવે છે. મારી બાલ્યાવસ્થામાં મારું જીવન કેવું નફકરું અને મોજમસ્તીવાળું હતું ! 'બસ, ખાઓ, પીઓ અને મજા કરો.' હવે તો પરીક્ષા, પરીક્ષા અને પરીક્ષા. વર્ગમાં સારા ક્રમે આવવાની કાયમ ચિંતા. ત્યારે મારું મન પોકારી ઊઠે છે કે,

"ફરી બનવા ચાહું હું પ્રભુ ! બાળ નાનું !"

પણ પછી તરત જ સંસ્કૃતના કવિ ભવભૂતિની એ પંક્તિ યાદ આવે છે – 'ते हि नो दिवसा गताः।' અર્થાત્ એ દિવસો તો હવે ચાલ્યા ગયા.

26. શાળાજીવનનાં મારાં સંસ્મરણો *અથવા* વિદ્યાર્થીજીવનના મારા દિવસો

[મુદ્દા : પ્રસ્તાવના – બાલમંદિરનાં સંસ્મરણો – પ્રાથમિક શાળાનાં સંસ્મરણો – શિક્ષકોનાં અને અન્ય સંસ્મરણો – વિદાયસમારંભ]

વ્યક્તિના જીવનઘડતરમાં તેની માતા અને શાળાનું વાતાવરણ મહત્ત્વનો ભાગ ભજવે છે. મા જન્મ આપી જીવન આપે છે, સાથેસાથે જીવતાં શીખવે છે. માનું કામ શાળામાં શિક્ષકો દ્વારા થાય છે. સંસ્કાર તેમજ જીવનમાં વિવેકનું મૂલ્ય શું છે, તે શાળામાં પ્રાપ્ત થાય છે.

શાળાજીવનનાં મારાં સંસ્મરણો હું ક્યારેય ભૂલી શકું તેમ નથી. બાલમંદિરની બહેનો અમને વહાલથી એકડો ઘુંટાવતી, ગીતો ગવડાવતી, હીંચકા અને લપસણી પર રમવા લઈ જતી અને અમને મજાની વાર્તાઓ કહેતી. તેઓ અમારી સાથે રમતી, ગાતી અને મા જેવું વહાલ કરતી. હું બાલમંદિરની મારી બહેનપણીઓને કેવી રીતે ભૂલી શકું? અમે એકબીજાની સાથે રમતાં અને સાથે બેસીને નાસ્તો કરતાં. ક્યારેક અમે કિટ્ટા પણ કરી બેસતાં પણ થોડા સમય પછી પાછી બુચ્ચા થઈ જતી. અમે પ્રવાસે જતાં ત્યારે અમને ખૂબ મજા પડતી. બાલમંદિરના એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં મેં મીરાંબાઈનું પાત્ર ભજવ્યું હતું. એમાં સફળતા મળ્યા પછી મારા શિક્ષકોએ મને શાબાશી આપેલી. ત્યારપછી ઘરે જઈને હું બધાંને એ જ વાતો કર્યા કરતી.

પ્રાથમિક શાળામાં હું દર વર્ષે વર્ગમાં પહેલા નંબરે આવવા લાગી. એટલે શાળા તરફથી મને જાતજાતનાં વાર્તાનાં પુસ્તકોનો સેટ ભેટ મળતો. પ્રાથમિક શાળામાં અભ્યાસની સાથેસાથે અનેક ઇતરપ્રવૃત્તિઓ કરાવવામાં આવતી. હું ગાયન અને અભિનયકલામાં ભાગ લેતી. ગીતસ્પર્ધામાં મને હંમેશાં ઇનામ મળતું. હું ચોથા ધોરણમાં આવી ત્યારે મારા

"चिन्ता-रहित खेलना खाना, वह फिरना निर्भय स्वच्छंद।
कैसे भूला जा सक्ता है, बचपन का अतुलित आनंद।।"

બાળપણના એ સોનેરી દિવસો આજેય મને યાદ આવે છે. મારી બાલ્યાવસ્થામાં મારું જીવન કેવું નફકરું અને મોજમસ્તીવાળું હતું ! 'બસ, ખાઓ, પીઓ અને મજા કરો.' હવે તો પરીક્ષા, પરીક્ષા અને પરીક્ષા. વર્ગમાં સારા ક્રમે આવવાની કાયમ ચિંતા. ત્યારે મારું મન પોકારી ઊઠે છે કે,

"ફરી બનવા ચાહું હું પ્રભુ ! બાળ નાનું !"

પણ પછી તરત જ સંસ્કૃતના કવિ ભવભૂતિની એ પંક્તિ યાદ આવે છે – 'તે હિ નો દિવસા ગતાઃ।' અર્થાત્ એ દિવસો તો હવે ચાલ્યા ગયા.

26. શાળાજીવનનાં મારાં સંસ્મરણો અથવા વિદ્યાર્થીજીવનના મારા દિવસો

[મુદ્દા : પ્રસ્તાવના – બાલમંદિરનાં સંસ્મરણો – પ્રાથમિક શાળાનાં સંસ્મરણો – શિક્ષકોનાં અને અન્ય સંસ્મરણો – વિદાયસમારંભ]

વ્યક્તિના જીવનઘડતરમાં તેની માતા અને શાળાનું વાતાવરણ મહત્ત્વનો ભાગ ભજવે છે. મા જન્મ આપી જીવન આપે છે, સાથેસાથે જીવતાં શીખવે છે. માનું કામ શાળામાં શિક્ષકો દ્વારા થાય છે. સંસ્કાર તેમજ જીવનમાં વિવેકનું મૂલ્ય શું છે, તે શાળામાં પ્રાપ્ત થાય છે.

શાળાજીવનનાં મારાં સંસ્મરણો હું ક્યારેય ભૂલી શકું તેમ નથી. બાલમંદિરની બહેનો અમને વહાલથી એકડો ઘુંટાવતી, ગીતો ગવડાવતી, હીંચકા અને લપસણી પર રમવા લઈ જતી અને અમને મજાની વાર્તાઓ કહેતી. તેઓ અમારી સાથે રમતી, ગાતી અને મા જેવું વહાલ કરતી. હું બાલમંદિરની મારી બહેનપણીઓને કેવી રીતે ભૂલી શકું? અમે એકબીજાની સાથે રમતાં અને સાથે બેસીને નાસ્તો કરતાં. ક્યારેક અમે કિટ્ટા પણ કરી બેસતાં પણ થોડા સમય પછી પાછી બુચ્ચા થઈ જતી. અમે પ્રવાસે જતાં ત્યારે અમને ખૂબ મજા પડતી. બાલમંદિરના એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં મેં મીરાંબાઈનું પાત્ર ભજવ્યું હતું. એમાં સફળતા મળ્યા પછી મારા શિક્ષકોએ મને શાબાશી આપેલી. ત્યારપછી ઘરે જઈને હું બધાંને એ જ વાતો કર્યા કરતી.

પ્રાથમિક શાળામાં હું દર વર્ષે વર્ગમાં પહેલા નંબરે આવવા લાગી. એટલે શાળા તરફથી મને જાતજાતનાં વાર્તાનાં પુસ્તકોનો સેટ ભેટ મળતો. પ્રાથમિક શાળામાં અભ્યાસની સાથેસાથે અનેક ઇતરપ્રવૃત્તિઓ કરાવવામાં આવતી. હું ગાયન અને અભિનયકલામાં ભાગ લેતી. ગીતસ્પર્ધામાં મને હંમેશાં ઇનામ મળતું. હું ચોથા ધોરણમાં આવી ત્યારે મારા

વર્ગશિક્ષકે મને મૉનિટર બનાવી હતી. પાંચમા ધોરણમાં અમારા વર્ગનાં ગરબા, ભાંગડા કે રાસ તૈયાર કરાવવાની જવાબદારી પણ મને સોંપાયેલી. જોકે, શિક્ષક થોડી મદદ કરતા. દર વર્ષે શાળામાં વાર્ષિકોત્સવ તો હોય જ. તેમાં અમારા વર્ગને ગરબા, રાસ કે ભાંગડાની શ્રેષ્ઠ રજૂઆત બદલ ઇનામ મળતું. હું સાતમા ધોરણમાં આવી ત્યારે શાળાના વિદ્યાર્થીઓ કચ્છ-ભુજના પ્રવાસે ગયા હતા. તે વખતે ફૂંકાયેલા ભયંકર વાવાઝોડાને લીધે અમે એક ગામડામાં ફસાઈ પડ્યાં હતાં. ત્યાં અમને ઘણી તકલીફો પડી હતી. છતાં, અમે અમારો પ્રવાસ પૂરો કરીને હેમખેમ પાછાં આવ્યાં હતાં.

શાળાજીવનનું મારું આ છેલ્લું વર્ષ છે. અમને ભણાવનાર તથા અમારામાં સંસ્કારનું સિંચન કરનાર શિક્ષકોને હું કદી ભૂલી શકીશ નહીં. અમારી શાળાના આચાર્યનો સૌમ્ય ચહેરો, તેમનો પ્રેમ, વાણીની મીઠાશ, શિસ્ત અને તેમની નિયમિતતા અમારા સૌ માટે પ્રેરણારૂપ છે. તે અમને અંગ્રેજી ખૂબ સરસ રીતે શીખવતા. શિસ્તના આગ્રહી અમારા વ્યાયામ શિક્ષક, કોકિલકંઠે ગીતો ગાતાં અમારાં સંગીતશિક્ષિકા, અમને સાંસ્કૃતિક કાર્યક્રમો તૈયાર કરાવતાં કોકિલાબહેન અને અમને ગુજરાતી શીખવતાં સોનલબહેન વગેરેએ જહેમતપૂર્વક અમારામાં સારા સંસ્કાર સિંચ્યા છે. અમારી શાળામાં વનમહોત્સવ, રક્ષાબંધન, નવરાત્રિ, પંદરમી ઑગસ્ટ, છવ્વીસમી જાન્યુઆરી વગેરે તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. શાળાનું ભવ્ય મકાન, સુંદર બગીચો અને વિશાળ મેદાન બધું મારી આંખ સામે તરવરે છે.

શાળાજીવનનો મારો છેલ્લો પ્રસંગ એટલે વિદાયસમારંભ. એમાં અમે સૌએ અશ્રુભીની આંખે અમારા શિક્ષકોની વિદાય લીધી હતી. અમે સૌ વાચાળ હોવા છતાં વિદાયસમારંભ વખતે અમે કશું જ બોલી શક્યાં નહોતાં. છતાં અમારા મૌને જ અમારા મનના ભાવોને વાચા આપી હતી. એ પ્રસંગ તો મારાથી ક્યારેય ભૂલી શકાય તેમ નથી. કોઈકે યોગ્ય જ કહ્યું છે,

"શાળા, તો છે અમારી વહાલુડી માવડી,
તેનાં અમે સૌ બાલુડાં હો જી."

27. મારા જીવનના ઘડવૈયા અથવા મારું જીવન ઘડનાર વ્યક્તિઓ

[મુદ્દા : પ્રસ્તાવના – મારા જીવનના ઘડવૈયા – મારાં બા, મારા શિક્ષક શ્રી રમણભાઈ, મારા મિત્ર શ્રી વિનોદભાઈ તથા ગાંધીજી – ઉપસંહાર]

મારા જીવનમાં હું નાનીમોટી અનેક વ્યક્તિઓના પરિચયમાં આવ્યો છું. એમાંથી કેટલીક વ્યક્તિઓના જીવનની મારા પર ઊંડી અસર પડી છે. મારા જીવનઘડતરમાં મારી બા, મારા શિક્ષક રમણભાઈ, મારો મિત્ર વિનોદ તથા પરોક્ષ રીતે ગાંધીજીનો પણ ફાળો રહેલો છે.

મારી બા બહુ ભણેલી નથી પણ ગણેલી બહુ છે. મારામાં કેળવાયેલી સારી ટેવો તેને જ આભારી છે. તે દરરોજ સવારે વહેલી ઊઠે છે, ઘર તથા આંગણું સ્વચ્છ કરે છે અને દરેક કામ ખૂબ ચોકસાઈથી કરે છે. પિતાજીની મર્યાદિત આવકમાં પણ તે કરકસરપૂર્વક ઘર ચલાવે છે. બિનજરૂરી ખર્ચ ક્યારેય કરતી નથી. દેખાદેખીથી અંજાઈને કોઈ જ પગલું ભરતી નથી. મારામાં રહેલા સ્વચ્છતા, નિયમિતતા, ચોકસાઈ, કરકસર વગેરે ગુણો મારી બાની પ્રેરણાને જ આભારી છે.

મારા જીવનઘડતરમાં મારા શિક્ષક રમણભાઈનો પણ મોટો ફાળો છે. ભણાવવાનો તેમનો અદમ્ય ઉત્સાહ, શિક્ષણ પ્રત્યેની તેમની નિષ્ઠા તેમજ તેમના નિખાલસ વ્યક્તિત્વનો મારા પર ઊંડો પ્રભાવ પડ્યો છે. ઘંટ વાગતાંની સાથે તે અમારા વર્ગમાં આવી પહોંચતા અને તરત જ શિક્ષણકાર્ય શરૂ કરી દેતા. વર્ગના નબળામાં નબળા વિદ્યાર્થીનું પણ તેઓ ધ્યાન રાખતા. અમને સમજ ન પડે તો તેઓ અકળાયા વિના ફરીથી તે પાઠ સમજાવતા. ઘણી વાર તેઓ અમને વ્યક્તિગત માર્ગદર્શન પણ આપતા. કોઈ પણ જાતના સ્વાર્થ વિના જ તેઓ આવી આદર્શ કામગીરી બજાવતા. તેમણે ક્યારેય પૈસા લઈને ટ્યૂશન કર્યાં નથી. જોકે, તેઓ કડક સ્વભાવના હતા. જો અમે લેસન કરીને ન જઈએ તો તેઓ ચલાવી લેતા નહિ. તેઓ પુષ્કળ કામ કરતા અને અમારી પાસેથી પણ એવી જ મહેનત કરાવતા હતા. એટલે જ તો એમના વિદ્યાર્થીઓ હંમેશાં સારું પરિણામ લાવતા હતા. મારામાં રહેલી કાર્યનિષ્ઠા તેમને જ આભારી છે.

મારા મિત્ર વિનોદે પણ મારા જીવનઘડતરમાં ખાસ્સો ભાગ ભજવ્યો છે. એ મારાથી બે ધોરણ આગળ હતો, પરંતુ અમારા બંનેનો સંબંધ કૃષ્ણ-સુદામા જેવો રહ્યો છે. તે પૈસેટકે સુખી હતો. જ્યારે મારી આર્થિક સ્થિતિ નબળી હતી. છતાં, અમારી વચ્ચેની ગાઢ મૈત્રી ટકી રહી છે. વિનોદને તેની સંપત્તિનું જરાય અભિમાન નહોતું. તે બધાં સાથે સહેલાઈથી આજેય ભળી જાય છે. તે ક્યાંય તેની મોટાઈ બતાવતો નથી. ઈશ્વરે આપેલી સંપત્તિનો તે સત્કાર્યમાં ઉપયોગ કરે છે. તે જરૂરિયાતવાળાં કુટુંબોને તથા અપંગોને ઉદારતાથી આર્થિક સહાય કરે છે. પરંતુ તેની જરાય જાહેરાત ન થાય એનું ખાસ ધ્યાન રાખે છે. તે કહે છે કે, “હું જે કંઈ કરું છું તે મારા માતા-પિતાના આદર્શો પ્રમાણે જ છે.” મારામાં આવેલી સાદાઈ, નમ્રતા, બીજાને સહાયરૂપ થવાની વૃત્તિ, નિરભિમાનપણું વગેરે ગુણો મારા મિત્ર વિનોદની જ ભેટ છે.

મારા જીવનઘડતરમાં પરોક્ષ રીતે પૂજ્ય ગાંધીજીનો પણ પ્રભાવ પડ્યો છે. તેમના સત્ય, અહિંસા અને સાદાઈના ગુણોને મેં મારા જીવનમાં નિષ્ઠાપૂર્વક આચરવાનો પ્રયત્ન કર્યો છે.

જો આપણે આપણાં આંખ અને કાન ખુલ્લાં રાખીએ, તો અનેક પ્રેરણાદાયી વ્યક્તિઓની છાપ આપણા જીવન પર પડ્યા વિના રહે નહિ. बहुरत्ना वसुन्धरा અર્થાત્ પૃથ્વી અનેક (માનવ) રત્નોથી ભરેલી છે.

28. ભયંકર આગનું દશ્ય અથવા મેં જોયેલી એક ભયાનક દુર્ઘટના

[મુદ્દા : પ્રસ્તાવના – આગની જાણ – આગનું દશ્ય – દોડાદોડી અને બચાવકાર્ય – આગથી થયેલું નુકસાન – લોકોની સહાય અને ઉપસંહાર]

દિવાળી આવે છે ત્યારે મારી સમક્ષ મેં જોયેલી એક ભયંકર આગનું દશ્ય આજે પણ ખડું થઈ જાય છે. થોડાં વર્ષ પહેલાંની એક દિવાળીની આ વાત છે. ઘેરઘેર કોડિયાં પ્રગટાવવામાં આવ્યાં હતાં. ચારે બાજુ રોશનીનો ઝળહળાટ જોવા મળતો હતો. અમાસની એ કાજળઘેરી રાતે બાળકો ફટાકડા ફોડી દિવાળી ઊજવી રહ્યાં હતાં.

ફટાકડા ફોડી મોડી રાતે હું સૂઈ ગયો, ત્યાં 'દોડો...' 'દોડો...' 'આગ...' 'આગ...'ની ચીસો સંભળાઈ. અમે ઘરની બહાર દોડી ગયા. અમારા બાજુના ફળિયામાં એક ઘર આગની જ્વાળાઓમાં સપડાઈ ગયું હતું. ઘરની પાછળના વાડામાં ઘાસની ગંજી ખડકાયેલી હતી. તેમાં ક્યાંકથી એક તણખો પડતાં તેમાં આગ લાગી હતી. જોતજોતામાં એ આગે આખા ઘરને ઘેરી લીધું હતું.

ગામલોકો ભેગા થઈ ગયા અને ડોલોમાં પાણી ભરીભરીને આગને બુઝાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. આગની ફેલાતી જ્વાળાઓના કારણે તેની નજીક જવાની હિંમત કરી શકાય એમ ન હતી. આસપાસનાં ઘરોને આ આગથી બચાવવાની ચિંતા મુખ્ય હતી. કેટલાક જુવાનિયાઓ હિંમત કરીને બળતા ઘરની બાજુના ઘરના છાપરા પર ચડી ગયા. એમણે બળતા ઘરનો કેટલોક ભાગ તોડી પાડીને એને બીજાં ઘરોથી અલગ પાડી દીધું તેથી આગ આગળ વધતી અટકી ગઈ. આગ લાગતાં જ બધાં બહાર નીકળી ગયેલાં તેથી સદ્ભાગ્યે કોઈ જાનહાનિ ન થઈ. પરંતુ એમનાં કપડાં-લત્તાં, ઘરેણાં અને રાચરચીલું બધું આગમાં ભસ્મીભૂત થઈ ગયું. દુર્ઘટનાનો ભોગ બનેલા ઘરના સભ્યોનું હૈયાફાટ રુદન પથ્થરહૃદયના માનવીને પણ પીગળાવી નાખે એવું કરુણ હતું. લોકો આ પરિવારનું દુઃખ જોઈ દ્રવી ઊઠ્યા હતા અને તેમને આશ્વાસન આપતા હતા. સતત ત્રણ કલાક સુધીની મહેનત-જહેમત પછી આગ કાબૂમાં આવી પણ ઘરમાં અનાજ, કપડાં અને ઘરવખરીમાંથી કંઈ જ બચ્યું ન હતું. એક કુટુંબની આવી દુર્દશા થયેલી જોઈને અમે સૌ હતપ્રભ થઈ ગયાં હતાં.

બેસતા વર્ષના દિવસે ગામમાં સ્મશાનમાં હોય તેવી શાંતિ પથરાયેલી હતી. આખું ગામ શોકમાં ગરકાવ હતું.

પડોશનાં ગામોના પરગજુ લોકોએ મદદનો ધોધ વહેવડાવી દીધો. ચાર માસમાં જ નવું ઘર તૈયાર કરી દેવામાં આવ્યું પણ ત્યારથી અમારા ગામમાં ફટાકડા ફોડવા પર આપોઆપ અંકુશ મુકાઈ ગયો છે.

આગનું એ દશ્ય હું ક્યારેય ભૂલી શકતો નથી.

સ્વાધ્યાય

(1) મારી બા / માની મમતા

મુદ્દા : 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ' – માતૃદેવો ભવ – માતા બાળકનું પાલનપોષણ કરે – બાળકોમાં સંસ્કાર સિંચન કરે – મહાન પુરુષોના જીવનમાં માનો અમૂલ્ય ફાળો – માની મમતા નિઃસ્વાર્થ – મારી બા : પિતાજીના અવસાન પછી લોકોનાં કામો કરી મને ભણાવ્યો, ઉછેર્યો, સંસ્કાર સિંચન કર્યું – માનું સાદગીભર્યું જીવન – અમારી પ્રેરણા મૂર્તિ – માનું ઋણ ચૂકવવા અશક્તિમાન – માને વંદન.

(2) મને નડેલો ભયંકર બસ અકસ્માત

મુદ્દા : માનવીનું અસલામત જીવન – બસ, ટ્રેન, વિમાન અકસ્માત – ધરતીકંપ, આગ, પૂર, વાવાઝોડાથી મૃત્યુ – સવારની શાળા – બસમાં – પુલ પર બસ ઊભી રાખવી – ખટારાના ધક્કાથી બસ નદીમાં પડવી – ધડાકો – ચીસાચીસ – લોકો, પોલીસની મદદ – કરુણ દશ્યો – ઘવાયેલાઓને હૉસ્પિટલમાં – મારો અદ્ભુત બચાવ – ઘરે-મંદિરે – આજે પણ એ કરુણ દશ્ય નથી ભૂલાતું – માનવજીવન ક્ષણભંગુર.

(3) મારા પ્રિય કથાકાર

મુદ્દા : મનોરંજન સાથે સંસ્કાર પીરસવાનું આદર્શ માધ્યમ – રામાયણ, મહાભારત અને શ્રીમદ્ ભગવદ્ગીતા શ્રેષ્ઠ ગ્રંથો – સંતશ્રી મોરારિબાપુ મારા પ્રિય કથાકાર – મધુર અને બુલંદ અવાજ – સંગીત – ચોપાઈઓ – અનેક દૃષ્ટાંતો-ટુચકાઓ – જગત અને જીવન વિશેનું પ્રગટ થતું ઊંડું ચિંતન – વ્યક્તિગત સાદું અને ધર્મપરાયણ જીવન – લોકસેવાનું ઉત્તમ કાર્ય – દેશવિદેશના પ્રવાસો – વિશાળ માનવમેદનીને, યુવાનોને આકર્ષવાની અદ્ભુત શક્તિ – તેમની કથાનું રસપાન કરવાની રહેતી ઇચ્છા.

(4) મારું પ્રિય ચલચિત્ર

મુદ્દા : શ્રેષ્ઠ ચલચિત્રો – મનોરંજન, માહિતી સાથે જીવનબોધ – ઉત્તમ માધ્યમ – મારું પ્રિય ચલચિત્ર : રિચાર્ડ ઍટનબરોની ફિલ્મ 'ગાંધી' – અભિનેતા બેન કિંગ્સ્લેનો ગાંધીજીના પાત્રનો યાદગાર અભિનય – દિગ્દર્શકની પ્રશંસનીય કાળજી – દાંડીકૂચ, કસ્તુરબાનો દેહાંત, ગાંધીજીની હત્યા – મર્મવેધક ચિત્રીકરણ – ગાંધીજીના બહુમુખી વ્યક્તિનું શ્રેષ્ઠ ચિત્રાંકન.

વિભાગ 3 : પ્રવાસવિષયક

29. એક ઐતિહાસિક સ્થળની મુલાકાતે

[મુદ્દા : પ્રસ્તાવના – આબુનાં પ્રાકૃતિક અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત – ઉપસંહાર]

ભારતનો ઇતિહાસ ગૌરવવંતો છે. ભારતમાં પૃથ્વીનું સ્વર્ગ મનાતું પ્રાકૃતિક સૌંદર્યધામ કાશ્મીર આવેલું છે તો દુનિયાની અજાયબી ગણાતો આગ્રાનો તાજમહાલ પણ છે. ભારતમાં ઠેરઠેર ભારતીય સંસ્કૃતિને સાચવીને સદીઓથી ઊભેલાં અનેક ઐતિહાસિક સ્મારકો આવેલાં છે. ફૂલોનાં સૌંદર્ય અને સુવાસ જેમ અનુભવથી પામી શકાય છે, તેમ ઐતિહાસિક સ્થળોની મહત્તા તેની મુલાકાતથી પમાય છે. દર વર્ષે આવા કોઈ ને કોઈ સ્થળે હું મારાં મમ્મીપપ્પા સાથે જાઉં છું.

આ વર્ષે દિવાળીની રજાઓમાં અમે આબુના પ્રવાસે ગયાં હતાં. આબુ રાજસ્થાનમાં આવેલું હવાખાવાનું સ્થળ (Hill-station) છે. પહેલા દિવસે અમે ગૌમુખ, સનસેટ પૉઇન્ટ, નખી તળાવ વગેરે સ્થળોની મુલાકાત લીધી અને તેમનું પ્રાકૃતિક સૌંદર્ય મન ભરીને માણ્યું. વિશ્વભરમાંથી આબુની મુલાકાતે આવતા પ્રવાસીઓ ખાસ તો વિશ્વવિખ્યાત દેલવાડાનાં દહેરાં જોવા માટે આવે છે.

બીજે દિવસે સવારે અમે ગુરુશિખર ગયાં. ગુરુશિખરની ઊંચાઈએથી ચારે બાજુનાં કુદરતી દશ્યો માણવાની ખૂબ મજા પડી. ત્યાંથી પરત આવ્યા બાદ અમે અધ્ધરદેવીનાં દર્શને ગયાં. બપોરે ભોજન કર્યા પછી અમે થોડો આરામ કર્યો. સાંજે ચાર વાગે અમે માઉન્ટ આબુના ઐતિહાસિક સ્થળ દેલવાડાનાં દહેરાંની મુલાકાતે ઊપડ્યાં.

અમે દેલવાડાનાં દહેરાંની છેક નજીક પહોંચ્યાં ત્યાં સુધી તો અમને આકર્ષે તેવું કંઈ જ દેખાયું નહિ. બહારથી તો આ દહેરાંનો દેખાવ અમે ધારતા હતા તેવો ભવ્ય નહોતો લાગ્યો. પરંતુ જેવાં અમે અંદર ગયાં, કે તરત જ અમે આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં. એની શિલ્પકલાનું શબ્દોમાં વર્ણન કરવું હોય તો તેમાં કોઈ પણ લેખક કે કવિને પણ અઘરું પડે એટલાં સુંદર એ દહેરાં છે. તેનો ઇતિહાસ તો વળી એથીય વધુ આકર્ષક છે.

એક રાજાને બે મંત્રીઓ હતા : વસ્તુપાળ અને તેજપાળ. તેમની પાસે અઢળક ધન હતું. બંને ભાઈઓએ એ ધનને કોઈ સલામત સ્થળે દાટી દેવાનો નિર્ણય કર્યો. બંને ભાઈઓએ એમનું ધન દાટી દેવા માટે એક જગ્યાએ ખોદકામ કર્યું. ત્યારે તે સ્થળેથી એમને ધનના બીજા ચરુ મળી આવ્યા. બંને ભાઈઓ આશ્ચર્ય અને મૂંઝવણમાં મુકાઈ ગયા. હવે શું કરવું? છેવટે નાના ભાઈ તેજપાળનાં સમજદાર પત્ની અનુપમાદેવીએ એમને સૂચવ્યું કે ધનનો એવી રીતે ઉપયોગ કરો કે લોકો તેને જોઈ શકે પણ કોઈ તેને લઈ જઈ શકે નહિ. આથી તેમણે આબુ પર્વત પર દહેરાં બનાવવાનો નિર્ણય કર્યો. વસ્તુપાળ અને તેજપાળ

બંનેએ મળીને કરોડો રૂપિયાના ખર્ચે આ દહેરાં બંધાવ્યાં. એ સહુમાં વસ્તુપાળનું દેરાસર શિલ્પકળાની દૃષ્ટિએ અનુપમ છે. એના સહસ્રદલકમળ આકારના ઘુમ્મટનો તો દુનિયાભરમાં જોટો મળવો મુશ્કેલ છે. દેરાણી-જેઠાણીના ગોખલાઓમાં શિલ્પીઓએ પોતાના પ્રાણ રેડી દીધા છે. શિલ્પીઓનાં ટાંકણાંની કરામતે અમને મંત્રમુગ્ધ કરી દીધા. બંને ભાઈઓની પત્નીઓએ કારીગરોની વિશેષ કાળજી રાખી હતી અને તેમની કદર કરી હતી, તે યોગ્ય જ લાગે છે. સાંજે દહેરાં બંધ કરવાનો વખત થયો ત્યાં સુધી અમે એમાં ફરીફરીને પ્રાચીન કલાકારીગરીને અહોભાવથી જોતાં રહ્યાં.

બીજા દિવસે અમે ભર્તૃહરિની ગુફા અને કુંભારાણાના મહેલનાં ખંડિયેરો જેવાં ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી. પરંતુ દેલવાડાનાં દહેરાંની કલાકારીગરી જોઈ લીધા પછી અમને બીજાં સ્થળો હવે ફિક્કાં લાગતાં હતાં. સાંજે અમે ત્યાંથી વિદાય લઈને ઘેર પાછાં ફર્યાં.

પ્રાચીન ભારતની ભવ્યતાનું જતન કરી રહેલાં ઐતિહાસિક સ્થળો ખરેખર આપણી રાષ્ટ્રભાવના, ધર્મભાવના અને બંધુત્વની ભાવનાને પોષે છે.

30. મેં પગપાળા કરેલો પ્રવાસ

અથવા

મારો યાદગાર પ્રવાસ

[મુદ્દા : પ્રસ્તાવના – પગપાળા પ્રવાસનું વર્ણન – ઉપસંહાર]

"ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજકુંજ જોવી હતી..."

– ઉમાશંકર જોશી

"પ્રવાસ એટલે અગવડો વેઠવા માટેની બાદશાહી સગવડ." *– કાકા કાલેલકર*

પગપાળા પ્રવાસનો આનંદ કંઈ ઑર હોય છે. હું અને મારા મિત્રો દર વર્ષે ત્રણચાર દિવસનો પગપાળા પ્રવાસ ખેડીએ છીએ.

ગયા વર્ષે દિવાળીની રજાઓમાં અમે કેટલાક મિત્રો સાથે મળીને ગિરનારની પરિક્રમા કરવા ગયા હતા. પચીસમી ઑક્ટોબરે રાત્રે અમદાવાદથી બસમાં બેસીને અમે વહેલી સવારે જૂનાગઢ પહોંચ્યા. ત્યાં એક ધર્મશાળામાં અમે મુકામ કર્યો. નાહીધોઈને અમે ગિરનારની પરિક્રમા કરવા નીકળી પડ્યા. અમે અમારી સાથે બે જોડ કપડાં, પ્યાલો, ટૉર્ચ, નાની શેતરંજી, ચોરસો વગેરે લીધાં હતાં. પરિક્રમાના માર્ગ પર વહેલી સવારથી જ પદયાત્રીઓનાં ટોળેટોળાં નજરે પડતાં હતાં. સૌપ્રથમ ભવનાથ મંદિરે દર્શન કર્યા પછી પદયાત્રાની શરૂઆત એ કરતાં હતાં. અમે પણ એમની પાછળપાછળ ચાલવા લાગ્યા. આખા રસ્તે એટલી બધી

ભીડ હતી કે બધાંને કીડીવેગે ચાલવું પડતું હતું. રસ્તામાં નાનાંનાનાં અનેક મંદિરો તથા દેરીઓ આવતાં હતાં. સૌ યાત્રાળુઓ 'જય ગિરનારી'નો નાદ ગજવતા ચાલતા હતા. સતત ત્રણ કલાક સુધી ચાલ્યા પછી અમે એક સ્થળે થોભ્યા. ત્યાં અમે ચાપાણી કર્યાં. પછી થોડો આરામ કરીને અમે આગળ વધ્યા. સાંજ પડી, અમે એક ખુલ્લા મેદાનમાં આવી પહોંચ્યા. ત્યાં હજારો યાત્રાળુઓ વિશ્રામ કરી રહ્યા હતા. અમે પણ એક ખૂણે શેતરંજી બિછાવી. અમારે માથે આભનું છત્ર હતું અને નીચે ધરતીની પથારી. જિંદગીનો આ પણ એક અનેરો લહાવો હતો.

અમે એક પંક્તિ સતત વાગોળતા હતા :

"ડુંગરા ચઢવા સહેલ ના,
છતાં શિખરે ચઢી
પ્રકૃતિદેવીની લીલા ન્યાળવી,
રમ્ય એ ઘડી."

સવારે ચાર વાગ્યે અન્ય યાત્રાળુઓની જેમ અમે પણ જાગી ગયા. બ્રશ કરીને અમે આગળની યાત્રા શરૂ કરી. ગિરનાર પર્વતની ફરતે ડુંગરો આવેલા છે. ત્રણ દિવસમાં ત્રણ પર્વતોની યાત્રા કરવાનો ખાસ મહિમા છે. બપોરે એક સદાવ્રતમાં અમે ભોજન લીધું. અમને એટલી બધી ભૂખ લાગી હતી કે ધોમધખતા તડકામાં બેસીને પણ અમે ભરપેટ ખાધું. થોડી વાર આરામ કર્યા પછી પાછી અમારી યાત્રા શરૂ થઈ. સાંજે અમે હનુમાનજીના મંદિરે આવી પહોંચ્યા. મંદિરની પડખે જ એક ખેતર હતું. ત્યાં પાણીનો બોર હતો. બે દિવસ હાડમારી વેઠ્યા પછી અમને આવી ઉત્તમ સગવડ મળતાં અમે રાજીરાજી થઈ ગયા. અહીં હજારો યાત્રાળુઓ સાથે અમે પણ વાળુ કર્યું. રાતે ખુલ્લા મેદાનમાં સૂવાનો લહાવો પણ અમે લીધો.

વહેલી સવારે દૈનિક વિધિ તથા ચાનાસ્તા બાદ અમે પાછી પરિક્રમા શરૂ કરી. આજે ઠંડા પાણીથી સ્નાન કરવા મળ્યું હતું એટલે અમે ખૂબ તાજગી અનુભવી. બગદાણાવાળા બાપુના આશ્રમ તરફથી બપોરના ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સેંકડો સ્વયંસેવકો પદયાત્રીઓને પ્રેમથી જમાડતા હતા. કાચા રસ્તા, ખાડાટેકરા, ગીચ ઝાડી અને ઠેરઠેર વહેતાં ઝરણાં વડે દુર્ગમ એવા અહીંના જંગલમાં હજારો યાત્રિકો માટે ભોજનની વ્યવસ્થા કરવી તે ઘણું કપરું કામ હતું. સ્વયંસેવકો પદયાત્રાના માર્ગ પર ઊભા રહીને પદયાત્રીઓને પ્રેમથી બોલાવી બોલાવીને પ્રસાદ લેવાનો આગ્રહ કરતા હતા. 'બાપા પ્રેમથી જમજો' એવું કહીકહીને તેઓ સૌને ભાવપૂર્વક ભોજન પીરસતા હતા. 'અન્નદાન એ શ્રેષ્ઠ દાન છે' એ વાત મને અહીં સમજાઈ. ભોજન કર્યા પછી અમે ધીરેધીરે આગળ વધ્યા.

સાંજે અમે જૂનાગઢ પાછા આવ્યા. બીજે દિવસે અમારી શાળા શરૂ થતી હોવાથી રાત્રે જ બસમાં બેસી વહેલી સવારે અમે અમદાવાદ આવી પહોંચ્યા. લોકોની ધાર્મિક ભાવના, નિઃસ્વાર્થ સેવાવૃત્તિ અને પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે અમને પર્વતારોહણનો અનેરો અનુભવ થયો. આ ત્રણ દિવસ દરમિયાન અમે છાપું જોયું ન હતું, રેડિયો કે ટીવીના કાર્યક્રમો જોયા-સાંભળ્યા નહોતા છતાં અમને એની ખોટ જરીકે સાલી નહોતી. અમારો આ ગિરનાર પ્રવાસ અમને હંમેશાં યાદ રહેશે.

31. એક દુષ્કાળગ્રસ્ત વિસ્તારની મુલાકાતે

અથવા

મેં નિહાળેલાં દુષ્કાળનાં હૃદયદ્રાવક દશ્યો

[મુદ્દા : પ્રસ્તાવના – દુષ્કાળ – દુષ્કાળની સ્થિતિ – દુષ્કાળગ્રસ્ત વિસ્તારની મુલાકાત – દુષ્કાળનું વર્ણન – રાહતકાર્યો – ઉપસંહાર]

કુદરતની લીલા અકળ છે. ચોમાસામાં ક્યારેક માફકસરનો વરસાદ વરસે છે અને ખેતરોમાં મબલક પાક થાય છે. બધે આનંદઆનંદ છવાઈ જાય છે. પરંતુ ક્યારેક અનાવૃષ્ટિ થાય ત્યારે ઘણો ઓછો વરસાદ પડે છે તેથી અનાજ, ઘાસ અને પાણીની તીવ્ર અછત વરતાય છે અને દુષ્કાળ પડે છે.

અમારા વતનમાં ગયા ચોમાસામાં ખૂબ ઓછો વરસાદ પડ્યો હતો. કેટલાક વિસ્તારોમાં તો વરસાદ જરાય પડ્યો ન હતો. લોકો ચાતક નજરે આકાશ ભણી મીટ માંડી બેસી રહ્યા પરંતુ મેઘરાજાએ મહેર કરી નહિ.

વર્ષાની મોસમ પૂરી થઈ ગઈ, પણ વાવણીલાયક વરસાદ પડ્યો નહિ. લોકો નિરાશ થઈ ગયા અને દુષ્કાળનો સામનો કેમ કરવો એ વિશે વિચારવા લાગ્યા. જળાશયોનાં પાણી દિવસે ને દિવસે ઊંડાં ને ઊંડાં જવા લાગ્યાં. વર્ષની શરૂઆતથી જ અનાજ અને ઘાસચારાની અછત વરતાવા લાગી. દુષ્કાળની સાચી પરિસ્થિતિ જાણવી હોય તો દુષ્કાળગ્રસ્ત વિસ્તારની મુલાકાતે જવું પડે.

અમારાં કેટલાંક સગાંવહાલાં વતનમાં રહે છે. આથી મારા પિતાજી અને હું વતનની મુલાકાતે ગયા.

સવારે દસ વાગ્યે અમે અમારા ગામની સીમમાં આવી પહોંચ્યા. ચારે બાજુ જાણે વેરાન રણ પથરાઈ ગયું હોય એમ લાગતું હતું. લૂ વાઈ રહી હતી. ઝાડપાન સુકાઈ ગયાં હતાં. દૂર દૂર થોડાં ઢોર ચારાની શોધમાં આમતેમ રખડતાં હતાં. એ હાલતાંચાલતાં હાડપિંજર જેવાં લાગતાં હતાં. લોકોને બેત્રણ કિલોમીટર દૂર આવેલા એક કૂવામાંથી પીવા માટેનું પાણી લાવવું પડતું હતું.

દુષ્કાળને લીધે લોકોને પોતાનાં ઢોર રામભરોસે છુટ્ટાં મૂકી દેવાં પડ્યાં હતાં. બિચારાં ઢોર ભૂખ્યાં-તરસ્યાં રખડીરખડીને ઢળી પડતાં હતાં. એક ઢોરવાડામાં મને અસંખ્ય દૂબળીપાતળી ગાયો જોવા મળી.

એક સ્થળે અમે પાણીનાં ખાલી વાસણોની સાથે ત્યાં ઊભેલી સ્ત્રીઓની મોટી હાર જોઈ. એ સ્ત્રીઓ સરકાર તરફથી આવનારા પાણીના ટૅન્કરની કાગડોળે રાહ જોતી ઊભી હતી. મને થયું, 'અરે ભગવાન ! તારી આ કેવી લીલા! જે દેશમાં દૂધ અને ઘીની નદીઓ વહેતી હતી તે દેશના લોકોને આજે પાણી માટે પણ વલખાં મારવાં પડે !'

એક સ્થળે રાહતકાર્ય ચાલી રહ્યું હતું. એક તળાવને ઊંડું કરવામાં આવી રહ્યું હતું. સેંકડો મજૂરો અહીં કામ કરતાં હતાં. એટલામાં સેવાભાવી સંસ્થાની એક ટ્રક આવી. ટ્રકમાંના સ્વયંસેવકોએ મજૂરોને ખોબેખોબા ભરીને સુખડી, ચણા અને ગોળ વહેંચ્યાં. મજૂરો પોતપોતાનું કામ થંભાવીને આ પ્રસાદ ખાવા બેસી ગયા. આ જોઈ મને નીચેની કાવ્યપંક્તિઓ યાદ આવી :

"ભૂખ્યાંને અન્ન અને તરસ્યાંને પાણી,
એ ન કરી જાણે તેનું જીવન ધૂળધાણી."

મારા પિતાજીએ ગામના ગરીબ લોકો અને ભૂખ્યાં ઢોરો માટે કંઈક કરી છૂટવાનો સંકલ્પ કર્યો.

દુષ્કાળનાં કરુણ દશ્યો જોઈ મને ખૂબ દુઃખ થયું.

32. સાર્વજનિક બગીચાની મુલાકાતે

[મુદ્દા : પ્રસ્તાવના – બગીચાનું પ્રાકૃતિક સૌંદર્ય – બગીચાનું વાતાવરણ – બગીચાનું અરુચિકર વાતાવરણ – અમે બગીચાની અંદર-બહાર – ઉપસંહાર]

શહેરોના ગીચ અને પ્રદૂષિત વાતાવરણમાં તનમનને તાજગી આપતા બગીચાઓ આશ્વાસન સમાન હોય છે. એટલે જ ઘણા બધા માનવીઓ દરરોજ સવારસાંજ બગીચામાં જતા હોય છે.

મારા શહેરમાં ઠેરઠેર અનેક સાર્વજનિક બગીચાઓ આવેલા છે. ગયા રવિવારે હું મારા મિત્રો સાથે શહેરના એક જાણીતા બગીચાની મુલાકાતે ગયો હતો. બગીચાનું પ્રાકૃતિક સૌંદર્ય ઊડીને આંખે વળગે તેવું રમણીય હતું. ચારે તરફ જાણે લીલી જાજમ પાથરી હોય તેવી કૂણી કૂણી લૉન ફેલાયેલી હતી. એ કૂણી અને ભીની લૉન પર ચંપલ કાઢીને ચાલવાની મને ખૂબ મજા પડી હતી. બગીચામાં ઠેરઠેર મેંદીના અવનવા આકારોવાળી વાડ હતી. ક્યારીઓમાં ફૂલછોડ પર રંગબેરંગી ફૂલો ખીલેલાં હતાં. આ ઉપરાંત, ઠેરઠેર અનેક નાનાંમોટાં વૃક્ષો હતાં.

દુષ્કાળને લીધે લોકોને પોતાનાં ઢોર રામભરોસે છુટ્ટાં મૂકી દેવાં પડ્યાં હતાં. બિચારાં ઢોર ભૂખ્યાં-તરસ્યાં રખડીરખડીને ઢળી પડતાં હતાં. એક ઢોરવાડામાં મને અસંખ્ય દૂબળીપાતળી ગાયો જોવા મળી.

એક સ્થળે અમે પાણીનાં ખાલી વાસણોની સાથે ત્યાં ઊભેલી સ્ત્રીઓની મોટી હાર જોઈ. એ સ્ત્રીઓ સરકાર તરફથી આવનારા પાણીના ટૅન્કરની કાગડોળે રાહ જોતી ઊભી હતી. મને થયું, 'અરે ભગવાન ! તારી આ કેવી લીલા! જે દેશમાં દૂધ અને ઘીની નદીઓ વહેતી હતી તે દેશના લોકોને આજે પાણી માટે પણ વલખાં મારવાં પડે !'

એક સ્થળે રાહતકાર્ય ચાલી રહ્યું હતું. એક તળાવને ઊંડું કરવામાં આવી રહ્યું હતું. સેંકડો મજૂરો અહીં કામ કરતાં હતાં. એટલામાં સેવાભાવી સંસ્થાની એક ટ્રક આવી. ટ્રકમાંના સ્વયંસેવકોએ મજૂરોને ખોબેખોબા ભરીને સુખડી, ચણા અને ગોળ વહેંચ્યાં. મજૂરો પોતપોતાનું કામ થંભાવીને આ પ્રસાદ ખાવા બેસી ગયા. આ જોઈ મને નીચેની કાવ્યપંક્તિઓ યાદ આવી :

"ભૂખ્યાંને અન્ન અને તરસ્યાંને પાણી,
એ ન કરી જાણે તેનું જીવન ધૂળધાણી."

મારા પિતાજીએ ગામના ગરીબ લોકો અને ભૂખ્યાં ઢોરો માટે કંઈક કરી છૂટવાનો સંકલ્પ કર્યો.

દુષ્કાળનાં કરુણ દશ્યો જોઈ મને ખૂબ દુઃખ થયું.

32. સાર્વજનિક બગીચાની મુલાકાતે

[મુદ્દા : પ્રસ્તાવના – બગીચાનું પ્રાકૃતિક સૌંદર્ય – બગીચાનું વાતાવરણ – બગીચાનું અરુચિકર વાતાવરણ – અમે બગીચાની અંદર-બહાર – ઉપસંહાર]

શહેરોના ગીચ અને પ્રદૂષિત વાતાવરણમાં તનમનને તાજગી આપતા બગીચાઓ આશ્વાસન સમાન હોય છે. એટલે જ ઘણા બધા માનવીઓ દરરોજ સવારસાંજ બગીચામાં જતા હોય છે.

મારા શહેરમાં ઠેરઠેર અનેક સાર્વજનિક બગીચાઓ આવેલા છે. ગયા રવિવારે હું મારા મિત્રો સાથે શહેરના એક જાણીતા બગીચાની મુલાકાતે ગયો હતો. બગીચાનું પ્રાકૃતિક સૌંદર્ય ઊડીને આંખે વળગે તેવું રમણીય હતું. ચારે તરફ જાણે લીલી જાજમ પાથરી હોય તેવી કૂણી કૂણી લૉન ફેલાયેલી હતી. એ કૂણી અને ભીની લૉન પર ચંપલ કાઢીને ચાલવાની મને ખૂબ મજા પડી હતી. બગીચામાં ઠેરઠેર મેંદીના અવનવા આકારોવાળી વાડ હતી. ક્યારીઓમાં ફૂલછોડ પર રંગબેરંગી ફૂલો ખીલેલાં હતાં. આ ઉપરાંત, ઠેરઠેર અનેક નાનાંમોટાં વૃક્ષો હતાં.

સાંજનો સમય હોવાથી માળા ભણી પાછાં ફરતાં પંખીઓનો મધુર કલશોર મનને પ્રફુલ્લિત કરતો હતો. મંદમંદ વાતા પવનથી ફૂલોની સુવાસ પણ બગીચામાં ચોમેર ફેલાતી હતી. બગીચામાં આવેલા રંગબેરંગી ફુવારાઓ સુંદર દશ્યો અને અવનવા આકારો સર્જતા હતા અને વાતાવરણને ઠંડું તેમજ તાજગીભર્યું બનાવતા હતા. એક બાજુ માળી બગીચાનાં ફૂલછોડને પાણી પીવડાવી રહ્યો હતો.

બગીચામાં માનવોનો મેળો જામ્યો હતો. બાળકો, યુવાનો, વૃદ્ધો વગેરે બગીચાની તાજગી માણતાં હતાં. ઠેરઠેર ગોઠવેલા બાંકડા પર કે લૉન પર બેસીને કેટલાક લોકો વાતો કરતા હતા. બાળકો અને યુવાનોનાં રંગબેરંગી વસ્ત્રોને કારણે બગીચાની શોભા વધી જતી હતી. બગીચાના એક ખૂણે કેટલાંક બાળકો હીંચકા, લપસણી, ચીચવો, સીડી વગેરે સાધનો પર રમવામાં મશગૂલ હતાં.

બગીચામાં ફરતાંફરતાં અમે જોયું તો 'ફૂલ તોડવાની મનાઈ છે' એવું પાટિયું હોવા છતાં કેટલાક લોકો છોડ પરથી ફૂલ તોડતા હતા. મને કલાપીની પંક્તિ યાદ આવી :

"સૌંદર્યો વેડફી દેતાં, ના ના સુંદરતા મળે;
સૌંદર્ય પામતાં પહેલાં સુંદર બનવું પડે."

એક ઠેકાણે કેટલાક લોકો ટોળે વળીને જુગાર રમતા હતા પણ ત્યાં જ પોલીસ આવતાં એ લોકો ભાગી ગયા. મને થયું, આવા સૌંદર્યથી શોભતા બગીચામાં બેસીને જુગાર રમવો એ તો સૌંદર્યનું હડહડતું અપમાન છે!

ખૂબ ફર્યા પછી અમે એક ઘટાદાર વૃક્ષ નીચે બેઠા અને થોડા સમય પછી બગીચાની બહાર આવ્યાં.

બગીચાની બહાર ખાણીપીણીના અનેક સ્ટૉલ હતા તેમજ ખૂમચાવાળા ફેરિયાઓ પણ હતા. ત્યાં અનેક લોકોની ભીડ જામી હતી. અમે પાણીપૂરી અને ભેળપૂરી ખાધાં. ત્યારપછી અમે ઘર તરફ પાછાં ફર્યાં.

શહેરમાં ગીચ વસ્તી વચ્ચે આવેલા અને પ્રકૃતિનો પરિચય કરાવતા આવા બગીચાઓ સાચે જ તનને તંદુરસ્તી અને તાજગી આપનારા તથા મનને પ્રફુલ્લિત કરનારા હોય છે.

33. રાષ્ટ્રીય ઉદ્યાન(નૅશનલ પાર્ક)ની મુલાકાતે

[મુદ્દા : પ્રસ્તાવના – રાષ્ટ્રીય ઉદ્યાનનો પરિચય – રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાતનું વર્ણન અને તેના પ્રતિભાવ – ઉપસંહાર]

દેશના ઔદ્યોગિક વિકાસની સાથેસાથે કુદરતી સંપત્તિનો આડેધડ નાશ થવા લાગ્યો, પરિણામે આપણા પર્યાવરણનું સંતુલન નષ્ટ થવા લાગ્યું. જંગલોના નાશની સાથે પ્રાણીઓનું જીવન પણ ભયમાં મુકાયું. સરકારે વન્ય પશુપંખીઓની રક્ષા કરવા માટે દેશમાં અનેક રાષ્ટ્રીય ઉદ્યાનો વિકસાવ્યા છે.

રાષ્ટ્રીય ઉદ્યાનને 'અભયારણ્ય' પણ કહે છે. અભયારણ્ય એટલે એવું અરણ્ય (જંગલ) જેમાં કોઈ ભય ન હોય. અહીં જંગલનાં પ્રાણીઓ અને પક્ષીઓ નિર્ભય બનીને મુક્તજીવન જીવી શકે. તેઓને જંગલો, સરોવરો, ટેકરીઓ, વનસ્પતિ વગેરેનું કુદરતી વાતાવરણ અહીં મળી રહે છે. અહીં શિકાર કરવાની સખત મનાઈ હોય છે. પ્રાણીઓના રક્ષણની અહીં પૂરતી તકેદારી રાખવામાં આવે છે.

દિવાળીની રજાઓમાં અમે એક રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાતે ગયા હતા. મારા પિતાજીના મિત્ર અહીં નોકરી કરે છે. તેઓ અમને એક મોટરમાં બેસાડી ઉદ્યાનની સફરે લઈ ગયા. અહીંની દુનિયા તદ્દન નિરાળી હતી. નાનીનાની ટેકરીઓ, ઊંચાંઊંચાં ઘટાદાર વૃક્ષો, લીલાછમ ઘાસથી છવાયેલી ભૂમિ, ખળખળ વહેતાં ઝરણાં, ઠેરઠેર નાનાંનાનાં તળાવો વગેરેનું સૌંદર્ય તનમનને પ્રફુલ્લિત કરતું હતું. મને તો કવિશ્રી ઉમાશંકર જોશીની આ પંક્તિ યાદ આવી :

"સૌંદર્યો પી ઉરઝરણ પછી ગાશે આપમેળે."

અહીં અમે જુદાજુદા પ્રકારનાં અનેક પક્ષીઓ જોયાં. મારા પિતાજીના મિત્રે અમને ઘણાં પક્ષીઓની ઓળખ આપી. ચકલી, પોપટ, કબૂતર, મોર, કાગડા, કોયલ, શાહમૃગ ઉપરાંત બતક, હંસ, જળકૂકડી વગેરે જળચર પક્ષીઓ કેવાં મુક્ત રીતે હરતાં-ફરતાં-તરતાં અને ગાતાં હતાં !

અહીં અમને સસલાં જેવાં બીકણ પ્રાણીઓનાં ઝુંડ જોવા મળ્યાં તો હરણાં નિરાંતે ચરતાં કે આમતેમ ભાગતાં દેખાયાં. અહીં અમને વાઘ, ચિત્તા, વરુ, શિયાળ વગેરે જંગલી પ્રાણીઓ પણ જોવા મળ્યાં. આટલાં બધાં પ્રાણીઓ અહીં મુક્ત અને નિર્ભયપણે રહેતાં હતાં. હાથીનાં તો ટોળેટોળાં જોવા મળ્યાં. એક તળાવની પાસે ઊભેલો એક હાથી સૂંઢ વડે પોતાના શરીર પર પાણી છાંટતો હતો. એટલામાં અમને દૂર પસાર થતો એક વાઘ દેખાયો. અમે દૂરથી વાઘનો ફોટો પાડ્યો. ચિત્તા અને વરુ અમારી પાસેથી પસાર થતાં ઘડીભર ભયથી મારા શ્વાસ અટકી ગયા. શરીરમાંથી એક લખલખું પસાર થઈ ગયું પણ પછી કશોક રોમાંચ પણ અનુભવાયો. અહીં પ્રાણીઓને મુક્ત રીતે વિહરતાં જોવાનો લહાવો ખરેખર અણમોલ હતો. વાઘની ગર્જના સાંભળીને કેટલાંક પ્રાણીઓની દોડધામ વધી જતી હતી.

મારા પિતાજીના મિત્રે અમને અહીંની સમગ્ર વ્યવસ્થા અંગે વિસ્તૃત માહિતી આપી. અમે પણ તેમને કેટલાક પ્રશ્નો પૂછી માહિતી મેળવી. અહીં કેટલાક પક્ષીપ્રેમીઓ અને પ્રાણીપ્રેમીઓ આવે છે અને પક્ષીઓ તેમજ પ્રાણીઓનું અવલોકન કરી રસપ્રદ માહિતી એકઠી કરે છે. અહીંના નૈસર્ગિક વાતાવરણમાં આટલી મોટી સંખ્યામાં પક્ષીઓ અને પ્રાણીઓને જોવાં એ ખરેખર રોમાંચક પ્રસંગ હતો. અહીંનું વાતાવરણ અને વ્યવસ્થા જોઈ મને ખૂબ આનંદ થયો.

અમે પાંચ કલાક ઉદ્યાનમાં ફર્યા પછી વિદાય લીધી. મને અહીંનું પર્યાવરણ એટલું બધું ગમી ગયું કે મને થયું, વારંવાર અહીં આવતા રહીએ તો?

34. રેલવે-સ્ટેશને એક કલાક

[મુદ્દા : પ્રસ્તાવના – પ્લૅટફૉર્મ બહારનું દૃશ્ય – પ્લૅટફૉર્મ પરનું દૃશ્ય – આગગાડી આવતાં સર્જાતું દૃશ્ય – ઉપસંહાર]

રવિવારનો દિવસ હતો. મારા કાકા સપરિવાર મુંબઈથી અમદાવાદ આવવાના હતા. હું મારા પિતાજી સાથે કાકાને તેડવા સવારે સાત વાગ્યે સ્ટેશને પહોંચ્યો.

અમદાવાદના વિશાળ રેલવે-સ્ટેશનની બહાર વાહનોની ખૂબ ભીડ હતી. તેમાં રિક્શાઓ અને ટેક્સીઓ હારબંધ ઊભેલી હતી. સામે જ વિશાળ જગ્યામાં ખાનગી વાહનો સાઇકલો, સ્કૂટરો, મોટરો વગેરે પાર્ક કરેલાં હતાં. વાહનોની અવરજવર સતત ચાલુ જ હતી. સ્ટેશનના ટાવરનું વિશાળ ઘડિયાળ સવારના સાતનો સમય બતાવતું હતું. સ્ટેશન પર હારબંધ અનેક ટિકિટબારીઓ હતી. ત્યાં મુસાફરોની લાંબી કતારો લાગેલી હતી. દીવાલ પર અંગ્રેજી, ગુજરાતી અને હિંદી ભાષાઓમાં રેલવે સમયપત્રકનાં પાટિયાં લગાવેલાં હતાં. રેલવે-સ્ટેશન પર પૂછપરછ બારી, પ્રતીક્ષાખંડ, બાંકડા, કચરાપેટીઓ, વજનકાંટો વગેરે હતાં.

અમે પ્લૅટફૉર્મ ટિકિટ ખરીદી અને એક નંબરના પ્લૅટફૉર્મ પર ગયા. ગાડી આવવાનો સમય થઈ ગયો હતો એટલે લોકોની ભીડ પણ ખૂબ હતી. એવામાં જાહેરાત થઈ કે મુંબઈથી આવતી ગાડી અડધો કલાક મોડી છે. આથી અમને પ્લૅટફૉર્મ પર આમતેમ આંટા મારવાનો મોકો મળ્યો. પ્લૅટફૉર્મ પર ઠેરઠેર બાંકડા, ચા-નાસ્તાના સ્ટૉલ, છાપાં અને સામયિકોના સ્ટૉલ, પાણીના નળ વગેરે હતા. દરેક સ્ટૉલ પર લોકોની ભીડ હતી. લાલ પાઘડી અને લાલ શર્ટ પહેરેલા કુલીઓ માથા પર સામાન ઊંચકીને આવતાજતા હતા. કેટલાક કુલીઓ ઠેલણગાડીઓ લઈને દોડતા હતા. સ્ટેશન પર ઘોંઘાટનું વાતાવરણ હતું. આવા ઘોંઘાટમાં પણ કેટલાક લોકો બાંકડા પર બેઠાંબેઠાં કે સામાન પર માથું ટેકવીને આરામથી ઊંઘતા હતા!

સ્ટેશન પરનું વાતાવરણ જોઈને મને કવિ સુન્દરમ્‌ની '13-7ની લોકલ' કવિતાની કેટલીક પંક્તિઓ યાદ આવી. તેમાં કવિએ ધસમસતી આવતી ટ્રેનનું કેવું સુંદર શબ્દચિત્ર આલેખ્યું છે!

"ગામડા ગામના ભોળા ખેડૂના દેણની સમી
ક્ષણમાં વાધતી આવે ધોડતી પ્લટફાર્મમાં
ફૂંફાડે, હાંફતી, મોટા સીત્કારાઓ ડરામણા
કરતી ઉગ્ર છીંકાટા વંઠેલી ભેંસના સમી."

કવિએ ટ્રેનની સીટીને કવિ કઈ રીતે વર્ણવે છે? –

**"ફરૂરે ગાર્ડની સીટી ખિસ્કોલી જેમ ખાખરે,
અને ત્યાં ઊપડી જાતી એમ તે ગાડી આખરે."**

આમ, આ પંક્તિઓ મારા મનમાં રમતી હતી ત્યાં જ મુંબઈથી ગાડી આવી રહી છે તેવી જાહેરાત થઈ. ગાડી ઊભી રહેતાં જ મુસાફરો પોતાના સામાન સાથે ઊતરવા તૈયાર થઈ ગયા અને ધક્કામુક્કી શરૂ થઈ. ગાડીમાંથી સામાન સાથે ઊતરનારા મુસાફરો શાંતિથી ઊતરી શકતા ન હતા. તેમાં વળી કેટલાક કુલીઓ ધક્કા મારીને ડબ્બામાં ઘૂસવા લાગ્યા. બાળકો અને વૃદ્ધોની તો દશા બેઠી હતી.

એક ડબ્બામાંથી મારા કાકા ઊતરતા હતા. મારી નજર તેમના ઉપર પડી. મારા કાકા અને તેમના પરિવારનું અમે સ્વાગત કર્યું. મારાં કાકી અને તેમની દીકરી તો મને ભેટી જ પડ્યાં!

અમે સ્ટેશન બહાર આવ્યાં અને ટેક્સીમાં બેસીને ઘેર આવ્યાં. મને વિચાર આવ્યો કે રેલવે દ્વારા મુસાફરો માટે સગવડો વધારવી જોઈએ અને લોકોએ પણ રેલવે-સ્ટેશને વ્યવસ્થા જાળવવી જોઈએ.

35. મને બોલાવે મારું માદરે વતન

[મુદ્દા : પ્રસ્તાવના – જનની અને જન્મભૂમિ – મારું ગામ – ગ્રામજીવન – ગામ સાથેનાં સ્મરણો – હાલનું વ્યસ્ત જીવન – વતન માટેનો ઝુરાપો]

'जननी जन्मभूमिश्च, स्वर्गादपि गरीयसि।' એટલે કે જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે. જન્મભૂમિ એટલે વતન, માતૃભૂમિ, માદરે વતન.

મયો નદીની ગોદમાં વસેલું કાંકણપુર ગામ, એ મારું માદરે વતન છે. તે પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં આવેલું છે. ગામની વસ્તી પાંચેક હજારની હશે. ગામની વચ્ચે એક નાનું બજાર આવેલું છે. ગામની પાદરે એક તળાવ અને તેને કિનારે એક શિવમંદિર આવેલું છે.

ગામની એમ. જી. શાહ હાઈસ્કૂલમાં હાયર સેકંડરી સુધી શિક્ષણ આપવામાં આવે છે. અહીં હાયર સેકંડરી સુધીનો અભ્યાસ પૂરો કર્યા પછી કૉલેજનું શિક્ષણ લેવા માટે મારે અમદાવાદ જવું પડ્યું. સારી કારકિર્દી ઘડવા માટે મને અમદાવાદ ઘણું સારું લાગ્યું. મેં અમદાવાદની એસ. વી. આર્ટ્સ કૉલેજમાં પ્રવેશ લીધો અને સાથેસાથે એક વકીલની ઑફિસમાં નોકરી શરૂ કરી. હું સવારે 7:30થી 10:30 સુધી કૉલેજમાં વર્ગો ભરતો અને 11:00થી 7:00 દરમિયાન નોકરી કરતો.

નોકરીમાંથી રજા મળે ત્યારે હું મારા ગામમાં દોડી જતો. ત્યાં મમ્મીપપ્પા અને ભાઈબહેનોની સાથે રહેવા મળતું. પછી પાછા શહેરમાં જઈ અભ્યાસ અને નોકરીમાં

જોતરાઈ જવું પડતું. શરૂઆતમાં મને મારા ખર્ચ જેટલી રકમ મળી રહેતી હતી. સમય જતાં મારો પગાર વધતો ગયો પછી બચત પણ થવા લાગી. હું પ્રસંગોપાત્ત પપ્પાને મદદરૂપ પણ થઈ શકતો હતો. મમ્મી-પપ્પા મારી પ્રગતિથી ખુશ હતાં. મેં નોકરી કરતાં કરતાં જ બી. એ. અને એલ. એલ. બી.નો અભ્યાસ પૂરો કર્યો. અભ્યાસ પૂરો થતાં મેં પણ એક ઑફિસ લીધી અને વકીલાત શરૂ કરી. સમય જતાં મારી વકીલાત સારી પેઠે જામી ગઈ. પછી તો કામકાજ એટલું વધી ગયું કે વતનમાં જવાનું લગભગ બંધ જ થઈ ગયું. શહેરની કાળઝાળ મોંઘવારીમાં અને ધંધાની ગળાકાપ હરીફાઈમાં ટકી રહેવા માટે રાત-દિવસ મહેનત કરવી પડતી. આમ ને આમ વર્ષો વહી ગયાં.

સદ્નસીબે મારું કામકાજ સારું ચાલે છે. રહેવા માટે આલિશાન ઘર મળ્યું છે. હરવા-ફરવા માટે સરસ મજાની કાર છે અને મારો નાનકડો અને સુખી પરિવાર છે. આવી સુખ-સાહેબીમાં રહેવા છતાં ઘણી વાર મન ઉદાસ થઈ જાય છે. પરિવાર અને મિત્રો સાથે હોઉં તોપણ ઘર ખાલી ખાલી લાગે છે. ભાણામાં મનગમતી વાનગીઓ હોય છતાં જમવાનું ગમે જ નહીં ! કોઈ વાર દૂરથી આવતા સંગીતના સૂરો મને બેચેન બનાવી મૂકે !

એવું લાગે છે કે દૂરદૂરથી મારું માદરે વતન જાણે કે મને ક્યારનું પોકારી રહ્યું છે. હું તો મારા ભણતરમાં અને ધંધામાં એવો ડૂબી ગયો કે મને મારું વતન યાદ જ ન આવ્યું. પણ મારું વહાલું માદરે વતન મને કદી ભૂલે ખરું? શી ખબર કેટલાંય વર્ષોથી એ મને બોલાવી રહ્યું છે.

મારા ગામની કલકલ વહેતી મયો નદી, કમળોથી છવાયેલું તળાવ, ગામની શેરીઓ, મંદિર, મારા ભાઈબંધો, પ્રેમાળ વડીલો, એકસાથે મને સાદ પાડી રહ્યાં છે. મને રહીરહીને મારા માદરે વતનનો પરિચિત સાદ સંભળાઈ રહ્યો છે. જલ્દીમાં જલ્દી માદરે વતન પહોંચી જવા મારું મન અધીરું બની ગયું છે. મારા અંતરમાં રહીરહીને એક જ નાદ પડઘાય છે, 'મને બોલાવે મારું માદરે વતન.'

36. શ્રમશિબિર અથવા શ્રમશિબિરના મારા અનુભવો

[મુદ્દા : પ્રસ્તાવના – શ્રમશિબિરનું આયોજન – શ્રમશિબિરની દૈનિક પ્રવૃત્તિઓ – શ્રમશિબિરના અનુભવો – ઉપસંહાર]

શરીર અને મનના સ્વાસ્થ્ય માટે, તેમજ અન્ય કાર્યોની સિદ્ધિ માટે શ્રમનો મહિમા સૌ કોઈ જાણે છે. જો કે આજે શ્રમનો મહિમા ઘટ્યો છે – ખાસ કરીને ધનિકો, ભદ્રજનો, શિક્ષિતો તેમજ ગૃહિણીઓમાં શ્રમ પ્રત્યે અણગમો વધતો જાય છે. આ સૂત્રને દૂર કરવા શાળા-મહાશાળાઓમાં જીવનશિક્ષણના એક ભાગરૂપે શ્રમશિબિરોનું આયોજન કરવામાં આવે છે.

આ વરસે દિવાળીની રજાઓમાં અમારી શાળા દ્વારા શ્રમશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. અમારી શાળામાંથી 48 વિદ્યાર્થીઓ અને 4 શિક્ષકો આ શ્રમશિબિરમાં જોડાયા હતા. અમે બસ દ્વારા નજીકના એક ગામમાં ગયા. એ ગામની નિશાળના વિશાળ ચોગાનમાં અમે બે તંબુ ઊભા કર્યા. એક તંબુ વિદ્યાર્થીઓ માટે અને બીજો વિદ્યાર્થિનીઓ માટે. અમારે એક અઠવાડિયા સુધી આ તંબુમાં જ રહેવાનું હતું.

અમારા શિક્ષકે સાપ્તાહિક કાર્યક્રમની અમને સમજ આપી. અમારા માટે સવારથી સાંજ સુધીનો ભરચક કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો. અમે સવારે પાંચ વાગ્યે ઊઠી, સમૂહમાં બેસીને પ્રભાતિયાં ગાતાં હતાં. પછી બ્રશ કરીને સફાઈયજ્ઞમાં જોડાતાં. હાથમાં સાવરણા અને ટોપલા લઈને અમે ગામમાં જતાં. ગામની શેરીઓ અને રસ્તાઓની સફાઈ કરતાં. કચરો એકઠો કરીને ટોપલામાં ભરી લેતાં અને તેને ઉકરડાઓમાં નાખી આવતાં. એક કલાક સફાઈ કામ કર્યા પછી અમે નહાવાધોવાનું કામ આટોપી લેતાં. પછી અમારામાંથી કેટલાંક ભાઈબહેનો રસોઈ બનાવતાં અને કેટલાંક ગામનાં બાળકોને ભણાવતાં અને તેમની સાથે વાતો કરતાં. બપોરે ભોજન કરીને અમે આરામ કરતાં. રસોઈનાં વાસણો અમે અમારી જાતે જ સાફ કરતાં હતાં. સાંજે ત્રણથી છના સમય દરમિયાન અમે ગામથી બસસ્ટેન્ડ સુધીનો રસ્તો બનાવવાની કામગીરી કરતાં હતાં. એ ધૂળિયો રસ્તો ખોદી કાઢી તેમાં મોટા પથ્થર અને કપચીનું અમે પુરાણ કરતાં. એમાં અમારા શિક્ષકો અમને સતત માર્ગદર્શન આપતા હતા. અમારા કામમાં ગામલોકો પણ હોંશેહોંશે જોડાયા. આથી અમારો ઉત્સાહ ખૂબ વધી ગયો. થાકી જવા છતાં કામ કરવામાં અમને આનંદ મળતો.

રાત્રિભોજન પછી ત્યાંની શાળામાં અમે જુદાજુદા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજતાં. એમાં ગામલોકો મોટી સંખ્યામાં હાજરી આપતા. એક દિવસ અમે ગરબારાસ રજૂ કર્યા. એક દિવસ અમે ભજનનો કાર્યક્રમ રાખ્યો. પૂનમની અજવાળી રાતે અમે ગામનાં બાળકો સાથે જાતજાતની રમતો રમ્યાં. એક દિવસ ગામની બહેનો સાથે અમે લગ્નગીતોનો કાર્યક્રમ પણ રાખ્યો. આમ, અમારું એક અઠવાડિયું જોતજોતામાં પસાર થઈ ગયું. એ દરમિયાન ગામનો રસ્તો પણ તૈયાર થઈ ગયો. અમારા શ્રમશિબિરનું આ એક ઉમદા પરિણામ હતું.

અમારી શ્રમશિબિર દરમિયાન અમને કેટલાક વિશિષ્ટ અનુભવો થયા હતા. એક અઠવાડિયા સુધી અમે રેડિયો પરથી ગીતો સાંભળ્યાં નહિ અને ટીવીના કાર્યક્રમો જોયા નહિ. અમે છાપું પણ વાંચ્યું નહિ. અમે આ સાત દિવસ દરમિયાન ફક્ત ગામલોકોના સંપર્કમાં રહ્યાં. અમે તેમની રહેણીકરણી અને તેમના રીતરિવાજોની માહિતી મેળવી. સફાઈ અને શ્રમયજ્ઞ વડે અમે સ્વાશ્રય અને સ્વાવલંબનના પાઠો શીખ્યા. એક અઠવાડિયામાં અમે ગામની રોનક બદલી નાખી. અમારી સાત દિવસની જહેમતથી ગામ ચોખ્ખુંચણાક થઈ ગયું હતું. 'જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા' એ પાઠ ગામલોકોને અમે શીખવ્યો. ગામલોકોએ

[illegible]

[illegible]

37. ગાડીના બીજા વર્ગની મુસાફરી

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

લાગ્યા. કેટલાક ઉતારુઓ આવી ભીડમાં પણ મોજથી ઊભા હતા. કેટલાક ઉતારુઓ ગાડીના ડબ્બાના બારણા આગળ બેઠા હતા. ડબ્બામાં જાતજાતના ઉતારુઓ હતા. અમીરગરીબ, શેઠ, નોકર, શ્રમજીવી, વકીલ, ડૉક્ટર, વેપારી, શિક્ષક, શહેરી, ગ્રામીણ – તમામ વર્ગના મુસાફરો એકસાથે પ્રવાસ કરી રહ્યા હતા.

ગાડીના ડબ્બાઓમાં ફેરિયાઓ અને ભિખારીઓની વણજાર સતત ચાલુ હતી. ચણાની દાળવાળા, ચાવાળા, ઠંડા પાણીવાળા, ભેળવાળા, સફરજનવાળા, ચીકુવાળા વગેરે તેમના ચિત્રવિચિત્ર અવાજોથી ઉતારુઓનું ધ્યાન ખેંચતા હતા. આટલી ભીડમાંથી પણ તેઓ પોતાનો માર્ગ કરી લેતા અને ખાદ્યસામગ્રી વેચીને થોડું રળી લેતા. કેટલાક ઉતારુઓ આટલી ભીડમાં પણ તેમની પાસેથી ખાદ્યસામગ્રી ખરીદીને નિરાંતે આરોગી રહ્યા હતા. કેટલાક ભિખારીઓ અને બૂટપૉલિશવાળા ઉતારુઓનું ધ્યાન ખેંચવા ઘણી મહેનત કરતા હતા. તેમનાં ગંદાંગોબરાં શરીર અને મેલાંઘેલાં કપડાં જોઈને સૂગ ચડતી. કેટલાક ઉતારુઓ ગાડીના ડબ્બામાં જ ફળોના ઠળિયા તથા છાલ નાખીને ચારે બાજુ ગંદકી કરતા હતા. એમને શું કહેવું?

ગાડીમાં કેટલાક સમજદાર લોકો પણ હતા. તેમણે બાળકોને, બહેનોને તથા વૃદ્ધોને બેસવાની જગ્યા કરી આપી હતી. અમારે તો છેક સુરત સુધી ઊભાં ઊભાં જ જવું પડ્યું.

હિન્દુસ્તાનમાં આગગાડીની શરૂઆત થઈ ત્યારથી સામાન્ય મુસાફરોની હાડમારી એવી જ રહી છે. રેલવેતંત્રને રેલયાત્રા દ્વારા ભાડાની અઢળક આવક થાય છે. આપણી જ સરકાર હોવા છતાં, ગાડીની મુસાફરીની સુવિધાઓમાં સંતોષકારક સુધારો કરવામાં આવતો નથી. રેલવેતંત્ર અને સરકાર આ દિશામાં ક્યારે વિચારશે?

38. એક સૌંદર્યધામની મુલાકાતે

[મુદ્દા : પ્રસ્તાવના – પ્રવાસવર્ણન – ઉપસંહાર]

"સૌંદર્યો વેડફી દેતાં, ના ના સુંદરતા મળે;
સૌંદર્ય પામતાં પહેલાં સુંદર બનવું પડે." *–કલાપી*

દરેક માનવી સૌંદર્યપ્રેમી હોય છે. ઉષાસંધ્યાના રંગો, બગીચામાં ખીલેલાં પુષ્પો, ચોમાસામાં હરિયાળા ઘાસથી મઢેલી ધરતી, ખેતરોમાં લહેરાતો લીલોછમ મોલ, પૂનમની રઢિયાળી રાત, બાળકનું મધુર સ્મિત વગેરેનું દર્શન માનવીના તનમનને પ્રફુલ્લિત કરી મૂકે છે. કોઈક સૌંદર્યધામની મુલાકાત પણ આવી જ આનંદદાયક બની રહે છે.

અમે કેટલાક વિદ્યાર્થીઓ દિવાળીની રજાઓમાં જૂનાગઢના પ્રવાસે ગયા હતા. ત્યાં અમે નરસિંહ મહેતાનો ચોરો, દામોદર કુંડ, ઉપરકોટ, રાણકદેવીનો મહેલ, અશોકનો શિલાલેખ

વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી. આ સ્થળોમાં અમને જૂનાગઢના ભવ્ય ભૂતકાળનાં દર્શન થયાં. અમારા આ પ્રવાસનો મુખ્ય હેતુ ગિરનાર પર્વતનું આરોહણ કરવાનો હતો. રાત્રે અમે એક ધર્મશાળામાં રોકાણ કર્યું. અહીં રહેવાજમવાની વ્યવસ્થા ઘણી સારી હતી. બીજે દિવસે સવારે અમે ગિરનાર ચડવાનું નક્કી કર્યું હતું. ગિરનાર ચડવા માટે હું ખરેખર થનગની રહ્યો હતો. સવારે ચાર વાગ્યે અમે ઊઠી ગયાં અને પ્રાતઃક્રિયા પતાવીને આશરે પાંચ વાગ્યે ગિરનાર પર ચડવાનું શરૂ કર્યું.

રાત્રિનો અંધકાર હજુ દૂર થયો નહોતો. વીજદીવાના પ્રકાશને સથવારે અમે પગથિયાં ચડતા હતા. પવન ખૂબ ઠંડો હતો. અમારામાંથી કેટલાક વિદ્યાર્થીઓએ ટેકો લેવા માટે લાકડીઓ સાથે લીધી હતી. વાતાવરણ ખુશનુમા હતું. અમે લગભગ બસો જેટલાં પગથિયાં ચડ્યા ત્યારે વાતાવરણ ઠંડું હોવા છતાંય અમને પરસેવો થવા લાગ્યો. ભળભાંખરું થયું. ધીમેધીમે સૂર્યોદય થયો. આકાશમાં રેલાઈ રહેલા ઉષાના રંગોને લીધે અદ્ભુત સૌંદર્ય પ્રસરવા લાગ્યું. આ સુંદર દૃશ્ય જોઈને અમે ધન્ય થયા. આસપાસનું પ્રાકૃતિક સૌંદર્ય અમારા તનમનને તાજગી આપતું હતું. નીચે દૂરદૂર વહેતી નદીઓ પાણીના લિસોટા જેવી લાગતી હતી. જૂનાગઢ શહેરનાં મકાનો ટપકાં જેવાં દેખાતાં હતાં. થોડી વાર પછી અમે જૈન દેરાસરના પ્રાંગણમાં આવી પહોંચ્યા. વિશાળ જગ્યામાં સફેદ આરસપહાણના પથ્થરો વડે દેરાસરની રચના કરવામાં આવી હતી. અહીં જૈન ધર્મના ચોવીસ તીર્થંકરોની પ્રતિમાઓ મૂકવામાં આવી છે. ભગવાન મહાવીરની પ્રતિમા અતિ ભવ્ય છે. દેરાસરનું ઝીણું નકશીકામ પણ જોવાલાયક છે. અહીં પરમ શાંતિનો અનુભવ થાય છે. અમે થોડી વાર સુધી દેરાસરના પરિસરમાં બેસીને શાંતિનો અદ્ભુત અનુભવ કર્યો. અહીં અમને એવી નિરાંત લાગતી હતી કે આગળ જવાનું મન થતું ન હતું, પરંતુ અમારે નિયત સમયે પાછા ફરવાનું હતું. તેથી અમે ફરીથી ચડવાનું શરૂ કર્યું અને થોડી વારમાં અંબાજી માતાના મંદિરે આવી પહોંચ્યા. અંબાજીનાં દર્શન કરીને અમે દત્તાત્રેયનાં પગલાં પાસે આવ્યા. અહીં અમને જાણીતી કાવ્યપંક્તિ યાદ આવી :

"ઊંચો ગઢ ગિરનાર, વાદળથી વાતો કરે."

અહીં થોડી વાર સુધી રોકાઈને અમે આસપાસના પ્રાકૃતિક સૌંદર્યને મન ભરીને માણ્યું. અહીં અમે કેટલાક ફોટા પાડ્યા પછી અમે નીચે ઊતરવાનું શરૂ કર્યું. નીચે ઊતરતી વખતે અમારે સાચવી સાચવીને અમારા પગ મૂકવા પડતા હતા. છેક બપોરે અમે તળેટીમાં આવી પહોંચ્યા. ત્યાં બપોરનું ખાણું લીધા બાદ અમે જૂનાગઢથી વિદાય થયા.

આજે પણ ગિરનારનું પ્રાકૃતિક સૌંદર્ય અને તેના મથાળે આવેલા દેરાસરનું કલાસૌંદર્ય મને આમંત્રણ આપી બોલાવી રહ્યું હોય એવું લાગે છે. મારું મન ઘણીયે વાર ત્યાં જવા માટે થનગની ઊઠે છે.

39. એક યાત્રાધામની મુલાકાતે

[મુદ્દા : પ્રસ્તાવના – સૌરાષ્ટ્ર પ્રવાસ – મંદિરનું વર્ણન – દર્શન – અન્ય તીર્થસ્થાનોનું વર્ણન – નવીન અનુભવ – ઉપસંહાર]

દર વરસે દિવાળીની રજાઓમાં અમે સહકુટુંબ પ્રવાસે જઈએ છીએ. આ રીતે અમે ઉત્તર ભારત, દક્ષિણ ભારત, મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોના પ્રવાસો કર્યા છે. દરેક પ્રદેશમાં ઘણાં યાત્રાધામો હોય છે, પરંતુ ગુજરાતના ઇતિહાસમાં ગૌરવશાળી યાત્રાધામ સોમનાથની મુલાકાત મને હંમેશાં યાદ રહેશે.

આ વરસે અમે સૌરાષ્ટ્રના પ્રવાસે ગયાં હતાં. અમે જામનગર, દ્વારકા, બેટદ્વારકા, પોરબંદર, શારદાગ્રામ, ચોરવાડ વગેરેની મુલાકાત લઈ ચોથા દિવસે સોમનાથ પહોંચ્યાં.

ઘૂઘવાતા દરિયાકિનારે વિશાળ જગ્યામાં સોમનાથનું ભવ્ય મંદિર આવેલું છે. તેના વિશાળ પટાંગણમાં ભારતના શિલ્પી સરદાર પટેલનું ભવ્ય બાવલું છે. તેની ચોતરફ નાનકડો સુંદર બગીચો છે. તે પછી સોમનાથ ભગવાનનું પ્રાચીન મંદિર છે. આઝાદી પછી તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. આજે ત્યાં અતિ ભવ્ય મંદિરનું નિર્માણ થયું છે. મંદિરની બહાર અને અંદરની કોતરણી ઊડીને આંખે વળગે તેવી છે.

અમે સાંજની આરતી વખતે મંદિરમાં ગયાં હતાં. ભવ્ય શિવલિંગ પર બીલીપત્ર તથા પુષ્પ ચઢાવેલાં હતાં. ભારતનાં બાર જ્યોતિર્લિંગમાંનું આ એક ભવ્ય જ્યોતિર્લિંગ છે. મંદિરના ગર્ભગૃહમાં અને બહાર અનેક દર્શનાર્થીઓની ભીડ જામી હતી. સમય થતાં આરતી શરૂ થઈ. અમે પણ આંખો બંધ કરીને આરતી ગાવા લાગ્યાં. ઝાલર અને ઘંટનાદથી સર્જાયેલું ભક્તિમય વાતાવરણ મનને શાંતિ આપતું હતું. આરતી પછી પણ અમે કેટલોક સમય મંદિરમાં બેઠા અને શાંતચિત્તે મહાદેવનું ધ્યાન ધર્યું. પછી અમે મંદિરની પ્રદક્ષિણા કરી. ત્યારબાદ અમે મંદિરની પાછળ આવેલા દરિયાકિનારાના ઘાટ પર બેઠા અને ઘુઘવાટા કરતા દરિયાની ભવ્યતાનાં દર્શન કર્યાં.

બીજે દિવસે સવારે અમે સોમનાથનાં અન્ય તીર્થસ્થાનોનાં દર્શને ગયાં. ગીતામંદિરની દીવાલો પર ગીતાના શ્લોકો લખેલા છે. અહીં રાધાકૃષ્ણની ભવ્ય અને સુંદર મૂર્તિઓ છે. તેની પાસેના ત્રિવેણીસંગમમાં અમે સ્નાન કર્યું.

સામાન્ય રીતે તીર્થસ્થાનોની આસપાસના વિસ્તારમાં ગીચતા, ગંદકી અને ભારે કોલાહલ જોવા મળે છે. પરંતુ સોમનાથ મંદિરમાં અમને સ્વચ્છતા અને સુંદર વ્યવસ્થાનાં દર્શન થયાં. વળી, કેટલાંક મંદિરોમાં દર્શન કે પૂજાપાઠ કરાવવા, પૂજાની સામગ્રીની ખરીદી કરાવવા દર્શનાર્થીઓ પર જોહુકમી થાય છે તેવો કડવો અનુભવ અહીં અમને ન થયો.

કુદરતી વાતાવરણનાં આવાં સુંદર તીર્થસ્થાનોથી તનને તાજગી અને મનને દિવ્ય શાંતિનો અનુભવ થાય છે.

હવેથી પોતાના ગામને ચોખ્ખું રાખવાનો સંકલ્પ કર્યો. સાત દિવસનો શ્રમશિબિર પૂરો થતાં અમે સૌ અમારે ઘેર પાછાં ફર્યાં.

વિદ્યાર્થીઓને સ્વાવલંબન અને સ્વાશ્રયની તાલીમ આપવા માટે દરેક શાળાએ આવી શ્રમશિબિરો અવારનવાર યોજવી જોઈએ.

37. ગાડીના બીજા વર્ગની મુસાફરી

[મુદ્દા : પ્રસ્તાવના – ગાડીની મુસાફરીનો પ્રસંગ – પ્લૅટફૉર્મ પરનું દશ્ય – ગાડી આવતાં રચાતું દશ્ય – ડબ્બાની અંદરનું દશ્ય – ઉપસંહાર]

સમાજ વિલક્ષણ અને વૈવિધ્યપૂર્ણ જીવનપરંપરાઓ ધરાવનારા લોકોનો બનેલો છે. આ લોકોમાંના ઘણા થોડાક કલાકો માટે, ગાડીના બીજા વર્ગમાં મુસાફરીવેળા મળે છે. એમની સાથેના અનુભવો ખરેખર તો જીવનની કેળવણીનો પ્રવાસ બની રહે છે.

મારા કાકાને ઑફિસના કામથી વડોદરા-સુરત વચ્ચે અવારનવાર આવ-જા કરવી પડે છે. તેથી તે ગાડીની મુસાફરીથી ટેવાઈ ગયેલા છે. તેમાંય અપ-ડાઉન કરનારા લોકો માટે ખાસ શરૂ કરાયેલી મેમૂ ટ્રેનના પાસનું ભાડું ઓછું થાય છે; તેથી તે હંમેશાં મેમૂ ટ્રેનમાં જ મુસાફરી કરે છે.

એક દિવસ મારા કાકાએ મને પણ મેમૂ ટ્રેનની મુસાફરી કરાવી. અમે વડોદરાના રેલવે-સ્ટેશને આવ્યા અને સુરતની ટિકિટો ખરીદી. પછી અમે પ્લૅટફૉર્મ પર ગયા. ત્યાં ઉતારુઓની ભારે ભીડ જોઈને હું તો ચિંતામાં પડી ગયો. મને વિચાર આવ્યો કે આટલા બધા ઉતારુઓ ગાડીના ડબ્બાઓમાં કેવી રીતે સમાઈ શકશે ! પ્લૅટફૉર્મ પર ઠેરઠેર જુદીજુદી ચીજવસ્તુઓ અને ચાપાણીના સ્ટૉલ હતા. કેટલાક ઉતારુઓ ટોળે વળીને વાતો કરતા હતા. કેટલાક બાંકડા પર બેઠાબેઠા આટલા ઘોંઘાટમાં પણ નિરાંતે ઊંઘી રહ્યા હતા.

એટલામાં મેમૂ ટ્રેન આવી રહી છે એવી જાહેરાત થઈ. ઉતારુઓ પોતપોતાના સામાન સાથે તૈયાર થઈ ગયા. સ્ટેશને ગાડી આવતાં જ ભારે શોરબકોર અને ધક્કામુક્કી શરૂ થઈ ગયાં. ભણેલાગણેલા અને સંસ્કારી ગણાતા લોકો પણ ભાન ભૂલીને ધક્કામુક્કી અને ગાળાગાળી કરવા લાગ્યા. ઊતરનારા અને ચડનારા મુસાફરો વચ્ચે જાણે રીતસરનું યુદ્ધ જ શરૂ થઈ ગયું. અમે મહાપરાણે એક ડબ્બામાં ઘૂસ્યા. વૃદ્ધો, બાળકો અને સ્ત્રીઓની સ્થિતિ ખરેખર દયાજનક હતી. દસેક મિનિટ સુધી અનેક વરવાં દશ્યોનો હું પ્રેક્ષક બની રહ્યો.

ગ્રીન સિગ્નલ મળતાં એક ધક્કા સાથે ગાડી ઊપડી. જેમને બેસવાની જગ્યા મળી હતી તેમાંથી કેટલાક વાતોએ વળગ્યા, કેટલાકે વાંચવાનું શરૂ કર્યું તો કેટલાક ઊંઘવા

39. એક યાત્રાધામની મુલાકાતે

[મુદ્દા : પ્રસ્તાવના – સૌરાષ્ટ્ર પ્રવાસ – મંદિરનું વર્ણન – દર્શન – અન્ય તીર્થસ્થાનોનું વર્ણન – નવીન અનુભવ – ઉપસંહાર]

દર વરસે દિવાળીની રજાઓમાં અમે સહકુટુંબ પ્રવાસે જઈએ છીએ. આ રીતે અમે ઉત્તર ભારત, દક્ષિણ ભારત, મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોના પ્રવાસો કર્યા છે. દરેક પ્રદેશમાં ઘણાં યાત્રાધામો હોય છે, પરંતુ ગુજરાતના ઇતિહાસમાં ગૌરવશાળી યાત્રાધામ સોમનાથની મુલાકાત મને હંમેશાં યાદ રહેશે.

આ વરસે અમે સૌરાષ્ટ્રના પ્રવાસે ગયાં હતાં. અમે જામનગર, દ્વારકા, બેટદ્વારકા, પોરબંદર, શારદાગ્રામ, ચોરવાડ વગેરેની મુલાકાત લઈ ચોથા દિવસે સોમનાથ પહોંચ્યાં.

ઘૂઘવાતા દરિયાકિનારે વિશાળ જગ્યામાં સોમનાથનું ભવ્ય મંદિર આવેલું છે. તેના વિશાળ પટાંગણમાં ભારતના શિલ્પી સરદાર પટેલનું ભવ્ય બાવલું છે. તેની ચોતરફ નાનકડો સુંદર બગીચો છે. તે પછી સોમનાથ ભગવાનનું પ્રાચીન મંદિર છે. આઝાદી પછી તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. આજે ત્યાં અતિ ભવ્ય મંદિરનું નિર્માણ થયું છે. મંદિરની બહાર અને અંદરની કોતરણી ઊડીને આંખે વળગે તેવી છે.

અમે સાંજની આરતી વખતે મંદિરમાં ગયાં હતાં. ભવ્ય શિવલિંગ પર બીલીપત્ર તથા પુષ્પ ચઢાવેલાં હતાં. ભારતનાં બાર જ્યોતિર્લિંગમાંનું આ એક ભવ્ય જ્યોતિર્લિંગ છે. મંદિરના ગર્ભગૃહમાં અને બહાર અનેક દર્શનાર્થીઓની ભીડ જામી હતી. સમય થતાં આરતી શરૂ થઈ. અમે પણ આંખો બંધ કરીને આરતી ગાવા લાગ્યાં. ઝાલર અને ઘંટનાદથી સર્જાયેલું ભક્તિમય વાતાવરણ મનને શાંતિ આપતું હતું. આરતી પછી પણ અમે કેટલોક સમય મંદિરમાં બેઠા અને શાંતચિત્તે મહાદેવનું ધ્યાન ધર્યું. પછી અમે મંદિરની પ્રદક્ષિણા કરી. ત્યારબાદ અમે મંદિરની પાછળ આવેલા દરિયાકિનારાના ઘાટ પર બેઠા અને ઘુઘવાટા કરતા દરિયાની ભવ્યતાનાં દર્શન કર્યાં.

બીજે દિવસે સવારે અમે સોમનાથનાં અન્ય તીર્થસ્થાનોનાં દર્શને ગયાં. ગીતામંદિરની દીવાલો પર ગીતાના શ્લોકો લખેલા છે. અહીં રાધાકૃષ્ણની ભવ્ય અને સુંદર મૂર્તિઓ છે. તેની પાસેના ત્રિવેણીસંગમમાં અમે સ્નાન કર્યું.

સામાન્ય રીતે તીર્થસ્થાનોની આસપાસના વિસ્તારમાં ગીચતા, ગંદકી અને ભારે કોલાહલ જોવા મળે છે. પરંતુ સોમનાથ મંદિરમાં અમને સ્વચ્છતા અને સુંદર વ્યવસ્થાનાં દર્શન થયાં. વળી, કેટલાંક મંદિરોમાં દર્શન કે પૂજાપાઠ કરાવવા, પૂજાની સામગ્રીની ખરીદી કરાવવા દર્શનાર્થીઓ પર જોહુકમી થાય છે તેવો કડવો અનુભવ અહીં અમને ન થયો.

કુદરતી વાતાવરણનાં આવાં સુંદર તીર્થસ્થાનોથી તનને તાજગી અને મનને દિવ્ય શાંતિનો અનુભવ થાય છે.

40. વૃદ્ધાશ્રમની મુલાકાતે

[મુદ્દા : પ્રસ્તાવના – વૃદ્ધાશ્રમ – વૃદ્ધાશ્રમની મુલાકાત – વૃદ્ધાશ્રમનું પરિસર – વૃદ્ધોનું જીવન – વૃદ્ધોના મનની વાત – વૃદ્ધાશ્રમની યોગ્યતા]

વૃદ્ધાશ્રમ વિશે મેં ઘણી વાતો સાંભળી હતી. પણ કદી વૃદ્ધાશ્રમ જોયું નહોતું. મેં વૃદ્ધાશ્રમ વિશે જાણ્યું ત્યારથી મને તેની મુલાકાત લેવાની ઇચ્છા થઈ હતી. કારણ કે મારે વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલોના મનની વાત જાણવી હતી.

મારા શહેરમાં 'નિરાંત' નામે એક વૃદ્ધાશ્રમ છે. અમારા વર્ગશિક્ષક અમને 'નિરાંત'ની મુલાકાતે લઈ ગયા હતા. ત્યાં વીસેક વડીલો રહેતા હતા.

'નિરાંત'ના મૅનેજર શ્રીમતી કુમુદબેન પરીખ દરવાજા પર અમારી રાહ જોઈ રહ્યાં હતાં. અમે 'નિરાંત'માં પહોંચ્યા કે તરત તે અમને એક હૉલમાં લઈ ગયાં. એ 'નિરાંત'નો પ્રાર્થનાખંડ હતો. રોજ સવારે 7 : 00 વાગ્યે વડીલો અહીં ભેગા થઈને પ્રાર્થના કરે છે. અમે પહોંચ્યા ત્યારે 20 વડીલો ત્યાં હાજર હતા. અમે તેમને પગે લાગી તેમના આશીર્વાદ મેળવ્યા પછી તેમની આસપાસ ગોઠવાઈ ગયા.

કુમુદબેને 'નિરાંત' અને વડીલોનો અમને પરિચય આપ્યો. તેમણે વડીલોને અમારી મુલાકાતનો હેતુ જણાવ્યો ત્યારે વડીલોની આંખો આંસુથી છલકાઈ ગઈ. અમે વડીલો માટે શાલ લઈ ગયા હતા. અમે શાલ ઓઢાડી વડીલોનું સમ્માન કર્યું ત્યારે તેઓ ગળગળા થઈ ગયા. અમે એકએક વડીલને પગે લાગ્યા અને વડીલોએ માથે હાથ મૂકીને અમને આશીર્વાદ આપ્યા.

વડીલોની સાથે અમે બધાએ પુષ્કળ વાતો કરી. તેમણે અમારા મમ્મીપપ્પા, ભાઈ-બહેન અને ભણતર વિશે પૂછપરછ કરી. મેં એક દાદાજીને પૂછ્યું કે, 'તમને અહીં રહેવાનું ગમે છે?' ત્યારે વીસેવીસ વડીલોએ એકસાથે ના પાડી. વડીલોએ તેમના પરિવારો વિશે ઘણી બધી વાતો કરી. એમાંથી અમને એવું જાણવા મળ્યું કે વડીલો રાજીખુશીથી નહીં પણ લાચારીને કારણે અહીં રહે છે. જૂની અને નવી પેઢી વચ્ચેના સંઘર્ષને કારણે વડીલોએ વૃદ્ધાશ્રમમાં રહેવું પડે છે. કોઈએ સાચું જ કહ્યું છે, આધુનિક જીવનના બે અભિશાપ.

મા-બાપ વિનાનું ઘર અને
ઘર વિનાનાં મા-બાપ.

પોતાના ઘર અને પરિવારને છોડીને અજાણ્યા લોકો વચ્ચે એકલા રહેવાનું કોને ગમે? પણ ખરેખર જે સગા હોય છે તે વહાલા નથી હોતા અને જે વહાલા હોય છે તે સગા નથી થતા. આધુનિક વિચારોની આ પણ એક નીપજ છે.

41. વિધાનસભામાં એક કલાક

[મુદ્દા : પ્રસ્તાવના – વિધાનસભાગૃહની મુલાકાત – વિધાનસભાગૃહની કાર્યવાહી – અમારા પ્રતિભાવો – ઉપસંહાર]

આપણા દેશમાં લોકશાહી શાસન છે. લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ દેશનું સંચાલન કરે છે. કેન્દ્રમાં લોકસભા અને રાજ્યોમાં વિધાનસભા હોય છે. વિધાનસભાનું સત્ર ચાલુ હોય ત્યારે વિધાનસભાના અધ્યક્ષશ્રી તેનું સંચાલન કરે છે. વિધાનસભાગૃહમાં શાસકપક્ષ અને વિરોધપક્ષની બેઠકો અલગઅલગ રાખવામાં આવી હોય છે. મુલાકાતીઓને બેસવા માટે પ્રેક્ષક ગૅલેરી હોય છે. વળી, વિધાનસભાગૃહમાં અને ગૃહની બહાર કડક સુરક્ષા વ્યવસ્થા હોય છે.

એક વાર અમારી શાળાએ અમને વિધાનસભાની કાર્યવાહી જોવા માટે લઈ જવાનું આયોજન કર્યું હતું. તે મુજબ અમે ધોરણ 10માં ભણતા બધા વિદ્યાર્થીઓ બસ દ્વારા ગાંધીનગરમાં આવેલી વિધાનસભાની મુલાકાતે ગયા. અમારા શિક્ષકે વિધાનસભાની મુલાકાત માટેની પરવાનગી અગાઉથી મેળવી રાખી હતી. અમે બધા પ્રેક્ષક ગૅલેરીમાં ગોઠવાઈ ગયા.

સમય થતાં એક પછી એક ધારાસભ્યો ગૃહમાં આવવા લાગ્યા અને પોતપોતાના સ્થાને બેસવા લાગ્યા. પછી અધ્યક્ષશ્રીએ પોતાની બેઠક લઈ વિધાનસભાની કાર્યવાહી શરૂ કરી. બજેટસત્ર ચાલતું હોવાથી અંદાજપત્ર ઉપરની ચર્ચા શરૂ થઈ. ‘અંદાજપત્રમાં ખેડૂતો અને સામાન્ય માનવીને લક્ષમાં રાખવામાં આવ્યા નથી અને શ્રીમંતોને જ લાભ કરી આપવામાં આવ્યા છે’ – એવા વિરોધપક્ષના આક્ષેપો સાથે જ ગરમાગરમ ચર્ચા શરૂ થઈ. શાસકસભ્યો અને વિરોધપક્ષોના સભ્યો સામસામે મોટેમોટેથી આક્ષેપો-પ્રતિઆક્ષેપો કરવા લાગ્યા અને અધ્યક્ષશ્રી સૌને શાંત પાડવા ‘please... please...’ બોલતા રહ્યા. કોણ શું બોલી રહ્યું છે તે સ્પષ્ટ સંભળાતું ન હતું કે સમજાતું પણ ન હતું. વિરોધપક્ષના સભ્યો મોટેથી બૂમો પાડતાંપાડતાં અધ્યક્ષશ્રીના મંચ સુધી પહોંચી ગયા. અધ્યક્ષશ્રીને લાગ્યું કે હવે વિધાનસભાનું સંચાલન થઈ શકે તેમ નથી. તેથી વિધાનસભાને બપોર સુધી મુલતવી રાખવાની જાહેરાત કરી તેઓ પોતાની ચૅમ્બરમાં ચાલ્યા ગયા.

પ્રજાનું પ્રતિનિધિત્વ કરતા આપણા રાજકારણીઓના આવા અસભ્ય વર્તનથી અમે તો ચકિત થઈ ગયા. અમને થયું કે પ્રજાના પ્રતિનિધિઓ પ્રજા પાસે કયા મોઢે આદર્શ વ્યવહારની વાતો કરતા હશે? વિધાનસભાગૃહમાં શું આવી જ શિસ્ત પળાતી હશે? જોકે વિધાનસભાગૃહમાં કેટલાક પ્રામાણિક અને પ્રજાને ચાહનારા સભ્યો પણ હતા પરંતુ તેઓ લાચાર હતા. તેઓનું કોઈ કંઈ સાંભળે તેમ ન હતું.

અમે વિધાનસભાગૃહની બહાર આવ્યા. અમને મનમાં એક જ પ્રશ્ન થયો, ‘અમે આજે શું શીખ્યા?’ ભારે હૈયે અમે વિધાનસભાગૃહ છોડ્યું.

41. વિધાનસભામાં એક કલાક

[મુદ્દા : પ્રસ્તાવના – વિધાનસભાગૃહની મુલાકાત – વિધાનસભાગૃહની કાર્યવાહી – અમારા પ્રતિભાવો – ઉપસંહાર]

આપણા દેશમાં લોકશાહી શાસન છે. લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ દેશનું સંચાલન કરે છે. કેન્દ્રમાં લોકસભા અને રાજ્યોમાં વિધાનસભા હોય છે. વિધાનસભાનું સત્ર ચાલુ હોય ત્યારે વિધાનસભાના અધ્યક્ષશ્રી તેનું સંચાલન કરે છે. વિધાનસભાગૃહમાં શાસકપક્ષ અને વિરોધપક્ષની બેઠકો અલગઅલગ રાખવામાં આવી હોય છે. મુલાકાતીઓને બેસવા માટે પ્રેક્ષક ગૅલેરી હોય છે. વળી, વિધાનસભાગૃહમાં અને ગૃહની બહાર કડક સુરક્ષા વ્યવસ્થા હોય છે.

એક વાર અમારી શાળાએ અમને વિધાનસભાની કાર્યવાહી જોવા માટે લઈ જવાનું આયોજન કર્યું હતું. તે મુજબ અમે ધોરણ 10માં ભણતા બધા વિદ્યાર્થીઓ બસ દ્વારા ગાંધીનગરમાં આવેલી વિધાનસભાની મુલાકાતે ગયા. અમારા શિક્ષકે વિધાનસભાની મુલાકાત માટેની પરવાનગી અગાઉથી મેળવી રાખી હતી. અમે બધા પ્રેક્ષક ગૅલેરીમાં ગોઠવાઈ ગયા.

સમય થતાં એક પછી એક ધારાસભ્યો ગૃહમાં આવવા લાગ્યા અને પોતપોતાના સ્થાને બેસવા લાગ્યા. પછી અધ્યક્ષશ્રીએ પોતાની બેઠક લઈ વિધાનસભાની કાર્યવાહી શરૂ કરી. બજેટસત્ર ચાલતું હોવાથી અંદાજપત્ર ઉપરની ચર્ચા શરૂ થઈ. 'અંદાજપત્રમાં ખેડૂતો અને સામાન્ય માનવીને લક્ષમાં રાખવામાં આવ્યા નથી અને શ્રીમંતોને જ લાભ કરી આપવામાં આવ્યા છે' – એવા વિરોધપક્ષના આક્ષેપો સાથે જ ગરમાગરમ ચર્ચા શરૂ થઈ. શાસકસભ્યો અને વિરોધપક્ષોના સભ્યો સામસામે મોટેમોટેથી આક્ષેપો-પ્રતિઆક્ષેપો કરવા લાગ્યા અને અધ્યક્ષશ્રી સૌને શાંત પાડવા 'please... please...' બોલતા રહ્યા. કોણ શું બોલી રહ્યું છે તે સ્પષ્ટ સંભળાતું ન હતું કે સમજાતું પણ ન હતું. વિરોધપક્ષના સભ્યો મોટેથી બૂમો પાડતાંપાડતાં અધ્યક્ષશ્રીના મંચ સુધી પહોંચી ગયા. અધ્યક્ષશ્રીને લાગ્યું કે હવે વિધાનસભાનું સંચાલન થઈ શકે તેમ નથી. તેથી વિધાનસભાને બપોર સુધી મુલતવી રાખવાની જાહેરાત કરી તેઓ પોતાની ચૅમ્બરમાં ચાલ્યા ગયા.

પ્રજાનું પ્રતિનિધિત્વ કરતા આપણા રાજકારણીઓના આવા અસભ્ય વર્તનથી અમે તો સાવ ડઘાઈ ગયા. અમને થયું કે પ્રજાના પ્રતિનિધિઓ પ્રજા પાસે કયા મોઢે આદર્શ વ્યવહારની વાતો કરતા હશે? વિધાનસભાગૃહમાં શું આવી જ શિસ્ત પળાતી હશે? જોકે વિધાનસભાગૃહમાં કેટલાક પ્રામાણિક અને પ્રજાને ચાહનારા સભ્યો પણ હતા પરંતુ તેઓ લાચાર હતા. તેઓનું કોઈ કંઈ સાંભળે તેમ ન હતું.

અમે વિધાનસભાગૃહની બહાર આવ્યા. અમને મનમાં એક જ પ્રશ્ન થયો, 'અમે આજે શું શીખ્યા?' ભારે હૈયે અમે વિધાનસભાગૃહ છોડ્યું.

42. મેળાની મુલાકાતે

[મુદ્દા : પ્રસ્તાવના – મેળાની પૂર્વતૈયારી – મેળાનું દર્શન અને માણેલો આનંદ – ઉપસંહાર]

આપણા દેશમાં ધાર્મિક તહેવારોએ કે કોઈ ઉત્સવ વખતે કોઈ વિશાળ મેદાનમાં કે નદીતટે કે કોઈ રમણીય પ્રાકૃતિક સ્થળે મેળા ભરાય છે. મેળા એટલે મુક્ત રીતે હરવાફરવાનું અને મોજમજા માણવાનું સ્થળ. મેળા એટલે મિલન-મેળાપ.

અમારા ગામની બાજુમાં મહી નદીના કિનારે ડુંગરની તળેટીમાં દર વર્ષે ભાદરવા મહિનાની પૂનમે વિશાળ મેળો ભરાય છે. આ મેળો ત્રણ દિવસ સુધી ચાલે છે. તેનું વ્યવસ્થિત આયોજન થાય છે. પંદર દિવસ અગાઉથી મેળાની તૈયારીઓ થવા લાગે છે. હારબંધ હાટડીઓ ઊભી કરવામાં આવે છે. લાઇટ અને પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. ચકડોળ ઊભા કરવામાં આવે છે. મહીમાતાના મંદિરને શણગારવામાં આવે છે.

પૂનમની સવારે અમે આઠદસ મિત્રો પગપાળા મેળામાં જવા નીકળ્યા. અમે પહોંચ્યા ત્યારે મેળામાં જાણે માનવમહેરામણ હિલોળા લેતો હતો. રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ યુવાનો અને યુવતીઓનાં ટોળાં દૂરદૂરથી આવતાં દેખાતાં હતાં.

અમે સૌપ્રથમ મહીમાતાનાં દર્શન કરવા ગયા. દર્શન માટે ખૂબ લાંબી લાઇન લાગી હતી. ખાસ્સી વાર પછી અમારો નંબર લાગ્યો. અમે ભાવપૂર્વક મહીમાતાનાં દર્શન કર્યાં પછી અમે મેળો મહાલવા ઊપડ્યા.

મેળામાં મીઠાઈઓ, રમકડાં, ઘરવખરી, સુશોભનની વસ્તુઓ, પગરખાં, માટીનાં વાસણો વગેરેની હાટડીઓ હારબંધ ઊભી કરાઈ હતી. આ હાટડીઓ પર ખૂબ ભીડ જામેલી હતી. ત્યાંથી લોકો પોતપોતાની પસંદગીની વસ્તુઓ ખરીદતા હતા. આગળ એક મેદાનમાં જુદાજુદા પ્રકારના ચકડોળો ચક્કર ફરતા હતા. બાળકો અને યુવાનયુવતીઓ ચકડોળમાં બેસીને આનંદ માણતાં હતાં. અહીંના મેળામાં આદિવાસીઓ મોટી સંખ્યામાં ઊમટી પડે છે. યુવાન છોકરા-છોકરીઓ એકબીજાના પરિચયમાં આવે છે અને મનમેળ કરી લેતાં હોય છે. આવાં અનેક જોડાં એકબીજાના હાથમાં હાથ નાખીને ફરતાં હતાં. જાદુગર અને મદારી પણ અવનવા ખેલ બતાવીને લોકોને મનોરંજન પૂરું પાડતા હતા. એક નટ દોરડા પર ચાલતો હતો અને બીજો ઢોલક વગાડીને લોકોને આકર્ષતો હતો.

અમે બધાએ ચકડોળમાં ચકરાવો લેવાનો આનંદ માણ્યો. મદારી, જાદુગર અને નટના ખેલ જોયા. અમે મેળામાં ખૂબ ફર્યા, મોજમજા, મસ્તી અને નાચવાકૂદવાનો આનંદ પણ માણ્યો. મેળો માણતાંમાણતાં ક્યારે સાંજ થઈ ગઈ તેની ખબરે ન પડી. ભૂખ પણ લાગી હતી. ફરતાંફરતાં એક ઠેકાણે અમે ગરમાગરમ ભજિયાં ખાધાં પછી અમે મેળાના અનુભવની અવનવી વાતો કરતાકરતા ઘેર પાછા ફર્યા.

મેળો સૌનાં હૈયાં ઝુલાવે છે. મિત્રોનો મેળાપ કરાવે છે. માનવીઓના સામુદાયિક જીવનમાં મેળો દુઃખ અને ચિંતાઓ વિસારે પાડે છે. ઘણું જોવા અને જાણવાનું મળે છે. વેપારીઓ કમાય છે. બાળકો રમકડાં અને મીઠાઈ મેળવે છે. કોઈ નવા મિત્રો પણ મેળવે છે. મેળામાં સૌ આનંદ મેળવે છે. આમ, મેળો એ લોકજીવનનો પ્રાણવાયુ છે.

સ્વાધ્યાય

(1) મારો યાદગાર પ્રવાસ / મારો રમણીય અને સ્મરણીય પ્રવાસ

મુદ્દા : વિદ્યાર્થીજીવનમાં પ્રવાસનું મહત્ત્વ – સંપ, સહકાર જેવા અનેક ગુણો શિક્ષે – ભૌગોલિક પરિસ્થિતિ, લોકોની રહેણીકરણી વગેરે જાણવા મળે – શાળામાંથી દર વર્ષે પ્રવાસ – સૌરાષ્ટ્ર પ્રવાસ – રાજકોટ, જામનગર, પોરબંદર, દ્વારકા, બેટદ્વારકા, ધારદ્વગ્રામ, ચોરવાડ, સોમનાથ, જૂનાગઢ, ગઢડા અને સારંગપુરનો પ્રવાસ – મંદિરો, વિશાળ દરિયાકિનારો જોવાનો વિશેષ આનંદ – છેલ્લા દિવસે બસ ખોટવાઈ – સહનશક્તિ અને ધીરજની કસોટી – પ્રવાસ ભૂલી શકાય તેમ નથી.

(2) ટ્રેન ચૂકી જતાં

મુદ્દા : પ્રસ્તાવના – ટ્રેન ચૂકી જવાનો પ્રસંગ – નિર્જન સ્ટેશન – કપરો અનુભવ – ટ્રેન ચૂકી જવાના કારણથી મળેલો બોધપાઠ – આખરે બીજી ગાડીમાં.

વિભાગ 4 : સમાજદર્શન

43. આપણા સામાજિક કુરિવાજો અથવા વર્તમાન સમાજની જટિલ સમસ્યાઓ

[મુદ્દા : પ્રસ્તાવના – સામાજિક કુરિવાજો – સામાજિક રીતરિવાજોમાં પરિવર્તન – ઉપસંહાર]

દરેક સમાજને પોતપોતાના પરંપરાગત રિવાજો હોય છે. એ રિવાજો સામાજિક પ્રસંગોને આનંદમય અને ઉલ્લાસમય બનાવે છે. સમાજના રીતરિવાજોને લીધે લોકો એકબીજાની નિકટ આવી શકે છે. એને લીધે સમાજવ્યવસ્થા તંદુરસ્ત રહી શકે છે.

સામાજિક રીતરિવાજોમાં સમય સાથે પરિવર્તન થવું જરૂરી છે, તેમ છતાં રિવાજો કુરિવાજો બની જાય અથવા જડ રૂઢિ સ્વરૂપે કાયમી બની જાય ત્યારે તે સામાજિક દૂષણ બની જાય છે. આપણા સમાજમાં આવા ઘણા કુરિવાજો પ્રચલિત છે, કુરિવાજો સમાજવ્યવસ્થાને નાદુરસ્ત કરે છે.

દહેજપ્રથા એ આપણા સમાજનો સૌથી વ્યાપક કુરિવાજ છે. લગ્નપ્રસંગે કન્યાપક્ષ તરફથી વરપક્ષને આપવામાં આવતી સ્વૈચ્છિક ભેટ સ્વીકાર્ય હોઈ શકે, પરંતુ વરપક્ષ તરફથી બળજબરીથી માગવામાં આવતી દરેક ચીજ એ દહેજ છે. ઘણી વાર કન્યાપક્ષવાળા દહેજ આપતાં થાકી જાય, પણ વરપક્ષવાળાની માગણીઓનો અંત જ આવતો નથી. કન્યાના પિતાની કમર તોડી નાખે એવો આ કુરિવાજ માત્ર અભણ કુટુંબોમાં જ નહિ, સુશિક્ષિત અને સમાજમાં જે વિકાસશીલ કુટુંબો છે, તેમાં પણ આજે પ્રચલિત છે. કન્યાના પિતાએ જો ઓછું દહેજ આપ્યું હોય તો વરપક્ષના લોકો કન્યાને મહેણાંટોણાં મારવામાં અને ત્રાસ આપવામાં જરાય કસર રાખતાં નથી, પરિણામે અનેક કોડભરી યુવતીઓ આપઘાત કરવા પ્રેરાય છે તો કેટલીક કોડભરી નવવધૂઓને સાસરીપક્ષના લોકો દ્વારા મારી નાખવામાં આવે છે. ત્રણચાર દીકરીઓનો પિતા તો દહેજ માટે આખી જિંદગી ઢસરડા કરીને અધમૂઓ થઈ જાય છે. ક્યાં સુધી આ કુરિવાજને આપણે ચલાવી લઈશું? એનો અંત લાવવો જ રહ્યો. કેટલાક સમય પહેલાં દીકરીને દૂધપીતી કરવાનો રિવાજ હતો. આજે આ રિવાજ નવા સ્વરૂપે ચાલે છે. સોનોગ્રાફી દ્વારા ખબર પડે કે દીકરી છે કે તરત ગર્ભપાત ! જોકે હવે આવા દીકરા-દીકરી નિદાન-પરીક્ષણ પર કાયદાકીય પ્રતિબંધ છે. કેટલીક જ્ઞાતિઓમાં વિધવાવિવાહને આજે પણ માન્યતા મળતી નથી. વળી, કેટલાક સમાજોમાં બાળલગ્નો પણ થતાં જોવા મળે છે.

ઘણા સમાજોમાં લગ્નપ્રસંગે તેમજ મરણપ્રસંગે ભારે ખર્ચા કરવામાં આવે છે. દેખાદેખીમાં કે સંજોગોવશાત્ આવા ખોટા ખર્ચામાં ગરીબ માણસ તણાઈ જાય છે, એટલે આવા ખોટા ખર્ચા પર પણ અંકુશ મુકાવો જોઈએ.

સમાજમાં પુત્રજન્મને આજે પણ વધારે મહત્ત્વ આપવામાં આવે છે. જ્યારે પુત્રીના જન્મ વખતે ઉત્સાહ જોવા મળતો નથી. આવો ભેદભાવ શા માટે? આવા ભેદભાવપૂર્ણ વ્યવહારથી આપણે દીકરીનું કેવું અપમાન કરતાં હોઈએ છીએ! પુત્ર મેળવવા માટેની ઝંખનામાં ઘણાં કુટુંબોમાં સંતાનોનું પ્રમાણ વધતું જાય છે. આવી રીતે તો આપણા દેશની વસ્તીવિસ્ફોટની સમસ્યાનો અંત ક્યારેય નહિ આવે.

મહાન સમાજસેવક રાજા રામમોહનરાયના ભાઈનું અવસાન થયું ત્યારે એમનાં ભાભીને બળજબરીથી તેમના મૃત પતિની ચિતામાં ધકેલી દેવામાં આવ્યાં હતાં. આ બનાવથી હચમચી ઊઠેલા રાજા રામમોહનરાયે એ રિવાજ સામે ઝુંબેશ ઉપાડી અને નાબૂદ કરાવ્યો. આજે શિક્ષણનું પ્રમાણ વધ્યું હોવાથી કેટલાક કુરિવાજોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. વિધવાવિવાહ થવા લાગ્યા છે. બાળલગ્નો ઓછાં થયાં છે. એ જ રીતે સ્વજનના મરણ પછી રડવાકૂટવાના અને જમણવાર કરવાના રિવાજો પણ કેટલીક જ્ઞાતિઓમાં નામશેષ થઈ ગયા છે. આ બાબતો આવકારદાયક છે. હવે ઘણી જ્ઞાતિઓમાં 'સમૂહલગ્નો' યોજવામાં આવે છે. તેથી લગ્નપ્રસંગે દેખાદેખીથી કરવામાં આવતા જંગી ખર્ચા ઓછા થયા છે. આમ છતાં, દહેજપ્રથાનું દૂષણ હજી નાથી શકાયું નથી. આ દૂષણ આજની યુવાપેઢી માટે પડકારરૂપ છે. આજે દરેક યુવાન વ્યક્તિ એવો સંકલ્પ કરે કે, 'હું દહેજ આપીશ નહિ કે દહેજ લઈશ નહિ.' તો જ આ સામાજિક કુરિવાજનો અંત આણી શકાશે.

રેડિયો, ટીવી અને વર્તમાનપત્રો જેવાં પ્રસારમાધ્યમો પણ આવા કુરિવાજોને નાબૂદ કરવામાં અસરકારક ભૂમિકા ભજવી શકે છે.

44. હડતાલ : એક દૂષણ અથવા હડતાલ : સમાજને લાગુ પડેલો રોગ

[મુદ્દા : પ્રસ્તાવના – હડતાલ પાડવાનાં કારણો – હડતાલનાં સ્વરૂપો અને તેની અસર – હડતાલ, અંતિમ શસ્ત્ર – ઉપસંહાર]

ઔદ્યોગિક ક્રાંતિ પછી સમાજમાં મજૂર અને શેઠ એવા બે વર્ગ ઊભા થયા, બે વર્ગ વચ્ચે અંતર વધ્યું. સંઘર્ષ ઊભો થયો. મજૂર વર્ગ પોતાની માગણીઓ માટે હડતાલને અસરકારક શસ્ત્ર તરીકે ઉપયોગમાં લેતો થયો.

આજે મજૂરો અને કર્મચારીઓને પોતપોતાનાં સંઘો અને સંગઠનો હોય છે. મજૂરો અને કર્મચારીઓ તેમના પગારવધારા માટે, જુદીજુદી માગણીઓ મંજૂર કરાવવા માટે કે બોનસ મેળવવા માટે એમ અનેક કારણોસર હડતાલ પાડે છે. કેટલીક વાર મોંઘવારી અને ભાવવધારાનું કારણ આગળ ધરીને વિરોધપક્ષો પણ હડતાલનું એલાન આપે છે. કોઈ વાર

કોઈ રાજકીય નેતાની ધરપકડ થાય ત્યારે તેને છોડાવવા માટે પણ હડતાલ પાડવામાં આવે છે. આમ, હડતાલનું ચક્કર ચાલ્યા જ કરતું હોય છે. આવી હડતાલો મજૂરો કે કર્મચારીઓ ઉપરાંત દાક્તરો, નર્સો, ઑફિસરો, બૅન્ક કર્મચારીઓ, ડ્રાઈવરો, કંડક્ટરો વગેરે તમામ વર્ગના લોકોને અનુકૂળ થઈ પડે છે.

હડતાલનાં જુદાં જુદાં સ્વરૂપો હોય છે. સંગઠિત વર્ગો દ્વારા ‘વર્ક ટુ રુલ’, ‘ભૂખ હડતાલ’, ‘પ્રતીક ઉપવાસ’, ‘પેન ડાઉન સ્ટ્રાઈક’, ‘આમરણાંત ઉપવાસ’ જેવા વિવિધ કાર્યક્રમો આપવામાં આવે છે. કેટલીક વાર સરઘસો કાઢીને સંબંધિત વર્ગને આવેદનપત્રો આપવામાં આવે છે. કેટલીક વાર રાજકીય પક્ષો કે અસામાજિક તત્ત્વો આવાં વિરોધ પ્રદર્શનોમાં ભળી જાય છે ત્યારે તોફાનો પણ ફાટી નીકળે છે; વાહનવ્યવહાર ખોરવાઈ જાય છે; નિશાળો, કચેરીઓ, બૅન્કો, પોસ્ટ-ઑફિસો, બજારો વગેરે બંધ થઈ જાય છે; જનજીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે. અસામાજિક તત્ત્વો આવી અરાજકતાનો ગેરલાભ ઉઠાવે છે. તકવાદી અને લેભાગુ તત્ત્વો દુકાનોનાં તાળાં તોડી લૂંટફાટ પણ કરે છે. ઘણી વાર તોફાનોને કાબૂમાં લેવા માટે પોલીસને ગોળીબાર કરવાની ફરજ પડે છે. એમાં મુખ્યત્વે તો નિર્દોષ લોકો જ માર્યા જાય છે. છૂટક મજૂરી કરીને ગુજારો કરતા શ્રમજીવીઓની રોજીરોટી છિનવાઈ જાય છે. સરકાર કે માલિકો હડતાલિયા કર્મચારીઓને મચક ન આપે તો હડતાલ લાંબા સમય સુધી ચાલે છે. કેટલીક વાર હડતાલિયાઓ ધીરજ ગુમાવીને હડતાલ સમેટી લે છે. સરકાર ઘણી વાર હડતાલિયાઓની માગણીઓ સ્વીકારી લે છે. આથી રાજ્યની તિજોરી પર આર્થિક બોજો વધે છે. પરિણામે કરવેરા વધે છે તેથી ચીજવસ્તુઓના ભાવો વધે છે. છેવટે મોંઘવારી વધે છે. ફરીથી કર્મચારીઓ નવી માગણીઓ રજૂ કરે છે. આમ, આ વિષચક્ર ચાલ્યા જ કરે છે. છાશવારે કર્મચારીઓ વડે પાડવામાં આવતી હડતાલોથી દેશનું ઉત્પાદન ઘટે છે તથા ઔદ્યોગિક વિકાસ અટકે છે, પરિણામે દેશને ભારે આર્થિક નુકસાન થાય છે.

હડતાલ એ સમાજને લાગુ પડેલો એક ઘાતક રોગ છે. રાજકીય પક્ષો, જુદાજુદા કર્મચારી સંઘોના નેતાઓ અને વિદ્યાર્થીનેતાઓ હડતાલના નામે કેટલીક વાર અંગત સ્વાર્થ સાધી લે છે. આ નેતાઓએ હડતાલનો આશરો લેવાને બદલે સરકાર કે માલિકો સાથે અર્થપૂર્ણ વાટાઘાટો કરવી જોઈએ. ન છૂટકે હડતાલ પાડવાની જરૂર ઊભી થાય તોપણ સામાન્ય જનજીવન ખોરવાય નહિ, દૈનિક મજૂરી કરીને રોજીરોટી મેળવતા લોકોને અસર થાય નહિ અને રાજકીય કે અસામાજિક તત્ત્વો તેનો ગેરલાભ ન ઉઠાવે તેની તકેદારી રાખવી જોઈએ.

સરકારે અને માલિકોએ પણ કર્મચારીઓ અને મજૂરોની વાજબી માગણીઓને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો તેમની માગણીઓ યોગ્ય હોય તો તે સ્વીકારવી જોઈએ, પરંતુ જો તેમની માગણીઓ અયોગ્ય હોય તો તેનો કોઈ પણ સંજોગોમાં સ્વીકાર કરવો જોઈએ નહિ અને તેમની સામે કડક હાથે કામ લેવું જોઈએ.

45. લાગવગ અથવા લાગવગ એ જ લાયકાત અથવા વગ ત્યાં પગ

[મુદ્દા : પ્રસ્તાવના – લાગવગનાં ક્ષેત્રો – લાગવગના ગેરફાયદા – ઉપસંહાર]

"જ્યાં ન પહોંચે જગ,
ત્યાં પહોંચે લાગવગ.
લાગવગ તારા લાંબા પગ,
ચલાવી જાણે તે જીતે જગ."

આજના સમયમાં જ્યાં જુઓ ત્યાં લાગવગનું સામ્રાજ્ય જોવા મળે છે. લાગવગ એ કોઈની પણ પાસેથી કામ કઢાવવાનો ટૂંકો અને સરળ રસ્તો છે.

જીવનના દરેક ક્ષેત્રમાં આજકાલ લાગવગ વિના કોઈ કામ પાર પડતું નથી. બાળકને બાલમંદિરમાં દાખલ કરવા માટે પણ લાગવગની જરૂર પડે છે ! અહીંથી જ લાગવગની શરૂઆત થાય છે. બાળક ભણી રહે પછી તેને નોકરી અપાવવા માટે, નોકરી મળ્યા પછી બદલી કરાવવા માટે, બઢતી મેળવવા માટે કે તેની સાચીખોટી રજાઓ મંજૂર કરાવવા માટે લાગવગનું ઓજાર કામે લગાડવું પડે છે.

જીવનના દરેક ક્ષેત્રમાં અદશ્ય હવાની જેમ લાગવગ પ્રસરી ગઈ છે. જરૂર પડ્યે તે વાવાઝોડા જેવું કામ કરી શકે છે. બૅન્કમાંથી લોન મેળવવા, વીમાની પાકેલી રકમ મેળવવા, કાયદેસરનું પેન્શન મેળવવા, બદલી કરાવવા કે રોકવા, પસંદગીનું મકાન ખરીદવા, મકાનનો પ્લાન મંજૂર કરાવવા, સિનેમાની ટિકિટો મેળવવા, મોટામોટા કૉન્ટ્રાક્ટ મેળવવા કે ચૂંટણીમાં ઉમેદવાર તરીકેની ટિકિટ મેળવવા લાગવગ કરવી પડે છે. અરે, મંદિરના ગર્ભગૃહમાં જઈને દર્શન કરવા માટે કે જન્મમરણનો દાખલો મેળવવા માટે પણ લાગવગની જરૂર પડે છે !

આમ, આપણે જોઈ શકીએ છીએ કે આપણા દેશમાં અને સમાજમાં સર્વત્ર લાગવગનું જોર ઘણું વધી ગયું છે. અધિકારી લોકો આ નબળાઈને બરોબર પારખી ગયા છે. તેથી ઘણી વાર તો કાયદેસરનું કામ હોય તે પણ ગેરકાયદેસર પદ્ધતિથી કરવામાં આવે છે. આજે તો લાગવગ એ જ લાયકાત બની ગઈ છે. લાગવગનું આટલું બધું ચલણ તંદુરસ્ત સમાજની નિશાની નથી. કોઈ પણ માણસ પાસે લાયકાત હોય પરંતુ લાગવગ ન હોય તો તે બિચારો રખડી પડે છે. જેનામાં લાયકાત ન હોય પરંતુ તેની પાસે લાગવગ હોય તો તે પોતાનું ધાર્યું કામ પાર પાડી શકે છે. લાયકાત વગરના પણ લાગવગના જોરે નોકરી મેળવનારા કર્મચારીઓને લીધે વહીવટમાં શિથિલતા આવે છે, સંસ્થાની કાર્યક્ષમતા ઘટે છે અને કોઈ વાર કોઈનું ભાવિ પણ જોખમમાં મુકાઈ જાય છે.

પાયાથી ટોચ સુધી (Top to Bottom) આ પ્રમાણે લાગવગ ચાલ્યા જ કરશે તો આપણો દેશ કદી પણ વિકાસ સાધી શકશે નહિ. લાગવગને લીધે કાર્યદક્ષ વ્યક્તિઓના હાથમાં કદી વહીવટ આવી શકશે નહિ અને નબળા લોકો સારો વહીવટ કરી શકશે નહિ. સમાજમાંથી નૈતિક મૂલ્યોને જાકારો મળશે તથા ભ્રષ્ટાચાર અને લાંચરુશવત બેફામ ફૂલશે-ફાલશે. લાગવગના જોરે નોકરી મેળવનાર બિનકાર્યદક્ષ શિક્ષક બાળકોને શું શીખવશે? એ પણ બાળકોને ગેરરીતિના જ પાઠ ભણાવશે ને! પરિણામે શિક્ષણનું સ્તર વધુ ને વધુ નીચું ઊતરતું જશે. સરવાળે રાષ્ટ્ર ઝડપથી અધોગતિના પંથે જશે.

આપણે સૌ સર્વવ્યાપી અને સર્વશક્તિમાન બની બેઠેલા લાગવગના આ દૂષણને તિલાંજલિ આપીએ. આજના યુગમાં લાગવગથી વધુ અધમ બીજું કોઈ પાપ નથી. આપણે એવો દૃઢ સંકલ્પ કરીએ કે લાગવગરૂપી શસ્ત્રનો આપણે ક્યારેય ઉપયોગ કરીશું નહિ. ચાલો, આજથી આપણે આ નવું સૂત્ર અમલમાં મૂકીએ :

એકમાત્ર લાયકાત,
બીજાં શસ્ત્રો બાકાત.

46. હાય રે ! મોંઘવારી *અથવા* સસ્તી થયેલી મોંઘવારી *અથવા* સોંઘી થઈ મોંઘવારી, માનવ થયો લાચાર

[મુદ્દા : પ્રસ્તાવના – ભારતનો ભવ્ય ભૂતકાળ – મોંઘવારી – મોંઘવારી વધવાનાં કારણો – મોંઘવારીની માનવજીવન પર અસર – મોંઘવારી વધતી અટકાવવાના ઉપાયો]

માનવીની મૂળભૂત ત્રણ જરૂરિયાતો છે – રોટી, કપડાં અને મકાન. દરેક માનવીની આ જરૂરિયાતો સંતોષાવી જ જોઈએ, પરંતુ આજે સામાન્ય માણસ કાળી મજૂરી કરે તોપણ પોતાના કુટુંબનું ભરણપોષણ સહેલાઈથી કરી શકતો નથી. દેશના કરોડો લોકો કૂદકે ને ભૂસકે વધી રહેલી મોંઘવારીથી પરેશાન છે. એવી દલીલ થાય છે કે જગત આખામાં મોંઘવારી વધી રહી છે, જેની અસર આપણા દેશમાં પણ થાય છે, પરંતુ આ દલીલમાં થોડુંક જ સત્ય છે.

વૈભવશાળી ભારતનો ભવ્ય ભૂતકાળ આજે કલ્પનાની વાત જ બની ગયો છે. એવું કહેવાય છે કે આપણા દેશમાં ઘીદૂધની નદીઓ વહેતી હતી. સામાન્ય આવકમાં પણ મોટા ભાગના લોકો પોતાની પ્રાથમિક જરૂરિયાતો સહેલાઈથી મેળવી શકતા હતા. રૂપિયાને ગાડાના પૈડા જેવડો મોટો ગણવામાં આવતો હતો. એક રૂપિયામાં જીવનજરૂરિયાતની મબલક ચીજવસ્તુઓ ખરીદી શકાતી હતી. લોકોનું જીવન સંતોષી અને સુખી હતું.

મોંઘવારીની એ પરિસ્થિતિ હવે બદલાઈ ગઈ છે. પહેલાં સામાન્ય નોકરી કરનાર વ્યક્તિને એક માસનો જે પગાર મળતો હતો એટલી જ રકમ આજે એક દિવસના પગાર પેટે મળે છે, છતાં તેને મળતી સુખશાંતિ આજે અદૃશ્ય થઈ ગયાં છે. આજે જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવો કૂદકે ને ભૂસકે વધતા જાય છે. ચા, ખાંડ, દૂધ, તેલ, કેરોસીન, મીઠું, અનાજ, સાબુ જેવી વસ્તુઓ મેળવવામાં જ મોટા ભાગની આવક વપરાઈ જાય છે. સામાન્ય માણસ અન્ય વસ્તુઓનો તો વિચાર જ કરી શકતો નથી. તેમાં પણ કમાનાર એક અને ખાનાર ઘણા હોય એવા કુટુંબની મુશ્કેલીઓનો પાર નથી હોતો. હંમેશાં સાત સાંધો ને તેર તૂટે તેવી સ્થિતિ હોય છે. મોંઘવારીની સૌથી માઠી અસર મધ્યમ વર્ગ પર પડી રહી છે. તેને ઘર ચલાવવા ઉપરાંત કૌટુંબિક અને સામાજિક પ્રસંગો પણ ઉકેલવાના હોય છે. તે માટે તેણે દેવું કરવું પડે છે.

મોંઘવારી વધવાનાં અનેક કારણો છે. તેમાં સંગ્રહખોરી, નફાખોરી, કૃત્રિમ અછત, કાળાંબજાર વગેરે મુખ્ય છે. સરકારે સંગ્રહખોરી, નફાખોરી અને કાળાંબજાર જેવા અપરાધો આચરનારાઓ સામે કડક હાથે કામ લેવું જોઈએ.

સરકાર અને ખાનગી પેઢીઓના માલિકો પોતપોતાના કર્મચારીઓને પગારવધારા આપે છે, પરંતુ પગારવધારાના પ્રમાણમાં મોંઘવારી અનેકગણી વધી જાય છે.

મોંઘવારીમાં થતા વધારા માટે આંતરરાષ્ટ્રીય અર્થવ્યવસ્થાને પણ થોડેઘણે અંશે જવાબદાર ગણવામાં આવે છે. દા. ત., આરબો પેટ્રોલિયમ પેદાશોની કિંમતોમાં વધારો કરે તો બીજી ચીજવસ્તુઓના ભાવો પર તેની અસર પડે છે. જેમ કે વાહનભાડામાં વધારો થાય છે. પરિણામે અનાજના અને શાકભાજીના ભાવો વધે છે. મોંઘવારી વધારા માટે કંઈક અંશે પ્રજા પણ જવાબદાર છે. કોઈ પણ વસ્તુની અછત થતાં જ શ્રીમંત લોકો મોં માગ્યા દામ આપીને વસ્તુઓ ખરીદી લેવા પડાપડી કરે છે.

મોંઘવારીને લીધે સામાન્ય માનવી સતત બે છેડા ભેગા કરવાની ચિંતામાં ડૂબેલો રહે છે. આપઘાતના કેટલાક કિસ્સાઓના મૂળમાં આર્થિક ચિંતા પણ રહેલી હોય છે. મોંઘવારીમાં પીસાઈ રહેલો માણસ તહેવારો અને શુભ પ્રસંગો મુક્ત મને ઊજવી શકતો નથી. તે પોતાના જીવનનો પૂરેપૂરો આનંદ માણી શકતો નથી.

મોંઘવારી વધતી રહે છે ને માણસ સસ્તો થઈ રહ્યો છે. કેટલાક લોકોને તેમના શ્રમનું પૂરેપૂરું વળતર અપાતું નથી. ગૃહઉદ્યોગો દ્વારા સામાન્ય માનવીને કમાણી થાય તેવું આયોજન પણ થવું જોઈએ. વેપારીઓએ પોતાની નૈતિક ફરજ સમજીને બેફામ ભાવવધારો અટકાવવો જોઈએ. મોંઘવારીને કાબૂમાં રાખવા સરકારે પણ યોગ્ય ઉપાયો કરવા જોઈએ.

આપણા સૌના સહિયારા પ્રયાસોથી જ મોંઘવારીને અંકુશમાં લાવી શકાશે.

47. મધ્યમ વર્ગની હાડમારીઓ અથવા મધ્યમ વર્ગની વિટંબણાઓ અથવા "મોંઘવારીનો માર ... નથી આવતો પાર ..."

[મુદ્દા : પ્રસ્તાવના – શ્રીમંત અને ગરીબ વર્ગ – મધ્યમ વર્ગની હાડમારીઓ – ઉકેલ – ઉપસંહાર]

સમાજમાં ત્રણ વર્ગો છે : શ્રીમંત, મધ્યમ અને ગરીબ. તેમાં આજની કાળઝાળ મોંઘવારીના સમયમાં મધ્યમ વર્ગ 'ન કહેવાય કે ન સહેવાય' જેવી સ્થિતિનો સામનો કરતો રહે છે.

શ્રીમંત વર્ગને મોંઘવારી અને બેકારી જેવી વિટંબણાઓની અસર હોતી નથી, કારણ કે એમની આવક ખાસ્સી વધારે હોય છે. બીજી બાજુ ગરીબ વર્ગના રોજિંદા જીવન પર મોંઘવારી અને બેકારીની ઝાઝી અસર થતી નથી, કારણ કે ગરીબ વર્ગની જરૂરિયાતો ઘણી ઓછી હોય છે. વળી, આ વર્ગને સામાજિક મોભાને અને પ્રતિષ્ઠાને જાળવી રાખવાની ફિકર પણ હોતી નથી. તેને સામાજિક વ્યવહારો માટે મોટા ખર્ચા કરવા પડતા નથી. કુટુંબના બધા સભ્યો કંઈક ને કંઈક ખપ પૂરતું રળી લે છે, પરંતુ આપણા દેશમાં મધ્યમ વર્ગના લોકોની મુશ્કેલીઓ પાર વિનાની હોય છે.

મધ્યમ વર્ગમાં નાના ખેડૂતો, નાના વેપારીઓ અને નોકરિયાતોનો સમાવેશ થાય છે. મધ્યમ વર્ગની સ્થિતિ ઘંટીનાં બે પડ વચ્ચે પિસાતા અનાજના દાણા જેવી અથવા સૂડી વચ્ચે સોપારી જેવી હોય છે. તે શ્રીમંત વર્ગની જેમ છૂટથી પૈસા વાપરી શકતો નથી કે ગરીબ વર્ગની જેમ અભાવથી ભરેલું જીવન પણ જીવી શકતો નથી. મધ્યમ વર્ગમાં કમાનાર વ્યક્તિ એક અથવા બે જ હોય છે અને એની ટૂંકી આવક પર આખું કુટુંબ નભતું હોય છે. પોતાનાં બાળકોનો ઉછેર કરવો, એમને ભણાવવાં, સામાજિક પ્રસંગો ઉકેલવા, વ્યવહારો નિભાવવા, ઘરમાં જરૂરી સગવડો ઊભી કરવી વગેરે કારણોસર એણે ઘણો ખર્ચ કરવો પડે છે. બેકારીના આજના યુગમાં મધ્યમ વર્ગનો માણસ મહામુશ્કેલીએ નોકરી મેળવી શકે છે. એને નાનીમોટી નોકરી તો મળી જાય છે પણ પગાર ઓછો મળે છે. વળી, નોકરી છૂટી જવાની તલવાર સદાય એને શિરે લટક્યા કરે છે. આજે દરેક ક્ષેત્રમાં બેફામ ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. બાળકને શાળામાં પ્રવેશ અપાવવાથી માંડીને નોકરીએ લગાડવા સુધી ઠેકઠેકાણે 'ડૉનેશન'નાં ઓઠાં હેઠળ લાંચ આપવી પડે છે. બાળકના શિક્ષણ માટે પુષ્કળ ખર્ચ કરવો પડે છે. સારી તબીબીસેવા પણ ખૂબ મોંઘી થઈ ગઈ છે. એમાંય જો ઘરમાં લગ્નપ્રસંગ, મરણ કે માંદગીના પ્રસંગો આવી પડે ત્યારે તો એ વ્યક્તિની અવદશા જ થાય છે. એને માથે દેવાના ડુંગર ખડકાઈ જાય છે. દીકરીનાં લગ્ન હોય તો દહેજ આપ્યા વિના છૂટકો નથી હોતો. આવા પ્રસંગે દીકરીનો પિતા કફોડી સ્થિતિમાં મુકાઈ જાય છે. રોજના ખર્ચા

માંડમાંડ પૂરા થતા હોય ત્યાં સારામાઠા પ્રસંગે સામાજિક રીતરિવાજો પ્રમાણેનો ખર્ચ ક્યાંથી કરવો? આથી મધ્યમ વર્ગનો માનવી ઘણી વાર ચિંતાઓથી ઘેરાઈ જાય છે. ચિંતાઓથી છુટકારો મેળવવા એ વધારે ઢસરડા કરે છે અને ક્યારેક તો એ આપઘાત જેવો ટૂંકો રસ્તો પણ અપનાવી લે છે, પણ વિસંગત સમાજવ્યવસ્થામાં તેનાથી કંઈ જ ફેર પડતો નથી.

મધ્યમ વર્ગે પોતાની હાડમારીઓ ઘટાડવા કમર કસવી પડશે. તેણે હિંમત રાખીને અને લોકોની ટીકાટિપ્પણીની પરવા કર્યા વિના સામાજિક રીતરિવાજોના નામે થતા બિનજરૂરી ખોટા ખર્ચા પર અંકુશ મૂકવો પડશે. લગ્નપ્રસંગો સાદાઈથી ઊજવવા પડશે. મરણપ્રસંગે થતા જમણવારોના ખોટા ખર્ચા બંધ કરવા પડશે. ઘરખર્ચમાં કરકસર કરવી પડશે. મોટાં થયેલાં બાળકોને આત્મનિર્ભર બનાવવાં પડશે. તેમને 'કમાતાં કમાતાં ભણો'(earn while learn)ના પાઠ શીખવવા પડશે. ઘરની બીજી વ્યક્તિઓ પણ ગૃહઉદ્યોગો દ્વારા પૂરક કમાણી કરે તેવું આયોજન કરવું પડશે.

મધ્યમ વર્ગના માણસે સ્વમાનભેર જીવવા માટે સ્વાવલંબન અને સાદાઈ અપનાવવાં જ પડશે.

48. ભ્રષ્ટાચાર : રાષ્ટ્રવ્યાપી કૅન્સર અથવા ભ્રષ્ટાચાર એ જ શિષ્ટાચાર અથવા આ ભ્રષ્ટાચાર તો ભારતને ભરખી ગયો અથવા ભ્રષ્ટાચાર ભગાવો – ભારત બચાવો

[મુદ્દા : પ્રસ્તાવના – ભ્રષ્ટાચારનાં ક્ષેત્રો – ભ્રષ્ટાચારીઓ અને તેઓનાં અધમ કૃત્યો – ભ્રષ્ટાચાર આચરવાનાં કારણો – ભ્રષ્ટાચાર દૂર કરવાના ઉપાયો – ઉપસંહાર]

જે કાર્યો કરવાથી વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રને નુકસાન થાય તે ભ્રષ્ટાચાર છે : ભારતમાં આજે જીવનનું એક પણ ક્ષેત્ર એવું જોવા નહિ મળે કે જ્યાં ભ્રષ્ટાચારે પોતાનું સામ્રાજ્ય જમાવ્યું ન હોય. ભ્રષ્ટાચાર આજે રાષ્ટ્રવ્યાપી કૅન્સર બન્યું છે, જેમાંથી મુક્ત થવું ઘણું કપરું જણાય છે.

ભારતમાં દરેક ક્ષેત્રે ભ્રષ્ટાચાર એ જ એકમાત્ર રસ્તો હોય એવું લાગે છે. નાના કર્મચારીઓ, ઉચ્ચ અધિકારીઓ વગેરેથી લઈને રાજકીય નેતાઓ સુધી ભ્રષ્ટાચાર પહોંચી ગયો છે. નાનાં-મોટાં, કાયદેસરનાં કે બિનકાયદેસરનાં કામો કરાવવા લોકો ભ્રષ્ટાચારીઓની જાળમાં ફસાય છે. જે લાંચ ન આપવામાં મક્કમ રહે છે, તેને પોતાનું કામ કરાવવું મુશ્કેલ થઈ પડે છે.

આજે બિલ્ડરો, દારૂના અડ્ડાવાળાઓ, પોલીસતંત્ર, સરકારી અધિકારીઓ, રાજકારણીઓ, શાળાકૉલેજના સંચાલકો, દુકાનદારો, વેપારીઓ વગેરેમાં પરસ્પર સાંઠગાંઠ હોય છે. આથી ભ્રષ્ટાચાર વધુ ને વધુ ફેલાતો જાય છે. નબળાં બાંધકામો થાય છે, ખુલ્લેઆમ દારૂ વેચાય છે, ઓછી ગુણવત્તાવાળો માલ પધરાવી દેવાય છે. ચીજવસ્તુઓના વધુ ભાવ લેવાય છે, નકલી દવાઓ અને નકલી ચીજવસ્તુઓ ખુલ્લેઆમ બજારમાં મુકાય છે. ટૂંકમાં, ભ્રષ્ટાચારીઓ મનુષ્યના કીમતી જીવન સાથે ચેડાં કરે છે. તેઓનો સ્વાર્થ સધાતો હોય તો મનુષ્યનું જે થવું હોય તે થાય. તેમને માનવજીવનની કંઈ જ પડી નથી. બાળકોના મધ્યાહ્ન ભોજન કે ઢોરોના ચારાના પૈસા ચરી જતાં ભ્રષ્ટાચારીઓ જરાય શરમ અનુભવતા નથી ! ભૂકંપ પીડિતો કે દુષ્કાળગ્રસ્તોની સહાયમાંથી પણ ભ્રષ્ટાચારીઓ કટકી કરી લે છે કે સહાયમાં આવેલી વસ્તુઓ વગે કરી દે છે.

ભ્રષ્ટાચાર ફેલાવાનાં અનેક કારણો છે. આજે મનુષ્યે નીતિને નેવે મૂકી દીધી છે. તે ઓછી મહેનતે વધુ પૈસા મેળવવા ઇચ્છે છે. તે ભૌતિક સમૃદ્ધિ મેળવી સમાજમાં મોટા દેખાવાનું પસંદ કરે છે. તેને કોઈ વાતનો સંતોષ રહ્યો નથી. ભૌતિકવાદની આંધળી દોટે મનુષ્યને વધારે ભ્રષ્ટાચારી બનાવી દીધો છે.

ભ્રષ્ટાચારથી વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રનું નૈતિક અધઃપતન થતું જાય છે. ભ્રષ્ટાચારને જડમૂળમાંથી દૂર કરવાની જરૂર છે. તે માટે સમાજે જાગ્રત થવાની જરૂર છે. સાદા અને પ્રામાણિક જીવનને મહત્ત્વ અપાવું જોઈએ. મહેનતનો જ રોટલો મેળવવાનો દઢ સંકલ્પ કરવો જોઈએ. વળી, ભ્રષ્ટાચારને નાથવા કડક કાયદાઓ ઘડવામાં આવે અને એનું કડકપણે પાલન થાય, ભ્રષ્ટાચારીને આકરામાં આકરી સજા થાય તો જ લોકો ભ્રષ્ટાચાર કરતાં ડરશે. વળી, લોકોએ પણ ભ્રષ્ટાચારીઓને સાથ ન આપતાં તેમને ખુલ્લા પાડવા જોઈએ. ભ્રષ્ટાચાર ભગાવો – ભારત બચાવો.

ભ્રષ્ટાચારના રાષ્ટ્રવ્યાપી કૅન્સરથી રાષ્ટ્રને ઉગારવું અઘરું જણાય છે પણ અશક્ય તો નથી જ. સૌના સહિયારા દઢ સંકલ્પ અને પ્રયત્નથી તે શક્ય બનશે. આવું બનશે તો જ તંદુરસ્ત અને કલ્યાણકારી ભારતનું નિર્માણ થશે.

49. ચલચિત્રોની સમાજ ઉપર અસર

[મુદ્દા : પ્રસ્તાવના – મનોરંજન – માણસની આવશ્યકતા – ચલચિત્રોની સારી અસરો – વિપરીત અસરો – ઉપસંહાર]

ચલચિત્રનું મનોરંજન લગભગ બધાને પ્રિય હોય છે.

આપણા દેશમાં શરૂમાં મૂંગાં ચલચિત્રો બન્યાં હતાં. શરૂઆતમાં બ્લૅક ઍન્ડ વ્હાઇટ ચલચિત્રો બનતાં હતાં. છેલ્લાં ઘણાં વરસોથી રંગીન ચલચિત્રો બની રહ્યાં છે. ચલચિત્રોમાં ગુંથાયેલી કથા, તેમાંના સચોટ સંવાદો, નટ-નટીઓનો અભિનય, ભવ્ય દશ્યયોજનાઓ

અને મધુર ગીત-સંગીત વગેરે કારણોને લીધે ચલચિત્રો ખૂબ જ લોકપ્રિય બનતાં રહ્યાં છે.

ચલચિત્રોમાં દેશ અને દુનિયાના વિવિધ પ્રદેશો, જુદીજુદી પ્રજાઓ, તેમનાં ખાનપાન, પહેરવેશ, રીતરિવાજો, ઉત્સવો અને જીવનશૈલીનો ચિતાર આપવામાં આવે છે. ચલચિત્રોના વિવિધ વિષયોમાં સામાજિક, ઐતિહાસિક, ધાર્મિક વગેરે વિષયોની પસંદગી કરવામાં આવે છે. નામાંકિત સર્જકોની જાણીતી કૃતિઓ પરથી પણ ચલચિત્રો બનાવાય છે. ઘણી વાર ચલચિત્રોમાં સત્ અને અસત્ વચ્ચેનો સંઘર્ષ તેમજ સત્‌નો વિજય થતો દર્શાવવામાં આવે છે. એ જોવાથી દર્શકોની ન્યાયબુદ્ધિ કેળવાય છે. ચલચિત્રોમાંથી દેશભક્તિ, પ્રામાણિકતા અને નીતિ જેવા ગુણો કેળવવાની પ્રેરણા પણ મળે છે. આ રીતે ચલચિત્રો સુંદર તથા સ્વસ્થ સમાજરચના માટેની પોષક સામગ્રી પૂરી પાડે છે.

ધાર્મિક વિષયો પર આધારિત ચલચિત્રો સમાજની ધાર્મિક ભાવનાને પોષે છે. ચલચિત્રોની જાદુઈ અસરને પરિણામે અભણ માણસો પણ સાંપ્રત પ્રશ્નો વિશે સમજ મેળવે છે. ચલચિત્રો આ રીતે સામાજિક કેળવણીની કામગીરી પણ કરે છે. સમાજના તમામ લોકો પુસ્તકોનું વાંચન કરતા નથી પણ ચલચિત્રો અવશ્ય જુએ છે. આથી આપણું શ્રેષ્ઠ સાહિત્ય ચલચિત્રોના માધ્યમથી અનેક લોકો સુધી પહોંચી શક્યું છે. 'ઝેર તો પીધાં છે જાણીજાણી', 'જીગર અને અમી', 'સરસ્વતીચંદ્ર', 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ' અને 'દેવદાસ' જેવાં ચલચિત્રો આના પુરાવા છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં આપણા સમાજમાં આમૂલ પરિવર્તન થયું છે. જેમ કે કન્યા-કેળવણી, નારીસ્વાતંત્ર્ય અને આંતરજ્ઞાતીય લગ્નોની બાબતમાં સારી એવી પ્રગતિ થઈ છે. સતીપ્રથા અને બાળલગ્નો જેવી કુરૂઢિઓને સમાજે જાકારો આપ્યો છે. વિધવાવિવાહને સમાજે સ્વીકારી લીધો છે તો દહેજપ્રથાને દૂર કરવા માટેની સભાનતા વધી છે. સામાજિક માળખામાં થયેલી આ ક્રાંતિ પણ ચલચિત્રોને આભારી છે. આમ, ચલચિત્રોએ ઘણી હકારાત્મક સામાજિક અસરો સર્જી છે.

જોકે ચલચિત્રોની સમાજ પર કેટલીક માઠી અસરો પડી છે. એનું કારણ ચલચિત્રમાં પ્રવેશેલું વ્યવસાયીકરણ છે. નટીઓનાં વરવાં અંગપ્રદર્શનનાં દૃશ્યોની લોકમાનસ પર વિકૃત અસરો પડે છે. એથી યુવાનોનું ચારિત્ર્ય શિથિલ થાય છે. વળી વરવાં પ્રણયદૃશ્યો, અશ્લીલ ગીતો, નૃત્યો અને દ્વિઅર્થી સંવાદોની પણ યુવાવર્ગ પર વિપરીત અસર પડે છે. જ્યારે મારામારી, બળાત્કાર અને ખૂનામરકી જેવાં હિંસક દૃશ્યો કુમળાં બાળકોનાં મન પર વિઘાતક અસર કરે છે. બાળકો સિનેસૃષ્ટિને વાસ્તવિક માની તેનું અનુકરણ કરવા પ્રેરાય છે. અસામાજિક તત્ત્વોને ચલચિત્રોમાંથી ગુનાખોરીની અવનવી તરકીબો અને પ્રેરણા મળે છે. ચલચિત્રોનું યોગ્ય સ્તર નહિ જળવાય તો તે સમસ્ત સમાજને અધઃપતનની ગર્તામાં ધકેલાતાં વાર નહિ લાગે.

ચલચિત્રો મનોરંજન માટેનું એક સસ્તું, લોકપ્રિય અને પ્રભાવશાળી માધ્યમ છે. તેથી નિર્માતાઓને શિરે સમાજના ઘડતરની મોટી જવાબદારી રહેલી છે. નિર્માતાઓ હલકી કક્ષાનાં ચલચિત્રોનું નિર્માણ કરવાને બદલે સ્વચ્છ મનોરંજન આપી શકે એવાં ગુણવત્તાવાળાં ચિત્રોનું નિર્માણ કરે તે ખૂબ જરૂરી છે. આ બાબતમાં સરકારે પણ જરૂરી પગલાં ભરવાં જોઈએ.

50. ટેલિવિઝનના લાભાલાભ અથવા

ટેલિવિઝન : દૂષણ અને ભૂષણ પણ

[મુદ્દા : પ્રસ્તાવના – ટેલિવિઝનની શોધ અને વિકાસ – ટેલિવિઝનના લાભ – ટેલિવિઝનના ગેરલાભ – ઉપસંહાર]

વીસમી સદી અવનવી વૈજ્ઞાનિક શોધોની સદી બની રહી છે. આ સદીમાં થયેલી અનેક વૈજ્ઞાનિક શોધોને લીધે માનવજીવનનાં તમામ ક્ષેત્રોમાં ક્રાંતિકારી પરિવર્તન થયું છે. એને લીધે માનવીનું જીવન વધુ સગવડભર્યું અને આરામદાયક બન્યું છે. રોજિંદા જીવન સાથે વણાઈ ગયેલું ટેલિવિઝન એ વીસમી સદીની એક અદ્ભુત દેન છે.

ઈ. સ. 1926માં બી. બાયર્ડે ટેલિવિઝનની શોધ કરી હતી. શરૂઆતમાં બ્લૅક ઍન્ડ વ્હાઇટ ટીવી શરૂ થયાં. પછી તેમાં અનેક પ્રકારના સુધારાવધારા થતાં આજે જાતજાતનાં નાનામોટાં રંગીન ટેલિવિઝન અસ્તિત્વમાં આવ્યાં છે. સૅટેલાઇટના કારણે વિશ્વના લગભગ તમામ દેશોમાં ટેલિવિઝનના કાર્યક્રમોનું પ્રસારણ શક્ય બન્યું છે. આપણા દેશમાં પણ ટેલિવિઝનના ઉત્પાદનમાં અનેકગણો વધારો થયો છે.

ટીવી મનોરંજનનું શ્રેષ્ઠ અને સસ્તું સાધન સાબિત થયું છે. આપણે દેશવિદેશના તાજા સમાચાર ટીવી પર જોઈ શકીએ છીએ. દેશવિદેશની ભૌગોલિક પરિસ્થિતિ જોઈ-જાણી શકીએ છીએ. સંગીત, નાટક, નૃત્ય, કવિતા વગેરેનો આસ્વાદ માણી શકીએ છીએ. દુનિયામાં થતી અવનવી વૈજ્ઞાનિક શોધોથી માહિતગાર થઈ શકીએ છીએ.

ટીવી પર અનેક સામાજિક અને ધાર્મિક શ્રેણીઓ બતાવવામાં આવે છે. 'મહાભારત', 'રામાયણ', 'સિંહાસન બત્રીસી', 'વિક્રમવેતાળ', 'શ્રીકૃષ્ણ', 'જય હનુમાન', 'ૐ નમઃ શિવાય' જેવી અનેક શ્રેણીઓ સમાજઘડતરનું કામ પણ કરે છે.

ટીવી પર બતાવવામાં આવતાં ચલચિત્રો આપણે ઘરમાં બેઠાં બેઠાં સહકુટુંબ જોઈએ છીએ તેથી સમય અને નાણાંનો બચાવ થાય છે. ક્રિકેટ, ફૂટબૉલ કે હૉકી જેવી રમતો જોવા માટે હવે મોંઘી ટિકિટો ખરીદીને સ્ટેડિયમ સુધી જવાની જરૂર પડતી નથી. આપણે આ બધી રમતો ટીવી ઉપર જોઈ શકીએ છીએ. ટીવીમાંના યુવા પ્રતિભા શોધ કાર્યક્રમો દ્વારા

ચલચિત્રો મનોરંજન માટેનું એક સસ્તું, લોકપ્રિય અને પ્રભાવશાળી માધ્યમ છે. તેથી નિર્માતાઓને શિરે સમાજના ઘડતરની મોટી જવાબદારી રહેલી છે. નિર્માતાઓ હલકી કક્ષાનાં ચલચિત્રોનું નિર્માણ કરવાને બદલે સ્વચ્છ મનોરંજન આપી શકે એવાં ગુણવત્તાવાળાં ચિત્રોનું નિર્માણ કરે તે ખૂબ જરૂરી છે. આ બાબતમાં સરકારે પણ જરૂરી પગલાં ભરવાં જોઈએ.

50. ટેલિવિઝનના લાભાલાભ અથવા ટેલિવિઝન : દૂષણ અને ભૂષણ પણ

[મુદ્દા : પ્રસ્તાવના – ટેલિવિઝનની શોધ અને વિકાસ – ટેલિવિઝનના લાભ – ટેલિવિઝનના ગેરલાભ – ઉપસંહાર]

વીસમી સદી અવનવી વૈજ્ઞાનિક શોધોની સદી બની રહી છે. આ સદીમાં થયેલી અનેક વૈજ્ઞાનિક શોધોને લીધે માનવજીવનનાં તમામ ક્ષેત્રોમાં ક્રાંતિકારી પરિવર્તન થયું છે. એને લીધે માનવીનું જીવન વધુ સગવડભર્યું અને આરામદાયક બન્યું છે. રોજિંદા જીવન સાથે વણાઈ ગયેલું ટેલિવિઝન એ વીસમી સદીની એક અદ્ભુત દેન છે.

ઈ. સ. 1926માં બી. બાયર્ડે ટેલિવિઝનની શોધ કરી હતી. શરૂઆતમાં બ્લૅક ઍન્ડ વ્હાઇટ ટીવી શરૂ થયાં. પછી તેમાં અનેક પ્રકારના સુધારાવધારા થતાં આજે જાતજાતનાં નાનામોટાં રંગીન ટેલિવિઝન અસ્તિત્વમાં આવ્યાં છે. સૅટેલાઇટના કારણે વિશ્વના લગભગ તમામ દેશોમાં ટેલિવિઝનના કાર્યક્રમોનું પ્રસારણ શક્ય બન્યું છે. આપણા દેશમાં પણ ટેલિવિઝનના ઉત્પાદનમાં અનેકગણો વધારો થયો છે.

ટીવી મનોરંજનનું શ્રેષ્ઠ અને સસ્તું સાધન સાબિત થયું છે. આપણે દેશવિદેશના તાજા સમાચાર ટીવી પર જોઈ શકીએ છીએ. દેશવિદેશની ભૌગોલિક પરિસ્થિતિ જોઈ-જાણી શકીએ છીએ. સંગીત, નાટક, નૃત્ય, કવિતા વગેરેનો આસ્વાદ માણી શકીએ છીએ. દુનિયામાં થતી અવનવી વૈજ્ઞાનિક શોધોથી માહિતગાર થઈ શકીએ છીએ.

ટીવી પર અનેક સામાજિક અને ધાર્મિક શ્રેણીઓ બતાવવામાં આવે છે. 'મહાભારત', 'રામાયણ', 'સિંહાસન બત્રીસી', 'વિક્રમવેતાળ', 'શ્રીકૃષ્ણ', 'જય હનુમાન', 'ૐ નમઃ શિવાય' જેવી અનેક શ્રેણીઓ સમાજઘડતરનું કામ પણ કરે છે.

ટીવી પર બતાવવામાં આવતાં ચલચિત્રો આપણે ઘરમાં બેઠાં બેઠાં સહકુટુંબ જોઈએ છીએ તેથી સમય અને નાણાંનો બચાવ થાય છે. ક્રિકેટ, ફૂટબૉલ કે હૉકી જેવી રમતો જોવા માટે હવે મોંઘી ટિકિટો ખરીદીને સ્ટેડિયમ સુધી જવાની જરૂર પડતી નથી. આપણે આ બધી રમતો ટીવી ઉપર જોઈ શકીએ છીએ. ટીવીમાંના યુવા પ્રતિભા શોધ કાર્યક્રમો દ્વારા

યુવાનોને તેમનું વ્યક્તિત્વ ખીલવવાની તક મળે છે. 'ડિસ્કવરી' જેવી ચેનલથી આપણને દુનિયાભરની વિશિષ્ટ માહિતી મળી રહે છે. 'ચિત્રહાર' અને 'ચિત્રમાલા' જેવી શ્રેણીઓથી આપણને ફિલ્મી સંગીત માણવા મળે છે. ટીવી પર બાળકો માટેના પણ અનેક કાર્યક્રમો રજૂ થાય છે. તેથી બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે છે. ટીવી પર ચૂંટણી વખતે જુદાજુદા રાજકીય પક્ષોના નેતાઓ પોતાના પક્ષની નીતિઓ અને કાર્યક્રમો રજૂ કરે છે. આથી જે-તે પક્ષની નીતિઓ જાણી શકાય છે.

ટીવી પર વરસાદ અને વાવાઝોડાની આગાહી કરવામાં આવે છે. તેથી લોકો અગમચેતીનાં પગલાં લઈ શકે છે. ભૂકંપ, વાવાઝોડું, દુષ્કાળ, યુદ્ધ, અકસ્માત વગેરેનાં અહેવાલ ટીવી પર રજૂ કરીને અસરગ્રસ્ત લોકો માટે સહાય મેળવી શકાય છે. આમ, ટીવી મનોરંજન સાથે માહિતી અને જ્ઞાન આપતું તેમજ સમાજસેવા કરતું એક ઉત્તમ દૃશ્યશ્રાવ્ય સાધન છે.

ટીવીના અનેક ફાયદા હોવા છતાં તેના કેટલાક ગેરલાભો પણ છે. ટીવીની સીધી અસર બાળકોના અભ્યાસ પર થાય છે. કેટલાંક બાળકો ટીવીના કાર્યક્રમો જોતાંજોતાં પોતાનું લેસન કરે છે કે ભોજન કરે છે. તેથી તેઓ અભ્યાસમાં એકાગ્ર થઈ શકતાં નથી. સતત ટીવી જોવાથી બાળકોની આંખો પણ નબળી થઈ જાય છે. રમતોના સીધા પ્રસારણ વખતે ઑફિસોમાં હાજરી ઓછી રહે છે, તેથી ઑફિસોના કામ પર અસર પડે છે. ટીવી પર આવતાં હિંસક દૃશ્યો, જાહેરાતો, અંગપ્રદર્શન કરતાં દૃશ્યો વગેરેની યુવા અને બાળમાનસ પર વિપરીત અસર થાય છે. આથી જ ટીવીને 'idiot box' (ઇડિયટ બૉક્સ) અને 'time waster' (ટાઇમ વેસ્ટર) પણ કહેવામાં આવે છે.

ટીવીના કેટલાક ગેરલાભો હોવા છતાં આજે ટીવી એક અનિવાર્ય સાધન બની ગયું છે. ટીવીનો સમજપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો તે ભૂષણ છે, પરંતુ તેનો વિવેક-સમજ વગરનો ઉપયોગ દૂષણ પણ પુરવાર થઈ શકે છે.

51. હૉટલો અને આપણું સ્વાસ્થ્ય

[મુદ્દા : પ્રસ્તાવના – હૉટલોની અનિવાર્યતાનાં કારણો – સામાન્ય હૉટલોની વ્યવસ્થા – સારી હૉટલોની સેવા – ઉપસંહાર]

શહેરોમાં હૉટલોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. ખાણીપીણીના શોખીનોથી હૉટલો ઊભરાતી રહે છે. અમુક હૉટલોમાં તો સ્વાદના રસિયાઓ એટલી મોટી સંખ્યામાં ઊમટે છે કે તેઓને ત્યાં લાઇનમાં ઊભા રહીને પોતાનો વારો આવવાની રાહ જોવી પડે છે.

રોજીરોટી મેળવવા માટે રોજેરોજ શહેરમાં ઠલવાતા હજારો લોકોને રોટલો અને ઓટલો સહેલાઈથી મળી રહેતાં નથી. કામધંધો મેળવવા શહેરોમાં આવેલા ઘણા યુવાનોને કુટુંબ સાથે રહેવાનું પોસાતું ન હોવાથી એકલા જ રહેવું પડે છે. કેટલાક લોકોને વહેલી સવારે કામધંધાના સ્થળે જવું પડે છે. આથી જમવા માટે ઘેર પાછા આવવાનું શક્ય બનતું નથી. આથી આવા લોકોને હૉટલોમાં જ જમી લેવું પડે છે. કેટલાંક કુટુંબોમાં પતિપત્ની બંને નોકરી કરતાં હોય છે. સાંજે નોકરીએથી કંટાળીને અને થાકીને ઘેર આવ્યા પછી રસોઈ કરવાનું તેમને ગમતું નથી. આથી કેટલાક લોકો ક્યારેક હૉટલમાં જમી લેવાનું પસંદ કરે છે. વળી, આજકાલ રજાના દિવસે કુટુંબ સાથે હૉટલોમાં જમવાનો શોખ વધતો જાય છે. આવાં કેટલાંક કારણોસર આજકાલ શહેરોમાં હૉટલોનો રાફડો ફાટ્યો છે. હૉટલના વ્યવસાયમાં સારી કમાણી થતી હોવાથી પણ અનેક લોકો હૉટલોના વ્યવસાય તરફ વળ્યા છે. હાઈવે પર પણ સારી કક્ષાની ઘણી હૉટલો શરૂ થઈ છે.

શહેરોમાં સામાન્યથી લઈને શ્રીમંતોને પોસાય તેવી જુદાજુદા સ્તરની અનેક હૉટલો હોય છે. ફૂટપાથ પર પણ હૉટલો ચાલતી હોય છે. કારીગર વર્ગને હૉટલનાં ચા-પાણી કર્યા વિના સંતોષ થતો નથી. સામાન્ય હૉટલોમાં સ્વાસ્થ્ય અંગે ખૂબ ઓછી દરકાર રાખવામાં આવે છે. સફાઈનો ખ્યાલ બરાબર રાખવામાં આવતો નથી. કેટલીક સામાન્ય હૉટલોમાં પાણી માટે ડોયા કે જગનો ઉપયોગ કરવામાં આવતો નથી. કપ-રકાબી અને નાસ્તાની તાસકો સાફ કરવા માટે પણ ચોખ્ખું પાણી વપરાતું નથી. આવી હૉટલોમાં ઘણી વાર નાસ્તો વાસી હોય છે, જેની ગ્રાહકોને જાણ હોતી નથી. આવી હૉટલના રસોડામાં માખીઓ તથા વંદા પણ હોય છે. હૉટલમાં કામ કરતા નોકરોનાં કપડાં અને હાથપગ પણ ગંદા હોય છે. આ બધાં કારણોને લીધે એ હૉટલોમાં ખાનારાઓનું સ્વાસ્થ્ય બગડે છે. ઘણી વાર તો તેઓ ગંભીર માંદગીમાં સપડાઈ જાય છે. સરકારનું આરોગ્ય ખાતું આ બાબતની કાળજી રાખે છે, પરંતુ તેમાં પણ ભ્રષ્ટાચાર ચાલે છે.

સારી હૉટલોમાં સ્વચ્છતા અને સ્વાસ્થ્યની વિશેષ દરકાર રાખવામાં આવે છે. ત્યાંની સ્વચ્છતા અને વ્યવસ્થા ઊડીને આંખે વળગે તેવી હોય છે. વળી, તેમાં પીરસાતી વાનગીઓ, ચા-પાણી, આઇસક્રીમ વગેરે ઉત્તમ ગુણવત્તાવાળાં હોય છે, પરંતુ આ પ્રકારની હૉટલો ઘણી મોંઘી હોય છે. તેના ભાવ સામાન્ય માણસોને પરવડતા નથી. તે શ્રીમંત વર્ગને અથવા ક્યારેક જ હૉટલમાં જનાર વર્ગને પોસાય તેવા હોય છે.

આજના સમયમાં હૉટલોની ઘણી આવશ્યકતા છે. તેથી હૉટલોના માલિકોએ સ્વચ્છતા અને આરોગ્યના નિયમોનું પાલન કરવું જ જોઈએ. હૉટલોમાં વપરાતું પાણી શુદ્ધ હોય, તેમાં કામ કરતા માણસો સ્વચ્છતા જાળવે, તેમાં પીરસાતી વાનગીઓ સ્વાસ્થ્યને નુકસાનકર્તા ન હોય તે જોવાની જવાબદારી સરકાર અને હૉટલોના માલિકોની છે. જો આટલું થઈ શકે તો હૉટલો સમાજ માટે આશીર્વાદરૂપ બની રહેશે.

52. ઊભરાતી વસ્તી, વધતી ગરીબી

[મુદ્દા : પ્રસ્તાવના – ભારતમાં વધતી જતી વસ્તી – વસ્તીવધારાનાં કારણો – વસ્તીવધારાને લીધે ઉદ્ભવેલી સમસ્યાઓ – ઉપાયો – ઉપસંહાર]

અનેક રોમાંચક ઘટનાઓથી ભરેલી વીસમી સદી વિદાય થઈ અને આપણે એકવીસમી સદીમાં પ્રવેશ કરી ચૂક્યા છીએ. એવા ટાણે એક વિરાટ સમસ્યા આપણી સામે મોઢું ફાડીને ઊભી છે – એ સમસ્યા છે નિરંકુશ વસ્તીવધારાની.

ભારતમાં કૂદકે ને ભૂસકે વધી રહેલી વસ્તી એ દેશની સૌથી મોટી સમસ્યા છે. આઝાદી મળી ત્યારે દેશની વસ્તી છત્રીસ કરોડની હતી. આજે આ વસ્તી વધીને એકસો વીસ કરોડના આંકને વટાવી ગઈ છે. છેલ્લાં પચાસ વર્ષમાં આપણા દેશની વસ્તી અઢી ગણી થઈ ગઈ છે. આપણા દેશમાં દર વર્ષે એક કરોડ ત્રીસ લાખના દરે વસ્તીવધારો થઈ રહ્યો છે.

આપણા દેશના લોકોનું અજ્ઞાન એ વસ્તીવધારાનું મુખ્ય કારણ છે. ક્યારેક લોકો એક પુત્રીથી સંતોષ માનવાને બદલે પુત્રની અપેક્ષાએ વધુ ને વધુ બાળકોને ઝંખે છે. કેટલાક લોકો એકબે સંતાનથી સંતોષ ન માની વધુ સંતાનોની તરફેણ કરે છે. આવો વસ્તીવધારો ગરીબ અને નિરક્ષર વર્ગમાં મુખ્ય હોય છે.

દેશમાં વધતી વસ્તીએ અનેક સમસ્યાઓને જન્મ આપ્યો છે. આજે આપણા દેશમાં પચાસ ટકા કરતાં વધારે લોકો ગરીબીની રેખા નીચે જીવી રહ્યા છે. તેઓને બે ટંક પૂરતું ખાવાનુંય મળતું નથી, અંગ ઢાંકવા પૂરતાં વસ્ત્રો મળતાં નથી અને રહેવા માટે એમની પાસે પોતાનું કહી શકાય તેવું છાપરુંય નથી! જેઓને જીવનજરૂરિયાતની પ્રાથમિક વસ્તુઓ પણ મળતી ન હોય ત્યાં બીજી સગવડોની તો આશા જ ક્યાં રાખે? વસ્તી વધતી જ જાય છે પરંતુ તેની સાથે સાધનસામગ્રી વધતી નથી. આપણા દેશના ભૂગર્ભ જળભંડારોમાં સતત ઘટાડો થતો જાય છે પરિણામે કેટલાક વિસ્તારોમાં પાણીની તીવ્ર અછત ઊભી થઈ છે. વધતી જતી વસ્તીને માટે શિક્ષણ તથા આરોગ્યની અને રહેઠાણ તથા વાહનવ્યવહારની વધારાની સગવડો ઊભી કરવી જરૂરી બની છે. એ માટે અબજો રૂપિયાનો વધારાનો આર્થિક બોજો દેશને સહન કરવો પડે છે. પરિણામે દેશનું અર્થતંત્ર છિન્નભિન્ન થઈ જાય છે. દેશનાં વિકાસનાં કામો અટકી પડે છે. સરકારે પંચવર્ષીય યોજનાઓ દ્વારા વિકાસનાં અનેક કામો હાથ ધર્યાં છે, પરંતુ બધો વિકાસ વસ્તીવધારો ભરખી જાય છે. પરિણામે દેશમાં ગરીબી અને બેકારી વધતી જાય છે. વસ્તીવધારાની શિક્ષણ ઉપર પણ માઠી અસર પડે છે. ભણવાની ઇચ્છાવાળાં અનેક બાળકોને બાળમજૂરી તરફ ધકેલાવું પડે છે.

વધતી જતી વસ્તીને નિયંત્રણમાં રાખવા માટે કુટુંબનિયોજન અને કુટુંબકલ્યાણ યોજનાઓ પાછળ સરકાર કરોડો રૂપિયા ખર્ચે છે. આમ છતાં, આપણે વસ્તીવધારાની સમસ્યાને નાથી શક્યા નથી. જોકે થોડીઘણી સફળતા જરૂર મળી છે.

વસ્તીવધારાની સમસ્યાનો સચોટ ઉપાય કરવાનું હવે અનિવાર્ય બની ગયું છે. આ માટે સરકારે કડક કાયદા ઘડીને તેનો સખતાઈથી અમલ કરવો જોઈએ. વળી, રેડિયો અને ટીવી જેવાં પ્રસાર માધ્યમો દ્વારા લોકોને 'નાનું કુટુંબ, સુખી કુટુંબ'ની પૂરતી સમજ આપવી જોઈએ. દરેક માબાપે આટલું સમજવું જ જોઈએ કે ઓછાં બાળકો હશે તો જ તેમનો સારી રીતે ઉછેર કરી શકાશે.

53. દહેજ : એક સામાજિક દૂષણ અથવા દહેજપ્રથા

[મુદ્દા : પ્રસ્તાવના – દહેજપ્રથા : પરિચય – દહેજપ્રથાની આડઅસરો – દહેજપ્રથા દૂર કરવાના પ્રયત્નો – ઉપસંહાર]

દહેજપ્રથાના નામે આપણે એક ભયંકર સામાજિક દૂષણને પોષી રહ્યા છીએ. દહેજ 'પૈઠણ' કે 'વાંકડા' જેવા શબ્દોથી પણ ઓળખાય છે. દહેજભૂખ્યાં લોકો દ્વારા આપવામાં આવતા માનસિક અને શારીરિક ત્રાસને કારણે રોજ અનેક નારીઓ હત્યા અથવા આત્મહત્યાનો શિકાર બને છે. આવા હૃદયદ્રાવક કિસ્સાઓ અવારનવાર બન્યા કરે છે.

દહેજ એટલે લગ્નપ્રસંગે કન્યાપક્ષ તરફથી વરપક્ષને અપાતી ભેટસોગાદો. તેમાં રોકડ રકમ ઉપરાંત ફ્રીજ, ટીવી, વૉશિંગ મશીન, કબાટ, સ્કૂટર, સોનાચાંદીના દાગીના, વાસણો, ગાદલાં, પલંગ વગેરે જેવી અનેક ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. કન્યાનો પત્ની તરીકે સ્વીકાર કરીને જમાઈરાજ કન્યાનાં માબાપ પર જાણે બહુ મોટો ઉપકાર કરતાં હોય તેમ દીકરીનાં માબાપ પાસે કાયમ અવિચારી માગણીઓ કર્યા કરતાં હોય છે. કેટલાક જમાઈરાજો સસરા પાસે પરદેશ જવાના ખર્ચની તેમજ ગાડીની માગણી કરે છે. જેની સાથે જિંદગીભરનો સંબંધ બાંધ્યો છે, જેના દુઃખે દુઃખી અને સુખે સુખી રહેવાનું છે, તે પત્નીનાં માબાપ પાસેથી નફ્ફટ થઈને વિવિધ માગણીઓ કરે રાખવી એ નરી ક્રૂરતા જ છે. દહેજ માગવું કે લેવું એ મહાપાપ છે. દીકરીનાં માબાપે એક વાર દહેજ આપી દીધું હોય તેટલાથી વરની તથા વરપક્ષના લોકોની ભૂખ સંતોષાતી નથી. દીકરીનાં લગ્ન થઈ ગયા પછી પણ તેના સાસરિયાંઓ તરફથી અવારનવાર અનેક બહાનાં આગળ ધરીને સતત નાણાં અને ચીજવસ્તુઓની માગણીઓ થતી રહે છે. જો આ અઘટિત માગણીઓ સંતોષવામાં ન આવે તો દીકરીને સાસરિયાં દ્વારા અનેક પ્રકારનો માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવે છે. બાપની આબરૂ સાચવવા માટે દીકરી આવી યાતનાઓ સહન કરી લે છે અને એની સહનશક્તિની હદ આવી જાય ત્યારે તે આપઘાત કરી લે છે. દહેજપ્રથા એટલે વગર મહેનતે જાણે લીલાલહેર કરવાનો જમાઈરાજનો અધિકાર ! કન્યાનાં માબાપ કદાચ આપતાં થાકે પણ જમાઈરાજ લેતાં કદીય ના થાકે !

દહેજપ્રથા કન્યાનાં માબાપ માટે અનેક મુસીબતો સર્જે છે. કેટલાક સમાજોમાં કન્યાનાં માબાપની આર્થિક સ્થિતિ સારી ન હોય તો તેમણે દેવું કરીને પણ દીકરીનો કરિયાવર કરવો

પડે છે. જે માબાપને બેત્રણ દીકરીઓ હોય, તેમને તો પોતાની વહાલસોયી દીકરીઓ આ દહેજપ્રથાને કારણે કેટલીક વાર બોજારૂપ લાગે છે. દહેજપ્રથાને કારણે જ જૂના જમાનામાં કદાચ દીકરીને 'દૂધપીતી' કરવાનો રિવાજ અમલમાં આવ્યો હશે! આધુનિક સમયમાં ગર્ભપરીક્ષણની પદ્ધતિ વિકસી છે. એમાં જો ગર્ભમાં છોકરી છે, એવું નિદાન થાય તો 'ગર્ભપાત' કરાવી નાખવામાં આવે છે. આ પણ 'દૂધપીતી'નું બીજું રૂપાળું નામ છે. એ અત્યંત દુઃખદ બાબત છે. જોકે સરકારે હવે ગર્ભપરીક્ષણ પર કાયદાકીય પ્રતિબંધ મૂક્યો છે.

દહેજપ્રથાના આ ભયંકર દૂષણને દૂર કરવા માટે સામાજિક સંસ્થાઓ, મહિલામંડળો, સમાજકલ્યાણની સંસ્થાઓ અને સરકાર અનેક પ્રયત્નો કરે છે. રેડિયો અને ટીવી જેવાં પ્રસાર માધ્યમો નાટકો, ચલચિત્રો, પ્રવચનો વગેરે કાર્યક્રમોના પ્રસારણ દ્વારા દહેજપ્રથા દૂર કરવાનો સંદેશ આપે છે. કેટલીક જ્ઞાતિઓનાં યુવકમંડળો પણ 'સમૂહ લગ્નોત્સવ'નું આયોજન કરીને દહેજપ્રથાના દૂષણને દૂર કરવાનો સક્રિય પ્રયત્ન કરે છે. પરિણામે દહેજપ્રથાનું દૂષણ હવે થોડુંઘણું અંકુશમાં આવવા લાગ્યું છે.

દહેજપ્રથા નાબૂદ કરવા માટે યુવાનોએ કટિબદ્ધ થવાની જરૂર છે. યુવાન છોકરા-છોકરીઓએ એવી પ્રતિજ્ઞા લેવી જોઈએ કે 'અમે દહેજ લઈશું નહિ અને દહેજ આપીશું નહિ.' આવું કરવાથી જ અનેક અબળાઓ દહેજના ખપ્પરમાં હોમાતી અટકશે અને તેમનાં માબાપને શાંતિ થશે.

54. દીકરી ઘરની દીવડી અથવા સૃષ્ટિનો એક જ પુકાર–દીકરી બચાવી કરો ઉદ્ધાર

[મુદ્દા : દીકરી પ્રત્યેનું સમાજનું વલણ – દીકરો અને દીકરીની પ્રકૃતિ – પિતાને વહાલી દીકરી – સ્ત્રી-ભ્રૂણની હત્યા અને સ્ત્રી-પુરુષ પ્રમાણમાં અસમતુલા – ચેતવણીની ઘંટી વાગી ચૂકી છે. – જાગૃતિની જરૂર – ઉપસંહાર]

પ્રાચીનકાળથી કુળના વારસ તરીકે દીકરાનો મહિમા કરવામાં આવે છે. જ્યારે દીકરીને 'સાપનો ભારો', 'પારકી થાપણ', 'માથાનો બોજ' વગેરે માનવામાં આવે છે. આવી એકતરફી માન્યતા ખરેખર ખોટી છે. દીકરો ઘરદીવડો હોય તો દીકરી પણ ઘરની દીવડી છે. દીકરા અને દીકરી વચ્ચે ભેદભાવ રાખવો એ ઘોર અન્યાય છે.

એવું કહેવાય છે કે લગ્ન ન થાય ત્યાં સુધી જ દીકરો માતાપિતાનો રહે છે પણ દીકરી તો આજીવન માતાપિતાની જ રહે છે. સંસ્કારી અને કેળવાયેલી દીકરી બે કુળને, બે કુટુંબોને સંસ્કારોથી ઉજાળે છે. સમાજના વિકાસની પારાશીશી, જે-તે સમાજમાં કેટલી

દીકરીઓ છે એના ઉપર અવલંબિત છે. દીકરી, પરમાત્માએ આપેલું વરદાન છે, આશીર્વાદ છે, કલ્પવૃક્ષ છે. દીકરી 'વહાલનો દરિયો' છે.

'બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા' એવી કહેવત છે પણ પિતાને તો દીકરી જ વહાલી હોય છે. સંસ્કૃતમાં દીકરી માટે 'દુહિતા' શબ્દ છે. 'દુહિતા' એટલે ગાય દોહનારી. પ્રાચીનકાળમાં ઘેરઘેર ગાયો પાળવામાં આવતી. તેને દોહવાની જવાબદારી દીકરીની હતી. સદીઓથી દીકરીઓ જ ઘરનાં મોટા ભાગનાં કામો કરતી રહી છે. ઘરકામની સાથેસાથે દીકરીઓ ભણે છે અને નોકરી પણ કરે છે.

તમામ ક્ષેત્રોમાં દીકરીઓ દીકરાઓ કરતાં ઘણી આગળ રહે છે. આપણે દીકરીઓને હજુ યોગ્ય મહત્ત્વ આપતા નથી. આપણો સમાજ દીકરાના જન્મને સહર્ષ આવકારે છે, પણ દીકરીના જન્મને આવકારતો નથી. લોકો એવું માને છે કે દીકરો કમાતો થશે અને પિતાને વૃદ્ધાવસ્થામાં મદદરૂપ થશે. પણ દીકરી તો ઘરકામ અને નોકરી બંને સંભાળે છે. તેથી માતા-પિતા બંનેને મદદરૂપ થાય છે.

અમુક અણસમજુ સ્ત્રીઓ ગર્ભનું પરીક્ષણ કરાવે છે. જો ગર્ભમાં દીકરી હોય તો ગર્ભપાત કરાવી નાખે છે. આવા વલણને લીધે પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યા ઝડપથી ઘટી રહી છે. કન્યાઓના અભાવે અસંખ્ય યુવાનોએ કુંવારા રહેવું પડે છે. બીજી તરફ સ્ત્રી-ભ્રૂણહત્યાનો સિલસિલો હજુ ચાલી રહ્યો છે. આવી સ્ત્રીઓની અછત હજુ વધે એવી શક્યતા રહે છે.

જે સમસ્યા છે એ જ એનો ઉપાય છે. જો સ્ત્રી-ભ્રૂણહત્યા રોકવામાં આવે, તો સ્ત્રી-પુરુષોનું પ્રમાણ આપોઆપ સરખું થઈ જાય ! અર્થાત્ તમામ લોકો દીકરીને પણ ઘરની દીવડી માને તે જરૂરી છે. સૃષ્ટિનો છે એક જ પોકાર, દીકરી બચાવી કરો ઉદ્ધાર.

55. નારી તું નારાયણી

[મુદ્દા : પ્રસ્તાવના – અમર નારીપાત્રો – સ્ત્રીઓમાં રહેલા કેટલાક સાહજિક ગુણો – નારી નરકની ખાણ – એક માન્યતા – સ્ત્રીસુધારણા અંગે ગાંધીજી – પશ્ચિમની અસર – ઉપસંહાર]

"જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે."

જગતના મહાપુરુષોને જન્મ આપનારી નારી સાક્ષાત્ નારાયણી છે. માનવજાત પરનું તેનું ઋણ ઘણું મોટું છે. આપણાં શાસ્ત્રોમાં એવું કહેવામાં આવ્યું છે કે,

"यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः।"

અર્થાત્ જ્યાં નારીઓ પૂજાય છે ત્યાં દેવતાઓ વાસ કરે છે.

આપણા ઇતિહાસમાં ઘણાં અમર નારીપાત્રો જોવા મળે છે. પતિવ્રતા સતી સીતા પતિના સુખે સુખી અને પતિના દુઃખે દુઃખી રહેતી. પતિને ખાતર તેણે રાજમહેલનો

સુખ છોડીને વનનો વિકટ માર્ગ અપનાવ્યો હતો. લક્ષ્મણની પત્ની ઊર્મિલાનો ત્યાગ પણ નાનોસૂનો નથી. ઊર્મિલાએ ભાઈની સેવામાં જતા પોતાના પતિ લક્ષ્મણને હસતા મોંએ વિદાય આપીને ચૌદ વર્ષનો વિયોગ ભોગવ્યો અને સાસુઓની સેવા કરી. સતી અનસૂયાએ પોતાના સતીત્વના પ્રતાપે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને બાળકો બનાવ્યા. સતી સાવિત્રીએ પોતાના પતિવ્રતા ધર્મના બળ વડે પોતાના મૃત પતિ સત્યવાનને પુનર્જીવિત કર્યો. રાણી લક્ષ્મીબાઈએ પોતાના રાજ્યની રક્ષા માટે નીડરતાથી અંગ્રેજોનો સામનો કર્યો. વિદુષી ગાર્ગી, ચાંદબીબી, અહલ્યાબાઈ, ગંગાસતી, મીરાંબાઈ વગેરે ભારતનાં અમર નારીરત્નો છે.

સ્ત્રી વાત્સલ્યની મૂર્તિ છે. તેની આંખોમાંથી અમી છલકાતું હોય છે. સમાજના અને દેશના નિર્માણ તેમજ ઘડતરમાં તેનો મહત્ત્વનો ફાળો રહેલો હોય છે. બાળકોમાં સંસ્કારસિંચન મા જ કરે છે. પિતૃગૃહે લાડકોડથી ઉછરેલી દીકરી પરણીને સાસરે જાય છે ત્યાં તે પારકાંને પોતાના બનાવી દે છે. દીકરો સંસ્કારી હોય તો એક કુળ તારે પરંતુ દીકરી સંસ્કારી હોય તો તે તેના પિયરને અને સાસરાને એમ બે કુળને તારે છે. નારીનું જીવન સેવા, સ્નેહ, સહનશીલતા, ત્યાગ અને બલિદાનનું મહાકાવ્ય છે. તે પોતાના બાળક અને કુટુંબની નિઃસ્વાર્થપણે સેવા કરે છે. તેમને માટે એ સર્વસ્વનો ત્યાગ કરે છે. કુટુંબની સુખશાંતિ માટે તે સહનશીલતા કેળવે છે. 'સહન કરવું એય છે એક લ્હાણું' એવી સમજથી તે જગતનાં ઝેર પી જાણે છે. કુદરતે સ્ત્રીને સૌંદર્ય અને મમતાની મૂર્તિ બનાવીને માનવજાત પર અનેક ઉપકારો કર્યા છે. આથી જ બાલમંદિર અને પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ આપવાની મોટા ભાગની જવાબદારી સ્ત્રીઓને જ સોંપવામાં આવે છે. નારી સાચે જ નારાયણી છે.

'નારી નરકની ખાણ છે.' એવું કહેનારો એક વર્ગ પણ આપણા સમાજમાં હતો. તેના પરિણામે જ આઝાદી પહેલાં નારીનું સ્થાન રસોડામાં અને ઘરની ચાર દીવાલો વચ્ચે જ હતું. તેને કોઈ સ્વતંત્રતા આપવામાં આવતી ન હતી. તેને ઘૂમટો તાણવો પડતો. 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય' એ કહેવત પ્રમાણે દીકરીને પોતાનો જીવનસાથી પસંદ કરવાની પણ સ્વતંત્રતા ન હતી. આ બાબત તે સમયના સમાજ માટે શોભાસ્પદ ન હતી. સ્ત્રીઓ પ્રત્યેની એમની અક્ષમ્ય ઉપેક્ષાવૃત્તિને લીધે જ આપણો દેશ કન્યાકેળવણીમાં પછાત રહી ગયો હતો.

ગાંધીજીએ સ્ત્રીશિક્ષણને મહત્ત્વ આપ્યું. તેમણે સ્ત્રીઓને આઝાદીની લડતમાં સામેલ કરી. રાજા રામમોહનરાય જેવા વીર સમાજસુધારકે સતીપ્રથાની નાબૂદી અને કન્યાકેળવણીના પ્રચાર માટે અથાક પ્રયત્નો કર્યા. ત્યારપછી સ્ત્રીઓની સ્થિતિમાં ઘણો સુધારો થયો. આજે તો સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ મેળવીને તમામ ક્ષેત્રોમાં નોકરી કરવા લાગી છે. આજે સ્ત્રીઓ વિમાનચાલક, પોલીસ અધિકારી અને વડા પ્રધાનના હોદ્દા સુધી પહોંચી શકી છે. એટલું જ નહીં, બસ કન્ડક્ટર કે પેટ્રોલપંપ પર પેટ્રોલ ભરી આપવા માટે માત્ર પુરુષો જ કરતા તેવાં કામો પણ હવે સ્ત્રીઓ કરવા લાગી છે.

કેટલીક સ્ત્રીઓ પશ્ચિમના રંગે રંગાઈને સ્વચ્છંદી બની જાય છે. તે પોતાના અધિકારો મેળવવાની ઘેલછામાં પોતાની ફરજ ચૂકી જાય છે. તે કુટુંબના વડીલોનો અનાદર કરે છે.

તે વડીલો પ્રત્યે વિવેક, સભ્યતા અને માનમર્યાદા જાળવતી નથી. ઘણી ચીજવસ્તુઓની જાહેરાતોમાં સ્ત્રીઓનાં અશ્લીલ ચિત્રો જોવા મળે છે. સ્ત્રીજાગૃતિથી સંબંધિત સંસ્થાઓએ સ્ત્રીને પ્રદર્શનની ચીજ તરીકે ખપાવનારાઓ સામે અવાજ ઉઠાવવો જોઈએ.

નારીએ નરકની ખાણ થવું છે કે નારાયણી થવું છે તે તો દરેક સ્ત્રીએ પોતે જ નક્કી કરવાનું છે. નારી નારાયણી થાય અને સૌની પૂજનીય બની રહે તેવી આપણે અભિલાષા રાખીએ.

56. કન્યાવિદાય

[મુદ્દા : પ્રસ્તાવના – દીકરીનો જન્મ – દીકરીનો ઉછેર – દીકરીનો સંબંધ – લગ્નની તૈયારી અને વિધિ – કન્યાવિદાય – ઉપસંહાર]

"કમાઉ દીકરો પરદેશ વહાલો અને ડાહી દીકરી સાસરે વહાલી."

જીવનમાં કેટલાક પ્રસંગો અનિવાર્ય હોય છે. કન્યાવિદાય એવો જ એક પ્રસંગ છે.

આજના યુગમાં દીકરાદીકરીનો ભેદ રહ્યો નથી. દીકરીના જન્મ વખતે પણ માબાપને એટલો જ આનંદ થાય છે. આમ છતાં, દરેક માબાપને હંમેશાં એ ચિંતા સતાવતી રહે છે કે દીકરીને સાસરું કેવું મળશે? અને તે માટે દહેજ કેટલું આપવું પડશે?

માબાપ દીકરીને લાડકોડથી ઉછેરે છે. તેને ભણાવે છે. તેને ઘરકામ શીખવે છે. કેટલાંક માબાપ દીકરીને સીવણ, ભરતગૂંથણ, ગ્લાસ પેઇન્ટિંગ, બ્યૂટિ ફૅશન વગેરે હુન્નર પણ શીખવે છે. દીકરી સ્વનિર્ભર બને તે માટે માબાપ આ બધું કરે છે.

દીકરી ઉંમરલાયક થાય એટલે માબાપ તેના માટે સારો મુરતિયો શોધવાનું શરૂ કરી દે છે. પહેલાંના સમયમાં 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય' એમ કહેવાતું. માબાપ છોકરા-છોકરીની પસંદગી કરતાં અને છોકરો-છોકરી તે સ્વીકારી લેતાં. છોકરા-છોકરીનો સંબંધ જ્ઞાતિમાં જ થતો. હવે સમય બદલાયો છે. છોકરા-છોકરીને પૂછવામાં આવે છે. જ્ઞાતિનું બંધન હવે સંબંધ કરવામાં આડે આવતું નથી. ક્યાંક છોકરા-છોકરીના જન્માક્ષર મેળવાય છે. બંનેની મુલાકાત ગોઠવાય છે. બંનેનું શિક્ષણ જોવાય છે. દીકરીના બાપ તરફથી કેટલું દહેજ મળશે તેની સ્પષ્ટતા પણ કરવામાં આવે છે. જોકે હવે ઘણાં ખાનદાન કુટુંબો દહેજની અપેક્ષા રાખતાં નથી. તેની કોઈ ચર્ચા જ કરતાં નથી. છોકરા-છોકરીની પસંદગી પછી સારા મુહૂર્તમાં લગ્ન લેવાય છે.

બંને પક્ષે લગ્નની તડામાર તૈયારીઓ થાય છે. ઘરમાં રંગરોગાન થાય છે. કપડાં-દાગીના અને અન્ય ચીજવસ્તુઓની ખરીદી થાય છે. ઘરમાં આનંદ અને ઉમંગનું વાતાવરણ સર્જાય છે. સગાંસંબંધીઓ અને મિત્રો રાજી થાય છે અને કેટલાંક મદદે પણ આવે છે. કંકોતરીઓ લખાય છે. શહેરોમાં પાર્ટીપ્લૉટ કે હૉલનું બુકિંગ થાય છે. તેને ખૂબ સરસ રીતે શણગારવામાં આવે છે. લગ્નની આગલી રાતે ગરબા કે સંગીતસંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવે છે. દીકરીના લગ્નમાં માબાપ પોતાની શક્તિ પ્રમાણે ખર્ચ કરે છે.

લગ્નનો દિવસ આવે છે. વરરાજા ઘોડે ચડીને કે શણગારેલી મોટરમાં બેસીને વાજતેગાજતે કન્યાના માંડવે આવી પહોંચે છે. જાનૈયાઓ ઢોલ કે બૅન્ડના તાલે નાચકૂદ કરે છે. સામૈયું થાય છે. સૌનું સ્વાગત થાય છે. સૌ જાતજાતની વાનગીઓનો સ્વાદ માણે છે. વિધિપૂર્વક લગ્ન થાય છે. વરકન્યાના સગાંસંબંધીઓ અને મિત્રો તેમને ભેટો અને આશીર્વાદ આપે છે.

કન્યાવિદાય વેળાએ બધું શાંત પડી જાય છે. સૌના મોં પર ગમગીની છવાઈ જાય છે. સગાંસંબંધીઓને ભેટીને દીકરી માબાપના ઘેરથી વિદાય લે છે. આ વખતનું દૃશ્ય અત્યંત કરુણ હોય છે. કોઈ કંઈ બોલતું નથી. સૌની આંખો આંસુઓથી છલકાઈ જાય છે. એમાંય માબાપ માટે કન્યાવિદાયનો પ્રસંગ અસહ્ય બની જાય છે. દીકરી જ્યારે બાપને ભેટે છે ત્યારે કઠણ કાળજાનો પિતા પણ મન મક્કમ રાખવા છતાં આંસુઓને રોકી શકતો નથી. એક બાળકની જેમ તે ધ્રુસકેધ્રુસકે રડી પડે છે. આજે એને બરાબર સમજાય છે કે દીકરી તો પારકી થાપણ કહેવાય. લાડકોડથી ઉછેરેલી દીકરી આજે પિતાનું ઘર છોડી પતિના ઘેર જશે. દીકરીએ પારકાંને પોતાનાં કરવાં પડશે. દીકરીએ સાસરામાં જઈને બધાંને અનુકૂળ થઈને રહેવું પડશે. તેણે ઘણી બાંધછોડ કરવી પડશે.

સંસ્કારી અને કુળવાન દીકરી, પિયર અને સાસરાની એમ બે કુટુંબોની પ્રતિષ્ઠા વધારે છે.

•

57. ગોકુળગ્રામ યોજના

[મુદ્દા : પ્રસ્તાવના – આઝાદી પહેલાંની ગામડાંની સ્થિતિ – આઝાદી પછી ગામડાંની સ્થિતિ સુધારવાના પ્રયાસો અને ગોકુળગ્રામ યોજના – ઉપસંહાર]

ભારત ગામડાંનો બનેલો દેશ છે. ભારતના સિત્તેર ટકા લોકો ગામડાંમાં વસે છે, પરંતુ ભારતનાં ગામડાં ઘણી બાબતોમાં આજે પણ અવિકસિત રહી ગયાં છે.

આઝાદી પહેલાં ગામડાંની સ્થિતિ અત્યંત ખરાબ હતી. ગામડાંમાં સ્વચ્છતા અને સુઘડતાનો તદ્દન અભાવ હતો. ઠેરઠેર લોકોએ પોતાના ઘરની પાસે જ ઉકરડો કરી દીધો હોય, લોકો ખુલ્લામાં કુદરતી હાજતે જતા હોય, માખી અને મચ્છરનો પાર ન હોય, આંગણાંમાં ઢોર બાંધેલાં હોય તથા છાણની વાસ આવતી હોય, એવાં દૃશ્યો જોવા મળતાં હતાં.

ગામડાંમાં બાળકોની પૂરતી દરકાર લેવાતી નહિ. ગામડાંના લોકોની હાડમારીઓનો કોઈ પાર ન હતો. ખેડૂતો ખેતરોમાં કાળી મજૂરી કરતા પણ તેમને પૂરતું વળતર મળતું ન હતું. પૂરતો વરસાદ થાય તો જ ખેતી થઈ શકે તેવી પરિસ્થિતિ હતી. ખેડૂતોને શાહુકારો પાસેથી વ્યાજે પૈસા લેવા પડતા અને તેથી તેમનું જીવન દેવાના બોજા હેઠળ જ પસાર થતું. ગામડાંના લોકો અંધશ્રદ્ધા, વહેમ અને કુરિવાજોમાં પણ ફસાયેલા હતા.

આઝાદી પછી ગામડાંની આ દયાજનક સ્થિતિમાં સુધારો કરવા માટે સરકારે સમયેસમયે નવીનવી યોજનાઓ અમલમાં મૂકી છે. પરિણામે ગામડાંની સ્થિતિમાં ધીમેધીમે સુધારો થવા લાગ્યો છે. ગુજરાત સરકારે થોડા વખત પહેલાં 'ગોકુળગ્રામ યોજના' અમલમાં મૂકી છે. એના અમલીકરણથી ગુજરાતનાં ગામડાંમાં મોટું પરિવર્તન થઈ શકે તેમ છે. જગતમાં આજે અનેક દિશાઓમાં વિદ્યુતવેગી પરિવર્તન થઈ રહ્યું છે, ત્યારે ગુજરાતનાં ગામડાં તેમાંથી બાકાત કેવી રીતે રહી શકે?

ગંદકી ગામડાંનો એક રાજરોગ છે. ગોકુળગ્રામ યોજનામાં સરકારે ગ્રામવિસ્તારોમાં શૌચાલયો બનાવવા માટે પૂરતી સુવિધાઓ આપી છે, જેથી લોકોને ખુલ્લામાં કુદરતી હાજતે જવાની જરૂર ન રહે અને ગંદકી ન ફેલાય. ગામડાંના ઉકરડાની ગંદકી ઓછી કરવા માટે સરકારે ગોબરગૅસ પ્લાન્ટની યોજના અમલમાં મૂકી છે. ગામડાંને પાકા રસ્તા વડે મુખ્ય માર્ગો સાથે જોડવામાં આવી રહ્યાં છે.

ગોકુળગ્રામ યોજનામાં દરેક ગામને એસ.ટી. બસોની સેવા ઉપલબ્ધ થાય તેની પૂરતી કાળજી લેવાઈ છે. ઉપરાંત, દરેક ગામમાં વીજળીની સુવિધા અપાઈ રહી છે. તેથી ગામડાંમાં વૉટરવર્કની સુવિધા ઉપલબ્ધ થઈ રહી છે. આથી ગામલોકોના પીવાના પાણીનો પ્રશ્ન હલ થઈ જશે. ગામડાંમાં વીજળી આવી જવાને પરિણામે દીવા, પંખા, રેફ્રિજરેટર, ટીવી વગેરેની સુવિધાઓ પણ છૂટથી ઉપલબ્ધ થઈ શકશે. ગામેગામ ટેલિફોન સેવા પહોંચાડવાની યોજના પણ અમલમાં મુકાઈ રહી છે.

ગુજરાતનાં ગામડાંના લોકોની આર્થિક સ્થિતિ સુધારવા માટે સિંચાઈની સગવડો વધારવામાં આવી રહી છે. ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા અંગેનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. તેમને ખેતીનાં ઓજારો અને ઢોર ખરીદવા માટે લોન આપવામાં આવે છે. એની સાથે ગામડેગામડે દૂધ-ઉત્પાદકોની સહકારી મંડળીઓ શરૂ કરવામાં આવી છે. ગામડેગામડે પ્રાથમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે. સરકારે ગામડાંની શાળાઓમાં મધ્યાહ્ન ભોજન યોજના દાખલ કરી છે જેથી ગરીબ બાળકો પણ નિશાળે જતાં થયાં છે. લોકોનું આરોગ્ય સુધરે એ માટે ગામડેગામડે દવાખાનાં શરૂ કરવામાં આવ્યાં છે. નિઃસહાય વૃદ્ધોને અને વિધવા બહેનોને સરકાર આર્થિક સહાય આપે છે. ગામડાંના લોકોમાંથી વહેમ, અંધશ્રદ્ધા અને કુરિવાજો દૂર કરવા માટે સરકાર પ્રયત્નો કરી રહી છે. પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટેની યોજનાઓ પણ આકાર લઈ રહી છે. સૌને રોજીરોટી મળી રહે એવું આયોજન પણ થઈ રહ્યું છે.

ગોકુળગ્રામની યોજનાને સફળ બનાવવા માટે ગામડાંના લોકોએ પણ જાગૃતિ બતાવવી પડશે. ગામલોકોએ સરકારને સાથસહકાર આપવા પડશે. ગોકુળગ્રામ યોજનાના પ્રતાપે ગામડાં નંદનવન બનશે તેથી લોકોનું શહેર તરફનું આકર્ષણ ઘટશે.

ગામ આબાદ, તો દેશ આબાદ. ગામ સુખી, તો દેશ સુખી.

58. ગામડું બોલે છે.

[મુદ્દા : ગામ અને શહેર – આધુનિક ગામડાં – ગામની કાયાપલટ – બદલાયેલી સૂરત – સૂના ગામની વેદના – ઉપસંહાર]

એક તરફ સૂનાં ગામ અને બીજી તરફ ટ્રાફિક જામ. આધુનિક ભારતનું આ વાસ્તવિક ચિત્ર છે. આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે. દેશની મોટા ભાગની વસ્તી ગામોમાં વસે છે અને ખેતી પર નભે છે. શેરી, ફળિયાં, તળાવ, ખેતર અને વગડો – એ ગામની આગવી ઓળખ છે. અહીં પરોઢે ઘંટીના ઘર્ઘર નાદ અને પ્રભાતિયાના સૂરો સાથે ઊગતો દિવસ સાંજે મંદિરની આરતી સાથે આથમે છે.

શહેરોની જેમ ગામડાં પણ આધુનિક થયાં છે, છતાં તેનું અસલ સ્વરૂપ હજુ જળવાઈ રહ્યું છે. ગામડેગામડે આંગણવાડી તેમજ પ્રાથમિક અને માધ્યમિક શાળા શરૂ થઈ છે. તેને કારણે ગામ સુધારા અને પ્રગતિને પંથે આગળ વધી રહ્યું છે.

જૂના જમાનામાં ગામમાં કોઈને ત્યાં ફોન નહોતા. ત્યારે ફોન કરવા માટે ચાલીને પાંચ માઈલ દૂરની પોસ્ટ-ઑફિસે જવું પડતું. આજે તો ગામમાં વૃક્ષો કરતાં મોબાઇલટાવર વધી ગયાં છે અને દરેક જણ પાસે મોબાઇલ ફોન છે. કોઈ પણ વ્યક્તિ ધારે ત્યારે, ધારે ત્યાં ફોન કરી શકે છે. પહેલાં ગામમાં પાકા રસ્તા નહોતા, વરસાદ પડે એટલે આખા ગામમાં કાદવકીચડ થઈ જાય. ગામમાં હરવા-ફરવાનું મુશ્કેલ થઈ જાય. હવે સરકારે આખા ગામમાં પાકા રસ્તાઓ બાંધ્યા છે. એક રસ્તો ગામને હાઈવેની સાથે જોડે છે. ગામમાં દર કલાકે નજીકના નગરમાંથી બસની અવર-જવર થાય છે.

ઘણાં વર્ષો પહેલાં ગામમાં પાકાં મકાનો માત્ર દસેક હતાં. બાકીનાં ઘરોની દીવાલો માટીથી ચણેલી હતી અને તેને નળિયાંવાળાં છાપરાં કે પતરાં હતાં. આજે તો આવું એકેય મકાન શોધ્યું જડતું નથી. વર્ષો પહેલાં ફક્ત સરપંચને ઘેર જીપ, ટ્રૅક્ટર અને મોટરસાઇકલ હતાં. પાંચેક જણ પાસે સાઇકલ અને એકાદ જણની પાસે મોટરસાઇકલ હતી. એને બદલે આજે ઘેરઘેર બેથી ત્રણ બાઇક છે. ખેતી કરનાર દરેક જણે પોતાનું ટ્રૅક્ટર વસાવી લીધું છે. દરેક વિદ્યાર્થીની પાસે સાઇકલ છે.

ઘણાં વર્ષો પહેલાં ગામડાઓમાં પૂરતા પ્રમાણમાં વીજળી મળી રહેતી નહોતી. હવે જ્યોતિગ્રામ યોજના હેઠળ અહીં ચોવીસ કલાક વીજળી મળે છે. પહેલાના સમયમાં ગામમાંથી ચાર-પાંચ લોકો નોકરી કરતા હતા. બાકીના ખેતીકામ સાથે જોડાયેલા હતા. આજે લગભગ તમામ યુવાનો નોકરી-ધંધે લાગી ગયા છે. કેટલાંક લોકો મોટાં શહેરોમાં જઈને વસી ગયા છે. તેથી ગામનાં અડધાં ઉપરાંત ઘરોને તાળાં છે.

વાર-તહેવારે ગામના લોકો હળતા-મળતા. તહેવારો સમૂહમાં ઊજવાતા. દર અઠવાડિયે અહીં હાટ ભરાતી. પ્રસંગોપાત્ત મેળા યોજાતા. ગામના મંદિરે સાંજની આરતીમાં આખું ગામ ઊમટતું. ત્યાં હવે ચાર-પાંચ વૃદ્ધો જોવા મળે છે! ગામમાં સડક, વીજળી, પાણી, દવાખાનું, બસવ્યવહાર, પોસ્ટ-ઑફિસ અને બૅન્ક જેવી તમામ સગવડો થઈ ગઈ છે.

પણ ગામડાનો માણસ શહેરની ભીડમાં ખોવાઈ ગયો છે. તમામ સુખ-સગવડો હોવા છતાં ગામ ખાલી થઈ રહ્યું છે. નોકરી-ધંધા માટે જે લોકો શહેરમાં ગયા હતા તે કાયમ માટે ત્યાં જ વસી ગયા છે. તેમને હવે ગામમાં આવવાનું કે અહીં રહેવાનું ફાવતું નથી. નોકરી-ધંધાની આવક શરૂ થતાં ઘણા લોકોએ ખેતીકામ સાવ છોડી દીધું છે. તેથી ઘણાં ખેતરો ઉજ્જડ પડ્યાં છે.

પહેલાં સગવડોનો અભાવ હતો છતાં ગામડું સજીવ હતું. આજે તમામ સુવિધાઓ હોવા છતાં ગામ નિર્જીવ બની ગયું છે. ગામને જાણે કે કોઈની નજર લાગી ગઈ છે.

ગામના લોકો કાયમ ગામમાં જ રહે અને તેમને અહીં જ મનગમતો કામધંધો મળી રહે, એવો કોઈ ઉપાય શોધવો જોઈએ.

59. ગ્રામજીવનની મર્યાદાઓ

[મુદ્દા : પ્રસ્તાવના – ગ્રામજીવનની વિશિષ્ટતાઓ – ગ્રામજીવનની મર્યાદાઓ – ઉપસંહાર]

"God made the country and man made the town."

ભારત અસંખ્ય ગામડાંનો બનેલો દેશ છે. ગામડાંમાં વસતા લોકો ખેતીવાડી કે નાનામોટા કામધંધા ઉપર ગુજરાન ચલાવે છે. ગામડામાં પ્રકૃતિએ ચારે બાજુ સમૃદ્ધિ ઉદારતાથી વેરેલી હોય છે. ત્યાં હરિયાળાં ખેતરો, ખુલ્લાં મેદાનો, વિશાળ વૃક્ષોની ઘટાઓ, મુક્ત રીતે હરતાંફરતાં પશુઓ અને કિલ્લોલ કરતાં પંખીઓ આપણા મનને પ્રફુલ્લિત કરે છે. ગામડાની પ્રદૂષણરહિત હવા, સ્વચ્છ, સાદો અને પૌષ્ટિક ખોરાક તેમજ શુદ્ધ ઘી-દૂધ આરોગ્યનું રક્ષણ કરે છે અને શક્તિ આપે છે. ગામડામાં રોગ કે મંદવાડ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. 'ગામડાની હવા અને શહેરની દવા' એ કથન વારંવાર સાંભળવા મળે છે.

ગામડાનું જીવન અતિ શાંત હોય છે. ત્યાં સમયસર કામ પર પહોંચવાની કોઈને ચિંતા હોતી નથી. વાહનોનો ઘોંઘાટ અને ધુમાડો પણ ત્યાં હોતા નથી. પ્રભુએ આપેલા બટકું રોટલામાં પણ ગ્રામીણ માનવી અત્યંત સંતોષ અને આનંદ પામે છે. ગામડાના લોકોનું જીવન સાદું અને સાત્ત્વિક હોય છે. ગામડાના લોકોમાં દયા, પ્રેમ, ક્ષમા, નિઃસ્વાર્થ સેવા, અતિથિસત્કાર જેવા ગુણો ભરપૂર પ્રમાણમાં જોવા મળે છે. ગામડાના ભોળા અને ભલા લોકો વચ્ચે કોઈ ઝઘડા થતા નથી. તેઓ ભેગા મળીને સામાજિક પ્રસંગો અને તહેવારો આનંદ અને ઉલ્લાસથી ઊજવે છે. ગામડાના લોકોમાં 'બીજાના દુઃખે દુઃખી અને બીજાના સુખે સુખી' રહેવાની ભાવના હોય છે. સાધુસંતો અને અતિથિઓને તેઓ પ્રેમભાવથી જમાડે છે. વળી, ગામડાના લોકોમાં આડંબર કે મિથ્યાભિમાન પણ હોતાં નથી.

ગ્રામજીવનની આવી કેટલીક વિશિષ્ટતાઓની સાથે તેની કેટલીક મર્યાદાઓ પણ છે. અનેક ગામોમાં ઠેરઠેર ઉકરડા અને કચરાના ઢગલા જોવા મળે છે. આથી ત્યાં માખી અને મચ્છરનો ભારે ઉપદ્રવ થાય છે. લોકો સ્વચ્છતા પ્રત્યે ઘણી ઉપેક્ષા દાખવે છે. તેઓ ખુલ્લામાં કુદરતી હાજતે જાય છે. ગામડામાં કેટલીક અગવડો પણ હોય છે. ત્યાં જીવનજરૂરિયાતની

વસ્તુઓ સરળતાથી મળતી નથી. ત્યાં દવાખાનાં અને સંદેશવ્યવહારની પૂરતી સગવડ હોતી નથી. વાહનવ્યવહારનાં સાધનો પણ જલદી પ્રાપ્ત થતાં નથી. ગામડાંના રસ્તાઓ પણ સાંકડા, કાચા અને ખાડાટેકરાવાળા હોય છે. ચોમાસામાં તો રસ્તાઓ પર કાદવકીચડ અને માટીના થર પથરાઈ જાય છે. આજે પણ ગામડામાં ગરીબી, ગંદકી, પાણીની અછત, રોગો અને અંધશ્રદ્ધા મોટા પ્રમાણમાં જોવા મળે છે. લોકો કુરૂઢિઓના ગુલામ બનેલા હોય છે. તેથી તેઓ દેવામાં ડૂબેલા રહે છે. તેઓ ખેતીની મોસમ સિવાયના દિવસો આળસમાં પસાર કરે છે. વહેમ, અજ્ઞાન અને અંધશ્રદ્ધાનો કેટલાંક ગામડાંમાં પાર હોતો નથી. અનેક ગામડાંમાં ઉચ્ચશિક્ષણની વ્યવસ્થા હોતી નથી. આવી અનેક મર્યાદાઓ ગ્રામજીવનમાં જોવા મળે છે.

આઝાદી પછી આપણી સરકારે ગ્રામોદ્ધારની અનેક યોજનાઓ શરૂ કરી છે. આથી ગ્રામજીવનની મર્યાદાઓ ધીરેધીરે દૂર થઈ રહી છે. કેટલાંક ગામડાંમાં રેડિયો, ટીવી, ટેલિફોન, વર્તમાનપત્રો, શિક્ષણ વગેરે દ્વારા ઘણો સુધારો થઈ રહ્યો છે. ગ્રામજીવનની મર્યાદાઓ દૂર થશે ત્યારે ત્યાંના લોકો ગામડાંમાં જ રહેવાનું વધારે પસંદ કરશે અને તેમને શહેરોમાં આવવાની જરૂર નહીં પડે. એ કારણે શહેરોમાં વધતી વસતીને લગતા પ્રશ્નો પણ હલ થઈ શકશે.

60. શહેરીજીવનની સમસ્યાઓ

[મુદ્દા : પ્રસ્તાવના – શહેરીજીવનની ઊજળી બાજુ – શહેરીજીવનની સમસ્યાઓ –ઉપસંહાર]

"ચલ મન મુંબઈ નગરી, જોવા પુચ્છ વિનાની મગરી."

–*નિરંજન ભગત*

ભારતનાં ગામડાં ક્રમશઃ તૂટી રહ્યાં છે અને શહેરો ગીચ વસ્તીની સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે. આવી સ્થિતિ ઊભી થવા માટે કેટલાક સંજોગો અને ગામડાંના લોકોની શહેરીજીવન પ્રત્યેની ઘેલછા જ જવાબદાર છે.

શહેરોનો બાહ્ય ચળકાટ માણસને આકર્ષણ કરાવનારો હોય છે. ભવ્ય અને ગગનચુંબી મકાનો, આલીશાન બંગલા, વિશાળ રાજમાર્ગો, રંગબેરંગી વાહનોની ચમકદમક, આધુનિક અને વિશાળ દવાખાનાં, ઑફિસો, બૅન્કો, સિનેમાગૃહો, નાટ્યગૃહો, સારીસારી શિક્ષણસંસ્થાઓ, સુવ્યવસ્થિત બાગબગીચા, અદ્યતન હૉટલો, સમૃદ્ધ ગ્રંથાલયો, ભવ્ય મંદિરો, ઐતિહાસિક ઈમારતો વગેરે કોઈ પણ માણસના મનમાં શહેરનું આકર્ષણ જગાડવા માટે પૂરતાં છે. શહેરમાં સુખસગવડનાં અને મોજશોખનાં અનેક સાધનો છૂટથી મળી રહે છે. મોટાંમોટાં બજારો અને અદ્યતન દુકાનોમાં જે જોઈએ તે મળી જાય છે. વાહનવ્યવહાર માટે અનેક સાધનો પણ જોઈએ ત્યાં અને જોઈએ ત્યારે સહેલાઈથી મળી રહે છે. વાચનના શોખીન વિદ્યાર્થીઓને શહેરમાં સારામાં સારી કારકિર્દી બનાવવાની તક મળે છે.

જરૂરી વસ્તુઓ સરળતાથી મળતી નથી. ત્યાં દવાખાનાં અને સંદેશવ્યવહારની પૂરતી સગવડ હોતી નથી. વાહનવ્યવહારનાં સાધનો પણ જલદી પ્રાપ્ત થતાં નથી. ગામડાના રસ્તાઓ પણ સાંકડા, કાચા અને ખાડાટેકરાવાળા હોય છે. ચોમાસામાં તો રસ્તાઓ પર કાદવકીચડ અને માટીના થર પથરાઈ જાય છે. આજે પણ ગામડામાં ગરીબી, ગંદકી, પાણીની અછત, રોગો અને અંધશ્રદ્ધા મોટા પ્રમાણમાં જોવા મળે છે. લોકો કુરૂઢિઓના ભોગ બનેલા હોય છે. તેથી તેઓ દેવામાં ડૂબેલા રહે છે. તેઓ ખેતીની મોસમ સિવાયના દિવસો આળસમાં પસાર કરે છે. વહેમ, અજ્ઞાન અને અંધશ્રદ્ધાનો કેટલાંક ગામડાંમાં પાર હોતો નથી. અનેક ગામડાંમાં ઉચ્ચશિક્ષણની વ્યવસ્થા હોતી નથી. આવી અનેક મર્યાદાઓ ગ્રામજીવનમાં જોવા મળે છે.

આઝાદી પછી આપણી સરકારે ગ્રામોદ્ધારની અનેક યોજનાઓ શરૂ કરી છે. આથી ગ્રામજીવનની મર્યાદાઓ ધીરેધીરે દૂર થઈ રહી છે. કેટલાંક ગામડાંમાં રેડિયો, ટીવી, ટેલિફોન, વર્તમાનપત્રો, શિક્ષણ વગેરે દ્વારા ઘણો સુધારો થઈ રહ્યો છે. ગ્રામજીવનની મર્યાદાઓ દૂર થશે ત્યારે ત્યાંના લોકો ગામડાંમાં જ રહેવાનું વધારે પસંદ કરશે અને તેમને શહેરોમાં આવવાની જરૂર નહીં પડે. એ કારણે શહેરોમાં વધતી વસતીને લગતા પ્રશ્નો પણ હલ થઈ શકશે.

60. શહેરીજીવનની સમસ્યાઓ

[મુદ્દા : પ્રસ્તાવના – શહેરીજીવનની ઊજળી બાજુ – શહેરીજીવનની સમસ્યાઓ – ઉપસંહાર]

"ચલ મન મુંબઈ નગરી, જોવા પુચ્છ વિનાની મગરી."

– નિરંજન ભગત

ભારતનાં ગામડાં ક્રમશઃ તૂટી રહ્યાં છે અને શહેરો ગીચ વસ્તીની સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે. આવી સ્થિતિ ઊભી થવા માટે કેટલાક સંજોગો અને ગામડાંના લોકોની શહેરીજીવન પ્રત્યેની ઘેલછા જ જવાબદાર છે.

શહેરોનો બાહ્ય ચળકાટ માણસને આકર્ષણ કરાવનારો હોય છે. ભવ્ય અને ગગનચુંબી મકાનો, આલીશાન બંગલા, વિશાળ રાજમાર્ગો, રંગબેરંગી વાહનોની ચમકદમક, આધુનિક અને વિશાળ દવાખાનાં, ઑફિસો, બૅન્કો, સિનેમાગૃહો, નાટ્યગૃહો, સારીસારી શિક્ષણસંસ્થાઓ, સુવ્યવસ્થિત બાગબગીચા, અદ્યતન હૉટલો, સમૃદ્ધ ગ્રંથાલયો, ભવ્ય મંદિરો, ઐતિહાસિક ઇમારતો વગેરે કોઈ પણ માણસના મનમાં શહેરનું આકર્ષણ જગાડવા માટે પૂરતાં છે. શહેરમાં સુખસગવડનાં અને મોજશોખનાં અનેક સાધનો છૂટથી મળી રહે છે. મોટાંમોટાં બજારો અને અદ્યતન દુકાનોમાં જે જોઈએ તે મળી જાય છે. વાહનવ્યવહાર માટે અનેક સાધનો પણ જોઈએ ત્યાં અને જોઈએ ત્યારે સહેલાઈથી મળી રહે છે. વાચનના શોખીન વિદ્યાર્થીઓને શહેરમાં સારામાં સારી કારકિર્દી બનાવવાની તક મળે છે.

લોકોને માટે શહેરોમાં સારાં ગ્રંથાલયો હોય છે. આમ, અહીં દરેક માણસને તેની રુચિ મુજબ કામ અને તેના કામની યોગ્ય કદર કરનારી સંસ્થાઓ પણ મળી રહે છે. તેથી દરેક મનુષ્ય પોતાની બુદ્ધિશક્તિ મુજબ પ્રગતિ સાધી શકે છે.

પરંતુ 'ચળકે એટલું સોનું નહિ' એ કહેવત શહેરોને ખાસ લાગુ પડે છે. શહેરોની આંજી નાખતી ચમકદમક પાછળ રહેલી વાસ્તવિકતા આપણને દેખાતી નથી. અહીં મુઠ્ઠીભર ધનાઢ્ય અથવા ઉચ્ચ વર્ગના લોકોના હાથમાં સંપત્તિ કેન્દ્રિત થયેલી છે. આથી એ લોકો જ વૈભવી જીવન ઠાઠમાઠથી જીવી શકે છે. જ્યારે સામાન્ય સ્તરના લોકોએ તો હાડમારીઓથી ભરેલું અને અભાવવાળું જીવન જ વિતાવવું પડે છે. શહેરીજનો વિશે યથાર્થ જ કહેવાય છે કે "શહેરમાં તમને રોટલો કદાચ સહેલાઈથી મળી જાય પણ ઓટલો ન મળે."

મોટાં શહેરોમાં અનેક લોકો ગીચ ચાલીઓ અને પોળોમાં કે ગંદી ઝૂંપડપટ્ટીઓમાં વસવાટ કરે છે. ત્યાં અસંખ્ય ગરીબ માણસોએ તેમનું આખું જીવન ફૂટપાથ પર જ પસાર કરવું પડે છે. શહેરની પોળો અને ચાલીઓમાં મકાનો અડોઅડ અને ગીચોગીચ બનેલાં હોય છે. એમાં પ્રકાશ અને પવનની અવરજવર અશક્ય હોય છે. હવાપાણી અને અવાજનું પ્રદૂષણ પણ શહેરી જીવનની વિકરાળ સમસ્યા છે. વાહનોના ધુમાડા અને ઘોંઘાટ તેમજ મિલો અને કારખાનાંના ધુમાડાને લીધે હવાનું તેમજ અવાજનું પ્રદૂષણ સર્જાય છે. કેમિકલનાં કારખાનાં રોજ હજારો ગૅલન પ્રદૂષિત પાણી નદીઓમાં ઠાલવે છે. આથી શહેરોમાં પીવા માટે આપવામાં આવતું પાણી શુદ્ધ હશે કે કેમ એ પ્રશ્ન થાય છે. શહેરોમાં ચોખ્ખાં ઘીદૂધ, શાકભાજી અને ખાવાપીવાની ચીજો મેળવવાનું પણ એટલું જ મુશ્કેલ થઈ પડ્યું છે. તેથી શહેરમાં વસતો માનવી બ્લડપ્રેશર, ડાયાબીટિસ, ડિપ્રેશન વગેરે જાતજાતના રોગોનો ભોગ બને છે.

શહેરોમાં ખુલ્લી જમીન મળતી ન હોવાથી બાળકો માટે રમતગમતનાં મેદાનોનો પણ અભાવ હોય છે. તેથી બાળકોનો પર્યાપ્ત શારીરિક વિકાસ થતો નથી. કામધંધાનાં સ્થળો રહેણાંક વિસ્તારથી દૂર હોય છે. વહેલી સવારે કામધંધા માટે નીકળેલો માણસ મોડી સાંજે ઘેર પાછો ફરે છે ત્યારે થાકીને લોથપોથ થઈ ગયેલો હોય છે. આથી તે પરિવાર માટે પૂરતો સમય ફાળવી શકતો નથી. તે બાળકોના વિકાસ પાછળ પણ પૂરતું ધ્યાન આપી શકતો નથી. મોંઘવારીના ચક્કરમાં પીસાતા શહેરી નાગરિકને કુદરતી સૌંદર્ય માણવા મળતું નથી. એમાંય ગરીબ અને મધ્યમ વર્ગના માનવીની સ્થિતિ તો અતિશય દયાજનક હોય છે. અહીં નાણાં વગર કોઈ જ કામ થઈ શકતું નથી. પરિણામે શહેરમાં સામાન્ય માનવીનું જીવન માનસિક તાણ, લઘુતાગ્રંથિ અને હતાશાને જન્મ આપે છે. તેને લીધે શહેરીજનોમાં માનસિક રોગો અને આત્મહત્યાનું પ્રમાણ વિશેષ હોય છે.

શહેરનો સરેરાશ માનવી સંકુચિત અને સ્વાર્થી બની જાય છે. તેના હૃદયમાંથી દયામાયા લુપ્ત થઈ જાય છે. શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો અને સામાજિક સંસ્થાઓ સહિયારા પુરુષાર્થ વડે શહેરની આ બધી સમસ્યાઓને હળવી જરૂર બનાવી શકે.

61. ભારતે કરેલા અણુધડાકાની દૂરગામી અસરો

[મુદ્દા : પ્રસ્તાવના – ત્રીજા વિશ્વયુદ્ધની સંભાવના – ભારતને અણુધડાકાની જરૂર – ભારતની નીતિ – અણુધડાકાની અસર – ઉપસંહાર]

જગતે બબ્બે વિશ્વયુદ્ધની સંહારલીલા જોઈ છે. પહેલા વિશ્વયુદ્ધ પછી ફરી બીજું વિશ્વયુદ્ધ ન થાય તે માટેના ભગીરથ પ્રયત્નો કરવા છતાં માત્ર વીસ જ વર્ષમાં બીજું વિશ્વયુદ્ધ થયું હતું. બીજા વિશ્વયુદ્ધમાં લડાયક વિમાનો, સબમરીનો, રણગાડીઓ, બૉમ્બ વગેરેનો છૂટથી ઉપયોગ થયેલો અને અસંખ્ય માણસોનાં મોત થયેલાં. અમેરિકાએ જાપાનના હિરોશીમા અને નાગાસાકી શહેરો પર પરમાણુ બૉમ્બ ઝીંકીને ઘડીના છઠ્ઠા ભાગમાં તેનો સંપૂર્ણ નાશ કરી નાખ્યો હતો. એમાં લગભગ પંચોતેર હજાર માણસો માર્યા ગયા હતા.

કવિ ઉમાશંકરે એક કાવ્યમાં કહ્યું છે :

"અહો મહા ઉદ્યમ યુદ્ધનો આ,
અંતે જેને જીવવું માત્ર રોવા."

વિશ્વની મહાસત્તાઓએ અણુશસ્ત્રોના ઉત્પાદનની હોડ લગાવી છે. મહાસત્તાઓ માને છે કે વિશ્વમાં પોતાનું વર્ચસ્વ ટકાવી રાખવા દેશની લશ્કરી તાકાત વધારવી જ પડશે, સંરક્ષણને પ્રાધાન્ય આપવું જ પડશે.

ભારત વિશ્વનો એક મોટો લોકશાહી દેશ છે. ભારતના મોટા ભાગના પાડોશી દેશો સાથેના સંબંધો સારા રહ્યા છે, પરંતુ કાશ્મીરના પ્રશ્ને ભારત-પાકિસ્તાન વચ્ચેના સંબંધો કાયમ તંગ રહે છે. ભારતે લંબાવેલા મૈત્રીના હાથને પાકિસ્તાન ભારતની નબળાઈ સમજે છે. પાકિસ્તાન ભારત સાથે ત્રણ-ત્રણ વાર યુદ્ધ કરી ચૂક્યું છે. દરેક વખતે પાકિસ્તાનની હાર થઈ છે; છતાં પાકિસ્તાનના શાસકો યુદ્ધની વાતો છોડવા તૈયાર નથી. યુદ્ધમાં જીત ન થઈ એટલે અત્યારે પાકિસ્તાન ભારતમાં આતંકવાદીઓ અને ત્રાસવાદીઓને ઘુસાડી આતંક ફેલાવવા સતત પ્રયત્ન કરે છે. આવા સંજોગોમાં ભારતે સાવધાની રાખીને લશ્કરી તાકાત વધાર્યા વિના, અણુશક્તિ વિકસાવ્યા વિના છૂટકો નથી.

ભારતની નીતિ સ્પષ્ટ છે. ભારત કોઈ પણ દેશ પર આક્રમણ કરવા માગતો નથી. પરંતુ તે કોઈ પણ દેશની કનડગત પણ ચલાવી લેવા માગતો નથી. આથી ભારતે વિશ્વના કેટલાક દેશોની જેમ પોતાની અણુશક્તિ વિકસાવી છે. ભારતે પોખરણમાં અણુધડાકો કરીને વિશ્વમાં પોતાની શાંત તાકાત બતાવી આપી છે. ભારતની નેમ અણુશક્તિનો શાંતિમય ઉપયોગ કરવાની છે.

અણુધડાકાથી દુનિયાના દેશોને ભારતની લશ્કરી તાકાતનો પરિચય થઈ ગયો છે. ભારતે સાબિત કરી આપ્યું છે કે ભારતના વિજ્ઞાનીઓ અદ્યતન ટેક્નોલૉજીથી વાકેફ છે અને કોઈ પણ પડકારને પહોંચી વળવા સક્ષમ છે. ભારત અણુશક્તિ ધરાવતો દેશ બન્યો

હોવાથી વિશ્વના દેશો ક્યારેક ભારતને એક મહાસત્તા તરીકે સ્વીકારશે. આથી દેશની સલામતી પણ કાયમ રહેશે પરિણામે દરેક ક્ષેત્રમાં દેશનો સારો વિકાસ થશે. ઔદ્યોગિક વિકાસની સાથેસાથે ધંધારોજગારની તકો પણ વધશે.

આજે અમેરિકા અને રશિયા પાસે સમગ્ર જીવસૃષ્ટિનો અનેક વાર નાશ કરી શકાય તેટલી અણુશક્તિ છે. આ અણુશક્તિ વધારતા દુનિયાના દેશોએ મહાન વિજ્ઞાની આઇન્સ્ટાઇને આપેલી ગંભીર ચેતવણી યાદ કરવા જેવી છે – 'માનવીને પોતાનું અસ્તિત્વ જાળવી રાખવું હશે તો યુદ્ધનો ત્યાગ કરવો પડશે, કારણ કે જો ત્રીજું વિશ્વયુદ્ધ થશે તો તેમાં અણુશસ્ત્રો વપરાશે જ, પરિણામે સમગ્ર જીવસૃષ્ટિનો સંહાર થશે.'

62. મારા સ્વપ્નનું ભારત

[મુદ્દા : ભારતનો ભવ્ય ભૂતકાળ – અંગ્રેજોના સમયની સ્થિતિ – આઝાદી પછી થયેલી પ્રગતિ – આઝાદી પછીનાં દૂષણો – મારા સ્વપ્નનું ભારત – ઉપસંહાર]

ભારતનો ભૂતકાળ અતિ ભવ્ય હતો. તેના પ્રાચીનકાળમાં ઋષિમુનિઓ પાસેથી કેળવણી પામેલા વિદ્યાર્થીઓ સંસ્કારી અને ધાર્મિક સમાજની રચના કરતા. આપણા દેશમાં વેદો, ઉપનિષદો અને ગીતા જેવા ધર્મગ્રંથો તેમજ રામાયણ, મહાભારત જેવાં મહાકાવ્યોની રચના થઈ હતી. ભારતના વેપારીઓ દુનિયાના દેશો સાથે વેપાર કરીને અઢળક ધન કમાતા. પ્રાચીન ભારત એક સમૃદ્ધ દેશ ગણાતો. પરંતુ, આપણા દેશમાં પરદેશીઓનું આગમન થયા પછી દેશની દુર્દશા શરૂ થઈ. અંગ્રેજોની ભેદભાવભરી અને શોષણખોર આર્થિક નીતિના લીધે ભારતના ગૃહઉદ્યોગો પડી ભાંગ્યા. આપણા દેશમાં ગરીબી, બેકારી અને ભૂખમરો ફેલાયાં.

ઈ. સ. 1947માં આપણો દેશ આઝાદ થયો. ત્યારબાદ દેશમાં પંચવર્ષીય યોજનાઓ શરૂ થઈ. નદીઓ પર બંધો બાંધીને સિંચાઈની સગવડો વધારવામાં આવી. તેનાથી કૃષિક્ષેત્રે અને ડેરી ઉદ્યોગક્ષેત્રે ગણનાપાત્ર પ્રગતિ થઈ. મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો ઘડીને સાક્ષરતાનું પ્રમાણ વધારવાના પ્રયત્નો કરવામાં આવ્યા. દેશની ખનીજ સંપત્તિનો મહત્તમ ઉપયોગ કરીને ઉદ્યોગોનો વિકાસ કરવામાં આવ્યો.

તેમ છતાં આઝાદી પછી ભારતમાં બધું સમુંસૂતરું થઈ ગયું છે એવું પણ નથી. ભારતના રાજકારણીઓ, અમલદારો, પોલીસો અને મોટા ઉદ્યોગપતિઓ દેશમાં ભ્રષ્ટાચાર ફેલાવે છે. દેશમાં કૌભાંડો ઉપર કૌભાંડો થયા કરે છે. આવી અરાજકતામાં સામાન્ય માણસના અવાજનો પડઘો તો ક્યાંય પડતો જ નથી. ગરીબી, મોંઘવારી અને બેકારી જેવી સમસ્યાઓમાં વધારો થયો છે.

આમ, આજે ચોમેર નિરાશાજનક વાતાવરણ દેખાય છે. તેમ છતાં મારા સ્વપ્નનું ભારત મને ભવ્ય જણાય છે. તેનું એક જ કારણ છે : હવે ભારતનો યુવાવર્ગ જાગૃત થવા

આવ્યો છે. તે દેશની સમસ્યાઓની માહિતી મેળવતો અને એમાં રસ લેતો થયો છે. તે દુનિયામાં થતી પ્રગતિ નિહાળી રહ્યો છે. આથી તે ધીરેધીરે દેશની કાયાપલટ કરી શકશે.

21મી સદીના ભારતમાંથી ગંદકી નેસ્તનાબૂદ થઈ ગઈ હશે. મચ્છર અને માખીનો ત્રાસ નહિ જેવો થઈ ગયો હશે અને તેથી તાવ, ખાંસી, ઝાડા ઇત્યાદિ રોગોથી લોકોને મુક્તિ મળી હશે. ભારતભરમાં પીવાનું શુદ્ધ અને મીઠું પાણી મળતું થઈ ગયું હશે, જેથી લોકોને ખારું પાણી પીવાની ફરજ નહિ પડે.

21મી સદીની મારી કલ્પનાના ભારતમાં ગામડાં પગભર થઈ ગયાં હશે જેથી શહેરોનું ભારણ ઓછું થશે. એ સાથે જ ભારતમાંથી બાળમજૂરીની પ્રથાનો પણ અંત આવ્યો હશે. 21મી સદીનું ભારત સમગ્ર વિશ્વમાં વેપાર-ઉદ્યોગના ક્ષેત્રે ટોચના સ્થાને બિરાજતું હશે. ખાસ કરીને કમ્પ્યૂટર ક્ષેત્રે ભારતનો ડંકો વાગતો હશે, જેને કારણે જગતનાં બધાં રાષ્ટ્રો ભારતની મૈત્રીને ઇચ્છશે.

21મી સદીમાં ભારત રમતગમત બાબતે પણ જગતભરમાં આગળ પડતું સ્થાન ભોગવતું હશે. ક્રિકેટમાં એનો ડંકો વાગતો હશે, તો ઑલિમ્પિક રમતોમાં ભારત ચંદ્રકોના ઢગલા મેળવતું થઈ ગયું હશે.

મારા સ્વપ્નના ભારતમાં જ્ઞાતિવાદ, જાતિજાતિ વચ્ચેના ઝઘડા તથા ધર્મના નામે થતા ઝઘડા રહ્યા નહિ હોય. વળી, નવી પેઢીના મનમાં પુત્ર અને પુત્રી વચ્ચેનો કોઈ જ ભેદ નહિ હોય. નવી પેઢી એક સંતાનની પ્રણાલિકાનો સ્વીકાર કરશે, તેથી વસ્તીવધારાને નાથી શકાશે.

મારા સ્વપ્નના ભારતમાં ભ્રષ્ટાચાર નહિ હોય. લોકો સુખસંપન્ન હશે. દેશના તમામ નાગરિકોને પાયાની જરૂરિયાતો સહેલાઈથી ઉપલબ્ધ થતી હશે અને સારી સમાજવ્યવસ્થા ગોઠવાઈ હશે. વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે આપણા દેશે નોંધપાત્ર પ્રગતિ સાધી હશે. આપણી સરહદો સંપૂર્ણપણે સલામત હશે. તેથી ભારત સાથે સંઘર્ષ કરવાનું પાકિસ્તાન કે ચીન સ્વપ્નમાં પણ વિચારશે નહિ. દેશમાં ગેરરીતિઓ વગર પ્રામાણિકતાથી ચૂંટણીઓ લડાતી હશે અને પ્રામાણિક અને સ્વચ્છ નેતાગણ ચૂંટાશે.

આપણા દેશના નાગરિકોમાં વિદ્વાનો, સાહિત્યકારો, વિજ્ઞાનીઓ અને સૈનિકો પ્રત્યે માનની લાગણી હશે. તમામ ક્ષેત્રોમાં ભારત દુનિયાના દેશોને નમૂનેદાર માર્ગદર્શન આપતું થઈ જશે.

ભારતના ઉજ્જ્વળ ભવિષ્ય વિશેનું મારું સ્વપ્ન જરૂર સાકાર થશે એવી મને શ્રદ્ધા છે.

63. 21મી સદીમાં પ્રવેશતા ભારત સામે પડકારો

[મુદ્દા : પ્રસ્તાવના – આઝાદી વખતનું ભારત અને આઝાદી પછીની પ્રગતિ – 21મી સદીમાં પ્રવેશેલા ભારત સામેના પડકારો અને તેના ઉપાયો – ઉપસંહાર]

ભારતનો ભૂતકાળ અતિ ભવ્ય છે. ભારત પ્રાચીન સંસ્કૃતિનો અને અવતારી પુરુષોનો એક સમૃદ્ધ દેશ હતો. રજપૂત રાજાઓના અંદરોઅંદરના ઝઘડાના કારણે અંગ્રેજો દોઢસો વર્ષ ભારતમાં શાસન કરી ગયા.

ગાંધીજીના અહિંસક આંદોલનથી અંગ્રેજોને ભારત છોડવાની ફરજ પડી. ભારત 15 ઑગસ્ટ, 1947ના દિવસે આઝાદ થયો. આઝાદ ભારત સામે અનેક પડકારો હતા. ગરીબી, બેકારી, નિરક્ષરતા, નાતજાતના ભેદભાવો, દેશી રજવાડાંને ભારતસંઘમાં જોડવાં વગેરે અનેક સમસ્યાઓનું નિરાકરણ કરવાનું હતું. તે વખતના પ્રામાણિક રાજકીય નેતાઓએ આ પ્રશ્નોના નિરાકરણ માટે ઘણા સક્રિય પ્રયત્નો કર્યા હતા. આઝાદી પછી ઔદ્યોગિક, ખેતીવાડી, શિક્ષણ, આરોગ્ય વગેરે ક્ષેત્રે દેશનો ઝડપી વિકાસ થયો છે. સમાજમાંથી નાતજાતના ભેદભાવ પણ ઓછા થયા છે. ગામડાંઓની પરિસ્થિતિ સુધરી છે. ગામડાંને જોડતા પાકા રસ્તાઓ તૈયાર થયા છે અને તેથી વાહનવ્યવહારની સગવડો ઘણી વધી છે. મોટા ભાગનાં ગામડાંઓમાં વીજળીકરણ થયું છે. ગામલોકો આધુનિક સુખસગવડો ભોગવવા લાગ્યા છે.

દેશનો અનેક ક્ષેત્રે ઝડપી વિકાસ થયો હોવા છતાં 21મી સદીમાં પ્રવેશેલા ભારતે અનેક પડકારોનો સામનો કરવાનો છે. દેશના ઝડપી વિકાસનું અવરોધક બળ વસ્તીવધારો છે. આઝાદી વખતે 36 કરોડની વસ્તી હતી. આજે તે વધીને એકસો વીસ કરોડના આંકને પણ વટાવી ગઈ છે. તેની સાથે અનાજ, રહેઠાણ, બેકારી, ગરીબી, મોંઘવારીની સમસ્યાઓ પણ માથાના દુખાવા જેવી બની છે. વાહનો અને કારખાનાંના ધુમાડા તથા ઘોંઘાટથી હવા અને અવાજનું પ્રદૂષણ ખૂબ વધ્યું છે. ચાલીઓ અને ગંદા વસવાટોથી ગંદકી અને રોગોનું પ્રમાણ પણ વધ્યું છે.

ભારતે રાજકીય ક્ષેત્રે અનેક પડકારોનો સામનો કરવાનો છે. સ્વાર્થી અને ભ્રષ્ટાચારી રાજકારણીઓએ મતો મેળવવા ધર્મ-જાતિ-કોમ-સંપ્રદાય વગેરેને નામે દેશમાં ગૂંચવાડાનું તથા હિંસાનું વાતાવરણ ઊભું કર્યું છે, તેથી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાની ભાવનામાં ઓટ આવી છે. આતંકવાદ, માફિયાગીરી, કાશ્મીરનો પ્રશ્ન વગેરે સમસ્યાઓ પણ દેશની પ્રગતિમાં અડચણરૂપ છે. પાકિસ્તાન સાથે સંઘર્ષની પરિસ્થિતિ હોવાથી દેશના સંરક્ષણ પાછળ થતો અબજો રૂપિયાનો ખર્ચ પણ દેશના વિકાસને રૂંધે છે.

દેશમાં અવારનવાર દુષ્કાળ, અતિવૃષ્ટિ, વાવાઝોડું, ભૂકંપ જેવી કુદરતી આફતો પણ આવ્યા કરે છે. ભારત રમતગમત ક્ષેત્રે પણ ઘણું પાછળ છે. બાળમજૂરીનું પ્રમાણ પણ ચિંતાજનક છે.

ભારતમાંથી જુદાજુદા ક્ષેત્રના ઘણા બધા વિદ્વાનો ભારતમાં સંતોષજનક કામ અને વળતર ન મળતાં પરદેશ ચાલ્યા જાય છે. આમ, પરદેશ ચાલ્યા જતા બુદ્ધિધનને રોકવાનો પડકાર પણ ભારતે ઝીલવાનો છે.

ભારતે આવા અનેક પડકારોનો સામનો કરવાનો છે. ભારતના યુવાન નાગરિકો જાગૃત થાય તો ઘણી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકે. જો વસ્તીવધારો અને ભ્રષ્ટાચારને નાથી શકાય તો બીજા પડકારોનો સામનો કરવો સરળ બનશે.

ભારતની પ્રજાને ઈશ્વરમાં અતૂટ શ્રદ્ધા છે. કહેવાય છે કે ભારતમાં ઈશ્વરનો વાસ છે. આપણા સૌના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નોમાં ઈશ્વર સહાય કરશે જ.

64. રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા

[મુદ્દા : પ્રસ્તાવના – વિવિધતામાં એકતા – રાષ્ટ્રીય એકતાને નુકસાન પહોંચાડનારાં પરિબળો – રાષ્ટ્રીય એકતાની કસોટી – રાષ્ટ્રીય એકતા જાળવવાના ઉપાયો – ઉપસંહાર]

"હર એક હિંદી હિંદ છે, હર એક હિંદી હિંદની છે જિંદગી."

– ઉમાશંકર જોશી

કોઈ પણ દેશની પ્રગતિનો આધાર તે દેશની રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા પર રહેલો છે. વિવિધતાથી ભરપૂર એવા આપણા વિશાળ દેશમાં રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા જળવાઈ રહે તે રાષ્ટ્રહિત માટે અનિવાર્ય છે.

આપણા દેશમાં વિવિધ ધર્મ, કોમ અને જાતિના લોકો રહે છે. તેઓની ભાષા, આહાર, રીતરિવાજો વગેરેમાં અપાર ભિન્નતા રહેલી છે. છતાં, આપણા દેશની એકતા અને અખંડિતતાને ક્યારેય આંચ આવી નથી. ભારતીય સંસ્કૃતિનું આ એક વિશિષ્ટ લક્ષણ છે. 'ભારત મારો દેશ છે અને આપણે સૌ ભારતીયો છીએ' એવી ભાવના દરેક ભારતવાસીના હૃદયમાં રહેલી છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી કોમવાદ, ભાષાવાદ અને પ્રાંતવાદ આપણા દેશની એકતા અને અખંડિતતાને નુકસાન કરનારાં પરિબળો માથું ઊંચકી રહ્યાં છે. દેશમાં અવારનવાર ધર્મ કે સંપ્રદાયના નામે તોફાનો ફાટી નીકળે છે. રાજ્યોની સીમાના પ્રશ્ને વિખવાદો ઊભા થાય છે. નદીઓના પાણીની વહેંચણીની બાબતે કે કુદરતી સંપત્તિના વપરાશની બાબતે વિવાદો થયા કરે છે. આવા પ્રસંગોએ પ્રાદેશિક અને રાજકીય પક્ષો પણ પોતાનો રોટલો શેકી લેવા માટે લોકોને ભડકાવવાનું કામ કરે છે. અસામાજિક તત્ત્વો અને વિદેશી રાષ્ટ્રો પણ ઘણી વાર તોફાનો કરાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આથી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને માટે ખતરો પેદા થાય છે.

રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાની ખરી કસોટી અન્ય દેશના આક્રમણ સમયે થાય છે. ભારત પર ચીન અને પાકિસ્તાનનાં આક્રમણો થયાં ત્યારે આપણા દેશની જનતાની ખરી કસોટી થઈ હતી. એ વખતે આપણા દેશનો એકેએક નાગરિક દેશની પડખે ઊભો રહ્યો હતો. સમગ્ર દેશમાં રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્રભાવનાનું પ્રચંડ મોજું આવ્યું હતું. સૌએ પોતાના આંતરિક મતભેદો ભૂલી જઈને 'અમે ભારતીયો એક છીએ.' એવી ભાવનાનો પરચો બતાવ્યો હતો. પરંતુ શાંતિના કાળમાં એકતા અને અખંડિતતાની ભાવના કોણ જાણે ક્યાંય લુપ્ત થઈ જાય છે. આવા સમયમાં વ્યક્તિગત સ્વાર્થ આગળ તરી આવે છે.

રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા કાયમ જળવાઈ રહે તે માટે આપણે સક્રિય પ્રયત્નો કરવા પડશે. ધર્મ કે કોમના નામે પ્રજાને ભડકાવનારાં તત્ત્વોને ખુલ્લાં પાડવાં પડશે. આપણે આવાં તત્ત્વોનો સામાજિક બહિષ્કાર કરવો પડશે. જનતામાં એવી સમજ દૃઢ હોવી જોઈએ કે રાજ્યો અને જિલ્લાઓની રચના વહીવટી સરળતાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે, પરંતુ અખંડ ભારતની સંપત્તિ કોઈ એક રાજ્ય કે જિલ્લાની નથી. તે સમગ્ર દેશની છે.

સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રદર્શનો, મેળાઓ, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી વગેરે કાર્યક્રમો દ્વારા આપણે જનતામાં રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાની ભાવના વિકસાવી શકીએ, તેમજ દૃઢ કરી શકીએ છીએ. રાજકીય નેતાઓએ અંગત સ્વાર્થ સાધવા દેશની એકતાને નુકસાન થાય તેવો પ્રચાર કરવો જોઈએ નહિ. ધાર્મિક વડાઓએ પણ રાષ્ટ્રધર્મનું જ જતન કરવું જોઈએ. રેડિયો, ટીવી, વર્તમાનપત્રો વગેરે પ્રચારમાધ્યમો પણ દેશની એકતા અને અખંડિતતા જાળવવામાં અતિ મહત્ત્વનો ભાગ ભજવી શકે.

આપણા દેશ પર પરદેશી આક્રમણનો સતત ભય રહે છે. આપણા દેશમાં આતંકવાદીઓ માઝા મૂકી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં ભારતના સાર્વભૌમત્વ માટે આપણી રાષ્ટ્રીય એકતાને સુદૃઢ કરવી અનિવાર્ય છે. તે માટે સૌએ સહિયારો પ્રયત્ન કરવો પડશે.

65. સ્વદેશપ્રેમ

[મુદ્દા : પ્રસ્તાવના – સ્વદેશપ્રેમ – સ્વાભાવિક ગુણ – દેશસેવાનાં ઉદાહરણ – દેશદ્રોહીઓ – દેશપ્રેમીઓનાં ઉદાહરણ – મિથ્યા આડંબર – ઉપસંહાર]

"जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी।"

અર્થાત્ જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ ચડિયાતાં છે.

આપણી જનેતા માટે આપણને પ્રેમ હોય છે તેમ આપણી જન્મભૂમિ-માતૃભૂમિ – પ્રત્યે પણ પ્રેમ હોય તે સ્વાભાવિક છે.

જે ધરતી પર આપણો જન્મ થયો, જે ધરતીએ આપણને જીવનજરૂરિયાતની બધી વસ્તુઓ પૂરી પાડી તે ધરતી માટે આપણા હૃદયમાં પ્રેમ તથા આદર હોય જ.

વતનનું જતન કરવું તે આપણી પહેલી ફરજ છે. શિવાજી મહારાજના વફાદાર સરદાર તાનાજીએ પોતાના પુત્રનાં લગ્ન પડતાં મૂકીને સિંહગઢ પર આક્રમણ કરવાની તૈયારી બતાવતાં કહ્યું હતું, 'पहले देश, फिर घर।' આઝાદીની લડાઈમાં આપણા અસંખ્ય દેશબાંધવોએ તન, મન અને ધનનું બલિદાન આપીને માભોમની સેવા કરી હતી. વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ છોડીને આઝાદીની લડાઈમાં જોડાઈ ગયા હતા. ઉદ્યોગપતિઓએ સ્વાતંત્ર્ય-સંગ્રામ માટે પોતાનું ધન સમર્પી દીધું હતું. નેતાઓએ પોતાનું સર્વસ્વ દેશસેવામાં અર્પણ કરી દીધું હતું. જ્યારે સાહિત્યકારોએ દેશભક્તિનાં ગીતો રચીને દેશસેવાનું કાર્ય કર્યું હતું. આઝાદી પછી પણ ચીન અને પાકિસ્તાનના આક્રમણ વખતે ફરી આપણી દેશદાઝની કસોટી થઈ હતી. આપણા દેશવાસીઓએ તન, મન અને ધન રાષ્ટ્રને સમર્પિત કરીને પોતાની ફરજ અદા કરી હતી.

દેશપ્રેમ એ મહાન ગુણ છે. દેશવાસીઓએ ભામાશાના દેશપ્રેમનું ઉદાહરણ હંમેશાં નજર સામે રાખવું જોઈએ. પચીસ હજાર યોદ્ધાઓને બાર વર્ષ સુધી નભાવી શકાય એટલો મોટો અનાજનો ભંડાર ભામાશાએ રાણા પ્રતાપને ચરણે ધરી દીધો હતો. એટલું જ નહિ, ભામાશાએ વેપારીઓને ચેતવણી આપી હતી કે જે વેપારી અકબરના લશ્કરને શસ્ત્રસરંજામ પૂરો પાડશે તે ભામાશાના હાથે ધૂળ ચાટતો થઈ જશે. એ જ પ્રમાણે આપણે પણ જે વ્યક્તિ કાળાંબજાર કરે છે; લાંચરુશવત લે છે, ભ્રષ્ટાચાર આદરે છે; લાગવગના જોરે ખોટાં કામ કરાવે છે તે બધા દેશદ્રોહીઓને ખુલ્લા પાડવા જોઈએ.

"જન જન્મી જન્મભૂમિ જે ન ચહે, સૃષ્ટિક્રમ વિરુદ્ધ રાક્ષસ એ."

વિશ્વના ઇતિહાસમાં અબ્રાહમ લિંકન, જ્યૉર્જ વૉશિંગ્ટન, જોન ઑફ ઑર્ક જેવા અનેક મહાન દેશભક્તોનાં નામો સુવર્ણ અક્ષરે લખાયાં છે. આપણા દેશમાં પણ દાનવીર ભામાશા, છત્રપતિ શિવાજી, મહારાણા પ્રતાપ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, ગોપાલકૃષ્ણ ગોખલે, લોકમાન્ય તિલક, ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નેહરુ અને લાલબહાદુર શાસ્ત્રી જેવાં અનેક નામો દેશના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયાં છે. એ સાથે જ સ્વાતંત્ર્યની ચળવળમાં પોતાના પ્રાણની આહુતિ આપનારા અનેક નામી-અનામી ક્રાંતિવીરોની શહાદતને પણ કેવી રીતે ભૂલી શકાય? એમાં .સુભાષચંદ્ર બોઝ, લાલા લજપતરાય, વીર ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, ખુદીરામ બોઝ, ચાફેકર બંધુઓ, વીર સાવરકર જેવા અનેક દેશભક્તોનો સમાવેશ થાય છે.

દેશપ્રેમ એ મહાન ગુણ છે એ વાત સાચી પરંતુ 'ફક્ત આપણો દેશ જ મહાન છે' એવું મિથ્યાભિમાન આપણા વિકાસને બાધક નીવડે. પશ્ચિમના દેશોની શિસ્ત, સ્વચ્છતા, નવુંનવું જાણવાની ધગશ, પરિશ્રમવૃત્તિ, નિષ્ઠા વગેરે ગુણો આપણા દેશવાસીઓએ જીવનમાં ઉતારવા જોઈએ. પશ્ચિમની સંસ્કૃતિને વગોવવાના બદલે આપણે પશ્ચિમનું જે સારું છે તે સ્વીકારીશું તો આપણો દેશ સાચી દિશામાં પ્રગતિ કરી શકશે. રવીન્દ્રનાથ ટાગોરે યોગ્ય જ કહ્યું છે કે, 'તમે તમારા દેશને ચાહો પણ પૂજા તો સત્યની જ કરો.'

ખરેખર, નાગરિકોની રાષ્ટ્રભાવના તથા દેશપ્રેમ જ રાષ્ટ્રની ઉન્નતિની આધારશિલા છે.

66. આ કોમવાદ ભારતને ભરખી જશે !!!

[મુદ્દા : પ્રસ્તાવના – ચૂંટણીપ્રક્રિયા – કોમવાદ અને તેનાં પરિબળો – કોમવાદની અસરો – કોમવાદ દૂર કરવાના ઉપાયો – ઉપસંહાર]

આઝાદી પછી ભારતે લોકશાહી શાસન સ્વીકાર્યું. લોકશાહીમાં દેશના નાગરિકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ દેશનું શાસન કરે છે, આથી ભારતમાં પહેલી વાર નાગરિકોનું મહત્ત્વ ઘણું વધી ગયું.

ભારત લોકશાહી દેશ છે. અહીં નિષ્પક્ષ ચૂંટણી થાય તે માટે સ્વતંત્ર ચૂંટણીપંચ ચૂંટણીપ્રક્રિયા સંભાળે છે. ગુપ્ત મતદાન દ્વારા ચૂંટણી થાય છે. આમ છતાં, કેટલીક વાર એવો વિચાર આવે છે કે ભારતમાં ખરેખર સાચા અર્થમાં નિષ્પક્ષ ચૂંટણીઓ થાય છે ખરી?

આપણા દેશમાં આશરે ત્રણ હજાર કરતાંય વધુ જ્ઞાતિઓ છે અને અનેક ધર્મો છે. દરેક ચૂંટણી વખતે કોમવાદ ઘણો અગત્યનો ભાગ ભજવે છે. ઉમેદવારની પસંદગીથી માંડીને મતદાન સુધી તેમજ સરકારી અને ખાનગી સંસ્થાઓમાં નોકરીઓ મેળવવામાં પણ કોમવાદનું ઝેર ફરી વળ્યું છે. પરિણામે નિષ્પક્ષ ચૂંટણી અને લોકશાહી વગેરે માત્ર કાગળ પરના જ શબ્દો રહી ગયા હોય તેવું લાગે છે.

ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણ માટે પોતાની જાત ઘસી નાખી હતી. હિંદુ-મુસ્લિમ એકતા માટે તેમણે બલિદાન આપ્યું પરંતુ આજના આપણા દંભી, સ્વાર્થી તેમજ ભ્રષ્ટાચારી રાજકારણીઓએ દેશમાં કોમવાદ ફેલાવવામાં કોઈ જ કમી રાખી નથી. તેઓ કોમવાદના નામે ચૂંટાઈ આવે છે અને ત્યારપછી કોમવાદના ઝેરને ફેલાવવાનું કામ કરે છે. નાનાંનાનાં ગામડાંમાં વિવિધ કોમના લોકો સંપ અને સહકારથી ભાઈભાઈની જેમ રહેતા અને એકબીજાના સુખદુઃખના સાથી બનતા. સ્વાર્થી રાજકારણીઓએ પોતાનો રોટલો શેકવા કોમવાદના નામે ગામના ભોળા લોકોમાં પણ વેરઝેર ફેલાવ્યાં છે.

આપણો દેશ કહેવાય બિનસાંપ્રદાયિક, છતાં શાળાઓ, છાત્રાલયો, કૉલેજો, હૉસ્પિટલો વગેરેમાં પ્રવેશ મેળવવા કોમ-જાતિ-ધર્મ-સંપ્રદાયને જ પ્રાધાન્ય આપવામાં આવે છે.

કોમવાદને લીધે ઘણી વાર મોટાં મોટાં હુલ્લડો ફાટી નીકળે છે. તેમાં જાનમાલની મોટા પાયે ખુવારી થાય છે. દેશમાં અવારનવાર થતાં તોફાનોને કારણે આંતરિક સંરક્ષણ પાછળ અબજો રૂપિયા ખર્ચાય છે. પરિણામે દેશનો વિકાસ રૂંધાય છે. દેશના લોકોની શાંતિ અને સલામતી જોખમાય છે તેમજ અવિશ્વાસનું વાતાવરણ સર્જાય છે. આખી દુનિયામાં દેશનું નામ ખરાબ થાય છે. આમ, દેશમાં હંમેશાં તનાવની સ્થિતિ રહે છે.

કોમવાદને સમયસર નાથવામાં નહિ આવે તો તે ભારતને ઘણું નુકસાન પહોંચાડશે!!! આપણે સવેળા જાગીએ. આપણે સમજીએ કે આપણા સૌના લોહીનો રંગ લાલ છે. આપણે સૌ એક જ ધરતીમાતાનાં સંતાનો છીએ. બધા જ ધર્મો આપણને પ્રેમ, દયા, ક્ષમા, કરુણા વગેરે શીખવે છે. આપણે માનવધર્મ અપનાવીએ. માનવ થઈને જન્મ્યા છીએ તો માનવ થઈને રહીએ.

કવિશ્રી સુન્દરમે કહ્યું છે :

"હું માનવી માનવ થાઉં તો ઘણું."

દેશની શાંતિ, સલામતી અને પ્રગતિ માટે આપણે કોમવાદના ઝેરને ફેલાતું અટકાવવા વહેલામાં વહેલી તકે પ્રયત્ન કરીએ.

67. લોકશાહીનાં અવરોધક પરિબળો અથવા લોકશાહીનાં વિઘાતક પરિબળો

[મુદ્દા : પ્રસ્તાવના – લોકશાહીનાં અવરોધક પરિબળો – ઉપસંહાર]

લોકશાહી એટલે લોકોનું રાજ્ય. લોકો વડે ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા ચલાવાતું શાસન તંત્ર. જોકે આ લોકશાહી ક્યારેક યોગ્ય તો ક્યારેક અયોગ્ય પદ્ધતિએ પણ ચાલતી હોય છે. અયોગ્ય પદ્ધતિએ ચાલતી લોકશાહી દેશને ભારે નુકસાન કરે છે.

ભારત દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે, પરંતુ લોકશાહીની સફળતાનો આધાર દેશની જાગ્રત જનતા પર રહેલો છે. જો દેશની જનતા સુશિક્ષિત હોય, જાગ્રત હોય અને તેના હૃદયમાં દેશપ્રેમ હોય તો જ દેશમાં સાચી લોકશાહીની સ્થાપના થઈ શકે.

ભારતની લોકશાહીની પ્રગતિને રૂંધનારાં અનેક પરિબળો આજે જોવા મળે છે. એમાં નિરક્ષરતા એ સૌથી મોટું પરિબળ છે. ભારતને આઝાદી મળ્યે આટલાં વર્ષ વીતી ગયાં હોવા છતાં ભારતમાંથી નિરક્ષરતા નાબૂદ થઈ શકી નથી. આપણા દેશમાં શિક્ષિત મતદારોની સંખ્યા મોટા પ્રમાણમાં વધી નથી. ભારત ગામડાઓનો બનેલો દેશ છે. ગામડાંનાં અભણ સ્ત્રીપુરુષો રાજકીય પક્ષોની નીતિ અને કાર્યક્રમને સમજી શકતાં નથી કે ક્યારેક ઉમેદવારનું સાચું મૂલ્યાંકન પણ કરી શકતાં નથી. સ્થાનિક કાર્યકરો કે પરિબળો તેમને દોરે તેમ તેઓ દોરવાઈ જાય છે. સાથેસાથે લોભલાલચમાં ફસાઈને તેઓ નબળા ઉમેદવારને પોતાનો કીમતી મત આપી બેસે છે.

ભારત બિનસાંપ્રદાયિકતા અને ધર્મનિરપેક્ષતાને વરેલો દેશ છે. આમ છતાં, દેશના રાજકારણમાં જુદાજુદા ધર્મોની વાડાબંધી તંદુરસ્ત લોકશાહીને અવરોધે છે. દેશમાં હિંદુ અને મુસલમાન મતદાતાઓની સંખ્યા વિશેષ છે. કેટલાય વિસ્તારોમાં તેઓ પોતાના ધર્મના ઉમેદવારને મત આપવાનું વલણ ધરાવે છે. રાજકીય પક્ષો પણ આ પ્રકારની ગણતરી માંડીને જ પોતાના ઉમેદવારો પસંદ કરે છે, પરિણામે એ વિસ્તારમાં ક્યારેક લાયક ઉમેદવારો ચૂંટાતા નથી. ધર્મ કે જ્ઞાતિની આવી વાડાબંધી તંદુરસ્ત લોકશાહી માટે ખતરારૂપ સાબિત થઈ છે. આજે ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને બિહારમાં કેટકેટલા અપરાધીઓ, ડાકુઓ અને ખૂનીઓ ચૂંટણીમાં ચૂંટાઈને આવ્યા છે, એવા ઉમેદવારો ભારત દેશનું શું ભલું કરવાના?

દેશમાં અકાળે આવતી ચૂંટણીઓને લીધે મતદાનનું પ્રમાણ ઓછું થતું જાય છે. મતદાન બાબતે લોકોમાં ઉદાસીનતા જોવા મળે છે. તેમાં અભણ પ્રજા પોતાના મતની કિંમત સમજતી નથી અને સુશિક્ષિત પ્રજા પોતાનો મત આપવાની પવિત્ર ફરજ પ્રત્યે બેપરવા રહે છે. પરિણામે સમજપૂર્વક કરવામાં આવતા મતદાનની ટકાવારી ઘટે છે અને યોગ્ય ઉમેદવાર ચૂંટણી હારી જાય છે.

લોકશાહી માટે અનેક રાજકીય પક્ષો હોવા તે પણ વિઘાતક પરિબળ છે. એક કે બે સંગીન વિરોધપક્ષ એ જ તંદુરસ્ત લોકશાહીનું લક્ષણ હોઈ શકે, પરંતુ આપણા દેશમાં અનેક પક્ષો છે અને દરેક પક્ષના અલગઅલગ ઉમેદવારો ઊભા રાખવામાં આવે છે. એમાં અપક્ષ ઉમેદવારોની સંખ્યા પણ મોટી હોય છે પરિણામે મતપત્રકો મોટાં થઈ જાય છે. આથી દ્વિધાના કારણે કેટલાક મતદારો ખોટી રીતે સિક્કો મારી દેતા હોય છે પરિણામે ઘણા મત નકામા જાય છે. વળી ચૂંટાઈ આવેલા સભ્યોમાં શાસકપક્ષના સભ્યોની સંખ્યા ખૂબ મોટી હોય તો તે સ્વચ્છંદી પણ બની જાય છે અને મન ફાવે તેમ વર્તે છે એટલે સબળ વિરોધપક્ષ તો હોવો જ જોઈએ.

જ્ઞાતિવાદ, પ્રાદેશિકવાદ અને ભાષાવાદ જેવી સંકુચિત વૃત્તિઓ આપણા દેશમાં ફૂલીફાલી છે, જે રાષ્ટ્ર તથા લોકશાહી માટે ભયજનક છે.

આપણે આપણા દેશની લોકશાહીને સફળ અને સબળ બનાવવી હશે તો દેશમાંથી નિરક્ષરતાને જડમૂળથી નાબૂદ કરવી પડશે. આપણા દેશમાં જન્મેલું દરેક બાળક સુશિક્ષિત બને એવું વાતાવરણ ઊભું કરવું પડશે. મતદાન ફરજિયાત કરવું પડશે. કોમવાદ અને જ્ઞાતિવાદની ભાગલા પાડતી વાડાબંધી દૂર કરવી પડશે. લોકોમાં રાષ્ટ્રભાવનાનો વિકાસ થાય તે માટે લોકોનાં સુખસગવડની ચિંતા કરવી પડશે. રેડિયો, ટીવી, વર્તમાનપત્રો વગેરે જેવાં પ્રસારમાધ્યમો વડે દેશના નાગરિકોને લોકશાહી અને નાગરિકધર્મની સમજ આપવી પડશે.

શિક્ષિત અને જાગ્રત નાગરિક જ લોકશાહી રાજ્યવ્યવસ્થાના પાયાની ઈંટ છે.

68. જનતા : લોકશાહીનું સાચું બળ

[મુદ્દા : પ્રસ્તાવના – લોકશાહીમાં ચૂંટણીઓ – શાસકોના પ્રકાર અને જનતાની તાકાત – ઉપસંહાર]

ભારત લોકશાહી દેશ છે. લોકશાહી એટલે લોકોનું, લોકો માટેનું અને લોકો દ્વારા ચાલતું રાજ્ય. લોકશાહી એટલે પ્રજાસત્તાક શાસનતંત્ર, જેમાં આખરી સત્તા પ્રજાના હાથમાં હોય છે.

લોકશાહીમાં વિવિધ ક્ષેત્રે ચૂંટણીઓ થાય છે : ગામના વહીવટ માટે ગ્રામપંચાયતની, તાલુકાના વહીવટ માટે તાલુકા પંચાયતની, જિલ્લાના વહીવટ માટે જિલ્લા પંચાયતની, રાજ્યના વહીવટ માટે વિધાનસભાની અને દેશના વહીવટ માટે લોકસભાની ચૂંટણી થાય છે. પુખ્ત વયના મતદારો મતદાન કરે છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ શાસન કરે છે. તેઓ શાસકો કહેવાય છે.

શાસક પક્ષના જે નેતાઓ પોતાને જનતાના સેવક ગણીને પ્રજાકલ્યાણનાં કામો કરે છે તેઓ જનતાના પ્રિયપાત્ર બને છે. તે પોતાના વિસ્તારની જનતાને નિયમિત મળે છે. તેમની જરૂરિયાતો પર ધ્યાન આપે છે. તેમનાં રચનાત્મક સૂચનોને આવકારે છે અને તે પૂરાં કરવાના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કરે છે. આવા નેતાઓ ચૂંટણી આવતાં ફરીથી ઉમેદવારી કરે છે અને જનતા તેમને ખોબલેખોબલે મતો આપીને વિજેતા બનાવે છે. તેમનાં કાર્યો જ તેમનો પ્રચાર કરે છે. તે સાચા લોકસેવક કહેવાય છે.

કેટલાક નેતાઓ જનતાના મતોથી ચૂંટાઈ આવ્યા પછી પોતાની જાતને જનતાના માલિક ગણવા માંડે છે. તેઓ જનતાવિમુખ બની જાય છે. જનતાના પૈસે તાગડધિન્ના કરે છે. બંગલાઓમાં રહે છે અને ગાડીઓમાં ફરે છે. તેઓ જનતાને મળવાનું અને જનતાના પ્રશ્નોને વાચા આપવાનું ટાળે છે. તેઓ કોઈ કામ લાંચ લીધા વિના કરતા નથી. તેઓ ભ્રષ્ટાચારમાં રાચે છે. તેઓ યેનકેન પ્રકારે અઢળક મિલકત એકઠી કરે છે. ચૂંટણી વખતે પોતે જનતાને આપેલાં વચનો ભૂલી જાય છે. તે વચનો પૂરાં કરવાના તેઓ નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરતા નથી. મતદારો ભલે અભણ હશે પરંતુ ભોટ તો નથી જ. તેઓ આવા ઉમેદવારોને ઓળખી લે છે અને જ્યારે તેઓ ફરીથી ચૂંટણીમાં ઊભા રહે છે ત્યારે તેમને હરાવીને બરાબર પાઠ ભણાવે છે. આથી સત્તાના મદમાં રાચતા, પ્રજાની અવગણના કરતા, હવામાં ઊડતા શાસકો ફૂટપાથ પર આવી જાય છે. જનતા જનાર્દનની તાકાત તેમને જમીન પર ચાલતા કરી મૂકે છે.

લોકશાહીનું સાચું બળ જનતા જ છે એટલે જનતા જેટલી જાગ્રત હશે તેટલી જ લોકશાહી સફળ થશે. જનતા અભણ હશે, ને કોમવાદ, જ્ઞાતિવાદ, સગાંવાદમાં રાચતી હશે તો સાચા ઉમેદવારને ઓળખી નહિ શકે. તે લોભલાલચમાં ફસાઈને પોતાનો કીમતી મત વેડફી નાખશે. પરિણામે અયોગ્ય ઉમેદવારો ચૂંટાઈ આવશે અને દેશની પ્રગતિ અટકી

જશે. આથી જ લોકશાહીમાં જનજાગૃતિનું ઘણું જ મહત્ત્વ છે. શિક્ષણ, રેડિયો, ટીવી, સમાચારપત્રો જેવાં માધ્યમોથી જનજાગૃતિનું મહત્ત્વનું કાર્ય થઈ શકે છે. જનતા જાગ્રત હશે તો જ દેશને સમૃદ્ધ લોકશાહી મળી શકશે.

69. સ્વતંત્ર ભારતની ચૂંટણીપ્રથા

[મુદ્દા : પ્રસ્તાવના – ચૂંટણીપ્રક્રિયા અને ચૂંટણીપ્રચાર – મતદાન અને મતગણતરી – ચૂંટણીપ્રથાના લાભાલાભ – ઉપસંહાર]

લોકશાહી એટલે લોકોની, લોકો માટે અને લોકો વડે ચાલતી સરકાર. ભારત એક લોકશાહી દેશ છે. પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિઓ દેશનું અને રાજ્યોનું શાસન કરે છે. નિષ્પક્ષ અને સમયબદ્ધ ચૂંટણીઓ થાય તે માટે એક અલગ સ્વતંત્ર ચૂંટણીપંચ દિલ્લીમાં આવેલું છે. આ ચૂંટણીપંચના કાર્યક્ષેત્રમાં રાજ્યોની વિધાનસભાઓ અને લોકસભાની ચૂંટણીઓ ઉપરાંત રાજ્યસભા, અમુક રાજ્યોની વિધાન પરિષદો, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ વગેરેની ચૂંટણી આવે છે. એમાંથી લોકો રાજ્યોની વિધાનસભાઓ અને દેશની લોકસભાના પ્રતિનિધિઓની ચૂંટણી કરે છે. ભારતના બંધારણના નિયમ પ્રમાણે દરેક ચૂંટણી દર પાંચ વર્ષે થવી જરૂરી છે. જોકે, આ સમયગાળો ક્યારેક કોઈ કારણસર સચવાતો નથી એ જુદી વાત છે. તે સિવાય નાનાંમોટાં શહેરોની નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો, ગ્રામપંચાયતો વગેરે રાજ્યસ્તરની ચૂંટણીઓ જે-તે રાજ્યની રાજ્યસરકારો કરાવે છે.

ભારતનું ચૂંટણીપંચ વિધાનસભાઓ અને લોકસભાની ચૂંટણી માટેનાં સમયપત્રક ઘડી કાઢે છે. નિયત તારીખોએ જુદાજુદા પક્ષોના ઉમેદવારો અથવા સ્વતંત્ર ઉમેદવારો પોતપોતાના ઉમેદવારીપત્રકો ભરે છે. આ ઉમેદવારીપત્રકોની જાહેર થયેલી તારીખે ચકાસણી થાય છે અને અમાન્ય થયેલાં ઉમેદવારીપત્રકો રદ કરવામાં આવે છે. છેલ્લે માન્ય ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવે છે. આમાંથી ક્યારેક અમુક ઉમેદવારો પોતાની ઉમેદવારી પાછી પણ ખેંચી લે છે. છેલ્લે બાકી રહેલા ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ઉમેદવારોની યાદી બહાર પડ્યા પછી રાજકીય પક્ષો પોતપોતાના પક્ષનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડે છે. તેમાં લોકકલ્યાણનાં અને વિકાસનાં કામોની યાદી હોય છે. પછી દરેક પક્ષ પોતાના પક્ષના ઉમેદવારોને જીતાડવા જોરશોરથી ચૂંટણીપ્રચાર શરૂ કરે છે. બૅનરો, સમાચારપત્રો, ચોપાનિયાં, સભાઓ, સરઘસો દ્વારા ચૂંટણીપ્રચાર થાય છે. ટીવીના માધ્યમ દ્વારા ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા ઉપર જોરદાર ચર્ચા, વિચારણા અને વાદવિવાદ પણ થાય છે. રાજકીય નેતાઓ તથા ઘણી વાર કેટલાક અભિનેતાઓ પણ સભાઓને સંબોધે છે. અનેક કાર્યકરો ચૂંટણીપ્રચારમાં જોડાય છે. આમ, ચૂંટણીનું વાતાવરણ જામતું જાય છે. મતદાનના અડતાલીસ કલાક પહેલાં ચૂંટણીપ્રચાર બંધ કરી દેવો પડે છે.

મતદાનના દિવસે સવારના સાતથી સાંજના પાંચ વાગ્યા સુધી મતદારો મતદાનમથકે મતદાન કરવા જાય છે. મતદાનમથકે પોલીસનો કડક બંદોબસ્ત હોય છે. અનેક કર્મચારીઓ ચૂંટણીપ્રક્રિયામાં જોડાયેલા હોય છે. મતદાર મતપત્રક પર પોતાને પસંદ હોય એ ઉમેદવારના પ્રતીક પર '✗'ના નિશાનવાળો સિક્કો લગાવી ગુપ્ત મતદાન કરે છે. હવે તો ઇલેક્ટ્રૉનિક મતદાનયંત્ર પર ચાંપ દાબીને પસંદગીના ઉમેદવારને મત આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મતદાન કરવા આવેલ મતદાતાની ડાબા હાથની પહેલી આંગળી પર શાહીનું ટપકું કરવામાં આવે છે, જેથી એકની એક વ્યક્તિ અનેક વાર મત આપવા આવે નહિ. મતદાનનો સમય પૂરો થતાં દરેક મતદાનમથકેથી મતપેટીઓ સીલ કરીને નિયત સ્થળે એકઠી કરવામાં આવે છે. નિયત દિવસે સવારથી મતગણતરી શરૂ થઈ જાય છે. મતોની ગણતરી પૂરી થયા પછી વિજયી ઉમેદવારોનાં નામ જાહેર કરવામાં આવે છે. વિજયી ઉમેદવારોનાં સરઘસ નીકળે છે. લોકો ગુલાલ ઉડાડીને અને ઢોલનગારાં વગાડતા નાચગાન કરીને વિજયી ઉમેદવારને વધાવે છે. કેન્દ્રમાં કે રાજ્યમાં બહુમતી ધરાવતો પક્ષ શાસન સંભાળે છે.

લોકશાહી માટે ચૂંટણીપ્રથાના અનેક લાભ છે. લોકો વડે ચૂંટાયેલા પ્રતિનિધિઓ સરકાર રચી લોકકલ્યાણનાં અને દેશની ઉન્નતિનાં કાર્યો કરે છે. આઝાદી પછીની ભારતની આબાદી અને પ્રગતિ ચૂંટણીપ્રથાને જ આભારી છે, પરંતુ ભારતના કેટલાક સ્વાર્થી નેતાઓ કોમવાદ અને પ્રાદેશિકતાવાદ ફેલાવીને નિષ્પક્ષ રીતે ચૂંટણી થવામાં બાધા નાખે છે. ભારત વિશાળ દેશ હોવાથી ચૂંટણીપ્રક્રિયા અતિ ખર્ચાળ બને છે. કેટલાક ભ્રષ્ટાચારી નેતાઓના કારણે ચૂંટણીઓમાં ભ્રષ્ટાચાર પણ ફૂલેફાલે છે.

આમ, ચૂંટણીપ્રથાનાં કેટલાંક દૂષણો હોવા છતાં એકંદરે તેમાં પ્રજાનો અવાજ સરકાર સુધી પહોંચે છે. ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે તેનું આપણને ગૌરવ છે. ચૂંટણીઓ નિષ્પક્ષ બનાવી, ભારતમાં લોકશાહી વધારે મજબૂત અને તંદુરસ્ત બને એ માટેના ઉપાયો આપણે કરવા જોઈએ.

70. ચૂંટણીના મતદાનમથકે

[મુદ્દા : પ્રસ્તાવના – મતદાનમથકનું ચિત્ર – મતદાનની પ્રક્રિયા – મતદાનમથકની આસપાસનું વાતાવરણ – લોકોની વાતો – ઉપસંહાર]

ભારત એક લોકશાહી દેશ છે. લોકશાહી દેશમાં પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિઓ સરકારની રચના કરે છે અને રાજ્યનો વહીવટ ચલાવે છે. ગામથી માંડીને સમગ્ર દેશનો વહીવટ ચલાવવા માટે ગ્રામપંચાયતના સભ્યોથી માંડીને સંસદસભ્યો સુધીના પ્રતિનિધિઓની પસંદગી ચૂંટણી દ્વારા કરવામાં આવે છે, આથી આપણા દેશમાં ચૂંટણીની પ્રક્રિયા ઘણી મહત્ત્વની ગણાય છે.

મતદાનના દિવસે સવારના સાતથી સાંજના પાંચ વાગ્યા સુધી મતદારો મતદાનમથકે મતદાન કરવા જાય છે. મતદાનમથકે પોલીસનો કડક બંદોબસ્ત હોય છે. અનેક કર્મચારીઓ ચૂંટણીપ્રક્રિયામાં જોડાયેલા હોય છે. મતદાર મતપત્રક પર પોતાને પસંદ હોય એ ઉમેદવારના પ્રતીક પર '×'ના નિશાનવાળો સિક્કો લગાવી ગુપ્ત મતદાન કરે છે. હવે તો ઇલેક્ટ્રૉનિક મતદાનયંત્ર પર ચાંપ દાબીને પસંદગીના ઉમેદવારને મત આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મતદાન કરવા આવેલ મતદાતાની ડાબા હાથની પહેલી આંગળી પર શાહીનું ટપકું કરવામાં આવે છે, જેથી એકની એક વ્યક્તિ અનેક વાર મત આપવા આવે નહિ. મતદાનનો સમય પૂરો થતાં દરેક મતદાનમથકેથી મતપેટીઓ સીલ કરીને નિયત સ્થળે એકઠી કરવામાં આવે છે. નિયત દિવસે સવારથી મતગણતરી શરૂ થઈ જાય છે. મતોની ગણતરી પૂરી થયા પછી વિજયી ઉમેદવારોનાં નામ જાહેર કરવામાં આવે છે. વિજયી ઉમેદવારોનાં સરઘસ નીકળે છે. લોકો ગુલાલ ઉડાડીને અને ઢોલનગારાં વગાડતા નાચગાન કરીને વિજયી ઉમેદવારને વધાવે છે. કેન્દ્રમાં કે રાજ્યમાં બહુમતી ધરાવતો પક્ષ શાસન સંભાળે છે.

લોકશાહી માટે ચૂંટણીપ્રથાના અનેક લાભ છે. લોકો વડે ચૂંટાયેલા પ્રતિનિધિઓ સરકાર રચી લોકકલ્યાણનાં અને દેશની ઉન્નતિનાં કાર્યો કરે છે. આઝાદી પછીની ભારતની આબાદી અને પ્રગતિ ચૂંટણીપ્રથાને જ આભારી છે, પરંતુ ભારતના કેટલાક સ્વાર્થી નેતાઓ કોમવાદ અને પ્રાદેશિકતાવાદ ફેલાવીને નિષ્પક્ષ રીતે ચૂંટણી થવામાં બાધા નાખે છે. ભારત વિશાળ દેશ હોવાથી ચૂંટણીપ્રક્રિયા અતિ ખર્ચાળ બને છે. કેટલાક ભ્રષ્ટાચારી નેતાઓના કારણે ચૂંટણીઓમાં ભ્રષ્ટાચાર પણ ફૂલેફાલે છે.

આમ, ચૂંટણીપ્રથાનાં કેટલાંક દૂષણો હોવા છતાં એકંદરે તેમાં પ્રજાનો અવાજ સરકાર સુધી પહોંચે છે. ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે તેનું આપણને ગૌરવ છે. ચૂંટણીઓ નિષ્પક્ષ બનાવી, ભારતમાં લોકશાહી વધારે મજબૂત અને તંદુરસ્ત બને એ માટેના ઉપાયો આપણે કરવા જોઈએ.

70. ચૂંટણીના મતદાનમથકે

[મુદ્દા : પ્રસ્તાવના – મતદાનમથકનું ચિત્ર – મતદાનની પ્રક્રિયા – મતદાનમથકની આસપાસનું વાતાવરણ – લોકોની વાતો – ઉપસંહાર]

ભારત એક લોકશાહી દેશ છે. લોકશાહી દેશમાં પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિઓ સરકારની રચના કરે છે અને રાજ્યનો વહીવટ ચલાવે છે. ગામથી માંડીને સમગ્ર દેશનો વહીવટ ચલાવવા માટે ગ્રામપંચાયતના સભ્યોથી માંડીને સંસદસભ્યો સુધીના પ્રતિનિધિઓની પસંદગી ચૂંટણી દ્વારા કરવામાં આવે છે, આથી આપણા દેશમાં ચૂંટણીની પ્રક્રિયા ઘણી મહત્ત્વની ગણાય છે.

મતદારો મત આપવા સહેલાઈથી જઈ શકે તે માટે તેમના રહેઠાણની નજીકની કોઈ શાળામાં કે કોઈ કચેરીમાં મતદાનની વ્યવસ્થા કરવામાં આવે છે. તેને મતદાનમથક (Polling booth – પોલિંગ બૂથ) કહે છે. ચૂંટણીના દિવસથી ચોવીસ કલાક પૂર્વે ચૂંટણીપ્રચાર પર પ્રતિબંધ આવી જાય છે. આ સમય દરમિયાન સભા, સરઘસ અને સૂત્રોચ્ચાર જેવા જાહેર કાર્યક્રમો બંધ થઈ જાય છે.

મતદાનમથકે ચૂંટણીની આગલી રાતથી જ કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવે છે. મતદાનનો સમય સવારના સાતથી સાંજના પાંચ વાગ્યા સુધીનો હોય છે. વહેલી સવારથી જ મતદારો મતદાનમથકે આવવા લાગે છે. શરૂઆતમાં મતદારોનો ધસારો થોડો ઓછો હોય છે, પણ બપોર સુધીમાં તો મતદાનમથકે મતદારોની લાંબીલાંબી કતારો થઈ જાય છે. મતદાન અધિકારી (પોલિંગ ઑફિસર) અને તેમના મદદનીશો મતદાનની વ્યવસ્થા સંભાળે છે. તેઓ મતદારનું ચૂંટણીકાર્ડ ચૅક કરી, તેમની સહી કરાવીને તેમના ડાબા હાથની તર્જની પર કાળું ટપકું કરે છે. મતદાર મતકુટિરમાં જઈને પોતાની પસંદગીના ઉમેદવારનાં નામ અને નિશાન સામે E-voting કરે છે. E-voting એટલે ઇલેક્ટ્રૉનિક વૉટિંગ, જેની શરૂઆત એપ્રિલ-મે 2004ની ચૂંટણીથી થઈ છે. તેમાં મતદાર પોતાની પસંદગીના ઉમેદવારનાં નામ અને નિશાન સામેનું EVM(ઇલેક્ટ્રૉનિક વૉટિંગ મશીન)નું બટન દબાવે છે. સાંજે મતદાન પૂરું થતાં વૉટિંગ મશીન સીલ કરવામાં આવે છે અને તેને પોલીસ પહેરા હેઠળ મતગણતરીના સ્થળે લઈ જવામાં આવે છે.

મતદાનમથકથી થોડેક દૂર વિવિધ રાજકીય પક્ષો પોતપોતાનાં કાઉન્ટરો ઊભાં કરે છે. ત્યાં જે-તે રાજકીય પક્ષના કાર્યકરો મતદારોની યાદી લઈને બેઠેલા હોય છે. તેઓ મતદારોને તેમનાં નામ અને નંબર શોધી આપે છે. પક્ષનાં ચિહ્નો ધારણ કરેલા કેટલાક કાર્યકરો મતદારોને માર્ગદર્શન આપતા રહે છે. મતદાનને દિવસે ઉમેદવારો મતદાનમથકોની મુલાકાત લેતા હોય છે. પોલીસ મતદાનમથકોના વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ કરે છે. બોગસ મતદાન કરનાર વ્યક્તિની સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવે છે. કેટલાક વિસ્તારોનાં મતદાનમથકોએ ધાંધલધમાલ પણ થાય છે. ક્યારેક હિંસક તોફાનો પણ ફાટી નીકળે છે. કેટલાંક સંવેદનશીલ મતદાનમથકોમાં વૉટિંગ મશીનોની ઉઠાંતરીની ઘટનાઓ પણ બને છે. ક્યારેક પોલીસને ગોળીબાર કરવાની ફરજ પડે છે. ગરબડ થઈ હોય તેવાં મતદાનમથકોનું મતદાન રદ કરી ત્યાં ફરીથી મતદાનની વ્યવસ્થા ગોઠવાય છે. કેટલાંક મતદાનમથકે મતદાન ઘણું ઓછું થાય છે, જ્યારે કેટલાંક મતદાનમથકે ભારે મતદાન થાય છે. પત્રકારો અને પ્રેસ-ફોટોગ્રાફરો મતદાનમથકોની મુલાકાત લઈને ત્યાંની પરિસ્થિતિનો અહેવાલ તૈયાર કરે છે તેમજ તસવીરો ખેંચે છે.

મતદાનના દિવસોમાં લોકો ઠેરઠેર ચૂંટણીની ચર્ચાઓ કરતાં જોવા મળે છે. ઉમેદવારોની તાકાત વિશે મતદારો જાતજાતની અટકળો કરતા રહે છે. ઉમેદવારોના વિજય કે પરાજય પર કેટલાક લોકો શરતો પણ લગાવે છે.

આમ, મતદાનનો દિવસ મોટે ભાગે શાંત તો ક્યારેક કેટલાક અનિચ્છનીય બનાવો સાથે પસાર થઈ જાય છે.

71. મેં જોયેલું વિજયસરઘસ

[મુદ્દા : પ્રસ્તાવના – ચૂંટણીપ્રચાર – મતદાન – પરિણામો – વિજયસરઘસ – ઉપસંહાર]

ધાર્મિક તહેવારોમાં જેમ યાત્રાસંઘો નીકળે છે, તેમ વિરોધ પ્રદર્શિત કરવા કે, કોઈ સામૂહિક માગણી માટે સરઘસ નીકળે છે. ચૂંટણીમાં જીતેલા ઉમેદવારોનું વિજયસરઘસ નીકળે છે. વિજયસરઘસ જોવાની મઝા કંઈ ઑર હોય છે.

અહીં થોડા દિવસ પહેલાં વિધાનસભાની ચૂંટણી થઈ ગઈ. ઘણા ઉમેદવારોએ તેમાં ઝંપલાવ્યું હતું. દરેક પક્ષે ચૂંટણીઢંઢેરો બહાર પાડ્યો હતો અને મત મેળવવા માટે જોરશોરથી પ્રચાર કર્યો હતો. દરેક પક્ષ પોતાના ઉમેદવારને વિજયી બનાવવા માટે સભા-સરઘસો યોજતો છાપાંઓમાં ચૂંટણીપ્રચારના લેખો અને સૂત્રો છપાતાં હતાં. મતદારોને આકર્ષવા દરેક પક્ષે લોભામણી જાહેરાતો પણ કરી હતી.

ચૂંટણીનો દિવસ આવતાં બધું શાંત પડી ગયું. લોકોએ મત આપ્યા. દિવસ દરમિયાન મતદારોની ભારે ચહલપહલ રહી. સમય થતાં EVM (ઇલેક્ટ્રૉનિક વૉટિંગ મશીનો) મશીનો સીલ કરી દેવાયાં. સૌ ચૂંટણી પરિણામની રાહ જોવા લાગ્યાં.

જિલ્લા મથકે કડક બંદોબસ્ત વચ્ચે મતગણતરી શરૂ થઈ. આજકાલ ઇલેક્ટ્રૉનિક મશીનથી વૉટિંગ થતું હોવાથી મતગણતરી સરળ બની ગઈ છે અને પરિણામ જલદી જાહેર થઈ શકે છે. ચૂંટણીનું પરિણામ જાણવા પક્ષોના ઉમેદવારો, તેમના ટેકેદારો અને રસ ધરાવતા લોકોની મતગણતરીના સ્થળે ભીડ જામી હતી. જેમજેમ ચૂંટણીનાં પરિણામો બહાર પડતાં ગયાં તેમતેમ આખરી પરિણામ અંગે લોકોની ઉત્તેજના વધતી જતી હતી. છેવટનું પરિણામ જાહેર થયું. જે પક્ષના ઉમેદવારો જીત્યા તેઓ અતિ ઉત્સાહમાં આવી ગયા હતા. સૌએ હર્ષોલ્લાસ સાથે ગુલાલ ઉડાડી નાચવાકૂદવાનું અને સૂત્રો પોકારવાનું શરૂ કરી દીધું હતું. જીતેલા ઉમેદવારોનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું અને તેઓનું વિજયસરઘસ નીકળ્યું.

વિજયસરઘસમાં શણગારેલાં ખટારા, મોટરો, ખુલ્લી ગાડીઓમાં જીતેલા ઉમેદવારો, તેમના ટેકેદારો અને અન્ય લોકો હતા. ઢોલ-નગારાં જોરશોરથી વાગતાં હતાં. અનેક લોકો